# વિવેકાનંદ એકેડમી









## MARCH-2021


# કરન્ટ અફેર્સ























# વિવેકાનંદ એકેડમી


700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

**ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી**

રાષ્ટ્રીય બાબતો

## 1. ગુજરાત વિધાનસભા : 23 દિવસના બજેટ સત્ર 2021-22નો પ્રારંભ




- ✓ નાણા-નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ 9મી વાર તા. 3જી માર્ચના રોજ ગુજરાતનું અંદાજપત્ર રજૂ કરશે
- ✓ અંદાજપત્ર સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા રાજ્ય સરકારની વિકાસલક્ષી કામગીરી સંદર્ભે સંબોધન
- ✓ વિધાનસભાના અધ્યક્ષ : શ્રી રાજેન્દ્ર ત્રિવેદી
- ✓ વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ : કલ્યાણજી મહેતા (1 મે, 1960 - 19 ઓગસ્ટ 1960)

## 2. નવા નિયમો - સુવિધા : તા. 1 માર્ચ 2021થી ભારતભરમાં અમલ




### (1) તા. 1 માર્ચ 2021 દેશભરમાં ફાસ્ટેગ ફરજિયાત

- ✓ નેશનલ હાઇવેના ટોલ પ્લાઝા પર તમામ પ્રકારના ફોર વહીલર્સ માટે ફાસ્ટેગ ફરજિયાત કરવામાં આવ્યા છે.
- ✓ 1 માર્ચથી તમામ નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પર તમામ પ્રકારનાં ફોર વ્હીલર્સ માટે ફાસ્ટેગ ફરજિયાત કરવામાં આવ્યા.

### (2) બેંકોના ATMમાં રૂ.2000ની ચલણી નોટો બંધ

- ✓ બેન્કોનાં ATMમાં પૈસા ઉપાડવા જશે ત્યારે તેમને રૂ. 2000ની નોટો નહીં મળે. કોઈ ગ્રાહકને રૂ.2000ની નોટો જોઈતી હોય તો તેણે બેન્કમાં રૂબરૂ જઈને તેનો ઉપાડ કરવો પડશે.
- ✓ ઊંચું મૂલ્ય ધરાવતી ચલણી નોટોના વપરાશથી લોકોને મુશ્કેલી પડતી હોવાની ફરિયાદોને પગલે આ નિર્ણય લેવાયો છે.

### (3) રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ

- ✓ 1 માર્ચથી દેશમાં 60 વર્ષથી મોટી ઉંમરના તેમજ 45 વર્ષથી વધુ પણ કોમોબિડિટી ધરાવતા લોકોને કોરોનાની વેક્સિન આપવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.
- ✓ 45 વર્ષથી મોટી ઉંમરનાં કોમોબિડિટી ધરાવતા એટલે કે સરકારે નક્કી કરેલા 20 જુદાજુદા રોગ ધરાવતા લોકો પણ પ્રાયોરિટીમાં વેક્સિન મેળવવા તેમનું નામ રજિસ્ટર કરાવી શકશે.
- ✓ સિનિયર સિટિઝને વેક્સિન માટે ફોટો આઈડેન્ટિટી અને 45 પ્લસ લોકોએ મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.
- ✓ વેક્સિનના એક ડોઝ માટે ખાનગી હોસ્પિટલોમાં રૂ. 250 આપવા પડશે.

### વડાપ્રધાન શ્રી મોદીએ વહેલી સવારે 6.30 કલાકે IIMS દિલ્હી ખાતે કોરોનાની રસી લીધી

- ✓ રસી : કોવેક્સિન (કંપની-ભારત બાયોટેક)




### વડાપ્રધાન મોદી વિશ્વના એલિટ ક્લબમાં

- ✓ વેક્સિન લઈને ભારતના પીએમ મોદી વિશ્વના નેતાઓની એલિટ ક્લબમાં જોડાયા હતા.
- ✓ અમેરિકાના પ્રમુખ જો બાઈડેન, ઈઝરાયેલના પીએમ નેતન્યાહુ, ઈન્ડોનેશિયાના વડા જોકો વિડોડો, પોપ ફ્રાન્સિસ, સાઉદી કિંગ સલમાન, ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, ક્વીન એલિઝાબેથ, પ્રિન્સ ફિલીપ, માલદિવ્ઝના પ્રમુખ જેવા મહાનુભાવોએ વેક્સિન લીધેલી
- ✓ ભારતની રસીની વિવિધ દેશોમાં પણ ડિમાન્ડ ઊભી થઇ છે.

આંતરરાષ્ટ્રીય બાબતો

## 3. 78મો ગોલ્ડન ગ્લૉબલ એવોર્ડ્સ-2021 : સ્થાન- ન્યૂયોર્ક, USA




- ✓ ખાસ: US ટેલિવિઝન પર દર્શાવાતી સિરિયલો, ફિલ્મો અને વેબ સિરિઝ માટે દર વર્ષે એવોર્ડ એનાયત


### એવોર્ડ અને કલાકાર :

- ✓ બેસ્ટ એક્ટર : ચેડવિક બોસમેન
- ✓ બેસ્ટ એક્ટર (કોમેડી): સાશા બેરોન કોએન
- ✓ બેસ્ટ એક્ટ્રેસ (TV સિરિઝ) : એમ્મા કોરિન
- ✓ બેસ્ટ ફિલ્મ : નોમાડલેન્ડ
- ✓ સેસિલ બી દમિલ સન્માન - એક્ટ્રેસ : જેન ફોન્ડા

## 4. જન્મ દિન વિશેષ : 01 માર્ચ

### મેગ્નિફિસન્ટ મેરી કોમ : જ. 1-3-1983

- ✓ ભારતીય મહિલા એમેચ્યોર બોક્સર, મેગ્નિફિસન્ટ મેરી કોમનો જન્મ દિવસ.
- ✓ જન્મ સ્થળ : પૂર્વોત્તર રાજ્ય મણિપુર.
- ✓ સિદ્ધિઓના સન્માનરૂપે ભારતના માનનીય રાષ્ટ્રપતિએ મેરી કોમની નિમણૂક રાજ્યસભાના સભ્યરૂપે કરી છે.




**એવોર્ડ-સન્માન :**

- ✓ અર્જુન એવોર્ડ, રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ, પદ્મશ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ.
- ✓ ઇમ્ફાલમાં એક રસ્તાનું નામ મેરી કોમ રોડ રખાયું છે.
- ✓ મેરી કોમે 6 વખત વર્લ્ડ એમેચ્યોર મહિલા બોક્સિંગ સ્પર્ધા જીતી છે, જે વિક્રમ છે.
- ✓ એક માત્ર મહિલા ભારતીય બોક્સર છે, જેણે 51 કિલોગ્રામની કેટેગરીમાં ભારત માટે ઓલિમ્પિક કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (01-03-2021)**

1. ગુજરાત વિધાનસભા તા. 01 માર્ચથી કેટલા દિવસમાં બજેટ સત્ર 2021-22નો પ્રારંભ થયો - 23
2. તા. 03 માર્ચ 2021ના રોજ ગુજરાતના નાણા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ કેટલામી વાર ગુજરાતનો અંદાજપત્ર કરશે - 09
3. ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - રાજેન્દ્ર ત્રિવેદી
4. ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષનું નામ જણાવો - કલ્યાણજી મહેતા
5. દેશભરના નેશનલ હાઇવેના ટોલપ્લાઝા ઉપર ફાસ્ટ ટેગનો પ્રારંભ ક્યારથી થયો - તા.01 માર્ચ 2021
6. ભારતમાં કોરોના રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ ક્યારથી થયો- તા. 01 માર્ચ 2021
7. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તા. 01 માર્ચ 2021ના રોજ કોરોના વેક્સિન કઈ હોસ્પિટલમાંથી લીધી હતી -AIIMS, દિલ્હી
8. વડાપ્રધાન શ્રી મોદીએ કઈ કંપનીની કઈ વેક્સિન લીધી હતી - ભારત બાયોટેક અને કોવેક્સિન
9. તાજેતરમાં ન્યૂયોર્ક ખાતે કેટલામો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ 2021 એનાયત કરાયો - 78
10. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ કયા ક્ષેત્રે આપવામાં આવે છે - ફિલ્મ અને TV શ્રેણી
11. તાજેતરમાં બેસ્ટ એક્ટર તરીકે વર્ષ 2021નો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ કોને અપાયો - ચેડવિક બોસમેન
12. ભારતીય મહિલા બોક્સર એમ.સી મેરિકોમનો જન્મદિવસ જણાવો - 01.03.1983
13. ભારતીય મહિલા બોક્સર એમ.સી મેરિકોમનું જન્મ રાજ્ય જણાવો - મણિપુર
14. મહિલા બોક્સર મેરીકોમનું ઉપનામ જણાવો - મેગ્નિફિસન્ટ
15. બેંકોના ATMમાં ક્યારથી રૂ. 2000ની ચલણી નોટો બંધ થશે - 1 માર્ચ-2021

## DATE : 02-03-2021

### રાષ્ટ્રીય બાબતો

### 1. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી-2021 : ગુજરાત (બંધારણ)




**કુલ બેઠકો સહિત પક્ષવાર સ્થિતિ : ચૂંટણી યોજાઈ :**

| | | |
|---|---|---|
| 1. | જિલ્લા પંચાયત | 31 |
| 2. | નગરપાલિકા | 81 |
| 3. | તાલુકા પંચાયત | 231 |

**વિજેતા પક્ષ અને બેઠક**

| | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| 31 જિલ્લા પંચાયત | 775 | 169 |
| 81 નગરપાલિકા | 1993 | 386 |
| 231 તાલુકા પંચાયત | 3240 | 1247 |

**વિજેતા જિલ્લા, નગરપાલિકા અને તાલુકા પંચાયત**

| | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| 31 જિલ્લા પંચાયત | 31 | 00 | 00 |
| 81 નગરપાલિકા | 75 | 03 | 03 |
| 231 તાલુકા પંચાયત | 196 | 33 | 00 |

**વર્ષ 2015 અને વર્ષ 2021ની સ્થિતિ**

| પાર્ટી | 2021 | 2015 |
|---|---|---|
| 81 નગરપાલિકા | | |
| ભાજપ | 75 | 55 |
| કોંગ્રેસ | 03 | 16 |
| અન્ય | 03 | 10 |
| 31 જિલ્લા પંચાયત | | |
| ભાજપ | 31 | 08 |
| કોંગ્રેસ | 00 | 23 |
| 231 તાલુકા પંચાયત | | |
| ભાજપ | 196 | 91 |
| કોંગ્રેસ | 33 | 140 |

**ગુજરાતમાં હવે ભાજપ પાસે**

- ✓ સાંસદ 100 % - જિલ્લા પંચાયત 100 %
- ✓ મહાનગરપાલિકા 100 % - નગરપાલિકા 93 %
- ✓ તાલુકા પંચાયત 86 % - ધારાસભ્યો 61 %
- ✓ 61 વર્ષમાં પ્રથમવાર ભાજપે સ્થાનિક સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 90 ટકા બેઠક જીતી
- ✓ રાજ્ય ચૂંટણી પંચ

### 2. 2nd મેરિટાઈમ ઈન્ડિયા વર્ચ્યુઅલ સમિટ-2021 : નવી દિલ્હી (દરિયાઈ બાબતો)



- ✓ તા. 2થી 4 માર્ચ-2021 દરમિયાન યોજાનાર સમિટનું PM શ્રી મોદીના હસ્તે ઈ-ઉદઘાટન કરાયું
- ✓ PM દ્વારા 'મેરિટાઇમ વિઝન-2030' ઈ બૂક લોન્ચ
- ✓ ગાંધીનગરથી CM વિજય રૂપાણી ઈ-માધ્યમથી જોડાયા

<u>સાગરમાલા યોજના હેઠળ ભાવિ રોકાણની યોજના</u>

- ✓ સાગરમાલા યોજના હેઠળ 574થી વધુ પ્રોજેક્ટ્સની ઓળખ કરાઇ છે.
- ✓ <u>વર્ષ 2030થી 2035 સુધીમાં આ યોજનાઓ ઉપર 82 અબજ યુએસ ડોલર</u> એટલે કે છ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થઇ શકે છે.
- ✓ પોર્ટ સેક્ટરમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન અપાશે
- ✓ <u>સરકાર આગામી 10 વર્ષમાં 23 જળમાર્ગો શરૂ ક</u>રવા પર કામ કરી રહી છે.
- ✓ <u>પોર્ટ્સ, શિપિંગ અને વોટરવે મંત્રાલય રોકાણ માટે 400 પ્રોજેક્ટ્સની યાદી સાથે તૈયાર છે.</u>
- ✓ <u>ભારતના 78 દિવાદાંડીને પ્રવાસન સ્થળ બનાવાશે</u>
- ✓ કેન્દ્રીય પોર્ટ્સ શિપિંગ રાજ્ય મંત્રી : શ્રી મનસુખ માંડવિયા
- ✓ ઉપસ્થિતિ: દરિયા કિનારાના રાજ્યોના CM
- ✓ પેટ્રોલિયમ મંત્રી : શ્રી ધર્મેન્દ્રસિંહ પ્રધાન

<u>3. એકસસાઇઝ ડેઝર્ટ ફ્લેગ-4 : વ્યૂહાત્મક પર્શિયન ગલ્ફ રિજન (વૈશ્વિક સંબંધો)</u>

- ✓ વ્યૂહાત્મક પર્શિયન ગલ્ફ રિજન ડ્રીલમાં US, ફ્રાંસ સાથે ભારતીય વાયુદળ પ્રથમવાર જોડાશે
- ✓ સમયગાળો : <u>3 માર્ચથી 21 માર્ચ</u>

<u>એક્સરસાઇઝ ડેઝર્ટ ફ્લેગ વિશે</u>

- ✓ ભારતીય વાયુદળ છ સુખોઇ-30 MKI ફાઇટર્સ, બે સી-17, ગ્લોબમાસ્ટર-3 એરક્રાફ્ટ અને આશરે 125 યોદ્ધાઓને હાઇ-વોલ્ટેજ ડેઝર્ટ ફ્લેગ માટે મોકલી રહ્યું છે.




- ✓ ઈન્ડિયન એર ફોર્સ (IAF) UAE, અમેરિકા, ફ્રાન્સ, સાઉદી અરેબિયા, દક્ષિણ કોરિયા અને બેહરીનની એર ફોર્સ સાથે એક્સરસાઇઝ ડેઝર્ટ ફ્લેગ-4માં ભાગ લે છે.
- ✓ યુનાઇટેડ આરબ અમિરાત (UAE)ના અલ ધાફ્રા એરબેઝ પર <u>3 માર્ચથી 21 માર્ચ સુધી આ એક્સરસાઇઝનું આયોજન કરવામાં આવ્યું છે.</u>
- ✓ <u>એક્સરસાઇઝ ડેઝર્ટ ફ્લેગ એક વાર્ષિક મલ્ટી નેશનલ લાર્જ ફોર્સ એમ્પ્લોયમેન્ટ વારફેર એક્સરસાઇઝ</u> છે.
- ✓ આ એક્સરસાઇઝનું આયોજન યુએઇ એર ફોર્સ દ્વારા કરવામાં આવે છે.
- ✓ <u>આંતરરાષ્ટ્રીય બાબતો</u>

<u>4. માઉન્ટ સિનાબંગ જ્વાળામુખી સક્રિય (કુદરતી આપત્તિ)</u>





- ✓ <u>વિસ્તાર : ઉત્તરી સુમાત્રા, દેશ-ઈન્ડોનેશિયા</u>
- ✓ <u>ખાસ : ઈન્ડોનેશિયાનો સૌથી ખતરનાક જ્વાળામુખી-16,400 ફૂટ સુધી રાખ ઉડી</u>
- ✓ સાત મહિના બાદ પુનઃસક્રિય

<u>સક્રિય જ્વાળામુખી</u>

- ✓ ઈન્ડોનેશિયામાં મોજુદ જ્વાળામુખીઓમાં હાલ 120 સક્રિય છે.
- ✓ આ સંખ્યા દુનિયાના તે કોઈ પણ દેશની સરખામણીમાં વધુ છે.
- ✓ <u>આ જ્વાળામુખીઓ પેસિફિક સમુદ્રને ઘેરતી ફોલ્ટલાઇન રિંગ ઓફ ફાયર પર આવેલા.</u>

<u>5. અવકાશ વિજ્ઞાન:પ્રથમ વાર પૃથ્વીના વાતાવરણમાં ઈલેક્ટ્રોન વાવાઝોડાના પૂરાવા મળ્યા</u>



- ✓ ધરતી પર સમુદ્રમાંથી ઉઠતા વાવાઝોડા-હેરિકેનની આપણને નવાઈ નથી. પરંતુ અવકાશમાં આવા વાવાઝોડાંનો પ્રથમ પુરાવો વિજ્ઞાનીઓના હાથમાં આવ્યો છે.
- ✓ ઉત્તર ધ્રુવના આકાશમાં વિજ્ઞાનીઓને સ્પેસ હેરિકેન જોવા મળ્યું છે.

<u>ઈલેક્ટ્રોન વાવાઝોડા વિશે :</u>

- ✓ <u>આ હેરિકેન પ્લાઝમાનું બનેલું છે. ધરતી પરનું વાવાઝોડું પાણી વરસાવે, તો આ વાવાઝોડું ઈલેક્ટ્રોનનો વરસાદ વરસાવે.</u>
- ✓ મંગળ, શની, ગુરૂ વગેરે ગ્રહ પર આવા વાવાઝોડા મળ્યાં છે. ધરતી પરનો આ પ્રથમ પ્રસંગ છે.
- ✓ આ વાવાઝોડું પ્રથમવાર ચીની સંશોધકોના ધ્યાને આવ્યુ હતુ. એ પછી વિશ્વના વિજ્ઞાનીઓએ અભ્યાસ કરીને થ્રીડી ઈમેજ તૈયાર કરી હતી.
- ✓ <u>હજાર કિલોમીટરમાં ફેલાયેલું આ વાવાઝોડું ઘડિયાળના કાંટાની વિરૂદ્ધ દિશામાં ફરે છે.</u>
- ✓ અવકાશમાં રહેલા ઉપગ્રહોને આ વાવાઝોડું અસર કરે છે અને અવકાશના વાતાવરણ તથા અન્ય પરિબળો પણ તેનાથી અસરગ્રસ્ત થાય છે.
- ✓ સ્પેસ હેરિકેન હોવા અંગે વિજ્ઞાનીઓ 1950થી ચર્ચા કરતા હતા. તેના નક્કર પુરાવાઓ હવે ટેકનોલોજી વિકસતા મળવા લાગ્યા છે.
- ✓ અહેવાલ : નેચર સાયન્સ મેગેઝિન

<u>6. ગ્લૉબલ વેતન રિપોર્ટ 2020-21 (રોજગારી)</u>

<u>અહેવાલના મહત્વના તારણો :</u>

✓ સરેરાશ એક ભારતીય સપ્તાહમાં 48 કલાક કાર્ય કરે છે

✓ વિશ્વના ફક્ત 4 દેશો એવા છે જ્યાં લોકો ભારતીયો કરતા વધારે કામ કરે છે. આ દેશોના નામ છે ગેમ્બિયા, મોંગોલિયા, માલદિવ અને કતાર. આમાંથી કતાર એક એવો દેશ છે જ્યાં એક ચતુર્થાંશ વસ્તી માત્ર ભારતીય છે.




✓ રોગચાળાના સમયગાળા દરમિયાન ભારતને વિશ્વના સૌથી ઓછા કમાણી કરનારા દેશોની સૂચિમાં સામેલ કરવામાં આવ્યો છે.

✓ દેશોને કુલ માસિક લઘુત્તમ વેતન લેવલ (કુલ માસિક લઘુત્તમ વેતન સ્તર)ના આધારે ક્રમ આપવામાં આવ્યો છે.

✓ એક ભારતીય દર મહિને 215 ડોલર (રૂ.15,823) કમાય છે.

✓ ભારતમાં શહેરી વિસ્તારોમાં વસવાટ કરતા સ્વ-રોજગાર અને પગારદાર લોકો ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતા લોકોથી વધુ કામ કરે છે.

✓ શહેરી વિસ્તારોમાં સ્વરોજગાર લોકો અઠવાડિયામાં ૫૫ કલાક કામ કરે છે. જ્યારે ગ્રામીણ વિસ્તારના લોકો 48 કલાક કામ કરે છે.

✓ ભારતીય લોકો વિશ્રામ અને આરામ માટે ખૂબ ઓછો સમય વિતાવે છે. જેના કારણે તેમના જીવનનું સંતુલન બગડે છે.


✓ ભારતીય લોકો મનોરંજક પ્રવૃત્તિઓમાં તેમના દિવસનો દસમો ભાગ કરતા ઓછો ખર્ચ કરે છે. પુરુષો કરતાં મહિલાઓની સ્થિતિ વધુ ખરાબ છે.

✓ નવા લેબર કોડમાં કેન્દ્ર સરકારે કંપનીઓને 4 દિવસ કામ કરવાની દરખાસ્ત કરી છે પરંતુ કર્મચારીઓના કામના કલાકો અઠવાડિયામાં 48 કલાકથી વધુ ન હોવા જોઈએ તેમ કાયદાના જાણકારોએ જણાવ્યું હતું.

✓ સંસ્થા : આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)

### 7. જન્મ દિન વિશેષ : 2 માર્ચ

### (1) સંગીતકાર આણંદજીભાઈ



✓ નવા કલાકારો, નવાં વાધો અને નવા પ્રયોગો કરવામાં પાછીપાની ન કરનાર આ સંગીતકાર બેલડીની 17 ફિલ્મોએ ગોલ્ડન જ્યુબિલી 39 ફિલ્મોએ સિલ્વર જ્યુબિલી ઊજવી છે.

✓ તેમની એક ફિલ્મ કોરા કાગઝનાં સંગીત માટે એમને નેશનલ અને એક માત્ર ફિલ્મફેર એવોર્ડ મળી ચૂક્યો છે.


✓ ભારતીય સંગીત જગતમાં તેમણે સૌપ્રથમ ક્લેવાઓલીન નામના વાધનો પ્રયોગ કર્યો હતો ફિલ્મ 'નાગિન'નાં ગીત માટે.

✓ ક્લેવાઓલીન ફ્રાન્સમાં શોધાયેલું પિઆનો કે કીબોર્ડ જેવું ઇલેક્ટ્રોનિક વાધ છે.

✓ ફિલ્મી સંગીતમાં કલ્યાણજીનું કામ ધૂન તૈયાર કરી નિર્માતા-નિર્દેશકને સંભળાવવાનું જ્યારે એ ધૂન પ્રમાણે કયું વાજિંત્ર ક્યાં કેટલું અને 100 ઉપરાંત સાજિંદાઓમાંથી કોણ કેટલું વગાડશે એ નિર્ધારિત કરવાનું હતું.

✓ કલ્યાણજી-આણંદજીની જોડીએ આપેલી કેટલીક સફળ અને સદાબહાર ફિલ્મોમાં 'કોરા કાગઝ', 'સરસ્વતીચંદ્ર', 'ડોન', 'કુરબાની', 'વિધાતા', 'ઉપકાર', 'ત્રિદેવ' વગેરે છે.

### (2) ટેલિફોનના શોધક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ



✓ આજે તો દુનિયા હવે ઇન્ટરનેટ ડિજિટલ- ઓન લાઇન થઈ ગઈ છે. પણ એના મૂળમાં રહેલા ટેલિફોનના શોધક હતા એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ.

✓ તા. 2 માર્ચ 1847માં સ્કોટલેન્ડમાં તેમનો જન્મ થયો.

✓ કલા શિક્ષણની ડિગ્રી મેળવી તેઓ ડૉક્ટર બન્યા. લોકોને અભિવ્યક્તિ, ભાષણની તાલીમ આપતા.

✓ મનુષ્યની વાણીના જુદા જુદા અવાજો કેવી રીતે બનેલા છે તેનો તેમણે અભ્યાસ કર્યો.

✓ બહેરાઓને તાલીમ આપી શકે તેવા શિક્ષકો તેમણે તૈયાર કર્યા.

✓ તેમણે શોધ્યું કે જો ધાતુની પતરીના એક સમૂહને એવા જ બીજા સમૂહ સાથે તાર અને બેટરીથી સાંકળી લેવામાં આવે, તો પ્રથમ સમૂહ પર પડતા અવાજની આંદોલનો જેવા જ સામાં સમૂહમાં આંદોલનો થઈ શકે છે. એ તેમની ટેલિફોનની શોધ હતી.

✓ તેમણે હારમોનિક ટેલિગ્રાફ અને ફોટો ફોન પણ શોધ્યા. તા. 2 ઓગસ્ટ, 1922માં તેમનું અવસાન થયું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (02-03-2021)

1. ફેબ્રુઆરી-માર્ચ 2021માં ગુજરાતમાં કેટલી જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ચૂંટણી યોજાઇ - અનુક્રમે 31,81 અને 231
2. ફેબ્રુઆરી-માર્ચ 2021માં ગુજરાતમાં યોજાયેલી જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ચૂંટણીઓમાં સૌથી વધુ બેઠકો કયા પક્ષને મળી છે, કેટલી - ભારતીય જનતા પાર્ટી, કુલ- 3,240
3. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ કોના દ્વારા યોજવામાં આવે છે - રાજ્ય ચૂંટણી પંચ
4. તાજેતરમાં ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા ઇ- માધ્યમથી કેટલામી 'મેરીટાઇમ ઇન્ડિયા સમિટ -2021'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું - 2nd
5. 'મેરીટાઇમ ઇન્ડિયા સમિટ -2021'નો સમયગાળો જણાવો - તારીખ 2થી 4 માર્ચ 2021
6. ભારતમાં સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત આગામી 10 વર્ષમાં કેટલા નવા જળ માર્ગ શરૂ કરાશે - 23

7. ભારતમાં સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત કેટલી દિવાદાંડીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે - 78
8. તારીખ 03 થી 21 માર્ચ એક્સરસાઇઝ ડેઝર્ટ ફ્લેગ-4નું આયોજન ક્યાં કરવામાં આવ્યું જેમાં પ્રથમવાર ભારતીય વાયુદળ સહભાગી થયું છે - પર્શિયન ગલ્ફ રિજન
9. એક્સરસાઇઝ ડેઝર્ટ ફ્લેગ-4માં કયા કયા દેશો ભાગ લઇ રહ્યા છે - ભારત, UAE, અમેરિકા, ફ્રાંસ, સાઉદી અરેબિયા, દક્ષિણ કોરિયા અને બહેરીન
10. માર્ચ 2021માં માઉન્ટ સિનાબંગ જ્વાળામુખી પુનઃ કયા દેશમાં સક્રિય થયો છે – ઉત્તરી સુમાત્રા, ઇન્ડોનેશિયા
11. અવકાશ વિજ્ઞાનીઓને પ્રથમવાર પૃથ્વીના વાતાવરણમાં કયા વિશેષ વાવાઝોડાના પુરાવા મળ્યા છે - ઇલેક્ટ્રોન વાવાઝોડું
12. ઇલેક્ટ્રોન વાવાઝોડું શાનું બનેલું હોય છે - પ્લાઝ્મા
13. માર્ચ 2021માં પ્રસિદ્ધ કરાયેલ ગ્લોબલ વેતન રીપોર્ટ-2020-21 અનુસાર સરેરાશ એક ભારતીય સપ્તાહમાં કેટલા કલાક કાર્ય કરે છે - 48 કલાક
14. માર્ચ 2021માં પ્રસિદ્ધ કરાયેલ ગ્લોબલ વેતન રીપોર્ટ-2020-21 અનુસાર એક ભારતીય દર મહિને કેટલા અંદાજે રૂપિયા-ડોલર કમાય છે- રૂ.15,823 અને 215 $
15. માર્ચ 2021માં પ્રસિદ્ધ કરાયેલ ગ્લોબલ વેતન રીપોર્ટ-2020-21 મુજબ શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં પ્રતિ સપ્તાહ કેટલા કલાક કામ કરે છે - 55 કલાક અને 48 કલાક
16. માર્ચ 2021માં 'ગ્લોબલ વેતન રીપોર્ટ-2020-21' અહેવાલ કઇ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો - ILO
17. ભારતીય સંગીતકાર આણંદજીનો જન્મદિવસ જણાવો - 02 માર્ચ
18. ટેલિફોનના શોધક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલનો જન્મદિવસ જણાવો - 02 માર્ચ 1847-સ્કોટલેન્ડ

**DATE : 03-03-2021**

## 1. ગુજરાત અંદાજપત્ર 2021-22 : ગુજરાત સરકાર (આર્થિક)





**અંદાજપત્ર 2021-22નું કુલ કદ : રૂ. 2,27,029 કરોડ**


✓ **નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે સતત નવમીવાર બજેટ રજૂ કર્યું**

**બજેટનો ટૂંકસાર :**

✓ નાણામંત્રી નીતિન પટેલે રાજ્ય વિધાનસભામાં ગુજરાત સરકારનું વર્ષ 2021-22નું નવી આકર્ષક જાહેરાતો વિનાનું અને નવા કોઇ કરવેરા વગરનું બજેટ રજૂ કર્યું. જે 2020-21ના વર્તમાન બજેટ કરતાં રૂ.9,742 કરોડ વધુ.
✓ નવા બજેટમાં મહેસૂલી આવક તથા મૂડીની આવક કુલ રૂ.2,18,720.40 કરોડ અને તેની સામે મહેસૂલી ખર્ચ તથા લોન - પેશગીઓ સહિત મૂડી ખર્ચ કુલ રૂ. 2.23,332.52 કરોડ દર્શાવાયા છે.
✓ આમ છતાં વર્ષાન્તે રૂ.587.88 કરોડની પુરાંત રહેશે તેવો સરકારનો અંદાજ છે.
✓ 2019-20ના દર્શાવાયેલા ચોખ્ખા હિસાબમાં રૂ. 5,388.52 કરોડની પુરાંત વર્ષના આરંભે હતી તે વર્ષ આખરે માત્ર રૂ. 15.18 કરોડની પુરાંત રહી ગઇ હતી.

**રૂપિયા ક્યાંથી આવશે ક્યાં જશે**




**બજેટ 2021-22ની નવી જાહેરાત**

✓ ખેડૂતોને હવામાનની જાણકારી મળે તે માટે ઓટોમેટિક વેધર સ્ટેશન બનાવાશે.
✓ ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો બનાવાશે
✓ વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગરમાં મેટ્રો રેલ સેવા શરૂ થશે
✓ દસ ગામ દીઠ એક ફરતુ પશુ દવાખાનું
✓ ખેડૂતો સીધુ વેચાણ કરી શકે તે માટે ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ
✓ ઐતિહાસિક-વારસાગત સ્થાપત્ય ધરાવતી શાળાને હેરિટેજ સ્કૂલ તરીકે નવિનીકરણ
✓ રસીકરણ માટે રાજ્યકક્ષાએ રસીકરણનો સેલ ઉભો કરાશે
✓ સગર્ભા બહેનોના પોષણસ્તરમાં સુધારો લાવવા આયુર્વેદિક ઔષધિનો ઉપયોગ
✓ આંગણવાડીમાં પા પા પગલી યોજના
✓ આંતરિયાળ વિસ્તારમાં નેટવર્ક મળી રહે તે માટે મોબાઇલ ટાવર ઉભા કરાશે
✓ ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું એક્સલન્સ સેન્ટર શરૂ કરાશે
✓ જંબુસરમાં ડ્રગ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક-રાજકોટમાં મેડિકલ ડિવાઇસ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક
✓ અમદાવાદ, સોમનાથ, અંબાજી, સાપુતારા, ગીરમાં હેલીપોર્ટ બનાવાશે.
✓ કેવડિયાના 50 કિમી વિસ્તારમાં કમલમનુ વાવેતર કરાશે

- ✓ દિપડાનું મેગા રેસ્કયૂ સેન્ટર બનાવવામાં આવશે
- ✓ સ્થાનિક માછીમારોને રોજગારી આપવા વ્હેલ શાર્ક ટુરિઝ્મ વિકસાવાશે
- ✓ એરપોર્ટ, વોટરડ્રોમની સુરક્ષા માટે નવી વિશેષ બટાલિયનની રચના કરાશે
- ✓ સાયન્સ સિટી ખાતે બાળકો માટે ટોય મ્યુઝિયમનું નિર્માણ કરાશે.
- ✓ વિધાનસભા પરિસરમાં ગુજરાતનો ઇતિહાસ દર્શાવતું સંગ્રહાલય બનશે.
- ✓ કેવડિયામાં આદિવાસી કલા-સંસ્કૃતિના પ્રચાર માટે કોમ્યુનિટી રેડિયો સ્ટેશન બનાવાશે
- ✓ આગામી પાંચ વર્ષમાં સરકારી કચેરીઓમાં બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં લાયકાત ધરાવતા અંદાજે બે લાખ યુવાનોની નવી ભરતી.
- ✓ આગામી પાંચ વર્ષમાં મેન્યુફેકચરિંગ, ફાર્મા એનર્જી, એન્જિનિયરિંગ ઇન્ફ્રાસ્ટ્રકચર આઇટી, પ્રવાસન, હોસ્પિટાલિટી, ફુડ પ્રોસેસિંગ, બેન્કિંગ, સર્વિસ સેકટર જેવાં વિવિધ ક્ષેત્રોમાં યુવાનો માટે 20 લાખ રોજગારીની તકો ઉભી કરવામાં આવશે.

**ફેક્ટ ફાઇલ-ગુજરાતની સિદ્ધિઓ :**

- ✓ દેશના જીડીપીમાં 8 ટકાનું નોંધપાત્ર યોગદાન આપતા આપણા રાજ્યમાં એપ્રિલ-2020થી સપ્ટેમ્બર-2020ના સમયગાળામાં અમારી સરકારના અથાગ પ્રયત્નોના કારણે રૂ. 1 લાખ 19 હજાર કરોડનું નોંધપાત્ર વિદેશી મૂડી રોકાણ થયું છે. જે દેશમાં આ સમયમાં થયેલ કુલ મૂડી રોકાણના ૫૩ ટકા છે.
- ✓ દેશની કુલ નિકાસમાં ગુજરાતનો ફાળો 23 ટકાથી વધારે છે અને નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ એક્ષપોર્ટ કમ્પીટિટીવનેસ ઇન્ડેક્ષ 2020માં ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. સ્ટાર્ટઅપ રેન્કિંગમાં અને લોજીસ્ટિક રેન્કિંગમાં પણ સતત બે વર્ષથી ગુજરાત પ્રથમ સ્થાન મેળવી રહ્યું છે.
- ✓ મહામારીના કારણે વિપરીત અસર પામેલ રાજ્યની અર્થવ્યવસ્થાને પુનઃગતિમાન કરવા અમારી સરકારે અનેકવિધ પગલાં લીધાં છે.
- ✓ આ પ્રયાસોના ભાગરૂપે રાજ્યના નાના મોટા તમામ વેપાર-ઉધોગોને ચેતનવંતા બનાવવાના ઉદ્દેશથી વિવિધ ક્ષેત્રો માટેની વધુ પ્રોત્સાહક નવી નીતિઓ સરકારે જાહેર કરી છે.
- ✓ આ નવી નીતિઓની જોગવાઇઓના કારણે રાજ્યમાં મોટા પ્રમાણમાં મૂડી રોકાણ આકર્ષિત થશે. જેનાથી ઉધોગ ધંધાના વિકાસને વેગા મળી રોજગારીમાં વધારો થશે.
- ✓ સરકારે જાહેર કરેલ નવી ઔધોગિક નીતિમાં સ્ટાર્ટઅપ તેમજ સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદના ઉધોગો માટે ખાસ રાહતોનો સમાવેશ કરેલ છે.
- ✓ ઇલેક્ટ્રિકલ અને ઇન્ડસ્ટ્રિયલ મશીનરી, ઑટોમોટિવ, સિરામિક, ટેક્સટાઇલ, ફાર્મા, ઍગ્રોફૂડ, કેમિકલ વગેરે ક્ષેત્રોમાં જાહેર કરવામાં આવેલ યોજનાઓ થકી મોટા પ્રમાણમાં રોજગારીનું નિર્માણ થશે.
- ✓ જાહેર કરવામાં આવેલ નવી પ્રવાસન નીતિમાં નવા રોજગાર અને રોકાણ ઉપર ભાર મૂકવામાં આવેલ છે.
- ✓ સર્વિસ સેન્ટર ઉપર ભાર મૂકી વિવિધ પ્રકારની રાહતો અને સહાયની જાહેરાત કરવામાં આવી છે.


**વનબંધુ કલ્યાણ યોજના-2**

- ✓ ગુજરાતની વસ્તીમાં 15 ટકા એટલે કે આશરે 90 લાખની વસ્તી આદિજાતિ સમાજની છે.
- ✓ રાજ્યના સર્વાંગી વિકાસ માટે દરેક વિસ્તાર અને દરેક સમાજનો એક સરખો વિકાસ થવો જરૂરી છે.
- ✓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળતા હતા, ત્યારે તેઓશ્રીએ વર્ષ 2007માં આદિજાતિ સમાજના સર્વાંગી કલ્યાણ અને વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકેલ હતી.
- ✓ જે અંતર્ગત છેલ્લા 13 વર્ષમાં રૂ. 96,000 કરોડની માતબર રકમ આદિજાતિ વિસ્તારના વિકાસ માટે વાપરવામાં આવી.
- ✓ આ યોજનાની સફળતાને ધ્યાને લઇ વન બંધુ કલ્યાણ યોજના-1ની વિકાસગાથાને વધુ નવી ઉંચાઇએ લઇ જવા માટે આગામી પાંચ વર્ષ માટે રૂ. 1 લાખ કરોડની માતબર રકમની વન બંધુ કલ્યાણ યોજના-2 અમલમાં આવશે.
- ✓ આ યોજના દ્વારા 14 જિલ્લાના ૫૩ તાલુકાના 5884 ગામોની 90 લાખની વસ્તી ધરાવતા આદિજાતિ સમાજના વ્યક્તિગત અને સામુદાયિક લાભો સુનિશ્ચિત કરી તેઓના અધિકારો અને સાંસ્કૃતિક અસ્મિતાનું જતન કરવામાં આવશે.

**સાગરખેડુ સર્વાંગી કલ્યાણ યોજના-2**


- ✓ રાજ્યના દરિયા કિનારાના વિસ્તારમાં રહેતા સાગરખેડુઓ પણ રાજ્યના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે. તેઓ દેશને કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ મેળવી આપે છે.
- ✓ માછીમારી અને વહાણવટા સાથે સંકળાયેલા સાગરખેડુઓના વિસ્તારના સર્વાંગી કલ્યાણ અને વિકાસ માટે પણ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ 2007 માં સાગરખેડુ સર્વાંગી કલ્યાણ યોજના અમલમાં મૂકેલ હતી.
- ✓ છેલ્લા 13 વર્ષમાં રૂ.43000 કરોડની રકમના ઉપયોગ સાથે આ યોજના સાગરકાંઠા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ખૂબ ઉપયોગી પુરવાર થયેલ છે.
- ✓ રાજ્યના દરિયા કિનારાના 15 જિલ્લાના 39 તાલુકાના 2702 ગામોમાં 70 લાખની વસ્તી ધરાવતા સાગરખેડુ વિસ્તારના વિકાસમાં નવો અધ્યાય ઉમેરવા રૂ.50 હજાર કરોડની સાગરખેડુ સર્વાંગી કલ્યાણ યોજના-2ની જાહેરાત કરવામાં આવે છે.

**વિભાગ અને રકમની ફાળવણી**




**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ.7232 કરોડની જોગવાઇ**

- ✓ વાવણીથી કાપણી સુધીના તબક્કા હોય કે પછી ખેત પેદાશો બજાર સુધી પહોંચાડવાની વાત હોય ગુજરાત સરકાર હંમેશા ખેડુતોના પડખે ઉભી રહી છે.
- ✓ રાજ્યના 4 લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટોકર (ટબ) વિનામૂલ્યે આપવાની યોજના માટે રૂ. 87 કરોડની જોગવાઇ
- ✓ ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ રૂ. 10 લાખની સહાય માટે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત રૂ. 82 કરોડની જોગવાઇ
- ✓ બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન તેમજ સર્ટિફાઇડ બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂ. 55 કરોડની જોગવાઇ
- ✓ એગ્રી અને ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટરના વિકાસ માટેની યોજના થકી પ્રભાવશાળી બેકવર્ડ અને ફોરવર્ડ લીંકેજીસની જરૂરિયાતો પૂર્ણ કરવા રૂ. 50 કરોડની જોગવાઇ.




- ✓ ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણ મુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના ઉદ્દેશથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા પ્રથમ વર્ષે રૂ. 10 હજાર તથા બીજા વર્ષે રૂ. 6 હજાર નાણાકીય સહાયની યોજના માટે રૂ. 32 કરોડની જોગવાઇ.
- ✓ ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીના ઉત્પાદનોનું સીધુ વેચાણ રાજ્યના ખેડૂતો દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના શહેરી વિસ્તારમાં કરવા માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે રૂ.20 કરોડની જોગવાઇ
- ✓ ખેડૂતોને હવામાન આધારિત માર્ગદર્શન સમયસર મળે તે હેતુથી 1800 ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે રૂ. 12 કરોડની જોગવાઇ.
- ✓ રોગ-જીવાતના સમયસર સરવે થકી ઉપદ્રવની જાણકારી મેળવી તેના અસરકારક નિયંત્રણ માટે કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે પ્રાયોગિક ધોરણે રાજ્યના 10 જિલ્લામાં મોબાઈલ ક્રોપ ક્લિનિક માટે રૂ. 2 કરોડની જોગવાઇ.

**બાગાયત ખાતાની યોજનાઓ માટે રૂ. 442 કરોડની જોગવાઇ**

- ✓ બિન ઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી અને ઔષધિય પાકોની ખેતી માટે ઉપયોગમાં લઇ શકાય તે હેતુથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની જાહેરાત કરેલ છે. આ યોજનામાં પ્રથમ તબક્કે કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની 50 હજાર એકર ખરાબાની બિનઉપજાઉ જમીન આધુનિક ટેક્નોલોજીથી ઉપજાઉ બનાવવા માટે અને તે દ્વારા મોટી સંખ્યામાં નવી રોજગારીનું નિર્માણ કરવા માટે પ્રગતિશીલ ખેડૂતો, સક્ષમ વ્યક્તિઓ, સંસ્થાઓ, કંપનીઓ અથવા ભાગીદારી પેઢીને ભાડાપટ્ટે આપવામાં આવશે. જેના થકી બે લાખ મેટ્રિક ટન બાગાયતી પાકોનું ઉત્પાદન અને પ્રોસેસિંગની તકો ઊભી થશે. આ યોજના માટે રૂ. 100 કરોડની જોગવાઇ.
- ✓ નર્સરીઓ અને સેન્ટર ઓફ એક્સેલેન્સના સુદ્રઢીકરણ તેમજ અર્બન હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ કેન્દ્રોમાં તાલીમ આપવા માટે રૂ. 2 કરોડની જોગવાઇ.

**પશુપાલન**

- ✓ ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે દૂધાળા પશુઓના ડેરી ફાર્મની સ્થાપના, બકરાં એકમની સ્થાપના માટે રૂ. 81 કરોડની જોગવાઇ.
- ✓ 10 ગામદીઠ 1 ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે રૂ. 43 કરોડની જોગવાઇ.
- ✓ ગૌશાળાઓ કે પાંજરાપોળો માટે ગૌચર સુધારણા જેવી વિવિધ યોજનાઓની કામગીરી કરવા ગૌ-સેવા અને ગૌચર વિકાસ બોર્ડ માટે રૂ. 25 કરોડની જોગવાઇ.
- ✓ મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે રૂ. 20 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યમાં પશુઓ માટે દાણ ખરીદીની સહાય માટે રૂ. 20 કરોડની જોગવાઇ
- ✓ કરુણા એનિમલ એમ્બુલન્સ-1962 હેલ્પ લાઇનની સેવાઓ માટે રૂ. 7 કરોડની જોગવાઇ.

- ✓ દુધાળા ગીર-કાંકરેજ ગાયોના પશુના ફાર્મની સ્થાપના અને દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ દ્વારા સ્વરોજગારી ઉભી કરવાની યોજના માટે રૂ. 3 કરોડની જોગવાઇ

**કૃષિ સંશોધન અને શિક્ષણ**

- ✓ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. 698 કરોડની જોગવાઇ.
- ✓ કામધેનુ યુનિવર્સિટી હસ્તક સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. 137 કરોડની જોગવાઇ.

**મત્સ્યોધોગ**

- ✓ દરિયાઇ વિસ્તારનાં 10 હજાર માછીમારોને હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરની વેટ માફી યોજનાનો લાભ આપવા માટે રૂ. 150 કરોડની જોગવાઇ.
- ✓ નવાબંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર અને સુત્રાપાડા મત્સ્ય બંદરોનો વિકાસ તથા કુદરતી આફતો સામે બોટ પાર્કિંગ સુવિધાઓ, મત્સ્ય પકડાશના સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા રૂ.97 કરોડની જોગવાઈ.
- ✓ દરિયાકાંઠાના વિસ્તારના માછીમારોને ઓ.બી.એમ. મશીનની ખરીદી ઉપર સહાય આપવા રૂ. 15 કરોડની જોગવાઇ.
- ✓ ચોરવાડ અને ઉમરસાડી વિસ્તારમાં મત્સ્ય ઉતરાણ માટે ફ્લોટીંગ જેટી બનાવવા રૂ. 5 કરોડની જોગવાઇ.
- ✓ માછીમાર ભાઈઓને જમ્બો પ્લાસ્ટિક કેટ તથા મેન્યુઅલ મટિરિયલ હેન્ડલીંગ સ્ટેકર ખરીદી ઉપર સહાય આપવા માટે રૂ. 3 કરોડની જોગવાઇ.
- ✓ જળાશયોમાં કેજ કલ્ચરની આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા માટે સહાય આપવાની યોજના હેઠળ રૂ. 2 કરોડની જોગવાઇ.

**સહકાર**

- ✓ રાજ્યના ખેડૂતો દ્વારા લેવામાં આવેલ પાક ધિરાણ ઉપર સમય મર્યાદામાં પાક ધિરાણ ભરપાઇ કરતાં ખેડૂતોને વધારાની વ્યાજ રાહત આપી શૂન્ય ટકા વ્યાજની પાક ધિરાણ યોજના માટે રૂ. 1000 કરોડની જોગવાઇ.

**કૃષિ બજાર વ્યવસ્થા**

- ✓ ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા યોજના હેઠળ રૂ. 78 કરોડની જોગવાઇ.
- ✓ તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે 50 ટકા કેપિટલ સહાયની યોજના હેઠળ રૂ. 6 કરોડની જોગવાઇ.

**જળસંપત્તિ વિભાગ માટે રૂ. 5494 કરોડની જોગવાઈ**

- ✓ સરકારના જળ સંસાધન માટેના છેલ્લા 25 વર્ષોના કુનેહભર્યા પ્રયત્નોથી આજે ગુજરાત વોટર મેનેજમેન્ટ માટે સમગ્ર દેશમાં રોલ મોડેલ બન્યું છે.
- ✓ નીતિ આયોગ દ્વારા ગુજરાતને કોમ્પોઝીટ વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્ષમાં છેલ્લા 3 વર્ષથી સતત પ્રથમ સ્થાન.
- ✓ રાજ્યની મહત્વકાંક્ષી સૌની યોજનાના પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થયેલ છે. બીજા તબક્કાની કામગીરી મહદઅંશે પૂર્ણ થયેલ છે. રાજકોટ શહેરની જીવાદોરી સમાન આજી-1 અને ન્યારી-1 ડેમમાં નર્મદાનું પાણી ભરવામાં આવેલ છે તથા ભાવનગર શહેરના પીવાના પાણી માટે મહત્વના સ્ત્રોત બોર તળાવને સૌની યોજના હેઠળ સમાવેલ છે. આ યોજનાના ત્રીજા તબક્કા માટે રૂ.1071 કરોડની જોગવાઇ.
- ✓ અટલ ભુજલ યોજના હેઠળ 5 વર્ષના સમયગાળા માટે રૂ. 757 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યમાં ચેકડેમ, તળાવો ઊંડા કરવા અને નવા બનાવવા જળસંચય યોજનાઓના કામો માટે રૂ. 312 કરોડની જોગવાઇ.
- ✓ બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના આશરે 6000 હેક્ટર વિસ્તારને લાભ આપતી થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈનની યોજના પ્રગતિ હેઠળ છે. જેના માટે રૂ.226 કરોડની જોગવાઈ
- ✓ સાબરમતી નદી પર હિરપુરા અને વલાસણા બેરેજના પ્રગતિ હેઠળના કામ માટે વધુ રૂ. ૫૦ કરોડની જોગવાઇ
- ✓ સુજલામ સુફલામ યોજના હેઠળ હયાત પાઇપલાઇનથી 2 કિલોમીટરની મર્યાદામાં આવતા 737 તળાવોમાં પાણી આપવામાં આવે છે. હવે ખેડૂતોની માંગણી ધ્યાને લઇ આ પાઇપલાઇનથી 3 કિલોમીટરની મર્યાદામાં આવતા વધારાના નવા 295 તળાવોમાં પાણી આપવા માટે પાઇપલાઇન નાખવામાં આવશે. જેના માટે રૂ. 10 કરોડની જોગવાઈ. જેમાં આદિજાતિ વિસ્તાર માટે કુલ જોગવાઈ રૂ. 1349 કરોડ

**કલ્પસર પ્રભાગ માટે રૂ.1501 કરોડની જોગવાઈ**

**ભાડભૂત બેરેજ યોજના**

- ✓ નર્મદા નદીનું મીઠું પાણી અત્યારે ભરૂચ પાસે બિન ઉપયોગી રીતે દરીયામાં વહી જાય છે. તેનો સંગ્રહ કરી મીઠા પાણીનું સરોવર બનાવી ભરૂચ-અંકલેશ્વર વિસ્તારની ખારી થતી જમીનને બચાવવા અને આ વિસ્તારમાં દરિયાઇ ભરતીના કારણે ખારા થતાં પાણીની ગુણવત્તા સુધારવા ભરૂચ અને અંકલેશ્વર પાસે આવેલ ભાડભૂત નજીક નર્મદા નદી ઉપર રૂ. 5322 કરોડની અંદાજીત ખર્ચની ભાડભૂત યોજનાની કામગીરી શરૂ કરેલ છે. આગામી ચાર વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.
- ✓ આ બેરેજમાં ૫૯૯ મિલીયન ઘનમીટર મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે જેના કારણે નર્મદા નદીમાં 70 કિલોમીટર લંબાઈમાં ખારાશ અટકશે.
- ✓ આ વિશાળ મીઠા પાણીના સરોવરથી ભરૂચ જિલ્લાને વ્યાપક રીતે લાભ થશે. વધુમાં, ભાડભૂત બેરેજ ઉપર 6 માર્ગીય બ્રિજ બનાવવાનું આયોજન હોવાથી દહેજથી હજીરા-સુરત વચ્ચેના અંતરમાં 37 કિલોમીટરનો ઘટાડો થશે.
- ✓ બેરેજની આ કામગીરી માટે રૂ.1453 કરોડની જોગવાઇ.

**સૂક્ષ્મ સિંચાઈ**

- ✓ સૂક્ષ્મ સિંચાઇ યોજનાનું અમલીકરણ કરવા માટે મે-2005 થી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે.
- ✓ રાજ્ય સરકારની આ કંપની દ્વારા ડ્રીપ ઇરિગેશન સિસ્ટમ નંખાવનાર વિવિધ વર્ગના ખેડૂતોને 70 થી 90 ટકા સબસીડી આપવામાં આવે છે.

- ✓ જેનો લાભ લઇ અત્યાર સુધીમાં ઓગણીસ લાખ સડસઠ હજાર હેક્ટર જમીનમાં ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઇ વ્યવસ્થા ઊભી કરેલ છે.
- ✓ સૂક્ષ્મ સિંચાઇ વ્યવસ્થાનો અમલ કરવામાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે છે.
- ✓ આગામી વર્ષે વધુ એક લાખ સત્યાવીસ હજાર હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ હેઠળ આવરી લેવા માટે જોગવાઇ રૂ. 679 કરોડ.

### નર્મદા યોજના

- ✓ રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજના થકી નર્મદાનું પાણી 17 લાખ 92 હજાર હેક્ટર વિસ્તારને વાર્ષિક સિંચાઇના હેતુસર પૂરું પાડવા માટે વિશાળ નહેર માળખાના કામો પૂર્ણતાના આરે છે.
- ✓ મુખ્ય નહેરનું કામ 100%, શાખા નહેરનું કામ 97%, વિશાખા નહેરનું કામ 95%, પ્રશાખા નહેરનું કામ 91%, અને ખેડૂતોના સહકાર સાથે કરવાની થતી પ્રપ્રશાખા નહેરનું કામ 87% પૂર્ણ થયેલ છે.
- ✓ જેના દ્વારા ખરીફ સિઝન દરમ્યાન પિયત વિસ્તારમાં ખેડૂતોને પૂરતું પાણી આપવામાં આવેલ છે અને રવિ સિઝનમાં પાણી આપવામાં આવી રહ્યું છે.
- ✓ સરદાર સરોવર યોજનાના જરૂરી કામોને પૂર્ણ કરવા માટે રૂ. 7370 કરોડની જોગવાઇ.

### શિક્ષણ વિભાગ માટે કુલ રૂ. 32,719 કરોડની જોગવાઇ

- ✓ શિક્ષણ એ સતત વિકાસની પ્રક્રિયા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ આગામી સમયની જરૂરિયાત ધ્યાને લઇ ક્રાંતિકારી ફેરફારો સૂચવવામાં આવ્યા છે.
- ✓ માતૃભાષામાં શિક્ષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે આધુનિક યુગને અનુરૂપ શિક્ષણ પદ્ધતિને પરિવર્તનશીલ બનાવવામાં આવેલ છે.
- ✓ મિશન સ્કૂલસ ઓફ એક્સેલેન્સ ગુજરાતના વિદ્યાર્થીઓને અદ્યતન શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં મહત્વનું પગલું છે.
- ✓ ધોરણ-1 થી 8 ના આશરે 45 લાખ બાળકોને મધ્યાહન ભોજન યોજના, અન્ન સંગમ યોજના, દૂધ સંજીવની યોજના અને સુખડી યોજના અંતર્ગત કુલ રૂ. 1044 કરોડની જોગવાઇ.
- ✓ રાઇટ-ટુ-એજયુકેશન એક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. 567 કરોડની જોગવાઇ.
- ✓ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટ્યુશન ફી તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય રૂપે રાહત પૂરી પાડવા માટે રૂ. 287 કરોડની જોગવાઇ.
- ✓ 11 લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ફ્રી પાસ કન્સેશન માટે રૂ. 205 કરોડની જોગવાઇ.
- ✓ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા અંદાજીત ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા રૂ. 200 કરોડની જોગવાઇ.
- ✓ હયાત નિવાસી શાળાઓ જેવી કે, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, મોડેલ સ્કૂલ અને આશ્રમ શાળાઓ ખાતે ઉત્તમ પ્રકારનું નિવાસી શિક્ષણ મળે તે હેતુથી વિશાળપાયે માળખાગત સુવિધાઓ ઊભી કરવાની યોજના માટે રૂ. 80 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યની 2000 પ્રાથમિક શાળાઓ ખાતે વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા માટે રૂ. 72 કરોડની જોગવાઇ.
- ✓ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ ઓગણીસ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પૂરાં પાડવા રૂ. 65 કરોડની જોગવાઇ
- ✓ જે બાળકોના ઘરનું અંતર તેમની શાળાથી 1 કીલોમીટર કરતાં વધુ હોય તેવા દોઢ લાખથી વધુ બાળકોને વાહનવ્યવહારની સુવિધા આપવા માટે રૂ. 60 કરોડની જોગવાઇ
- ✓ ઐતિહાસિક મહત્વ અને વિશેષ પ્રકારના વારસાગત સ્થાપત્ય ધરાવતી ખૂબ જૂની શાળાઓનું મહત્વ અનેરુ છે. આ શાળાઓને હેરિટેજ સ્કૂલ તરીકે નવીનીકરણ કરવા માટે રૂ. 25 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પીએચડી ડિગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે શોધ યોજના અંતર્ગત રૂ. 20 કરોડની જોગવાઇ
- ✓ વિદ્યાર્થીઓમાં સુષુપ્તાવસ્થામાં રહેલ શોધ ભાવનાને પ્રોત્સાહન આપી અવનવા સર્જનથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ વિકસાવવા માટે પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ નીતિ અંતર્ગત અંદાજીત 14 લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. 20 કરોડની જોગવાઇ.
- ✓ આઇઆઇટી એન્જિનીયરીંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે રાજયની સરકારી અને અનુદાનિત શાળાઓમાં ધોરણ-11 અને 12માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણની વ્યવસ્થા અને ઓનલાઇન ડિસ્ટન્સ લર્નિંગની સુવિધા પૂરી પાડવાની યોજના માટે રૂ. 20 કરોડની જોગવાઇ.
- ✓ અભિરૂચી ધરાવતાં બાળકોને સંસ્કૃત શિક્ષણમાં જોડવા પ્રોત્સાહન આપવા અને શ્રેષ્ઠ આચાર્યો તૈયાર કરવાના હેતુથી 37 સંસ્કૃત પાઠશાળાઓના સુદૃઢીકરણ માટે મિશન ગુરૂકુળ યોજના અંતર્ગત રૂ. 10 કરોડની જોગવાઇ.

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ. 11,323 કરોડની જોગવાઇ

- ✓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રી જન-આરોગ્ય યોજના અને રાજય સરકારની મુખ્યમંત્રી મા-વાત્સલ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારો માટે ખૂબ જ આશીર્વાદરૂપ પુરવાર થયેલ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિના મૂલ્ય આપવામાં આવે છે. આ યોજના માટે જોગવાઇ રૂ. 1106 કરોડ.
- ✓ રાજ્યમાં ઓછા વજન સાથે જન્મતા બાળકોને વિના મુલ્ય સારવાર પૂરી પાડતી યોજના બાલસખા-3 માટે રૂ. 145 કરોડની જોગવાઇ.
- ✓ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત સગર્ભા માતાઓને સહાય માટે રૂ.66 કરોડની જોગવાઇ.

- ✓ ખૂબજ લોકપ્રિય અને ઉપયોગી બનેલ 108 એમ્બ્યુલન્સ સર્વિસમાં હાલ 622 એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે. નવી 150 એમ્બ્યુલન્સ વાન સેવારત કરવા રૂ. 30 કરોડની જોગવાઈ.
- ✓ રસીકરણની કામગીરી સુચારુરૂપથી કરવા માટે રાજ્યકક્ષાએ ખાસ રસીકરણ સેલ ઉભો કરવામાં આવશે. વધુમાં 9 જિલ્લામાં મેડિકલ વેક્સીન સ્ટોરના બાંધકામ માટે રૂ.3 કરોડની જોગવાઇ.
- ✓ 20 સિવિલ હોસ્પિટલો ખાતે આર્યુવેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર પૂરી પાડવા ડે-કેર પંચકર્મ સેન્ટર શરૂ કરવામાં આવશે.


## મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ રૂ. 3511 કરોડની જોગવાઇ




- ✓ "સશક્ત મહિલા સુપોષિત ગુજરાતના અભિગમ સાથે રાજ્યમાં ૫૩,000થી વધુ આંગણવાડીઓ મારફત અંદાજીત 60 લાખ બાળકો, કિશોરીઓ, સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને પૂરક પોષણ અને આરોગ્ય શિક્ષણનો લાભ.
- ✓ પૂરક પોષણ યોજનાઓ માટે રૂ. 939 કરોડની જોગવાઇ
- ✓ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજીત 8 લાખ લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવા રૂ. 700 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યની 15 થી 18 વર્ષની 11 લાખ 76 હજાર કિશોરીઓને લાભ આપવા માટે પૂર્ણા યોજના અંતર્ગત રૂ.220 કરોડની જોગવાઇ.
- ✓ વિકાસશીલ તાલુકાઓ અને આદિજાતિ વિસ્તારના મળી કુલ 83 તાલુકામાં આંગણવાડી લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટેની દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ. 136 કરોડની જોગવાઇ.
- ✓ છ માસથી ત્રણ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા પ્રાયોગિક ધોરણે ડાંગ, દાહોદ, નર્મદા, દ્વારકા અને ભાવનગર જિલ્લામાં આયર્વેદિક ઔષધિઓના ઉપયોગનું આયોજન છે. જે માટે રૂ. 9 કરોડની જોગવાઇ.
- ✓ નવી શિક્ષણ નીતિ-2020 અનુસાર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુદ્રઢ કરવા અને આંગણવાડીમાં અભ્યાસ અર્થે આવતા 16 લાખથી વધુ બાળકોનો ગુણવત્તાયુક્ત વિકાસ માટે "પા પા પગલી" યોજનાનું આયોજન કરવામાં આવ્યુ છે. જે માટે રૂ. ૫ કરોડની જોગવાઇ.
- ✓ સામાજિક ઉત્થાનના પ્રયાસ રૂપે પુનર્લગ્ન કરનાર વિધવા મહિલા ગૌરવ સાથે સન્માનિત જીવન નવેસરથી શરૂ કરી શકે તે માટે લાભાર્થી દીઠ રૂ. ૫0 હજારની સહાય કરવામાં આવશે. આ ગંગા સ્વરૂપા પુન:લગ્ન સહાય યોજના માટે રૂ. 3 કરોડની જોગવાઇ

## પાણી પુરવઠા પ્રભાગ માટે કુલ રૂ. 3974 કરોડની જોગવાઇ

- ✓ પાણી વિતરણ સુનિશ્ચિત કરવા 13,600 ગામો અને 209 શહેરી વિસ્તારોને આવરી લઇ 1 લાખ 26 હજાર કિલોમીટરની રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ કરવામાં આવેલ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશના નાગરિકોને ઘરે ઘરે નળથી શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા "નલ સે જલ" યોજના અમલમાં મૂકેલ છે.




- ✓ ગુજરાત સરકારે 82 ટકા ઘરો સુધી પાઈપલાઈનથી પાણી પહોંચાડવાનું કામ પૂર્ણ કરેલ છે.
- ✓ સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના ગામોમાં જળ સલામતી પ્રદાન કરવા માટે ચાર જગ્યાએ 27 કરોડ લિટર ક્ષમતાના ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. 300 કરોડની જોગવાઇ.
- ✓ હર ઘર જલ યોજનામાં ગાંધીનગર, મહેસાણા, પોરબંદર, બોટાદ અને આણંદ જિલ્લાઓની 100% કામગીરી પૂર્ણ. રાજ્યના બાકી રહેલ 17 લાખ 78 હજાર ઘરોમાં નળ જોડાણ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાના આયોજન અંતર્ગત રૂ. 300 કરોડની જોગવાઇ.
- ✓ રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત જુદાં જુદાં શહેરી વિસ્તારોમાં ગંદા પાણીને ટ્રીટ કરી તેના પુન:ઉપયોગની યોજનાઓ માટે રૂ. 50 કરોડની જોગવાઇ.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂ. 4353 કરોડની જોગવાઇ

- ✓ કામગીરી : અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતી જાતિ, સંભાળ અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકો, દિવ્યાંગો, નિરાધાર વૃદ્ધોનો શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ થાય તે માટે સરકાર કટીબધ્ધ છે.
- ✓ વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃધ્ધ યોજના અને વય વંદના યોજના અંતર્ગત રૂ. 10 લાખ 95 હજાર નિરાધાર વૃદ્ધોને પેન્શન આપવા માટે રૂ. 1032 કરોડની જોગવાઇ.
- ✓ આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાલ આવાસ યોજના હેઠળ સહાય આપવા રૂ. 1૫9 કરોડની જોગવાઇ.
- ✓ ધોરણ-9માં અભ્યાસ કરતી અનસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે એક લાખ બ્યાંશી હજાર કન્યાઓને વિનામુલ્યે


સાયકલ આપતી સરસ્વતી સાધના યોજના હેઠળ રૂ.71 કરોડની જોગવાઇ

- ✓ દિવ્યાંગોના સશક્તિકરણ માટે દિવ્યાંગ શિષ્યવૃત્તિ, દિવ્યાંગ સ્વરોજગારી અને એસ.ટી. બસમાં મફત મુસાફરી માટેની યોજના હેઠળ રૂ. 53 કરોડની જોગવાઇ.
- ✓ માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિના 14 હજાર લાભાર્થીઓને અને વિકસતી જાતિના 20 હજાર લાભાર્થીઓને સાધનો પૂરાં પાડવા માટે રૂ. 44 કરોડની જોગવાઇ
- ✓ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ આપવામાં આવતી રૂ.10,000ની સહાયમાં રૂ. 2000નો વધારો કરી રૂ. 12,000 કરવાની જાહેરાત. આ માટે રૂ.40 કરોડની જોગવાઇ.
- ✓ 80 ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ.1000 પેન્શન આપવામાં આવે છે.
- ✓ હવે આ યોજનાના લાભ માટે દિવ્યાંગતાની ટકાવારી 80 ટકાથી ઘટાડીને 75 ટકા કરાઈ.
- ✓ સેરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને પણ આ યોજનામાં આવરી લેવામાં આવશે. જેના કારણે આ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વધુ વ્યક્તિઓને પેન્શનનો લાભ મળશે. જે માટે રૂ. 9 કરોડની જોગવાઇ.
- ✓ અનુસૂચિત જાતિની 28 અને વિકસતી જાતિની 33 આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેકટ શરૂ કરવા માટે રૂ. 3 કરોડની જોગવાઇ.
- ✓ ગાંધીનગર ખાતે કન્યાઓ માટે અધતન સુવિધા સાથેના સમરસ છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ.1 કરોડની જોગવાઇ.
- ✓ જુવેનાઇલ જસ્ટિસ ફંડ મારફત મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને સહાય અને પુનર્વસન માટે રૂ.1 કરોડની જોગવાઇ.
- ✓ વડોદરા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પ સ્મારકના કામો માટે રૂ. 12 કરોડની જોગવાઇ.
- ✓ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલમાં મુકાયેલ શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓ તેમજ વિવિધ લોન સહાય માટે રૂ. 500 કરોડની જોગવાઇ. બજેટમાં નવી જાહેરાત

**આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂ. 2656 કરોડની જોગવાઇ**

- ✓ દૂધ સંજીવની યોજના અંતર્ગત 53 આદિજાતિ તાલુકાના પ્રાથમિક શાળાના 8 લાખ બાળકોને ફ્લેવર્ડ દૂધ આપવા માટે રૂ. 170 કરોડની જોગવાઇ.
- ✓ નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ. 36 કરોડની જોગવાઇ.
- ✓ અધતન સુવિધાવાળા સમરસ છાત્રાલયો અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓ માટે રૂ. 22 કરોડની જોગવાઇ.
- ✓ અનુસૂચિત જનજાતિની ધો.9માં અભ્યાસ કરતી 48,000 વિદ્યાર્થીનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ માટે રૂ. 19 કરોડની જોગવાઇ.
- ✓ સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર આદિજાતિ સ્વાતંત્ર્યસેનાનીઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે રાષ્ટ્રીય કક્ષાના સંગ્રહાલયના નિર્માણ માટે રૂ. 26 કરોડની જોગવાઇ.
- ✓ આદિજાતિ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશથી સ્માર્ટ ક્લાસ રૂમ શરૂ કરવા રૂ. 9 કરોડની જોગવાઇ.

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે કુલ રૂ. 8796 કરોડની જોગવાઇ**




- ✓ આત્મા ગામડાંનો અને સુવિધા શહેરની એ આશય સાથે ગુજરાતના દરેક માળખાગત સુવિધાઓનો વિકાસ સરકારે હાથ ધરેલ છે. ગામમાં શુદ્ધ પીવાનું મળે, ગામમાં પાકી ગટર વ્યવસ્થા હોય, ગામમાં પ્રવાહી અને ઘન કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા અને ગામેગામ ઇન્ટરનેટની સુવિધા પ્રાપ્ત થાય તે દિશામાં રાજ્ય આગળ વધી રહ્યું છે.
- ✓ ડોર ટુ ડોર કલેક્શન દ્વારા ઘન કચરો એકત્ર કરવા માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક ગ્રાન્ટ રૂપિયા બે થી બમણી કરી રૂપિયા ચાર કરાઈ. જેના માટે રૂ. 175 કરોડની જોગવાઇ.
- ✓ ગ્રામ પંચાયતોની મિલકતો અને રેકોર્ડની વ્યવસ્થિત જાળવણી તેમજ કામોનું ડુપ્લિકેશન ન થાય તે માટે જીઓ ટેગિંગ મિલકત રજિસ્ટર તૈયાર કરવા માટે રૂ. 5 કરોડની જોગવાઇ

**ગ્રામ વિકાસ**

- ✓ 2022 સુધીમાં સૌને આવાસના ઉદ્દેશ સાથે અમલમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ નવા 1 લાખ આવાસો બાંધવામાં આવશે, જેના માટે રૂ.1250 કરોડની જોગવાઇ.
- ✓ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત રૂ.800 કરોડની જોગવાઇ.
- ✓ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત રૂ.564 કરોડની જોગવાઇ.

- ✓ મહિલાઓના સશક્તિકરણ અને આર્થિક વિકાસ માટે નેશનલ રૂરલ લાઈવલિહુડ મિશન (આજીવિકા) અંતર્ગત રૂ. 300 કરોડની જોગવાઈ.
- ✓ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના માટે રૂ.124 કરોડની જોગવાઈ.
- ✓ મનરેગા યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગી અસ્કયામતો ઊભી કરવી જરૂરી હોવાથી જૂથ કુવા, બાગાયત નર્સરી, ગ્રામ પંચાયત ભવન, આંગણવાડી કેન્દ્રો, સેગ્રીગેશન શેડ, અનાજ સંગ્રહ માટેના ગોડાઉન, સ્વસહાય જૂથ સંચાલિત લઘુ ઉદ્યોગો માટે વર્ક શેડ, કેટલ શેડના કામો માટે રાજય સરકાર દ્વારા રૂ.100 કરોડની જોગવાઈ.
- ✓ ગામમાં પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવાની યોજના અંતર્ગત રૂ. 34 કરોડની જોગવાઇ.
- ✓ મહિલા ઉત્કર્ષ યોજનાના લાભાર્થીઓને આર્થિક ઉપાર્જનની કાયમી વ્યવસ્થા મળે તે હેતુથી મનરેગા યોજના અંતર્ગત બોરવેલ અને સોલાર પંપ આપવા માટે રૂ. 25 કરોડની જોગવાઈ.
- ✓ ગ્રામીણ વિસ્તારના પ્લોટ વિહોણા લાભાર્થીઓ માટે જયારે પર્યાપ્ત ગામતળ ઉપલબ્ધ ના હોય ત્યારે 10 હજારથી વધુ વસ્તી ધરાવતા મોટા ગામોમાં મર્યાદિત જમીનનો ઉપયોગ કરી 3 માળના મકાનોની યોજનાથી આવાસોનો લાભ આપી શકાય તે માટે મુખ્યમંત્રી સામુદાયિક આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂ. 21 કરોડની જોગવાઈ.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ રૂ. 13,493 કરોડની જોગવાઇ**

- ✓ રાજયમાં વધતાં વિકાસ સાથે ઝડપી શહેરીકરણની પ્રક્રિયા સાહજિક છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના દ્વારા ગુજરાતના શહેરોમાં ઊભી કરવામાં આવેલ 21મી સદીની અધતન માળખાગત સુવિધાઓની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવેલ છે. સ્વચ્છ શહેર બાબતના સર્વેક્ષણમાં સમગ્ર દેશમાં મેગા સિટીમાં અમદાવાદ પ્રથમ ક્રમે તો અન્ય શહેરોમાં સુરતે બીજો અને રાજકોટે ચોથો ક્રમ મેળવી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ઉપરાંત ગાંધીનગર શહેરને બેસ્ટ સિટી ઇન ઇનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસિસનો પુરસ્કાર મળેલ છે.
- ✓ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે રૂ. 4563 કરોડની જોગવાઈ.
- ✓ વર્ષ 2022 સુધીમાં શહેરી વિસ્તારમાં સૌને આવાસ ઉપલબ્ધ કરાવવા નવા 55,000 આવાસોના નિર્માણ અર્થે સહાય માટે રૂ.900 કરોડની જોગવાઇ.
- ✓ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકાને સ્માર્ટ સિટી હેઠળ રૂ.700 કરોડની જોગવાઈ.
- ✓ અમૃત યોજના અંતર્ગત 8 મહાનગરપાલિકા અને 23 નગરપાલિકાઓમાં પાણી પુરવઠા, ગટર, વરસાદી પાણીનો નિકાલ અને પરિવહન જેવી સુવિધાઓ માટે રૂ. 650 કરોડની જોગવાઇ.
- ✓ અમદાવાદ અને ગાંધીનગર તથા સુરત શહેર ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડ હેઠળ રૂ.568 કરોડની જોગવાઇ.
- ✓ સ્વચ્છ ભારત મિશન (અર્બન) તથા નિર્મળ ગુજરાત હેઠળ રૂ. 200 કરોડની જોગવાઇ.
- ✓ દીન-દયાળ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લાઇવ્લિહુડ મિશન હેઠળ રૂ.150 કરોડની જોગવાઈ.
- ✓ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી રૂ.1 લાખ સુધીનું સંપૂર્ણ વ્યાજ રહિત ધિરાણ આપવાની યોજના માટે રૂ. 80 કરોડની જોગવાઇ.
- ✓ અમદાવાદ, સુરત મહાનગર અને રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં મેટ્રોનું આયોજન કરી દેવામાં આવેલ છે.
- ✓ રાજ્ય મહાનગર એવા વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરોમાં પણ મેટ્રો લાઇટ-મેટ્રો નીઓ જેવી નવી ટેક્નોલોજીવાળી મેટ્રો સેવા પૂરી પાડવાનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે.
- ✓ આ યોજના માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ

**ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટી**

- ✓ વૈશ્વિક કક્ષાનું નાણાકીય કેન્દ્ર ગિફ્ટ સિટીમાં દેશનું સૌ પ્રથમ ઇન્ટરનેશનલ ફાયનાન્સ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.
- ✓ આ કેન્દ્રમાં રોજના રૂ.1 લાખ કરોડથી વધારે રકમના આંતરરાષ્ટ્રીય સોદાઓનું ટ્રેડીંગ થાય છે. ગિફ્ટ સિટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બેન્કો, ઇસ્યોરન્સ કંપનીઓ, ફાયનાન્સ કંપનીઓ જેવી 220થી વધારે કંપનીઓ કાર્યરત થઇ છે. જેના માધ્યમથી અંદાજીત 12000 યુવાનોને પ્રત્યક્ષ રોજગારી મળેલ છે.
- ✓ ન્યૂ ડેવલોપમેન્ટ બેન્ક (BRICS)ના પ્રથમ ક્ષેત્રિય કાર્યાલયની સ્થાપના પણ ગિફ્ટ સિટીમાં કરવામાં આવેલ છે. ભારતના પ્રથમ બુલિયન સ્પોટ વેલ્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત કરી સોના અને ચાંદીના સંગ્રહ માટે બુલિયન સંગ્રહ સુવિધાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- ✓ ગિફ્ટ સિટી આઇ.એફ.એસ.સી. માં કાર્યરત સંસ્થાઓને કેન્દ્ર સરકાર દ્વારા 10 વર્ષ માટે આવક વેરામાથી મુક્તિ આપવામાં આવેલ છે. જેનાથી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ગિફ્ટ સિટીમાં મોટા પ્રમાણમાં વિદેશી મૂડી રોકાણ કરાશે અને મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થશે.
- ✓ ગ્લોબલ ઓફશોર ફંડ્સને આકર્ષવા માટે નિયમોને હળવા કરવામાં આવ્યા છે. જેનાથી આઇ.એફ.એસ.સી. ખાતે આંતરરાષ્ટ્રીય ફંડોની સ્થાપનાની શરૂઆત થયેલ છે.
- ✓ ગુજરાત સરકાર દ્વારા શેર બ્રોકર્સને ગિફ્ટ સિટીમાં થતાં નાણાકીય વ્યવહારો પર સ્ટેમ્પ ડ્યુટિમાંથી મુક્તિ આપવામાં

આવેલ હોવાથી બ્રોકર્સના રજીસ્ટ્રેશનની સંખ્યામાં નવા રોજગાર સાથે અવિરત વધારો થઇ રહેલ છે.

- ✓ એરક્રાફ્ટ લીઝીંગનો ખૂબ મોટો વ્યવસાય આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત છે. આ વ્યવસાયને આકર્ષવા માટે ગુજરાત સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાંથી કાર્યરત થતા એરક્રાફ્ટ લીઝીંગ બિઝનેસને સ્ટેમ્પ ડ્યૂટિમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેના કારણે આ ક્ષેત્રમાં પણ મોટાપાયે વિદેશી મૂડીરોકાણ અને રોજગારીની તકો ઉભી થશે.
- ✓ ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીની ગિફ્ટ સિટી કંપનીમાં મૂડી રોકાણ માટે રૂ.100 કરોડની જોગવાઇ.

**શ્રમ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ.1502 કરોડની જોગવાઇ**

- ✓ રાજયના ઔદ્યોગિક વિકાસની કરોડરજ્જુ સમાન કારીગરો અને શ્રમયોગીઓ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે.
- ✓ હવે શ્રમિકોને તેમના કામકાજના સ્થળની નજીકમાં જ રહેઠાણ પ્રાપ્ત થાય તે માટે કારખાનાની નજીક આવાસ ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી અને ઇન્ડસ્ટ્રીયલ હાઉસીંગ (મસીહા) યોજના અમલમાં આવશે.
- ✓ આ યોજના હેઠળ પીપીપી ધોરણે રાહત દરના શ્રમિક આવાસોનું નિર્માણ કરવામાં આવશે.
- ✓ મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના હેઠળ એક લાખ અપ્રેન્ટિસોને સહાય આપવા માટે રૂ.53 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓનું સ્ટ્રેન્ધનીંગ જેમકે ખૂટતા વર્કશોપ અને થીયરી રૂમનું બાંધકામ, સ્ટાફ ક્વાટર્સ, હોસ્ટેલ તથા 4 નવી આઇ.ટી.આઇ.ના બાંધકામ માટે રૂ.35 કરોડની જોગવાઇ.
- ✓ ઔદ્યોગિક શ્રમયોગીઓને બેટરી સંચાલિત દ્વિચક્રી વાહનની ખરીદી કરવા નાણાકીય સહાય આપવા સારૂ ગો-ગ્રીન શ્રમિક યોજના માટે રૂ.10 કરોડની જોગવાઇ.
- ✓ રાજયના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે સર્વિસ સેકટરનો પણ વિકાસ જરૂરી છે. જેના દ્વારા પણ લાખોની સંખ્યામાં રોજગારીની તકો ઉપલબ્ધ થાય છે.
- ✓ સર્વિસ સેકટરમાં વધુ રોજગારી ઉપલબ્ધ થાય તે માટે યુવાનોને ઉચ્ચ કક્ષાની તાલીમ અને શિક્ષણ આપવા દેશના સર્વપ્રથમ સર્વિસ સેકટર યુનિવર્સિટીનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય.

**માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ.11,185 કરોડની જોગવાઇ**

- ✓ ગુજરાત રાજ્યની અંદર તમામ ગામોને પાકા ડામર રસ્તાથી જોડવાનું કામ આપણે ઘણા સમય પહેલાં પૂર્ણ કરેલ છે. સમગ્ર રાજ્યમાં એક લાખ ચોવીસ હજાર કિ.મી. પ્લાન અને નોનપ્લાન રસ્તાઓનું સુઆયોજિત નેટવર્ક વિસ્તરેલ છે.
- ✓ છેલ્લા પાંચ વર્ષમાં 29 રેલ્વે ઓવર બ્રિજ રૂ.873 કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ડી.એફ.સી.સી. રૂટ સહિત રેલ્વે ક્રોસિંગ ઉપર 75 ઓવર બ્રિજના કામો પ્રગતિ હેઠળ છે. રૂ.3400 કરોડના ખર્ચે નવા 68 રેલ્વે ઓવરબ્રિજ મંજૂર કરાયા.
- ✓ અમદાવાદ-બગોદરા-રાજકોટના 201 કિલોમીટર રસ્તાને રૂ.2893 કરોડના ખર્ચે છ માર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ
- ✓ સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓને અમદાવાદ અને ગાંધીનગર સાથે જોડતા રાજકોટથી અમદાવાદ રસ્તાનું રૂ.2620 કરોડના ખર્ચે છ-માર્ગીયકરણનું કામ પ્રગતિ હેઠળ છે.
- ✓ ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના બીજા તબક્કાની કામગીરી પણ શરૂ થનાર છે. જેમાં રાજયના 3015 કિલોમીટરના ગ્રામ્ય માર્ગોને સાડાપાંચ મીટર સુધી પહોળા કરવા રૂ.1749 કરોડની અંદાજીત કિંમતના કામોનું આયોજન છે.
- ✓ અમદાવાદ-મુંબઇ બૂલેટ ટ્રેનની કામગીરી પ્રગતિમાં છે. હાઇસ્પીડ કોરીડોરના આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારના શેરફાળા પેટે રૂ.1500 કરોડની જોગવાઇ
- ✓ વિધાનસભાની સદસ્ય નિવાસ સમિતિની ભલામણ અનુસાર ગાંધીનગર ખાતે નવું સદસ્ય નિવાસ સંકુલ બનાવવામાં આવશે.
- ✓ ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટ રોડ) પર રાજસ્થાન સર્કલ પર રૂ.136 કરોડના ખર્ચે એકસ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રિજ તેમજ રક્ષા શક્તિ સર્કલ પર રૂ.૨૫૦ કરોડના ખર્ચે ફલાય ઓવરબ્રિજ બનાવવાનું આયોજન.
- ✓ ગાંધીનગર ખાતે આવેલ ટાઉનહોલનું રૂ.16 કરોડના ખર્ચે આધુનિકીકરણ કરાશે.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ રૂ.1478 કરોડની જોગવાઇ**

- ✓ જાહેર જનતાને જરૂરી સુવિધાઓ ઝડપી અને પારદર્શક રીતે મળતી રહે તે માટે અમારી સરકાર હંમેશા કાર્યરત છે. મોટર વ્હિકલ કાયદાની અનેકવિધ સુવિધાઓ હવે નાગરિકોને ઓનલાઇન ઉપલબ્ધ કરી આપવામાં આવેલ છે.
- ✓ જેમાં, આરટીઓ કચેરીની મુલાકાત લીધા સિવાય નવા વાહનોની નોંધણી, એન.ઓ.સી., પસંદગીના નંબર, ટેમ્પરરી પર્મિટ, સ્પેશીયલ પર્મિટ, રીન્યુઅલ ડ્રાઇવીંગ લાયસન્સ, ડુપ્લીકેટ ડ્રાઇવીંગ લાયસન્સ, લાયસન્સ સંબંધિત માહિતી, ડ્રાઇવીંગ લાયસન્સનું રીપ્લેશમેન્ટ, વાહનનું બોજા મુક્તિ પ્રમાણપત્ર, ડુપ્લીકેટ આર.સી.બૂક વગેરે સેવાઓ ઓનલાઇન આપવામાં આવે છે.
- ✓ જનતાની સેવા માટે 800 ડિલક્ષ પ્રકારની અને 200 સ્લીપર કોચ મળી 1000 નવી બસો કાર્યરત કરાશે.
- ✓ લાંબા અંતરની મુસાફરી માટે આરામદાયક 500 વોલ્વો 111 જાર બસ પીપીપી ધોરણે શરૂ કરાશે. જે માટે રૂ.270 કરોડની જોગવાઇ.
- ✓ વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે એસ.ટી. દ્વારા પ્રથમ વખત ૫૦ ઇલેક્ટ્રીક બસો સંચાલનમાં મૂકવાનું આયોજન છે. તદ્‌ઉપરાંત, ઇકો ફ્રેન્ડલી ૫૦ સી.એન.જી. વાહનો પણ સંચાલનમાં મૂકાશે. જેના માટે રૂ.30 કરોડની જોગવાઇ.

- ✓ રાજકોટ શહેરમાં માધાપર ચોકડી ખાતે પીપીપી ધોરણે અત્યાધુનિક સુવિધાઓ સાથેનું નવું બસ સ્ટેશન તથા રાજ્યમાં અન્ય 6 નવા બસ સ્ટેશનનું બાંધકામ અને હયાત જૂના 9 બસ સ્ટેશનોનું રિનોવેશન કરવામાં આવશે. જે માટે 100 કરોડની જોગવાઇ.
- ✓ દેશના નાના બંદરો દ્વારા થતા માલવહનનો 70 ટકા હિસ્સો ગુજરાતના નાના બંદરો ધરાવે છે. ગુજરાત રાજ્યના દરિયાઇ વેપારને વધુ બંદરોની સુવિધાઓ ઉપલબ્ધ કરવાના હેતથી પીપીપી ધોરણે આશરે રૂ.4800 કરોડના રોકાણ સાથે નારગોલ અને ભાવનગર બંદરોનો વિકાસ કરાશે.
- ✓ દહેજ ખાતે કેમિકલ પોર્ટ ટર્મિનલના વિસ્તૃતિકરણ માટે રૂ.1200 કરોડના ખર્ચે બીજી જેટ્ટી વિકસાવવાનું આયોજન છે.
- ✓ નવલખી બંદર ખાતે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી રૂ.192 કરોડના ખર્ચે નવી જેટી બનાવવાનું આયોજન.
- ✓ સચાણા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે શીપ બ્રેકિંગ પ્રવૃતિ પુન: ચાલુ કરવા માટે આશરે રૂ.25 કરોડના ખર્ચે આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવાશે.
- ✓ ગુજરાતમાં મેરીટાઇમ ટ્રાફિકમાં અનેકગણો વધારો થયેલ છે. મેરીટાઇમ ક્ષેત્રે હવે આંતરરાષ્ટ્રીય સેવાઓ જેમ કે મેડીએશન અને આર્બીટ્રેશન, શીપ લીઝીંગ અને લીગલ સર્વિસીસ વિકસાવવાની જરૂરિયાત છે. જે માટે ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ઇન્ટરનેશનલ મેડીએશન અને આર્બીટ્રેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

**ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ માટે કુલ રૂ.13,034 કરોડની જોગવાઇ**

- ✓ માથાદીઠ ઊર્જા વપરાશમાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે છે. દેશના બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત 12 ટકા જેટલું મોટું યોગદાન આપે છે. તાજેતરમાં વિશ્વના સૌથી મોટા 30,000 મેગાવોટના પુન:પ્રાપ્ય ઉર્જા પાર્કનો શિલાન્યાસ વડાપ્રધાનશ્રી મોદીના વરદ હસ્તે કચ્છ જિલ્લામાં થયેલ છે. જે સાથે ગુજરાત દેશનું રિન્યુએબલ એનર્જી કેપિટલ બનવા આગળ વધી રહ્યું છે.
- ✓ દેશના એલએનજી કેપિટલ તરીકે ઓળખ મેળવી આપણા રાજ્યએ પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે પણ અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પાઈપ નેચરલ ગેસ નેટવર્કમાં રાજ્યનો દરેક જિલ્લો આવરી લેવામાં આવ્યો છે. બાવીસ લાખ ઓગણીસ હજાર ઘરો સુધી પાઈપલાઈન નેચરલ ગેસ કનેકશન આપી પીએનજી જોડાણમાં દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- ✓ નેશનલ ગેસગ્રીડ હેઠળ જીએસપીએલ દ્વારા હાથ ધરાયેલ 1,900 કિલોમીટરની મહેસાણા-ભટીંડા અને ભટીંડા જમ્મુ ગેસ પાઇપ લાઇનના રૂ.7300 કરોડના પ્રોજેક્ટની કામગીરી અંતિમ તબક્કામાં છે.
- ✓ ખેડુતોને સિંચાઇનું પાણી ઓછા ખર્ચે મળે તે માટે અમારી સરકાર છેલ્લા 25 વર્ષથી દર વર્ષે ખૂબ મોટા પ્રમાણમાં ખેડૂતોને વીજ બિલમાં સબસીડી આપી રહી છે. આ માટે રૂ.8411 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને જયારે રાત્રે વીજ સપ્લાય મળતો હોય ત્યારે રાત્રિના ઉજાગરા સાથે સિંહ, દિપડા જેવા પ્રાણીઓ તેમજ સાપ, વિંછી જેવા જીવજંતુઓનું પણ જોખમ રહે છે અને તેઓને જીવના જોખમે રાત્રે સિંચાઈ કરવી પડે છે.
- ✓ ખેડૂતોને આ હાડમારીમાંથી મુક્ત કરવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની અમારી સરકાર દ્વારા ખેડૂતોના જીવનમાં પરિવર્તન સમાન ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજળી પૂરી પાડવાની કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- ✓ જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ જેવા મોટાભાગના જિલ્લામાં તેની અમલવારી પણ શરૂ થઇ ચૂકી છે.
- ✓ આ યોજનાની કામગીરી આગળ ધપાવવા માટે રૂ.1000 કરોડની જોગવાઇ
- ✓ તમામ ગ્રામ પંચાયતોનાં વોટર વર્ક્સ માટે વિના મૂલ્ય વીજળી પૂરી પાડવા રૂ.734 કરોડની જોગવાઇ.

**ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે કુલ રૂ.910 કરોડની જોગવાઇ**

- ✓ ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ મોટા પ્રમાણમાં આગળ વધ્યો છે. લાખો વાહનો રાજ્યમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ત્યારે પર્યાવરણને શુદ્ધ રાખવું તે પણ અગત્યનું અને જરૂરી છે.
- ✓ સ્વચ્છ ઊર્જાના ભાગરૂપે રાજયમાં સૌરઊર્જા આધારિત 4042 મેગાવોટ અને પવન ઊર્જા આધારિત 8180 મેગાવોટ ઊર્જા ક્ષમતા કાર્યરત કરવામાં આવેલ છે.
- ✓ આ પ્રવૃતિને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા નવી સૌર ઊર્જા નીતિ તાજેતરમાં જાહેર કરી છે.
- ✓ પર્યાવરણલક્ષી અભિગમ રાખી જુદા જુદા વિભાગ હેઠળ વિવિધ કામો માટે રૂ.5000 કરોડની જોગવાઇ જેનાથી રાજ્યના પર્યાવરણને ઘણો ફાયદો થશે.
- ✓ સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે. લોકપ્રિય સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત એક લાખ સત્યોતેર હજાર બસ્સો છાસઠ ઘરોમાં 662 મેગાવોટની સોલર ઉર્જા ઉત્પાદન ક્ષમતા ઉભી કરાઈ છે. વધુ 900 મેગાવોટ સોલર ઊર્જા ઉત્પાદનના લક્ષ્યાંક સાથે 3 લાખ ઘરોને સહાય આપવા માટે રૂ.800 કરોડની જોગવાઈ.
- ✓ સરકારી કચેરીઓની છત પર અંદાજે 7 મેગાવોટ ક્ષમતાના સોલર રૂફટોપ સિસ્ટમ માટે રૂ.25 કરોડની જોગવાઇ.
- ✓ પેટ્રોલ-ડીઝલ તથા સી.એન.જી. થી ચાલતી રિક્ષાઓના બદલે ઇલેક્ટ્રિક બેટરીથી ચાલતી. ઇ-રિક્ષાનો વપરાશ વધે તો પર્યાવરણ સુધારામાં ફાયદો થશે. તેથી ઇ-રીક્ષાનો વપરાશ

વધારવાના ઉદ્દેશથી એક ઇ-રિક્ષા દીઠ રૂ.48,000 ની સબસીડી માટે રૂ.26 કરોડની જોગવાઇ.

- ✓ ઇલેક્ટ્રિક બેટરીથી ચાલતા ટુ-વ્હિલર માટે વાહન દીઠ રૂ.12000ની સબસીડી આપવા માટે 13 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યમાં આવેલ ગૌ-શાળા, પાંજરાપોળ ખાતે બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે 75 ટકા લેખે સહાય આપવા માટે રૂ.6 કરોડની જોગવાઇ
- ✓ લાકડાની બચત અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાના હેતુથી ગ્રામ પંચાયત દીઠ માત્ર 1000 રૂપિયાના લાભાર્થી ફાળે રાજ્યની 1200 ગ્રામ પંચાયતોને સુધારેલી સ્મશાન ભઠ્ઠી સ્થાપવા માટે રૂ.6 કરોડની જોગવાઇ.
- ✓ રાજયની સરકારી શાળાઓમાં 17,500 એલ.ઇ.ડી. ટ્યૂબલાઇટ અને 18,500 સ્ટાર રેટેડ પંખાઓ નાખવામાં આવશે. જે માટે રૂ.4 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યની સરકારી યુનિવર્સિટીમાં કલાઇમેટ ચેન્જ વિષયનું સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવામાં આવશે.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ રૂ.6599 કરોડની જોગવાઇ**

- ✓ ભારત સરકારની યોજના હેઠળ ગુજરાતમાં બે મેગા ટેક્ષટાઇલ પાર્ક સ્થાપવાનું આયોજન છે.
- ✓ મેડિકલ અને ફાર્મા સેક્ટરમાં ગુજરાત રાજ્યનું આગવું સ્થાન છે. આ સેક્ટરને વધુ મજબૂત કરવા ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં બલ્ક ડ્રગ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક અને રાજકોટ ખાતે મેડિકલ ડીવાઇસ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનું આયોજન છે.
- ✓ માનવ કલ્યાણ યોજના અન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા આર્થીક રીતે નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા તેમના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય તરીકે 27 ટ્રેડ માટે રૂ. 48 કરોડની જોગવાઇ
- ✓ સ્ટાર્ટઅપ - ઇનોવેશન યોજના-2020 અંતર્ગત પ્રતિ સ્ટાર્ટ-અપને પ્રતિ માસ રૂ.20,000 અને મહિલા ઇનોવેટર હોવાના કિસ્સામાં વધુ 25 ટકા અલાઉન્સ આપવા માટે આર એન્ડ ડી યોજના સહિત રૂ.20 કરોડની જોગવાઇ,
- ✓ આંતરરાષ્ટ્રીય હરિફાઇમાં ગુજરાતના લઘુ અને નાના ઉદ્યોગોને મદદરૂપ થવા માટે જરૂરી ક્વોલિટિ કંટ્રોલ અને લેબ ટેસ્ટીંગ ફેસીલીટીની કોમન સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી મીની ક્લસ્ટર યોજના માટે રૂ.14 કરોડની જોગવાઇ.
- ✓ રાજયમાં ખાણકામ પ્રવૃત્તિ માટે આવશ્યક એનવાર્યમેન્ટ ક્લીયરન્સ પ્રમાણપત્ર મેળવવામાં નાના લીઝ હોલ્ડરોને અનુભવાતી મુશ્કેલીઓ ધ્યાને લઇ આ પ્રક્રિયા સંયુક્ત રીતે ક્લસ્ટર સ્તરે કરી આપવાની સગવડ ઊભી કરવા માટે રૂ.૫ કરોડની જોગવાઇ

**નવી GIDC**

- ✓ રાજ્યના જુદા જુદા વિસ્તારમાં ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપી સ્થાનિક રોજગાર નિર્માણ થાય તે હેતુથી બનાસકાંઠા જિલ્લામાં જલોત્રા, જામનગર જિલ્લામાં શેખપાટ ગાંધીનગર જિલ્લામાં કડજોદ્રા, અમરેલી જિલ્લામાં પીપાવાવ અને રાજકોટ જિલ્લામાં નાગલપર ખાતે તેમજ પાટણ, આણંદ, મહીસાગર અને મોરબી જિલ્લામાં જી.આઇ.ડી.સી. દ્વારા નવી ઔધોગિક વસાહતો સ્થાપવાનું આયોજન.
- ✓ દહેજ, સાયખા, અંકલેશ્વર, હાલોલ, સાણંદ, વાપી અને લોધીકાની ઔદ્યોગિક વસાહતોને સંપૂર્ણ સુવિધા સાથે મોડેલ એસ્ટેટ તરીકે વિકસાવવામાં આવશે.
- ✓ હંસપુરા-નરોડા, ઉમરગામ, સરીગામ, વાપી, સચિન, પાનોલી, અંકલેશ્વર, ઝઘડીયા અને સાવલી ખાતે એમએસએમઇ માટે વિકસિત ઔધોગિક વસાહતોમાં મલ્ટી લેવલ શેડનું આયોજન.

**પ્રવાસન**

- ✓ ઓછી મૂડી-વધુ રોજગાર એ પ્રવાસન ક્ષેત્રની વિશેષતા છે. આ બાબત ધ્યાને રાખી રાજ્યની પ્રવાસન વિવિધતાઓના સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા સ્થાનિક રોજગારને તક આપવા રાજ્ય સરકારે નવી પ્રવાસન નીતિ જાહેર કરેલ છે.
- ✓ ગુજરાતના પ્રવાસન સ્થળોને માત્ર દેશમાં જ નહી પરંતુ દુનિયામાં પણ ખ્યાતિ મળે તે રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાના માપદંડો સાથે વિકસાવી ગુજરાત ગ્લોબલ ચોઇસ ફોર ટુરીઝમ બને તે દિશામાં કામગીરી શરૂ કરાઇ છે.
- ✓ પ્રવાસનના વિકાસની હરણફાળને વેગવંતી બનાવવા રૂ.488 કરોડની જોગવાઇ.
- ✓ વડનગર ખાતે આવેલ વિવિધ હેરીટેજ સ્ટ્રકચર, પુરાતત્વીય સ્થળ, જુદા જુદા તળાવો, વિવિધ મંદિરો તેમજ અન્ય પ્રવાસી સુવિધાઓ માટે માસ્ટર પ્લાન બનાવી વિકાસ કામગીરી કરવામાં આવશે.
- ✓ બુદ્ધ સરકીટના સ્થાનો જેવા કે દેવની મોરી, ખંભાલીડા, શાણા, સિયોટ, વાલ્મિકીપુર વગેરે સ્થળો ખાતે પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- ✓ મહર્ષિ દયાનંદ સરસ્વતીના જન્મ સ્થળ ટંકારા ખાતે પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- ✓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મ સ્થળ પોરબંદર ખાતે દેશ વિદેશના પ્રવાસી આવતા હોવાથી કીર્તિ મંદિર, બરડા હિલ વન્યજીવ અભયારણ્ય, પોરબંદર પક્ષી અભયારણ્ય પોરબંદર બીચ, જાંબુવન ગુફા, સ્વામી વિવેકાનંદ મેમોરીયલ વગેરે સ્થળોને વધુ વિકસાવવામાં આવશે.
- ✓ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી વર્ષ નિમિત્તે તેઓ સાથે સંકળાયેલા વિવિધ સ્મૃતિ સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે.
- ✓ બેટ-દ્વારકા, શિયાળ સવાઇ બેટ, સૂર્યનગરી મોઢેરા અને સાપુતારા ખાતે વધુ પ્રવાસની
- ✓ સુવિધાઓ વિક્સાવવામાં આવશે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી-SOU કેવડિયા**

- ✓ દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની 182 મીટરની આ પ્રતિમાને ખુબજ ટુંકાગાળામાં વિશ્વની

સૌથી ઊંચી પ્રતિમાના સ્વરૂપે ગ્લોબલ ટુરીસ્ટ ડેસ્ટિનેશન તરીકે નામના મળી છે.

- ✓ વિશ્વના સૌથી પ્રસિદ્ધ 100 પ્રવાસન સ્થળોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ વર્લ્ડ ફેમસ ટાઇમ મેગેઝીન દ્વારા કરવામાં આવેલ છે.
- ✓ શાંઘાઇ કો ઓપરેશન ઓર્ગેનાઇઝેશન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વની 8મી અજાયબીનો દરજ્જો આપવામાં આવેલ છે.
- ✓ આવા વિશ્વ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળનો આયોજનબદ્ધ વિકાસ થાય તે માટે સરકારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નન્સ ઓથોરિટીની રચના કરી છે.
- ✓ કેવડીયાના સંકલિત વિકાસમાં જંગલ સફારી, આરોગ્ય વન, એકતા ક્રુઝ, રિવર રાફ્ટીંગ નેવિગેશન ચેનલ, ગરુડેશ્વર વીયર, હાઇ-લેવલ ગોરા બ્રિજ, બે બસ ટર્મિનસ, 50 હોમસ્ટે, એકતા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, મીરર મેઝ, કેકટસ ગાર્ડન, એકતા નર્સરી અને ખલવાણી ઈકો-ટુરીઝમની યોજનાઓનો સમાવેશ થાય છે.
- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટી એરીયા ડેવલપમેન્ટ માટે રૂ.652 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યમાં આવેલા ધાર્મિક, ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા યાત્રાધામોના સર્વાંગી વિકાસ અને યાત્રાળુઓને પ્રાથમિક સુવિધા આપવા માટેના વિવિધ કામો હાથ ધરવા રૂ.154 કરોડની જોગવાઇ.

**નાગરિક ઉડ્ડયન**

- ✓ રાજ્યમાં હેલીકોપ્ટર સેવાનો વધતો જતો વ્યાપ ધ્યાને લઈ કાયમી ધોરણે હેલીપોર્ટ વિકસાવવામાં આવશે.
- ✓ જે અંતર્ગત અમદાવાદ, સોમનાથ, અંબાજી, દ્વારકા, સાપુતારા અને ગીર ખાતે હેલીપોર્ટ વિકસાવવા માટે રૂ. 3 કરોડની જોગવાઇ.

**વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ રૂ.1814 કરોડની જોગવાઇ**

- ✓ રાજ્યમાં આવેલ વનોના વિકાસ અને સંવર્ધન હેતુસર રૂ.286 કરોડની જોગવાઇ.
- ✓ વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ. 219 કરોડની જોગવાઇ.
- ✓ યુઝર એજન્સી પાસેથી મળેલ રકમમાંથી વળતર વનીકરણ અને વન વિકાસની કામગીરીઓ માટે કેમ્પા ફંડ અંતર્ગત રૂ.182 કરોડની જોગવાઇ.
- ✓ વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ.176 કરોડની જોગવાઇ.
- ✓ ઘાસ અને વાંસના વિકાસના સૂત્ર સાથે કચ્છ ઘાસચારા સ્વાવલંબન યોજના અંતર્ગત 2,440 હેક્ટર ઘાસિયા મેદાનોને પુનઃજીવિત કરી ઘાસ ઉત્પાદન ક્ષમતા વધારવા અને ઘાસ ગોડાઉન બાંધકામ માટે રૂ.17 કરોડની જોગવાઇ.
- ✓ કમલમ્ (ડ્રેગન ફ્રુટ)ના બે લાખ રોપા નર્સરીમાં ઉછેર કરી કેવડીયાની આજુબાજુ 50 કીલોમીટરની ત્રિજયામાં કમલમનું વાવેતર તથા જાળવણી માટે રૂ.15 કરોડની જોગવાઇ.
- ✓ રાજયના દરિયાકાંઠે આવેલ ચેરના જંગલોનો વિકાસ, ઘાસના મેદાનો, જળપ્લાવિતા વિસ્તારો અને જંગલોની પુનઃસ્થાપના કરવા 21 જિલ્લાઓમાં કુલ 9 વર્ષના સમયગાળા માટે રૂ.1072 કરોડની જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (જાયકા) સહાયિત આ યોજનાના પ્રથમ વર્ષ માટે રૂ.15 કરોડની જોગવાઇ.
- ✓ રોજગારીની તકો ઉભી કરવા અને વાંસની ઉપલબ્ધતા વધારવાના હેતુથી પૂર્વપટ્ટીના 14 જિલ્લાઓના વનોમાં વાંસઝુંડની વૈજ્ઞાનિક ઢબે માવજત કરી ઉત્પાદકતા વધારવા તેમજ આજીવિકાપૂર્તિ માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રોની સ્થાપના માટે રૂ.12 કરોડની જોગવાઇ.
- ✓ એશિયાઇ સિંહોના એકમાત્ર નિવાસ સ્થાન ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્ય તથા બૃહદ્ ગીર વિસ્તારના જિલ્લાઓ જેવા કે, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાના મહેસુલી, વીડી વિસ્તારમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે ભારત સરકાર દ્વારા અમલમાં આવનાર લાયન પ્રોજેક્ટના પ્રથમ વર્ષ માટે રૂ.11 કરોડની જોગવાઇ.
- ✓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય તથા બૃહદ ગીર વિસ્તારમાં આવતા સિંહોને ખોરાક વધારવા હેતુ પ્રે-બેઝ તૈયાર કરવા સાંભર બ્રીડીંગ સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂ.10 કરોડની જોગવાઇ.
- ✓ રાજયમાં સ્થાપિત 20 સાંસ્કૃતિક વનોના નવીનીકરણ અને આધુનિકીકરણ માટે રૂ.10 કરોડની જોગવાઈ.
- ✓ અમરેલી અને જાંબુઘોડા વિસ્તારમાં દીપડાઓથી થતું નુકશાન અટકાવવા માટે દીપડાનું મેગા રેસ્કયુ સેન્ટર બનાવવા રૂ.7 કરોડની જોગવાઈ.
- ✓ વ્હેલ–શાર્ક ટુરીઝમ સાથે સાગર ખેડુભાઇઓને તેમજ અન્ય સ્થાનિક લોકોને રોજગારી આપવાની નવતર યોજનાનું આયોજન કરેલ છે.

**કાયદો અને ગૃહ વિભાગ માટે કુલ રૂ.7960 કરોડની જોગવાઇ**

- ✓ મહિલાઓ અને બાળકો પર થતા જાતિય ગુનાઓ, સાયબર ક્રાઇમ, વ્યાજખોરો, બેંકિંગ ફ્રોડ, જુગારનો અડ્ડો ચલાવનાર, બુટલેગરો, પ્રોપર્ટી ગ્રેબર, ડ્રગ્સ માફિયા, અનૈતિક વ્યાપાર કરનાર ગુનેગાર, જાતિય સતામણી, ગૌ-હત્યા અને ચેઇન સ્નેચિંગ જેવા ગુનાઓને અસરકારક રીતે નિયત્રણમાં લાવી પ્રજાહિતના સંરક્ષણ માટે અમારી સરકારે પાસાના કાયદામાં ઐતિહાસિક અને શકવર્તી સુધારો કર્યો છે.
- ✓ રાજ્યમાં શાંતિ, સૌહાર્દ અને સલામતીનું વાતાવરણ બનાવી રાખવા અમારી સરકાર કટીબદ્ધ.

**નવીન બાબતો :**

- ✓ ગૃહ વિભાગમાં વિવિધ સંવર્ગની કુલ 3020 નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે.
- ✓ જેમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ખાતે 199 નવી જગ્યાઓ, એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટ માટે 147 નવી જગ્યાઓ, રાજકોટ પોલીસ કમિશ્નરેટની ટ્રાફીક શાખા માટે 184 નવી જગ્યાઓ તથા સાયબર સુરક્ષાના આશ્વસ્ત પ્રોજેક્ટ માટે 112 નવી જગ્યાઓ.
- ✓ રાજયમાં 12 નવા પોલીસ સ્ટેશનો માટે 653 જગ્યાઓ તેમજ સુરત શહેર માટે વિવિધ સંવર્ગની 736 જગ્યાઓ જે પૈકી સુરત શહેરમાં 4 નવા પોલીસ સ્ટેશન માટેની 300 નવી જગ્યાઓનો સમાવેશ થાય છે.
- ✓ વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ 41 શહેરોમાં 6,000થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે.
- ✓ વધુ શહેરોમાં વધુ સ્થળો પર નવા સીસીટીવી કેમેરા લગાવવા માટે રૂ.90 કરોડ અને ઇ-ગુજકોપ પ્રોજેકટ માટે રૂ.36 કરોડની જોગવાઇ.
- ✓ રાજયમાં કન્વીકશન રેટ' વધારવા માટે 'કન્વીકશન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ' હેઠળ રૂ.28 કરોડની જોગવાઈ.
- ✓ રાજ્ય હસ્તકના એરપોર્ટ, એરોડ્રોમ, વોટરડ્રોમ અને હેલીપેડને સુરક્ષા પૂરી પાડવા રાજ્ય અનામત પોલીસ દળ હેઠળ નવી વિશેષ બટાલીયનની રચના કરવામાં આવશે.
- ✓ ખલાલ (ખેડા) ખાતે નિર્માણાધીન કમાન્ડો તાલીમ સેન્ટર માટે 20 કરોડની જોગવાઈ.
- ✓ દેશ વિદેશમાં બનતા ગુન્હાઓ સંદર્ભમાં પુરાવાની સચોટ અને વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ દુનિયાભરમાં નામના
- ✓ એફ.એસ.એલ.ના આધુનિકીકરણ માટે રૂ.14 કરોડની જોગવાઈ.
- ✓ ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ આઉટ પોસ્ટ અને પોલીસ ચોકીઓને બ્રોડબેન્ડ કનેકટીવીટી પૂરી પાડવા માટે રૂ.10 કરોડની જોગવાઇ.
- ✓ ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ હેઠળ નવા 100 પીસીઆર વેન ખરીદવા રૂ.10 કરોડની જોગવાઈ.

## અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે કુલ રૂ.1224 કરોડની જોગવાઈ

- ✓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ઉમદા વિચારોથી આકાર પામેલી વન નેશન વન રેશનકાર્ડ યોજનાની કામગીરી ગુજરાત રાજયએ પૂર્ણ કરી છે. હવે રાજ્યમાં ગમે ત્યાં રેશનકાર્ડ નોંધાયેલું હોય તો પણ રેશનકાર્ડ ધારકને રાજ્યની અન્ય કોઈ પણ વાજબી ભાવની દુકાનમાંથી અનાજ મળી શકે છે.
- ✓ દેશના અન્ય રાજ્યોમાં રેશનકાર્ડ ધરાવતા પરપ્રાંતિય નાગરિકોને પણ રાજ્યની કોઇપણ વાજબી ભાવની દુકાનમાંથી અનાજ મળી શકે છે.
- ✓ રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બીપીએલ કાર્ડ ધરાવતા 35 લાખ કુટુંબોને જ અત્યારે કુટુંબ દીઠ એક એક લિટર કપાસીયા તેલ રાહત દરે અપાઈ છે.
- ✓ આ યોજનાનો વ્યાપ વધારી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળના કુટુંબોને આવરી લઇ તમામ 71 લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહત દરે એક-એક લિટર કપાસીયા તેલ આપવામાં આવશે. તે માટે રૂ.70 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યના ગેસ સિલિન્ડર વિહોણા અંદાજીત ત્રણ લાખ બાર હજાર લાભાર્થીઓને ગ્રીન અને ક્લીન ફ્યુઅલ સ્વરૂપે કેરોસીનની જગ્યાએ પીએનજી અથવા એલપીજી ગેસ કનેક્શન આપવા રૂ.૫૦ કરોડની જોગવાઇ.

## મહેસૂલ વિભાગ માટે કુલ રૂ.4548 કરોડની જોગવાઈ

- ✓ છેલ્લા બે દાયકામાં ગુજરાતના સર્વાંગી વિકાસના કારણે રાજ્યમાં આર્થિક, સામાજિક, વ્યાપારી અને ખેતીવાડી પ્રવૃતિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. સાથોસાથ આ બધી પ્રવૃતિઓ માટે જરૂરી માળખું ઊભું કરવા જમીનની માંગમાં પણ ઉત્તરોતર નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે.
- ✓ જમીન ધારકોને ભૂ-માફિયાઓથી રક્ષણ આપવા માટે અમારી ખેડૂતલક્ષી સરકારે જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓને અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો ઉપર પ્રતિબંધ મુકવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્ય જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, 2020 અમલમાં મુકેલ છે.
- ✓ ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી સચોટપણે થાય તે માટે વધુ 131 નવા ડી.જી.પી.એસ. મશીનો વસાવવા રૂ. 33 કરોડની જોગવાઇ.
- ✓ પૂર-અછતની રાહત સંદર્ભે જે તે વિસ્તારને સહાય માટેની પ્રાથમિકતા આપી શકાય તે હેતુથી રેઇન ગેજ સ્ટેશનોની સંખ્યા વધારવા માટે કુલ રૂ.5 કરોડની જોગવાઇ.
- ✓ મહેસૂલી સેવાઓ ઇ-ગવર્નન્સ તથા અધતન ટેકનોલોજી થકી વધુ સરળ, ઝડપી અને પારદર્શક બને તે માટે મહત્વની ભૂમિકા ભજવતા આઇ-ઓરા (i -ORA) પોર્ટલને સુદ્રઢ કરવા અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લામાં મહેકમ ઉભું કરવા માટે રૂ.2 કરોડની જોગવાઇ.

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ રૂ.૫63 કરોડની જોગવાઇ

- ✓ નાગરિકોને જિલ્લા અને તાલુકા કક્ષાએ પ્રાપ્ત થતી નાગરિકલક્ષી સેવાઓ પોતાના ગામમાં જ મળી રહે એ હેતુથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.
- ✓ આ નવતર કાર્યક્રમ થકી ૫5 જેટલી વિવિધ સેવાઓનો લાભ 9,112 ગામડાઓમાં ત્રીસ લાખથી વધારે લોકોને આપવામાં આવી છે. આ વ્યવસ્થાને સુદઢ બનાવવા માટે રૂ.16 કરોડની જોગવાઇ.

- ✓ ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ ફેઇઝ-વનમાં અત્યાર સુધી રાજ્યની 6460 ગ્રામપંચાયતોને હાઇ બેન્ડવીથ પૂરી પાડવાની કામગીરી પૂર્ણ કરાઇ છે.
- ✓ ફેઇઝ-ટુમાં વધુ 7522 ગ્રામ પંચાયતોને કનેક્ટીવીટી પૂરી પાડવા માટે રૂ.૧૫૪ કરોડની જોગવાઇ.
- ✓ સાયન્સ સિટી ખાતે ફેઝ-1 પ્રોજેક્ટ અંતર્ગત આઇમેક્સ થિયેટર, મ્યુઝિકલ ફાઉન્ટેન અને કેફેટેરિયાના નવીનીકરણ માટે તથા ફેઝ-2 પ્રોજેક્ટ હેઠળ એક્વેટિક અને રોબોટિક્સ ગેલેરી તથા એસ્ટ્રોનોમિ અને સ્પેસ સાયન્સ ગેલેરીનાં બાંધકામ માટે રૂ.80 કરોડની જોગવાઈ.
- ✓ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી ઓન-લાઇન સેવા સંદર્ભે ડેટા રીકવરી સેન્ટરની સ્થાપના માટે રૂ.65 કરોડની જોગવાઇ.
- ✓ બાયોટેકનોલોજી ક્ષેત્રે ચાલતા સંશોધનથી ઉધોગ, પર્યાવરણ, મરીન અને જીનોમ જેવા ક્ષેત્રોને લાભ મળે તે હેતુથી સ્ટેટ ઓફ ધ આર્ટ બાયોસેફટી-લેવલ ૩ની લેબની સ્થાપના માટે રૂ.2 કરોડની જોગવાઈ.
- ✓ સાબરકાંઠા જિલ્લાના સલાલ ગામમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક મહત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આ સ્થળે સાયન્સ પાર્ક વિકસાવવામાં આવશે.

**રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે કુલ રૂ.૫07 કરોડની જોગવાઇ**

- ✓ ગ્રામ્યકક્ષાએ યુવાનો ખેલ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા થાય તે હેતુથી 6,000 ગામડાઓમાં પ્રવૃત્તિઓ બાસ્કેટ બોલ, વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, ફુટબોલ, એપ્લેટીક્સ રમતો માટે મેદાન તૈયાર કરવા રૂ.30 કરોડની જોગવાઇ.
- ✓ ખેલકૂદ ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓને શિક્ષણ સાથે ખેલકૂદની સઘન તાલીમ મળી રહે તે હેતથી જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ માટે રૂ.27 કરોડની જોગવાઇ.,
- ✓ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણાથી પોત-પોતાના રજવાડાને ભારત દેશમાં વિલીન કરનાર રાજવીઓનો ઐતિહાસિક વારસો દર્શાવતા અત્યાધુનિક સંગ્રહાલયનું સ્ટેચ્યૂ ઓફ યુનીટી કેવડીયા ખાતે નિર્માણ કરવા માટે રૂ.25 કરોડની જોગવાઈ.
- ✓ શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ, માંડવી-કચ્છના આધુનિકીકરણ માટે રૂ.૧૫ કરોડની જોગવાઈ.
- ✓ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે બાળકો માટે આકર્ષણરૂપ ટોય મ્યુઝિયમ બનાવવામાં આવશે.
- ✓ વિધાનસભા પરીસરમાં ગુજરાતનો ઈતિહાસ દર્શાવતુ અત્યાધુનિક સંગ્રહાલય વિકસીત કરવામાં આવશે.

**માહિતી અને માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ રૂ. 168 કરોડની જોગવાઇ**

- ✓ સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા વિશ્વભરમાં પ્રસિધ્ધિ પામેલ કેવડીયા ખાતે આદિવાસી સંસ્કૃતિ, કલા, લોકસાહિત્ય, ખાનપાન અને આદિવાસીઓ માટેની કલ્યાણ યોજનાઓના પ્રચાર-પ્રસારને વધુ વેગવંતો બનાવવા રાજ્યમાં પ્રથમ વખત સરકારની સહાયથી કોમ્યુનિટી રેડીયો સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે.

**કાયદા વિભાગ માટે કુલ રૂ.1698 કરોડની જોગવાઇ**

- ✓ નાગરિકોને ઝડપી અને સરળતાથી ન્યાય મળી રહે તે માટે કોર્ટના નવા મકાનોના બાંધકામ અને અધતન સુવિધા વિકસાવવા રૂ.૩૫6 કરોડની જોગવાઇ.

**સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ રૂ.1730 કરોડની જોગવાઇ**

- ✓ ધારાસભ્યશ્રીઓને તેમના મતવિસ્તાર દીઠ અપાતી રૂપિયા દોઢ કરોડની વાર્ષિક ગ્રાન્ટની ફાળવણી કોરોના મહામારી દરમ્યાન કરકસરના ભાગરૂપે મોકુફ રાખવામાં આવી હતી.
- ✓ રાજ્યની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થતાં ધારાસભ્યશ્રીઓની લાગણી અને માંગણી ધ્યાને લઇ રાજયના સર્વાંગી વિકાસ માટે વર્ષ 2021-22થી ધારાસભ્યશ્રીઓને આ ગ્રાન્ટ ફાળવણી પુનઃ શરૂ કરવામાં આવશે.
- ✓ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતના વિકાસના કામો માટે રૂ.1305 કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યના જુની સીરીઝના મતદાર ફોટો ઓળખકાર્ડ ધરાવતાં મતદારોને નવી સ્ટાન્ડર્ડ સીરીઝના મતદાર ફોટો ઓળખકાર્ડ આપવા માટે રૂ.11 કરોડની જોગવાઈ.
- ✓ ચાલુ યોજનાઓની સમયાંતરે સમીક્ષા કરી તેના અમલીકરણમાં બદલાતી પરિસ્થિતિ અનુસાર સુધારાઓ કરવા જરુરી છે.
- ✓ આ સામાજિક-આર્થિક વિશ્લેષણની કામગીરી માટે ગુજરાત સોશિયો ઇકોનોમિક એનાલિટીક્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

**2. નિમણૂક : આણંદ કૃષિ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે ડૉ. કે.બી. કથીરિયાની નિમણૂક**



**3. નિર્ણય : કેન્દ્ર સરકાર (વહીવટ) વીમા એજન્ટ્સને વીમા લોકપાલના દાયરામાં સામેલ કરાયા**

- ✓ હવે પોલીસધારકો ઓનલાઈન ફરિયાદ કરી શકશે

**હેતુ :**

- ✓ વીમા સેવાની ખામીને લગતી ફરિયાદોને સમયસર, ઓછા ખર્ચે અને નિષ્પક્ષ રીતે હલ કરવા માટે વીમા લોકપાલ મિકેનિઝમની કામગીરીમાં સુધારો કરવા માટે સરકારે વીમા લોકપાલ રૂલ્સ 2017માં સુધારો જાહેર કર્યો છે.

**પરિણામ :**

- ✓ નિયમોમાં સુધારાના કારણે લોકપાલને ફરિયાદ માટેનો માર્ગ મોકળો થશે કે જે અગાઉ ફક્ત સર્વિસિસમાં ખામીને લગતાં વિવાદો પૂરતો જ સીમિત હતો.
- ✓ વીમા દલાલોને પણ લોકપાલના દાયરામાં લાવી દેવામાં આવ્યા છે.

✓ હવે લોકપાલ વીમા એજન્ટ સામે પણ આદેશ જાહેર કરી શકશે, વળી પોલિસીધારકો લોકપાલને ઓનલાઇન ફરિયાદ ફાઇલ કરી શકશે જેને પરિણામે તે ખર્ચ સક્ષમ બનશે અને ઝડપથી હલ થશે.

4. નિર્ણય : SSB (સીમા સુરક્ષા)

Sashastra Seema Bal

✓ સશસ્ત્ર સીમા બલ SSBમાં વધુ 12 બટાલિયનને મંજૂરી
✓ હેતુ : ચીનની આગેકૂચ રોકવા મહત્વપૂર્ણ નિર્ણય
✓ સશસ્ત્ર સિમા બલમાં હાલ 90 હજાર જવાનો છે અને તેમને નેપાળ, ભુતાન સરહદે તૈનાત કરાયા છે.
✓ હાલ જેટલી બટાલિયન છે તેમાં વધુ 12નો વધારો આગામી ચાર વર્ષમાં કરવામાં આવશે.
✓ હાલ આ બટેલિયનને મંજૂરી આપી દેવામાં આવી છે જેના જવાનોની સંખ્યા 13 હજાર જેટલી રહેશે.
✓ આ સાથે જ સરકારે વધુ 548 પદોને પણ મંજૂરી આપી દીધી છે જેને નેપાળ સરહદે આવેલી ચેક પોટ્સ પણ તૈનાત કરવામાં આવશે. સાથે જ નેપાળ અને ભૂતાન સાથેના વ્યાપારમાં સૈન્ય મદદરુપ થશે.
✓ આ વધારો એવા સમયે કરવામાં આવ્યો છે કે જ્યારે ચીન અને ભારત વચ્ચે દોકલામમાં ઘણા સમય સુધી સૈન્ય આમને સામને રહ્યું
✓ SSBના વર્તમાન DG : કુમાર રાજેશ ચંદ્રા
✓ SSB : સશસ્ત્ર સીમા બલ

5. દિન વિશેષ : 3 માર્ચ

વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ડેની ઉજવણી

WORLD WILDLIFE DAY 3 MARCH

FORESTS AND LIVELIHOODS: SUSTAINING PEOPLE AND PLANET




✓ થીમ-2021 : 'ફોરેસ્ટ એન્ડ લાઇવલીહૂડ્સ : સસ્ટેઇનિંગ પીપલ એન્ડ પ્લેનેટ
✓ હેતુ- જંગલી પ્રાણીઓમાં જૈવ વૈવિધ્યની રક્ષા અને પ્રોત્સાહન માટે આ દિવસની ઉજવણી

ગુજરાતના ઘુડખર અભ્યારણ વિશે :

✓ ગુજરાતમાં આવેલું ઘુડખર અભ્યારણ વિશે ઘણા ઓછા લોકો જાણે છે.
✓ ભારતીય જંગલી ગધેડો જેનો સ્થાનિક ગુજરાતી ભાષા ઘુડખર ખુંટ અથવા ભારતીય ઓન્જેનર પણ કહેવામાં આવે છે. તે દક્ષિણ એશિયાના વતનની પેટાજ્ઞાતિ છે
✓ કચ્છના રણમાં આવેલ આ અભ્યારણ આશરે પાંચ હજાર કી.મી.માં પથરાયેલો છે. વર્ષ-1972માં આ વિસ્તારને ઘુડખર અભ્યારણ તરીકે માન્યતા આપી આરક્ષીત કરવામાં આવ્યું હતું.
✓ સમુહમાં રહેતા આ ઘુડખરની વસ્તી 2014માં 4451 જેટલી હતી.
✓ ગદર્ભ તેમની દોડવાની ગતિ માટે જાણીતા છે. એકસોની સ્પીડે દોડતી ગાડીની લગોલગ કે આગળ દોડતા વાઇલ્ડ એસને જાવા એ પણ દુર્લક્ષ ક્ષણ હોય છે.

WORLD WILDLIFE DAY 3 MARCH Sustaining All Life on Earth CITES



6. જન્મ દિન વિશેષ : 3 માર્ચ

ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિના જનક જમશેદજી તાતાનો 182મો જન્મ દિવસ



જન્મ : 3 માર્ચ 1839 અવસાન : 1904

✓ આજે તારીખ 3 માર્ચ ગુલામ ભારતમાં ગુલાબી સપનું જોનારા જમશેદજી નસરવાનજી તાતાનો જન્મદિવસ.
✓ નવસારીમાં જન્મેલા જમશેદજીએ નવસારી અને મુંબઈમાં શિક્ષણ લીધું હતું. 1858માં 19 વર્ષની ઉંમરે તેઓ પિતાના વારસાગત વ્યવસાયમાં જોડાયા, હોંગકોંગમાં અનુભવ પ્રાપ્ત કરી પ્રયોજકીય પ્રવૃત્તિ શરૂ કરી.
✓ 1869માં મુંબઈમાં એલેકઝાન્દ્રા, 1877માં એમ્પ્રેસ, 1886માં સ્વદેશી અને 1903માં અમદાવાદમાં એડવાન્સ મિલ શરૂ કરી.
✓ તાતા લાઈન નામથી વહાણવટા કંપની ચાલુ કરી પણ જમશેદજીનું અસલ હીર તો લોખંડ અને પોલાદ ઉદ્યોગમાં ઝળક્યુ.
✓ અનેક અવરોધો વચ્ચે એ જમાનામાં સાહસિક ગણાય તેવા સાહસની બાથ ભીડી હતી તે માટે બધી માળખાકીય સુવિધાઓ પણ ઊભી કરી દીધી હતી.
✓ તેમની કાર્ય યોજનાના ભાગરૂપે 1907માં તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપની (ટીસ્કો)ની સ્થાપના થઇ હતી પણ તે પહેલા 1904માં જમશેદજી તાતાનું અવસાન થઈ ચૂક્યું હતું.
✓ આજે ટેલીફોનના શોધક ગ્રેહામ બેલ, હાસ્યકાર જશપાલ ભટ્ટી, સ્વતંત્રતા સૈનિક ફૂલચંદભાઈ શાહ, ક્રિકેટર એમ. એલ. જયસિન્હાનો જન્મ દિવસ તથા નામાંકિત સાહિત્યકાર હરિ નારાયણ આપ્ટે, શાયર ફિરાક ગોરખપુરી અને ક્વિઝ ક્રિકેટર માર્ટિન ક્રોવની પુણ્યતિથિ છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (03-03-2021)

## ગુજરાત અંદાજપત્ર 2021-22ના મહત્વના પ્રશ્નો અને જવાબ

1. ગુજરાત અંદાજપત્ર 2021-22નું કુલ કદ જણાવો- રૂ. 2,27,029 કરોડ
2. ગુજરાત અંદાજપત્ર 2021-22 ક્યારે રજૂ કરાયું - 03 માર્ચ 2021
3. 03 માર્ચ 2021ના રોજ સતત નવમી વખત ગુજરાતનનું બજેટ કોના દ્વારા રજૂ કરાયું - નાણામંત્રી નીતિનભાઈ પટેલ
4. ચાલુ વર્ષનું ગુજરાત અંદાજપત્ર 2021-22 એ ગત વર્ષ 2020-21 કરતા કેટલું વધું છે- રૂ.9,742 કરોડ
5. ચાલુ વર્ષના ગુજરાત અંદાજપત્ર 2021-22માં મહેસૂલી આવક તથા મૂડીની આવક કુલ રૂપિયા કેટલી છે - રૂ. 2,18,720.40 કરોડ
6. ચાલુ વર્ષના ગુજરાત અંદાજપત્ર 2021-22માં કેટલા કરોડની એકંદર પુરાંત દર્શાવવામાં આવી છે – રૂ..587.88 કરોડ
7. વર્ષ 2019-20ના અંદાજપત્રમાં આરંભે પુરાંત રૂપિયા 5,388.52 કરોડ હતી જે વર્ષના અંતે કેટલી પુરાંત રહી હતી - રૂ.15.18 કરોડ
8. ચાલુ વર્ષના ગુજરાત અંદાજપત્ર 2021-22 મુજબ સૌથી વધુ આવક કયા ટેક્સમાંથી કેટલા પૈસા થશે- રાજ્ય જીએસટી અને 27.81%
9. ચાલુ વર્ષના ગુજરાત અંદાજપત્ર 2021-22 મુજબ સૌથી વધુ જાવક કયા ખર્ચ માટે વપરાશે અને કેટલી - વિકાસ લક્ષી ખર્ચ અને 59.02%
10. ચાલુ વર્ષના ગુજરાત અંદાજપત્ર 2021-22 મુજબ રાજ્યના ખેડૂતોને હવામાનની જાણકારી મળે તે માટે સ્ટેશન તૈયાર કરાશે - ઓટોમેટીક વેધર સ્ટેશન
11. ગુજરાતના કયા જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો બનાવાશે - ડાંગ
12. ગુજરાતમાં કયા શહેરોમાં નવી મેટ્રો રેલ સેવા શરૂ કરાશે - વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર
13. ગુજરાતમાં ઐતિહાસિક વારસાગત સ્થાપત્ય ધરાવતી શાળાનું કયા નામે નવિનીકરણ કરાશે - હેરિટેજ સ્કૂલ
14. આંગણવાડીમાં અભ્યાસ માટે આવતા બાળકોનો ગુણવત્તાયુક્ત વિકાસ માટે કઈ નવી યોજના જાહેર કરવામાં આવી - પા પા પગલી યોજના
15. ગુજરાતમાં નવો ડ્રગ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક અને મેડિકલ ડિવાઇસી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ક્યાં તૈયાર કરાશે - જંબુસર અને રાજકોટ
16. ગુજરાતમાં કયા શહેરોમાં નવા હેલિપોર્ટ તૈયાર કરાશે- અમદાવાદ, સોમનાથ, અંબાજી, સાપુતારા અને ગીર
17. કેવડિયા ખાતે 50 કિલોમીટરના વિસ્તારમાં કયા ફળનું વાવેતર કરાશે - કમલમ
18. સ્થાનિક માછીમારોને રોજગારી આપવાના હેતુથી કયું નવું ટુરિઝ્મ વિકસાવશે - વ્હેલ શાર્ક ટુરિઝ્મ
19. ગુજરાતમાં ટોય મ્યુઝિયમનું ક્યાં નિર્માણ કરાશે - સાયન્સ સિટી-અમદાવાદ
20. ગુજરાતનો ઇતિહાસ દર્શાવતું આધુનિક મ્યુઝિયમ ક્યાં તૈયાર કરાશે – વિધાનસભા પરિસર
21. આદિવાસી કલા-સંસ્કૃતિના પ્રચાર માટે કયા સ્થળે કમ્યુનિટી રેડિયો સ્ટેશન તૈયાર કરાશે - કેવડિયા
22. ગુજરાત સરકારમાં વિવિધ વિભાગ અને બોર્ડ- કોર્પો.માં આગામી પાંચ વર્ષમાં કેટલી સરકારી ભરતી કરાશે - 2 લાખ
23. ગુજરાતમાં આગામી પાંચ વર્ષમાં વિવિધ ખાનગી ક્ષેત્રે રોજગારીની કેટલી નવી તકો ઉભી કરાશે- 20 લાખ
24. માર્ચ 2021માં કેન્દ્ર સરકાર દ્વારા કઈ સેવાને લોકપાલના દાયરામાં સામેલ કરવામાં આવી છે - વીમા એજન્ટ
25. દર વર્ષે 3 માર્ચને વિશ્વભરમાં કયા વિશેષ દિવસ તરીકે ઉજવવામાં આવે છે- world wildlife day
26. world wildlife day-2021ની થીમ જણાવો - 'ફોરેસ્ટ એન્ડ લાઇવલીહૂડ્સ :સસ્ટેઇનિંગ પીપલ એન્ડ પ્લેનેટ
27. તાજેતરમાં 3 માર્ચના રોજ ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિના જનક જમશેદજી તાતાનો કેટલામો જન્મ દિવસ ઉજવાયો - 182મો
28. કેન્દ્ર સરકાર દ્વારા SSBમાં કેટલી નવી બટાલિયનને સામેલ કરવાની તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે - 12
29. SSBના વર્તમાન DGનું નામ જણાવો - કુમાર રાજેશ ચંદ્રા
30. SSBનું વિસ્તૃત નામ જણાવો - સશસ્ત્ર સીમા બલ
31. ભારતના મહાન ઉધોગપતિ શ્રી જમશેદજી તાતાનો જન્મ દિવસ જણાવો- 3 માર્ચ 1839
32. જમશેદજી તાતાનો જન્મ કયા શહેરમાં થયો હતો - નવસારી
33. મહાન ઉધોગપતિ જમશેદજી તાતાએ સૌપ્રથમ કયા ક્ષેત્રે પોતાનો ઉધોગ શરૂ કર્યો હતો - વહાણવટા

DATE : 04-03-2021

## 1. ડિજિટલ ઈન્ડિયા : RTOની વિવિધ 18 સેવાઓને આધારકાર્ડ સાથે લિંક કરાઈ (નાગરિક સુવિધા)




- ✓ કેન્દ્ર સરકાર દ્વારા આધાર આધારિત "ઓથેન્ટિકેશન લોન્ચ"
- ✓ મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવે દ્વારા આ 18 આરટીઓ સેવાઓ માટે આધાર આધારિત ઓથેન્ટિકેશન લોંચ કર્યું.

**ફાયદા :**

- ✓ દેશમાં ડ્રાઈવિંગ લાઇસન્સની વિવિધ સેવાઓ આધારબેઝ બનાવાતા RTOના ધક્કા ભૂતકાળ બનશે, લર્નિંગ લાઇસન્સ, રિન્યૂઅલ લાઇસન્સ, વાહનની નોંધણી વગેરે કુલ 18 કામો માટે હવે આરટીઓ કચેરીએ જવું જ નહીં પડે.

## આધાર સાથે જોડાયેલી 18 સેવાઓની વિગત

1. લર્નિંગ લાઇસન્સ
2. ડ્રાઇવિંગ લાઇસન્સનું રિન્યૂઅલ કે જેના માટે ડ્રાઇવિંગ ટેસ્ટની જરૂર નથી.
3. ડુપ્લિકેટ ડ્રાઇવિંગ લાઇસન્સ
4. ડ્રાઇવિંગ લાઇસન્સમાં સરનામામાં ફેરફાર અને સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન
5. ઇન્ટરનેશનલ ડ્રાઇવિંગ પરમિટ
6. લાઇસન્સમાંથી વાહનનું સરન્ડર ઓફ ક્લાસ
7. મોટર વ્હિકલની કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની અરજી
8. ફુલ્લી બિલ્ટ બોડી સાથેના મોટર વ્હિકલના રજિસ્ટ્રેશન માટેની અરજી
9. રજિસ્ટ્રેશનના ડુપ્લિકેટ સર્ટિફિકેટ ઇશ્યૂ કરવા માટેની અરજી
10. રજિસ્ટ્રેશનના સર્ટિફિકેટ માટે એનઓસીની ગ્રાન્ટ માટેની અરજી
11. માલિકીના ટ્રાન્સફરની નોટિસ
12. માલિકીના ટ્રાન્સફર માટેની અરજી 13. રજિસ્ટ્રેશનના સર્ટિફિકેટમાં સરનામામાં ફેરફાર
14. એક્રિડેટેડ ડ્રાઇવર ટ્રેઇનિંગ સેન્ટરમાંથી ડ્રાઇવર ટ્રેઇનિંગ માટે રજિસ્ટ્રેશન
15. ડિપ્લોમેટિક ઓફિસરના વ્હિકલના રજિસ્ટ્રેશન માટેની અરજી
16. ડિપ્લોમેટિક ઓફિસરના વ્હિકલના નવા રજિસ્ટ્રેશન માર્કને એસાઇન કરવા અરજી
17. હાયર-પરચેઝ એગ્રીમેન્ટનું એન્ડોર્સમેન્ટ
18. હાયર-પરચેઝ એગ્રીમેન્ટનું ટર્મિનેશન


## 2. કેન્દ્ર સરકાર : જીવન જીવવા માટેના દેશના શ્રેષ્ઠ શહેરોનું રેન્કિંગ જાહેર (સુવિધા)

- ભારતના હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દેશમાં જીવન જીવવાની સુવિધાને આધારિત શહેરોના રેન્કિંગ જાહેર

- ✓ કેન્દ્રીયમંત્રી હરદીપસિંહ પુરીએ એક ઓનલાઇન ઇવેન્ટમાં વર્ષ 2020 માટે ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ અને મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઇન્ડેક્સની ફાઇનલ રેન્કિંગની જાહેરાત.
- ✓ ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ 2020માં બે કેટેગરીમાં એટલે કે 10 લાખથી વધુ વસતી ધરાવતા અને 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોને રેન્કિંગ અપાયાં હતાં.


### (1) ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ-2020 :

- ✓ મિલિયન પ્લસ કેટેગરીમાં કર્ણાટકના બેંગલોરને પ્રથમ સ્થાન અપાયું હતું જ્યારે મહારાષ્ટ્રનું પૂણે બીજા સ્થાને અને ગુજરાતનું અમદાવાદ ત્રીજા સ્થાને.
- ✓ મિલિયન પ્લસ કેટેગરીમાં ગુજરાતના 3 શહેરો અમદાવાદ, વડોદરા અને સુરત.




- ✓ 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોમાં જીવન જીવવા માટે સિમલાને સૌથી શ્રેષ્ઠ શહેર ગણાવવામાં આવ્યું છે. બીજા સ્થાને ઓડિશાનું ભુવનેશ્વર અને ત્રીજા સ્થાને કેન્દ્રશાસિત સેલવાસને સ્થાન મળ્યું છે. અમદાવાદ અગાઉ 23મા ક્રમે હતું.

### (2) મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ-2020 :




- ✓ ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સની જેમ મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ 2020માં પણ 10 લાખથી વધુ અને 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોને રેન્કિંગ અપાયાં હતાં. એમપીઆઇ 2020માં મિલિયન પ્લસ કેટેગરીમાં મધ્યપ્રદેશના ઇન્દોરને પ્રથમ, ગુજરાતના સુરતને દ્વિતીય અને મધ્યપ્રદેશના ભોપાલને ત્રીજું સ્થાન અપાયું છે. 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોમાં નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રથમ, આંધ્રના તિરુપતિને દ્વિતીય અને ગુજરાતના ગાંધીનગરને ત્રીજું સ્થાન અપાયું છે.

### ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ કેટેગરી રેન્ક, શહેર અને સ્કૉર :

**જીવન જીવવા માટે સૌથી સારાં ટોપ ટેન શહેર (10 લાખથી વધુ વસતી) :**

| રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|
| ✓ 1. | બેંગલોર | 66.70 |
| ✓ 2. | પૂણે | 66.27 |
| ✓ 3. | અમદાવાદ | 64.87 |
| ✓ 4. | ચેન્નઇ | 62.61 |
| ✓ 5. | સુરત | 61.73 |
| ✓ 6. | નવી મુંબઇ | 61.60 |
| ✓ 7. | કોઇમ્બતુર | 59.72 |
| ✓ 8. | વડોદરા | 59.24 |
| ✓ 9. | ઇન્દોર | 58.58 |
| ✓ 10. | ગ્રેટર મુંબઇ | 58.23 |

**જીવન જીવવા માટે સૌથી સારાં ટોપ ટેન શહેર (10 લાખથી ઓછી વસતી) :**

| રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|
| ✓ 1. | સિમલા | 60.90 |
| ✓ 2. | ભુવનેશ્વર | 59.85 |
| ✓ 3. | સેલવાસ | 58.43 |
| ✓ 4. | કાકીનાડા | 56.84 |
| ✓ 5. | સાલેમ | 56.40 |
| ✓ 6. | વેલ્લોર | 56.38 |
| ✓ 7. | ગાંધીનગર | 56.25 |
| ✓ 8. | ગુરુગ્રામ | 56.00 |
| ✓ 9. | દેવનાગરી | 55.25 |
| ✓ 10. | તિરુચિરાપલ્લી | 55.24 |

**મ્યુનિસિપલ પર્ફોમન્સ ઈન્ડેક્સ કેટેગરી રેન્ક, શહેર અને સ્કૉર :**

**કોર્પોરેશનની શ્રેષ્ઠ સુવિધા ધરાવતાં ટોપ ટેન શહેર (10 લાખથી વધુ વસતી) :**

| રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|
| ✓ 1. | ઇન્દોર | 66.08 |
| ✓ 2. | સુરત | 60.82 |
| ✓ 3. | ભોપાલ | 59.04 |
| ✓ 4. | પિંપરી-ચિંચવાડ | 59.00 |
| ✓ 5. | પૂણે | 58.79 |
| ✓ 6. | અમદાવાદ | 57.60 |
| ✓ 7. | રાયપુર | 54.98 |
| ✓ 8. | ગ્રેટર મુંબઇ | 54.36 |
| ✓ 9. | વિશાખાપટ્ટનમ | 52.77 |
| ✓ 10. | વડોદરા | 52.68 |

**કોર્પોરેશનની શ્રેષ્ઠ સુવિધા ધરાવતાં ટોપ ટેન શહેર (10 લાખથી ઓછી વસતી) :**

| રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|
| ✓ 1. | નવી દિલ્હી | 52.92 |
| ✓ 2. | તિરુપતિ | 51.69 |
| ✓ 3. | ગાંધીનગર | 51.59 |
| ✓ 4. | કરનાલ | 51.39 |
| ✓ 5. | સાલેમ | 49.04 |
| ✓ 6. | તિરુપ્પુર | 48.92 |
| ✓ 7. | બિલાસપુર | 47.99 |
| ✓ 8. | ઉદયપુર | 47.77 |
| ✓ 9. | ઝાંસી | 47.04 |
| ✓ 10. | તિરુનેલવેલી | 47.02 |

**વિવિધ ક્ષેત્રમાં અગ્રેસર શહેરો :**

**શિક્ષણ :**

- ✓ તિરુવનંતપુરમ બેલાગાવી ચંડીગઢ
- ✓ કાકીનાડા ઇન્દોર ઇમ્ફાલ
- ✓ બેંગલોર અજમેર અમૃતસર

**સ્વચ્છતા :**

- ✓ વેલ્લોર તિરુપતિ અમદાવાદ
- ✓ ઇન્દોર રાજકોટ

**ટ્રન્સપોર્ટ :**

- ✓ ચેન્નઇ થાણે બેંગલોર
- ✓ ભોપાલ ગુવાહાટી

**શહેરી સ્થિરતા :**

- ✓ પૂણે વિશાખાપટ્ટનમ પિંપરી ચિંચવાડ
- ✓ અમદાવાદ ગ્વાલિયર

**આર્થિક ક્ષમતા :**

- ✓ બેંગલોર દિલ્હી પૂણે
- ✓ અમદાવાદ થાણે

**આર્થિક તકો :**

- ✓ દિલ્હી બેંગલોર હૈદરાબાદ
- ✓ ચેન્નઇ

**રહેણાંક :**

- ✓ તિરુવનંતપુરમ દિલ્હી પોંડિચેરી
- ✓ ભોપાલ

**રિક્રિએશન :**

- ✓ કોઇમ્બતુર નવી મુંબઇ ગાંધીનગર

**કોર્પોરેશનોને કયા આધારે રેન્કિંગ : સર્વિસિઝ :**

- ✓ ફાઇનાન્સ પોલિસી ટેકનોલોજી
- ✓ ગવર્નન્સ વહીવટમાં પારદર્શકતા

**ઇઝ ઓફ લિવિંગમાં કયા આધારે રેન્કિંગ :**

- ✓ જીવનની ગુણવત્તા શહેરની આર્થિક ક્ષમતા
- ✓ શહેરની સ્થિરતા શહેરનું ટકાઉપણું
- ✓ શહેરની જનતાને મળતી સુવિધાઓ
- ✓ મંત્રી : શ્રી હરદિપસિંહ પૂરી
- ✓ મંત્રાલય : હાઉસિંગ અને શહેરી બાબતો

## 3. EPFO વ્યાજદર જાહેર (આર્થિક)

**EPFO દ્વારા વર્ષ 2020-21 માટે વ્યાજદર 8.5 ટકા પર યથાવત**




- ✓ ગત વર્ષે વ્યાજદર 8.5 ટકા નક્કી કરાયો હતો
- ✓ અંદાજે 6 કરોડ કર્મચારીને ફાયદો થશે


## 4. ઓલ ઈન્ડિયા કમાન્ડર કોન્ફરન્સ-2021 : ટેન્ટ સિટી કેવડિયા




- ✓ તા. 4 થી 6 માર્ચ-2021
- ✓ કોણ સામેલ થશે : આર્મી, નેવી અને IAFના ટોપ કમાન્ડર
- ✓ સમાપન : તા. 6 માર્ચ-2021ના રોજ PM મોદીની ઉપસ્થિતિમાં
- ✓ ઉદઘાટન : સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ

## 5. દિન વિશેષ : 4 માર્ચ

### (1) 50મો રાષ્ટ્રીય સલામતી દિવસ




- ✓ ખાસ:-બાંધકામ શ્રમિકો માટે ઉજવાય છે.

### (2) દિન વિશેષ : 3 માર્ચ

### વિશ્વ જન્મજાત ખામી દિવસ અને વિશ્વ શ્રવણ દિવસ




- ✓ ઉજવણીનો હેતુ : જુદાં-જુદાં કારણોસર બહેરાપણું, મુંગાપણું, મોતિયો, હૃદય રોગ, શારીરિક અપંગતા જેવી ખામી સાથે જન્મ લેતા બાળકોની ખામી અટકાવવા માટે જનજાગૃતિ લાવવા

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (04-03-2021)

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા આરટીઓની વિવિધ કેટલીક સેવાઓને આધાર કાર્ડ સાથે લિંક કરીને ઑનલાઈન કરાઈ - 18
2. તાજેતરમાં વાહન વ્યવહાર અને રોડ મંત્રાલય દ્વારા RTOની કઈ કઈ સેવાઓ કઈ સેવાઓ આધાર સાથે લિંક કરીને ઓનલાઇન કરાઈ - 1. લર્નિંગ લાઇસન્સ 2. ડ્રાઇવિંગ લાઇસન્સનું રિન્યૂઅલ કે જેના માટે ડ્રાઇવિંગ ટેસ્ટની જરૂર નથી. 3. ડુપ્લિકેટ ડ્રાઇવિંગ લાઇસન્સ 4. ડ્રાઇવિંગ લાઇસન્સમાં સરનામામાં ફેરફાર અને સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન 5. ઇન્ટરનેશનલ ડ્રાઇવિંગ પરમિટ 6. લાઇસન્સમાંથી વાહનનું સરન્ડર ઓફ ક્લાસ 7. મોટર વ્હિકલની કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની અરજી 8. ફુલ્લી બિલ્ટ બોડી સાથેના મોટર વ્હિકલના રજિસ્ટ્રેશન માટેની અરજી 9. રજિસ્ટ્રેશનના ડુપ્લિકેટ સર્ટિફિકેટ ઇશ્યૂ કરવા માટેની અરજી 10. રજિસ્ટ્રેશનના સર્ટિફિકેટ માટે એનઓસીની ગ્રાન્ટ માટેની અરજી 11. માલિકીના ટ્રાન્સફરની નોટિસ 12. માલિકીના ટ્રાન્સફર માટેની અરજી 13. રજિસ્ટ્રેશનના સર્ટિફિકેટમાં સરનામામાં ફેરફાર 14. એક્રિડેટેડ ડ્રાઇવર ટ્રેઇનિંગ સેન્ટરમાંથી ડ્રાઇવર ટ્રેઇનિંગ માટે રજિસ્ટ્રેશન 15. ડિપ્લોમેટિક ઓફિસરના વ્હિકલના રજિસ્ટ્રેશન માટેની અરજી 16. ડિપ્લોમેટિક ઓફિસરના વ્હિકલના નવા રજિસ્ટ્રેશન માર્કને એસાઇન કરવા અરજી 17. હાયર-પરચેઝ એગ્રીમેન્ટનું એન્ડોર્સમેન્ટ 18. હાયર-પરચેઝ એગ્રીમેન્ટનું ટર્મિનેશન
3. કેન્દ્ર સરકારના હાઉસિંગ અને શહેરી બાબત મંત્રાલય દ્વારા દેશમાં જીવન જીવવાની સુવિધાના આધારે કયા બે રેન્કિંગ જાહેર કરાયા - ease of living index -2020 અને Municiple performance index 2020
4. ease of living index -2020માં કઈ બે કેટેગરી જાહેર કરાઈ - 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો અને 10 લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરો
5. ease of living index-2020માં 10 લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં ભારતનું પ્રથમ શહેર અને ગુજરાતના શહેરોના નામ-ક્રમ જણાવો - 1. બેંગલુરુ,3. અમદાવાદ,5. સુરત અને 8. વડોદરા
6. Municiple Performance index 2020માં રેન્કિંગમાં ભારતનું પ્રથમ અને ગુજરાતના શહેરો અને ક્રમ જણાવો - 1. ઇન્દોર, 2. સુરત, 6. અમદાવાદ અને 10. વડોદરા
7. ease of living index-2020માં 10 લાખથી ઓછી વસ્તીવાળા શહેરોમાં ભારતનું પ્રથમ શહેર અને ગુજરાતના શહેરોના નામ - 1. સિમલા, 7. ગાંધીનગર
8. Municiple Performance index 2020માં 10 લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોના રેન્કિંગમાં ભારતનું પ્રથમ અને ગુજરાતના શહેરો અને ક્રમ જણાવો - 1. નવી દિલ્હી અને 3. ગાંધીનગર
9. કેન્દ્ર સરકારના હાઉસિંગ અને શહેરી બાબત મંત્રીનું નામ જણાવો - હરદીપસિંહ પુરી
10. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા EPFOમાં વર્ષ 2020-21 માટે કેટલા ટકા વ્યાજ દર યથાવત રાખવામાં આવ્યો છે - 8.5%
11. તાજેતરમાં તા. 4 થી 6 માર્ચ 2021 દરમિયાન ઓલ ઇન્ડિયા કમાન્ડર કોન્ફરન્સ 2021 ક્યાં યોજાઇ - ટેન્ટ સિટી કેવડીયા, નર્મદા
12. દર વર્ષે 4 માર્ચના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે - રાષ્ટ્રીય સલામતી દિવસ
13. વિશ્વ જન્મજાત ખામી દિવસ અને વિશ્વ શ્રવણ દિવસ ક્યારે ઉજવાય છે - 3 માર્ચ
14. તાજેતરમાં 4 માર્ચના રોજ કેટલામો "રાષ્ટ્રીય સલામતી દિવસ" ઉજવાયો- 50મો
15. "રાષ્ટ્રીય સલામતી દિવસ" કયા ક્ષેત્રના શ્રમિકો માટે ઉજવવામાં આવે છે - બાંધકામ

DATE : 05-03-2021

## 1. સુઝલામ સુફલામ જળસંચય અભિયાન-2021 (જળ વ્યવસ્થાપન) ચોથા તબક્કાનો તા.1 એપ્રિલ-2021થી પ્રારંભ




**અભિયાનમાં કામગીરી :**

✓ આ અભિયાન હેઠળ તળાવો ઉંડા કરવા, ચેકડેમના રિપેરીંગ, કાંસની સફાઇ, નદી પૂન: જિવીત કરવા જેવા વિવિધ કામો હાથ ધરવામાં આવશે.

**અભિયાન વિશે :**

✓ જળ સંચય અભિયાન 2018ના વર્ષથી શરૂ કરાયું હતું. ત્રણ વર્ષમાં 16,170 તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. અને 30 લાખથી વધુ માનવદિન રોજગારી ઉત્પન્ન કરાઈ.

## 2. ભારતની સ્વતંત્રતાના 75 વર્ષ : વર્ષ 2022 (વહીવટ)

✓ 75 સપ્તાહ પહેલા PM મોદીના હસ્તે ઉજવણીનો પ્રારંભ કરાશે

✓ રાષ્ટ્રીય વ્યાપી ઉજવણી માટે 259 સભ્યોની સમિતિ

✓ **અધ્યક્ષ :** PM શ્રી નરેન્દ્ર મોદી

✓ **પ્રારંભ :** 12 માર્ચ-2021 (75 સપ્તાહ પહેલા PM મોદીના હસ્તે ઉજવણીનો પ્રારંભ)

✓ સાબરમતી આશ્રમ-અમદાવાદ

✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 12 માર્ચે અમદાવાદના સાબરમતી આશ્રમથી દક્ષિણ ગુજરાતના દાંડી સુધીની યાત્રાનું પ્રસ્થાન કરાવશે.



✓ મીઠા સત્યાગ્રહના નવ દાયકાની પૂર્ણાહુતિ નિમિત્તે મોદી મહાત્મા ગાંધીની દાંડીયાત્રાના રૂટ પર જ 21 દિવસની આ યાત્રાને લીલી ઝંડી આપશે

✓ મોદી પણ આ યાત્રાના માર્ગ પર પ્રથમ દિવસે પગપાળા ચાલશે.

✓ આ યાત્રાની પૂર્ણાહુતિના દિવસે દાંડીમાં યોજાનારા એક મોટા સમારોહમાં પણ મોદી હાજરી આપશે.

✓ **ઉજવણીનું સમાપન:** 15 ઓગસ્ટ-2022

**સમિતિના સભ્યો વિશે :**

✓ મુખ્ય ન્યાયમૂર્તિ બોબડે, સોનિયા ગાંધી, મનમોહનસિંહ, એલ. કે. અડવાણી, જગ્ગી વાસુદેવ, બાબા રામદેવ, શરદ પવાર ઉપરાંત કેબિનેટ મંત્રી, રાજ્યોના મુખ્યમંત્રી, રાજ્યપાલ, ત્રણેય પાંખના વડાને સામેલ કરાયા છે.

✓ પહેલી બેઠક 8 માર્ચે દિલ્હીમાં યોજાશે.

✓ અન્ય સભ્યોમાં દિલીપકુમાર, અમિતાભ બચ્ચન, રજનીકાંત, લત્તા મંગેશકર, શિવકુમાર શર્મા, તેંડુલકર, ગાવસ્કર, રતન તાતા, ઇ શ્રીધરન વગેરેનો સમાવેશ.

## 3. વૈશ્વિક સિદ્ધિ : ભારતના PM શ્રી નરેન્દ્ર મોદીને "ગ્લૉબલ એનર્જી એન્ડ એન્વાયરર્નમેન્ટ લીડરશિપ" એવૉર્ડથી સન્માન




**એવોર્ડ વિશે :**

✓ કેમ્બ્રિજ એનર્જી રિસર્ચ એસોસિયેટ્સ વીક એટલે કે સેરાવીક દ્વારા ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટ લીડરશિપ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

✓ એવોર્ડ આપવાની શરૂઆત : વર્ષ 2016

✓ સેરાવીકની સ્થાપના 1983માં થઈ હતી

✓ સ્થાપક : ડોક્ટર હેનિઅલ થેરગિન.

✓ દર વર્ષે માર્ચમાં એવોર્ડ એનાયત થાય છે. આ એવોર્ડની ગણતરી દુનિયામાં સૌથી મોખરે કામ કરનારા પ્લેટફોર્મ તરીકેની છે.

✓ **ક્ષેત્ર :** પર્યાવરણ અને ઊર્જા ક્ષેત્રે કામ કરનારા ટોચના નેતાઓને આ એવોર્ડ આપવામાં આવે છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (05-03-2021)**

1. ગુજરાતમાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન -2021નો પ્રારંભ ક્યારથી થશે - 01 એપ્રિલ 2021
2. ગુજરાતમાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન -2021મા કયા તબક્કાનો પ્રારંભ થશે - 4th
3. ગુજરાતમાં સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો સૌપ્રથમ પ્રારંભ ક્યા વર્ષે થયો હતો - 2018
4. ભારતની સ્વતંત્રતાના વર્ષ 2022માં કેટલા વર્ષ પૂર્ણ થશે - 75
5. ભારતની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણીનો પ્રારંભ 75 સપ્તાહ પહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ક્યારથી કરવામાં આવશે - 12 માર્ચ 2021
6. ભારતની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણીનો પ્રારંભ 75 સપ્તાહ પહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયા સ્થળેથી કરવામાં આવશે - સાબરમતી આશ્રમ, અમદાવાદ
7. ભારતની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણીનું સમાપન ક્યારે યોજાશે - 15 ઓગસ્ટ 2022

8. ભારતની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઇ છે - વડાપ્રધાન નરેન્દ્ર મોદી
9. તાજેતરમાં CERAWeek દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને કયો વૈશ્વિક એવોર્ડ એનાયત કરાયો- ' ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયરર્નમેન્ટ લીડરશિપ' એવોર્ડ
10. 'ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયરર્નમેન્ટ લીડરશિપ' એવોર્ડ કયા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ આપવામાં આવે છે - પર્યાવરણ અને ઊર્જા
11. 'ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયરર્નમેન્ટ લીડરશિપ' એવોર્ડ આપવાનો પ્રારંભ ક્યારથી થયો છે- વર્ષ 2016

**DATE : 06-03-2021**

## 1. ખેલકૂદ : ભારત ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં




- ✓ તા. 18 થી 22 જૂન-2021માં ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે જંગ
- ✓ સ્થાન : લોર્ડ્સ, ઈંગ્લેન્ડ
- ✓ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતના સૌથી વધુ 520 પોઈન્ટ
- ✓ 13મી સિરિઝ જીતવાનો વર્લ્ડ રેકોર્ડ

**ગુજરાતી અક્ષર પટેલની વિશેષ સિદ્ધિ :**

- ✓ અક્ષર 1979માં દિલીપ દોશીના રેકોર્ડની બરાબરી કરી. જેમણે 6 મેચની શ્રેણીમાં 27 વિકેટ લીધી હતી.
- ✓ 3 મેચની સીરિઝમાં 27 વિકેટ લેનાર અક્ષરે શ્રીલંકાના અજંતા મેન્ડિસ (26 વિકેટ)નો રેકોર્ડ તોડ્યો.

**અન્ય વિશેષતા :**


- ✓ ભારત ICCની તમામ ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચનાર દેશ બન્યો છે.
- ✓ ICC દ્વારા આયોજીત ટી 20 વર્લ્ડ કપ, વન –ડે વર્લ્ડ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી અને ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચનાર ભારતીય ટીમ હાલ પહેલી અને એકમાત્ર ટીમ બની છે.

## 2. ખેલકૂદ : ટેસ્ટ ક્રિકેટના 50 વર્ષ પૂર્ણ કરનાર સુનિલ ગાવસ્કરનું BCCI દ્વારા સન્માન



- ✓ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સુનીલ ગાવસ્કરનું બીસીસીઆઈ દ્વારા તેમના ટેસ્ટ પદાર્પણની 50મી જન્મજયંતિએ સન્માન કરવામાં આવ્યું હતું.
- ✓ BCCI પ્રમુખ સૌરવ ગાંગુલીએ જણાવ્યું હતું કે બેટિંગ લેજન્ડ અને તેમના સહયોગીઓએ ટીમને બનાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી.
- ✓ 71 વર્ષના ગાવસ્કરનું બીસીસીઆઇના સેક્રેટરી જય શાહ દ્વારા સ્પેશિયલ કેપ આપી સન્માન કરવામાં આવ્યું હતું.
- ✓ આ કેપ પર ગાવસ્કરના ટેસ્ટ પદાર્પણની તારીખ 6 માર્ચ 1971 લખેલી છે.
- ✓ **સ્થાન : નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદ**

## 3. સ્વદેશી સ્પેક્ટ્રોગ્રાફ : નૈનિતાલના ટેલિસ્કોપમાં સ્વદેશી સ્પેક્ટ્રોગ્રાફ ગોઠવવામાં આવ્યું (અવકાશ વિજ્ઞાન)



**હેતુ :**

- ✓ પ્રકાશના કિરણો આપણને ભલે પીળા-સફેદ જ દેખાય પણ તેમાં અનેક રંગો સમાયેલા હોય છે. એ રંગોને ઓળખવા માટે, એક જ દેખાતા કિરણને તેમાં છુપાયેલા અનેક કિરણોમાં વિભાજીત કરવા માટે સ્પેક્ટ્રોગ્રાફ નામનું સાધન વાપરવું પડે.
- ✓ બ્રહ્માંડનો અભ્યાસ કરતાં ટેલિસ્કોપમાં સ્પેક્ટ્રોગ્રાફ મહત્ત્વનું સાધન છે.

**સ્થળ :**

- ✓ નૈનિતાલ પાસે ભારતનું 3.6 મિટરનો વ્યાસ ધરાવતું દેવસ્થળ ઓપ્ટિકલ ટેલિસ્કોપ આવેલું છે. તેમાં સ્વદેશી સ્પેક્ટ્રોગ્રાફ ફીટ કરવામાં આવ્યું છે.

**તૈયાર કરનાર સંસ્થા :**

- ✓ આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝેર્વેશનલ સાયન્સના સંશોધકોએ આ સ્પેક્ટ્રોગ્રાફ તૈયાર કર્યું.
- ✓ સ્વદેશી હોવાથી પરદેશમાંથી મંગાવાતા સ્પેક્ટ્રોગ્રાફ કરતાં અઢીગણા ઓછા ખર્ચે તૈયાર થયું હતું.
- ✓ ભારતમાં કાર્યરત તમામ સ્પેક્ટ્રોગ્રાફમાં આ સૌથી મોટું પણ છે.

## 4. 3rd INS કરંજ (સંરક્ષણ)

- ✓ ભારતીય નૌકાદળની છ કલવરી વર્ગની ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીનમાંથી ત્રીજી આઈએનએસ કરંજ 10મી માર્ચે નૌકાદળને સોંપવામાં આવશે.



- ✓ આઈએનએસ કરંજ ખરા અર્થમાં મેક ઈન ઈન્ડિયા હેઠળ તૈયાર થયેલી સંપૂર્ણ સ્વદેશી સબમરીન છે.
- ✓ નૌકાદળ દ્વારા નેવલ ડોકયાર્ડ સ્થિત કરંજનું મીડિયા સમક્ષ પ્રદર્શન કરાયું હતું.

## 5. UN : વર્ષ-2021ને આંતરરાષ્ટ્રીય ફળ-શાકભાજી વર્ષ તરીકે જાહેર

- ✓ નિર્ણય : UN સામાન્ય સભા - સંસ્થા : સંયુક્ત રાષ્ટ્ર

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (06-03-2021)**

1. UN સામાન્ય સભા દ્વારા વર્ષ 2021ને કયા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે - આંતરરાષ્ટ્રીય ફળ-શાકભાજી વર્ષ
2. તાજેતર માર્ચ 2021માં કયા દેશની ક્રિકેટ ટીમ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં ફાઇનલમાં પહોંચી છે - ભારત
3. આગામી જૂનમાં ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઇનલ કયા બે દેશો વચ્ચે કયાં રમાશે- ભારત અને ન્યૂઝીલેન્ડ, લૉર્ડ્ઝ,UK
4. તમામ ICC ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોચનાર પ્રથમ દેશ જણાવો - ભારત
5. ટેસ્ટ ક્રિકેટમાં તાજેતરમાં 50 વર્ષ પૂર્ણ કરનાર કયા ખેલાડીનું BCCI દ્વારા નરેન્દ્ર મોદી મેદાનમાં સન્માન કરાયું - સુનિલ ગવાસ્કર
6. તાજેતરમાં નૈનીતાલના ટેલિસ્કોપમાં કયું સ્વદેશી યંત્ર લગાવવામાં આવ્યું - સ્પેક્ટ્રોગ્રાફ
7. સ્વદેશી સ્પેક્ટ્રોગ્રાફ યંત્ર કઇ સંસ્થા દ્વારા તૈયાર કરાયું – આર્યભટ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ ઑફ ઓબ્ઝેર્વેશનલ સાયન્સ
8. ભારતીય નૌકાદળમાં 10 માર્ચ 2021ના રોજ કઇ ત્રીજી સ્વદેશી સબમરીન સામેલ કરાશે - INS કરંજ
9. INS કરંજ કયા વર્ગની ઇલેક્ટ્રીક-ડીઝલ સબમરીન છે - કલવરી

**DATE : 07-03-2021**

---

1.ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ-2021 (બાગાયત)

તા. 7 થી 9 માર્ચ-2021




- ✓ સ્થળ : રિવફ્રન્ટ, અમદાવાદ
- ✓ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ઉદઘાટન
- ✓ મુખ્ય હેતુ : દરેક જિલ્લામાંથી આગવી ઓળખ ધરાવતા ખેત ઉત્પાદનોનું 100 જેટલા સ્ટોર ઉપરથી ખેડૂત મારફત વેચાણ
- ✓ ખાસ : આંતરરાષ્ટ્રીય ફળ અને શાકભાજી વર્ષ અંતર્ગત ઉજવણી
- ✓ આયોજક : ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.
- ✓ કૃષિ મંત્રી : શ્રી આર.સી. ફળદુ

2. વસંતોત્સવ-2021 : સંસ્કૃતિ કુંજ, ગાંધીનગર ખાતે CM રૂપાણી દ્વારા શુભારંભ




- ✓ વિભાગ : રમત-ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ :
- ✓ રાજ્યમંત્રી : ઇશ્વરસિંહ પટેલ

3. ખેલકૂદ : IPL-14 : 2021નો કાર્યક્રમ જાહેર – BCCI




- ✓ તા. 9 એપ્રિલથી 30 મે-2021
- ✓ પ્રથમ મેચ : ચેન્નઈ
- ✓ ફાઈનલ : નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદ
- ✓ IPL : ઈન્ડિયન પ્રિમિયર લીગ

4. ખેલકૂદ : ભારતીય પહેલવાન (કુસ્તી) વિનેશ ફોગાટ માટિયો પૈલિકોન રેન્કિંગ કુસ્તી સિરિઝમાં ગોલ્ડ વિજેતા

- ✓ યજમાન : રોમ, ઈટાલી
- ✓ કેટેગરી : 53 કિ.ગ્રા.
- ✓ કુસ્તીબાજ વિનેશ ફોગાટ વિશ્વની નં.1 ખેલાડી બની



- ✓ ખાસ : ટોકિયો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ કરનારી એક માત્ર ભારતીય મહિલા

5. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અહેવાલ – સૌથી વધુ પ્રદૂષિત સાઈટ્સ ધરાવતા ટોચના ત્રણ રાજ્યો (પર્યાવરણ)




- ✓ ઓડિશા - 23 સાઈટ્સ - ઉત્તરપ્રદેશ - 21 સાઈટ્સ
- ✓ દિલ્હી - 11 સાઈટ્સ

- ✓ દેશમાં આરોગ્ય માટે હાનિકારક કચરાનાં ઢગ સાથે સૌથી વધુ પ્રદૂષિત સાઇટ્સ ધરાવતા ટોચના 3 રાજ્યોમાં રાજધાની દિલ્હીનો પણ સમાવેશ થાય છે.
- ✓ સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલો અહેવાલ દેશમાં ખડકાયેલા કચરાનાં ઢગ અને પ્રદૂષિત સ્થળો માટે ચોંકાવનારો છે.
- ✓ દેશભરમાં 112 સ્થળો એવા છે કે જ્યાં ઝેરી અને હાનિકારક કચરાનાં ઢગ ખડકાયેલા જોવા મળે છે.

**એક્શન : 7 રાજ્યોની 14 સાઇટ્સને સ્વચ્છ કરાશે :**

- ✓ દેશમાં સાત રાજ્યોની 14 પ્રદૂષિત સાઇટ્સને સ્વચ્છ બનાવવા અને ત્યાંથી કચરો હટાવવા કામગીરી શરૂ કરવામાં આવી છે.
- ✓ આ સાત રાજ્યોમાં ગુજરાત, ઝારખંડ, કેરળ, મહારાષ્ટ્ર, ઓડિશા, તામિલનાડુ અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.
- ✓ એનજીટીનાં આદેશ મુજબ આ સાઇટ્સ પરથી કચરાનાં ઢગ હટાવાઈ રહ્યા છે.

**6. મક્કલ નિધિ મૈય્યમ (MNM) : તામિલનાડુના 63 વર્ષના અભિનેતા કમલ હસન દ્વારા વર્ષ 2018 નવા MNM પક્ષની સ્થાપના**

**7. ખેલો ઈન્ડિયા વિન્ટર નેશનલ ગેમ્સ-2021**

- ✓ સૌથી વધુ મેડલ વિજેતા રાજ્ય જમ્મુ-કશ્મીર
- ✓ યજમાન : જમ્મુ-કશ્મીર

**8. UN : વર્ષ 2020ને "ઈન્ટરનેશનલ ઈયર્સ ઓફ મિલ્ટ્સ" ઘોષિત**

- ✓ UNની સામાન્ય સભામાં ઉજવણીનો નિર્ણય

**9. દિન વિશેષ : 7 માર્ચ**

**જન ઔષધિ દિવસ**

**દેશભરમાં 7મી માર્ચે જન ઔષધિ દિવસની ઉજવણી : PM મોદીના હસ્તે શિલાઁગમાં 7500માં જન ઔષધિ કેન્દ્રનો પ્રારંભ કરાયો**

- ✓ રાજ્ય : આસામ
- ✓ અમદાવાદના નિકોલ ખાતે આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં જન ઔષધિ કેન્દ્રનો પ્રારંભ




**જન ઔષધિ કેન્દ્ર વિશે :**

- ✓ કોરોનાકાળમાં ભારત દુનિયાની ફાર્મસી બની ગયો છે.
- ✓ લોકો જનઔષધિ કેન્દ્રને મોદીની દુકાન તરીકે ઓળખાવવાનું પસંદ કરે છે.
- ✓ જનઔષધિ કેન્દ્રને કારણે દેશમાં યુવાનોને રોજગારી મળી રહી છે.
- ✓ લોકોને પૈસાની અછતને કારણે દવાઓ ખરીદવામાં મુશ્કેલી ન પડે તે માટે સરકાર દ્વારા જનઔષધિ યોજના શરૂ કરવામાં આવી છે.
- ✓ આવા કેન્દ્રો દ્વારા ગરીબ તેમજ મધ્યમ વર્ગનાં લોકોને રાહત મળે છે.
- ✓ લોકો મોદીની દુકાનેથી સસ્તી દવા ખરીદી રહ્યા છે.
- ✓ માતાઓ અને બહેનોને અઢી રૂપિયામાં સસ્તા દરે સેનિટરી નેપ્કિન્સ જેવી ચીજો મળી રહે છે. તે મહિલાઓની આત્મનિર્ભરતાનું પ્રતીક છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (07-03-2021)**

1. તાજેતરમાં ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ-2021 ક્યાં યોજાયો- રીવરફ્રન્ટ, અમદાવાદ
2. ખેડૂતોની પેદાશો ખેતરેથી સીધી આપણા ઘર આંગણે ઉપલબ્ધ થાય તે માટે ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ-2021 ક્યારે યોજાયો - તા. 07 થી 09 માર્ચ
3. તાજેતરમાં વસંતોત્સવ-2021નું ઉદ્ઘાટન કોના દ્વારા કરાયું - મુખ્યમંત્રી વિજય રૂપાણી
4. વસંતોત્સવ-2021 કયા સ્થળે યોજાયો હતો - સંસ્કૃતિ કુંજ, ગાંધીનગર
5. 14th IPL 2021ની ફાઇનલ મેચ કયા મેદાનમાં યોજાશે - નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ
6. IPLનું વિસ્તૃત નામ જણાવો - ઈન્ડિયન પ્રીમિયર લીગ
7. તાજેતરમાં કઈ ભારતીય કુસ્તીબાજ 'માટિયો પૈલિકોન રેન્કિંગ કુસ્તી સીરીઝ'માં વિજેતા બની છે - વિનેશ ફોગાટ, કેટેગરી-53 કિલોગ્રામ
8. માર્ચ 2020માં CPCB દ્વારા સૌથી વધુ પ્રદૂષિત સાઇટ્સ ધરાવતા ટોચના ત્રણ રાજ્યોમાં કોનો સમાવેશ કરાયો - 1. ઓડિશા, 2. ઉત્તર પ્રદેશ અને 3. દિલ્હી
9. NGTના આદેશ મુજબ ભારતના કયા કયા સાત રાજ્યોમાંથી પ્રદૂષિત સાઇટ્સ દૂર કરાશે - ગુજરાત, મહારાષ્ટ્ર, ઝારખંડ, કેરળ, ઓડિશા, તમિલનાડુ અને ઉત્તરપ્રદેશ
10. દક્ષિણ ભારતના 'મક્કલ નિધિ મૈય્યમ' રાજકીય રાજકીય પક્ષની 2018માં કોણે સ્થાપના કરી હતી - અભિનેતા કમલ હસન
11. ખેલો ઈન્ડિયા વિન્ટર નેશનલ ગેમ્સ 2021માં સૌથી વધુ મેડલ વિજેતા રાજ્ય - જમ્મુ કાશ્મીર
12. UN દ્વારા વર્ષ 2020ને કયા વર્ષ તરીકે ઘોષિત કરાયું - 'ઇન્ટરનેશનલ યર્સ ઑફ મિલ્ટ્સ'
13. ભારતમાં જન ઔષધિ દિવસ ક્યારે ઉજવાયો- 7 માર્ચ
14. જન ઔષધિ દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા 7500મો જન ઔષધી સ્ટોર કયા શહેરમાં શરૂ કરાયો - શિલોંગ, આસામ

## DATE : 08-03-2021

**1. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ-2021ની મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ઉજવણી CM શ્રી રૂપાણીના હસ્તે વિવિધ પ્રકલ્પોનો પ્રારંભ**



**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે શુભારંભ :**

- ✓ વ્હાલી દીકરી યોજના અંતર્ગત L.I.C. સાથે MoU અને રૂા .22 કરોડનો ચેક અર્પણ
- ✓ રાજ્યવ્યાપી ડી.બી.ટી પોર્ટલના માધ્યમથી તમામ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માસિક રૂા. 55 કરોડનું માનદ વેતન ચૂકવણાનો શુભારંભ
- ✓ મહિલા અને બાળ વિકાસ વિભાગની ડિજિટલ બુકનું વિમોચન અને જેન્ડર બજેટ ડેશબોર્ડનું લોચિંગ
- ✓ મહિલા સ્વાવલંબન યોજના અને વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ કાર્યક્રમ

**ગુજરાતમાં મહિલાઓ માટેની મુખ્ય યોજનાઓ**

**વ્હાલી દીકરી યોજના વિશે :**

- ✓ દીકરીઓનો જન્મદર વધે, શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટે તે હેતુથી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.4000/- નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.6000/- અને 18 વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ/ લગ્નમાં 1,00,000/-ની સહાય
- ✓ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ.1250/-ની સહાય
- ✓ આઇ.સી.ડી.એસ. અંતર્ગત આંગણવાડી કેન્દ્ર મારફતે સગર્ભા/ધાત્રીમાતા, બાળક અને કિશોરીને પૌષ્ટિક ટેક હોમ રેશન (બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ)નું વિનામુલ્ય વિતરણ
- ✓ 181 અભયમ્ હેલ્પલાઈનઃ એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર
- ✓ **વિભાગ : મહિલા અને બાળ વિકાસ, ગુજરાત સરકાર**
- ✓ **કેબિનેટ મંત્રી : ગણપત વસાવા -રાજ્ય મંત્રી : વિભાવરીબેન દવે**

**2. ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ -ગુજરાત સરકાર (વહીવટ)**

**પ્રોજેક્ટના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા કુલ બે હાઈલેવલ કમિટીની રચના**



- ✓ આઝાદીના 75 વર્ષ નિમિતે 75 સપ્તાહ પહેલા તા. 12 માર્ચના દાંડી કૂચ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાંડી યાત્રાનો આરંભ કરાવશે

**(1) ગર્વનિંગ કાઉન્સિલ :**

- ✓ **અધ્યક્ષ : વિજય રૂપાણી**
- ✓ ઉદ્યોગ વિભાગે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષપદે 14 સભ્યોની ગર્વનિંગ કાઉન્સિલની રચના કરી.
- ✓ જેમાં ચીફ સેક્રેટરી અનિલ મૂકિમ, CMOના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાશનાથન, સાંસદ નરહરિ અમિન અને ડો. કિરિટ સોલંકી, શહેરી વિકાસ વિભાગના ACS, પ્રવાસન સચિવ, અમદાવાદ મ્યુ. કમિશનર અને કલેક્ટર તેમજ રાષ્ટ્રીય સ્તરના ગાંધીયન, આશ્રમ સાથે જોડાયેલા ચાર ટ્રસ્ટના પ્રતિનિધીઓને સમાવેશ થાય છે.

**કામગીરી :**

- ✓ આ કાઉન્સિલ પ્રોજેક્ટ માટે ફંડ, સમિક્ષા સહિતની જવાબદારીનું વહન કરશે.

**(2) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ :**

- ✓ **અધ્યક્ષ : કે. કૈલાશનાથન**
- ✓ CMOના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાશનાથનના અધ્યક્ષપદે રચાયેલી આઠ સભ્યોના એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં પ્રવાસન સચિવ મમતા વર્મા, GAD સચિવ, અમદાવાદના મ્યુ. કમિશનર, કલેક્ટર, ઔડાના ચીફ ઓફિસર, ચેરિટી કમિશનર, ટુરિઝમ કોર્પોરેશનના MDનો સમાવેશ થાય છે.

**કામગીરી :**

- ✓ આ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ગર્વનિંગ કાઉન્સિલ અને સાબરમતી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે અસ્તિત્વમાં આવનારા સ્પે પર્પઝ વ્હિકલ- SPV વચ્ચે કામકાજ, મંજૂરીઓ સહિતની બાબતોનું સંકલન કરશે.
- ✓ **અમલ :** આ પ્રોજેક્ટના અમલ માટે AMC અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનને જવાબદારી સોંપાઈ છે

**3. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે ગુજરાતમાં ખાસ જાહેરાત**

- ✓ ગુજરાતમાં મહિલા ધારાસભ્યોને તેમના વિસ્તારના રસ્તાના કામ માટે રૂ. 1 કરોડની વિશેષ વધારાની ગ્રાન્ટ
- ✓ ગુજરાતમાં કુલ 13 મહિલા ધારાસભ્ય

**4. એવોર્ડ : ગુજરાત ગેસ કંપનીને "બિઝનેસ સ્ટાન્ડર્ડ શ્રેષ્ઠ PSU એવોર્ડ-2020" એનાયત**

**એવોર્ડ અને તેની પસંદગી વિશે**

- ✓ બિઝનેસ સ્ટાન્ડર્ડ એવોર્ડ દેશના સૌથી પ્રતિષ્ઠિત વાર્ષિક એવોર્ડ પૈકીનો એક છે. દર વર્ષે ઘનિષ્ઠ ચકાસણી બાદ જ સંબંધિત શ્રેણીમાં વિજેતાની પસંદગી કરવામાં આવે છે.
- ✓ આ એવોર્ડની સ્પર્ધામાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કેન્દ્ર સરકારના મહારત્ન, નવરત્ન અને મિનિરત્ન સહિતના તમામ જાહેર સાહસો તથા રાજ્ય સરકારોના જાહેર સાહસોને આવરી લેવાય છે. પ્રથમવાર કોઇ રાજ્ય સરકારના જાહેર સાહસને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.




- ✓ એવોર્ડની વિશિષ્ઠ જૂરીમાં વૈશ્વિક પ્રતિષ્ઠા ધરાવતા ટોચના ઉદ્યોગપતિઓનો સમાવેશ થાય છે. 18 ફેબ્રુઆરી, 2020ના રોજ દરેક ઉમેદવારોની યોગ્યતાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવા અને ત્યારબાદ સંબંધિત કેટેગરીમાં એવોર્ડ વિજેતાઓની પસંદગી વિશિષ્ઠ જૂરીની બેઠક મળેલી હતી.
- ✓ બિઝનેસ સ્ટાન્ડર્ડ રિસર્ચ બ્યુરોએ કંપનીઓના પ્રદર્શનના આધારે ઉમેદવારોની લાંબી સૂચી તૈયાર કરી હતી. આ સૂચિમાંથી

જૂરીએ સ્ટાર પીએસયુ એવોર્ડ 2020 સહીત કુલ સાત શ્રેણીઓ માટે વિજેતાઓના નામની પસંદગી કરી હતી.

- ✓ વર્ષ 2020 તમામ પ્રકારના ધંધા-ઉધોગો માટે ખૂબ જ પડકારજનક રહ્યું હતું. આવા કપરા સમયમાં કંપનીની વહીવટી કુશળતા, સમાજના વિકાસમાં ફાળો, વ્યાપ, ટકાઉપણા, નેતૃત્વ અને સંશોધન, નૈતિકતાના મૂલ્યો, બિઝનેસ અંગેની દીર્ઘદ્રષ્ટિ અને નાણાકીય બાબતો તથા બજારમાં મૂડીરોકાણને ધ્યાનમાં લઈને આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

## 5. સુપ્રિમ કોર્ટ : દેશમાં 50 ટકાથી વધુ અનામત હોવી જોઈએ કે કેમ ? રાજય સરકારો પાસે અભિપ્રાય માંગતી સુપ્રિમ કોર્ટ (બંધારણ)



- ✓ સુપ્રિમ કોર્ટમાં 15 માર્ચથી દૈનિક સુનાવણી

### અનામતના કેસની વિગતો :

- ✓ મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયને અનામત આપવાના મામલે સુપ્રીમ કોર્ટે હવે ફક્ત મરાઠા અનામત નહીં પરંતુ તમામ રાજ્યોમાં અનામતની સ્થિતિ અંગે સર્વગ્રાહી સુનાવણી હાથ ધરવાનું નક્કી કર્યું છે.
- ✓ મરાઠા અનામતના સંદર્ભમાં શું દેશમાં 50 ટકાથી વધુ અનામત હોવી જોઈએ કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટે રાજ્યોને નોટિસ પાઠવીને તમામ રાજ્યોનો અભિપ્રાય માગ્યો છે.
- ✓ અનામતની 50 ટકા મર્યાદા અંગે સર્વોચ્ચ અદાલત 15મી માર્ચથી દરરોજ સુનાવણી કરશે.

### કયા સમુદાયને કેટલા ટકા અનામત?

- ✓ અનુસૂચિત જાતિ 15 ટકા
- ✓ અનુસૂચિત જનજાતિ 7.5 ટકા
- ✓ અન્ય પછાત વર્ગ OBCને 27 ટકા
- ✓ આર્થિક આધારે સામાન્ય કેટેગરીને 10 ટકા

### કયા રાજ્યમાં કેટલી અનામત?


| | | | |
|---|---|---|---|
| ✓ હરિયાણા | 70 ટકા | તામિલનાડુ | 68 ટકા |
| ✓ ઝારખંડ | 60 ટકા | રાજસ્થાન | 54 ટકા |
| ✓ ઉત્તરપ્રદેશ | 50 ટકા | બિહાર | 50 ટકા |
| ✓ મધ્યપ્રદેશ | 50 ટકા | પશ્ચિમ બંગાળ | 35 ટકા |

- ✓ અરુણાચલ, મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડ 80 ટકા

### શું છે ઇન્દિરા સાહની કેસ?

- ✓ 1991માં નરસિંહરાવ સરકારનાં વડપણની કોંગ્રેસ સરકારે આર્થિક આધારે સામાન્ય કેટેગરીના લોકો માટે 10 ટકા અનામતનો આદેશ આપ્યો હતો. જેને ઇન્દિરા સાહનીએ કોર્ટમાં પડકાર્યો હતો.
- ✓ આ પછી 9 જજની બેન્ચે અનામતની મર્યાદા 50 ટકાથી વધુ ન હોવી જોઈએ તેવું ઠરાવ્યું હતું.
- ✓ દેશમાં તે પછી એવો કાયદો બની ગયો કે 50 ટકાથી વધુ અનામત આપી શકાય નહીં.
- ✓ જેને કારણે રાજસ્થાનમાં ગુર્જર, હરિયાણામાં જાટ, ગુજરાતમાં પટેલ, મહારાષ્ટ્રમાં મરાઠાને અનામત આપી શકાઈ ન હતી.

## 6. GI મહોત્સવ-2021




- ✓ સ્થળ : મસુરી

### GI મહોત્સવ વિશે :

- ✓ GI : જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન.
- ✓ કોઈ પ્રોડક્ટ કોઈ જગ્યાની સ્થાનિક વિશેષતા હોય તો તે તેનું જીઆઈ રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. ત્યાર બાદ તેનું ઉત્પાદન તે સ્થળ સિવાયનું કોઈ કરી શકતું નથી.
- ✓ જેમ કે પાટણના પટોડા, ગીરની કેસર કેરી.

## 7. સાઉદી અરેબિયા - રાસ તનુરા : રાસ તનુરા ખાતે આવેલા ઓઈલ કેન્દ્રો પર હૌથી આતંકીઓ દ્વારા મિસાઈલ્સ અને ડ્રોનથી હુમલો (વૈશ્વિક વ્યાપાર)




### વૈશ્વિક અસરો :

- ✓ વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ 2.9 ટકા વધીને 71.37 ડોલરની 14 મહિનાની ટોચે

### રાસ તનુરા વિશ્વનું સૌથી મોટામાં મોટું ઓઈલ ટર્મિનલ

- ✓ રાસ તનુરાએ વિશ્વનું સૌથી મોટામાં મોટું ઓઈલ ટર્મિનલ છે જે દરરોજ 6.5 મિલિયન બેરલ ક્રૂડની નિકાસ ક્ષમતા ધરાવે છે. કુલ ઓઈલની માગનો 7 ટકા હિસ્સો સંતોષે છે.

### સાઉદી અને હૌથી વચ્ચે 2015થી સંઘર્ષ

- ✓ સાઉદી અરેબિયા અને તેના સાથી દેશો તેમજ હૌથી બળવાખોરો વચ્ચે 2015થી દુશ્મનાવટ વધી છે અને સંઘર્ષ ચાલી રહ્યો છે જેમાં હજારો લોકોનાં મોત થયાં છે. હૌથીએ ગયા અઠવાડિયે જેદ્દાહ ખાતે અરામ્કોનાં ફ્યૂઅલ ડેપો પર ક્રૂઝ મિસાઈલ્સ દાગ્યા હતા.

### ભારત પર શું અસર થશે ?

- ✓ પેટ્રોલ અને ડીઝલનાં ભાવ આસમાને પહોંચશે.

✓ નવેમ્બર પછી પેટ્રોલનાં ભાવમાં લિટરે રૂ. 10નો અને ડીઝલમાં લિટરે રૂ. 11નો વધારો થયો છે. આથી કેટલાક શહેરોમાં ભાવ લિટરે રૂ. 100ને વટાવી ગયા છે.

✓ પેટ્રોલ અને ડીઝલનાં ભાવ ભડકે બળતા ફુગાવામાં વધારો થશે.

✓ કોરોનાથી ખોડંગાયેલી ઇકોનોમીમાં રિકવરી ધીમી પડશે.

✓ ભારત માટે ક્રૂડ ઓઈલનું આયાત બાસ્કેટ વધુ મોંઘું થશે.

✓ ભારતે ગયા વર્ષે 120 અબજ ડોલરની ક્રૂડની આયાત કરી હતી.

✓ જીડીપી ઘટશે અને ચાલુ ખાતાની ખાધ વધી શકે છે.

8. બુરખા પર પ્રતિબંધ (કાયદો)

✓ સ્વિત્ઝર્લેન્ડમાં બુરખા પર પ્રતિબંધના સમર્થનમાં 51 ટકા મત : 30 ટકા મહિલા બુરખા પહેરે છે.

✓ સ્વિત્ઝર્લેન્ડમાં બુરખા પર પ્રતિબંધ મૂકવાના પ્રસ્તાવને 51 ટકા લોકોએ ટેકો આપ્યો.

✓ બુરખા પર પ્રતિબંધ મૂકવાના પ્રસ્તાવને 14,26,992 મતદાતાનું સમર્થન મળ્યું હતું જ્યારે 13,59,621 મતદાતાનો વિરોધ નોંધાયો હતો.

✓ આમ ફ્રાન્સ પછી સ્વિત્ઝર્લેન્ડમાં બુરખા સામેનો પ્રસ્તાવ પસાર થઇ જતાં હવે વિશ્વભરમાં આ મુદ્દે ચર્ચા શરૂ થઇ ગઇ છે.

✓ રાજધાની : જ્યુરિચ

9. સુધારો : ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલ મેચ લોર્ડ્સ મેદાનના સ્થાને હવે સાઉથમ્પ્ટનના એજિસ બોલ સ્ટેડિયમ ખાતે રમાશે




✓ દેશ : UK નિર્ણય : ICC, દુબઈ

10. દિન વિશેષ : 8 માર્ચ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ :




✓ થીમ-2021 : "Women in leadership achieving an equal future in a covid-19 world"

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (08-03-2021)

1. ગુજરાતમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'-2021ની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ક્યાં યોજાઈ - મહાત્મા મંદિર, ગાંધીનગર
2. ગુજરાતમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'-2021ની રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કયા પુસ્તક અને ડેશબોર્ડનું લોન્ચિંગ કરાયું - ડિજિટલ બુક અને જેન્ડર બજેટ ડેશબોર્ડ
3. ગુજરાતમાં 'વ્હાલી દિકરી યોજના' માટે તાજેતરમાં કઇ સંસ્થા સાથે એમઓયુ કરાયા - LIC
4. ગુજરાતમાં' ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ માસીક કેટલી સહાય કરવામાં આવે છે - રૂ.1250/-
5. ગુજરાતમાં તાજેતરમાં 'ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' માટે કઇ બે હાઈલેવલ કમિટીની રચના કરવામાં આવી છે - 1.ગવર્નિંગ કાઉન્સિલ અને 2. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ
6. આઝાદીનાં 75 વર્ષ નિમિત્તે સાબરમતી આશ્રમથી તા.12 માર્ચના રોજ 21 દિવસની દાંડી યાત્રાનો શુભારંભ કોના દ્વારા કરાશે - PM શ્રી નરેન્દ્ર મોદી
7. તાજેતરમાં 'ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' માટે બનાવેલી 14 સભ્યોની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ કોણ છે - મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી
8. તાજેતરમાં 'ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' માટે બનાવેલી આઠ સભ્યોની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના અધ્યક્ષ કોણ છે - મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન
9. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગુજરાતના મહિલા ધારાસભ્યોને તેમના વિસ્તારમાં રોડના કામ માટે કેટલીક વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવી - રૂ.1 કરોડ
10. તાજેતરમાં ગુજરાત ગેસ કંપનીને શ્રેષ્ઠ કામગીરી માટે કયો મીડિયા એવોર્ડ અપાયો - બિઝનેસ સ્ટાન્ડર્ડ શ્રેષ્ઠ PSU એવોર્ડ-2020
11. માર્ચ 2021માં સુપ્રીમ કોર્ટ દ્વારા દેશમાં કેટલા ટકા અનામત હોવી જોઈએ કે કેમ તેનો અભિપ્રાય રાજ્યો પાસેથી માંગ્યો છે - 50%
12. માર્ચ 2021માં ભારતનો સૌપ્રથમ GI મહોત્સવ 2021 ક્યાં યોજાયો હતો - મસુરી
13. GIનું વિસ્તૃત નામ જણાવો - જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન
14. માર્ચ 2021માં સાઉદી અરેબિયામાં કયા ઓઇલ કેન્દ્રો પર હૌથી આંતકવાદી સંગઠન દ્વારા મિસાઈલ હુમલા કરાયા હતા જેના કારણે ક્રૂડ ઓઇલના ભાવ આસમાને પહોંચ્યા હતા - રાસ તનુરા
15. રાસ તનુરા ઓઇલ ટર્મિનલની વિશેષતા જણાવો - વિશ્વની સૌથી મોટામાં મોટું ઓઇલ ટર્મિનલ
16. માર્ચ 2021માં કયા દેશમાં બુરખા ઉપર પ્રતિબંધ માટે મતદાન કરવામાં આવ્યું હતું અને જેના સમર્થનમાં કેટલા ટકા મત મળ્યા હતા - સ્વિત્ઝર્લેન્ડ અને 51%
17. સ્વિત્ઝર્લેન્ડની રાજધાની જણાવો - જ્યૂરિચ
18. ICCની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ-2021ની ફાઇનલ મેચ લોર્ડસના સ્થાને હવે કયા મેદાન પર રમાશે - એજિસ બોલ સ્ટેડિયમ,સાઉથમ્પ્ટન-UK
19. 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'-2021ની થીમ જણાવો - 'WOMEN IN LEADERSHIP ACHIEVING AN EQUAL FUTURE IN A COVID-19 WORLD'
20. પ્રતિ વર્ષ વિશ્વ મહિલા દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - 8 માર્ચ

DATE : 09-03-2021

1. વિધાનસભા ગૃહ : પુસ્તક વિમોચન (બંધારણ)



- ✓ વિધાનસભા સચિવાલય દ્વારા વર્ષ 1960થી વર્ષ 2020 સુધીના વિધાનસભા અધ્યક્ષે આપેલા નિર્ણયોનું સંકલિત પુસ્તકનું વિમોચન
- ✓ પુસ્તકમાં સામેલ કુલ નિર્ણય : 530
- ✓ વિમોચન : વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી

2. સાબરમતિ ગાંધી આશ્રમ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ-અમદાવાદ



- ✓ કેન્દ્ર સરકાર દ્વારા ગાંધી આશ્રમનું આર્કિટેક્ચર પ્લાનિંગ સાથે અંદાજે રૂ. 1200 કરોડના ખર્ચે વિકાસ કરાશે

પ્રોજેક્ટ વિશે :

- ✓ અમદાવાદના સાબરમતિ ગાંધી આશ્રમને હવે આર્કિટેક્ચર પ્લાનિંગ સાથે નવી જ રીતે ડેવલપ કરવામા આવશે અને આ માટે એક હજારથી બારસો કરોડનો ટોટલ ' પ્રોજેક્ટ ખર્ચ થશે.
- ✓ સંસદ ભવન બાદ હવે ગાંધી આશ્રમને ડેવલપ કરવાનો ડિઝાઇન પ્રોજેક્ટ પણ અમદાવાદના આર્કિટેકટ બિમલ પટેલને આપવામાં આવ્યો છે.
- ✓ 55 એકરમાં ગાંધી આશ્રમનો વિકાસ થશે.
- ✓ ગાંધી આશ્રમની આસપાસ ચારથી પાંચ મ્યુઝિયમો બનાવવામાં આવશે

3. ખેલકૂદ એવોર્ડ : સિદ્ધિ

(1) ચેસ ખેલાડી કોનેરુ હમ્પીને "BBC ઈન્ડિયા સ્પોર્ટ્સ વૂમન ઓફ ધ યર"નો એવોર્ડ એનાયત

- ✓ રેપિડ ફોર્મેટની વર્તમાન વર્લ્ડ ચેસ ચેમ્પિયન-હમ્પી

એવોર્ડ વિશે :

- ✓ વર્ષ 2020થી એવોર્ડ આપવાનો પ્રારંભ (આ બીજો પુરસ્કાર)

પસંદગી પ્રક્રિયા :

- ✓ માત્ર 15 વર્ષની વયે ગ્રાન્ડ માસ્ટર બનેલી હમ્પીને રમતપ્રેમીઓના હાઇએસ્ટ વોટિંગના આધારે પસંદ કરવામાં આવી.
- ✓ જાણીતા સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ અને નિષ્ણાતોની જ્યૂરીએ આ પુરસ્કાર માટે પાંચ ભારતીય મહિલા ખેલાડીઓનાં નામ નોમિનેટ કર્યા હતાં.
- ✓ જેમાં હમ્પી ઉપરાંત સ્પ્રિન્ટર દુતી ચંદ, શૂટર મનુ ભાકર, રેસલર વિનેશ ફોગાટ તથા ભારતીય હોકી સુકાની રાની રામપાલ પણ સામેલ હતી.
- ✓ ત્યારબાદ સમર્થકોના ઓનલાઇન વોટિંગ દ્વારા એવોર્ડ વિનરનો નિર્ણય લેવાયો હતો.

(2) એથ્લેટ અંજૂ બોબી જ્યોર્જને BBC દ્વારા "લાઇફ ટાઇમ એચિવમેન્ટ" પુરસ્કાર એનાયત



પરિચય :

- ✓ અંજૂએ 2003ની વર્લ્ડ ચેમ્પિયનશિપના લોંગ જમ્પમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો હતો.
- ✓ આ સિદ્ધિ હાંસલ કરનાર તે ભારતની પ્રથમ મહિલા એથ્લેટ બની હતી.

(3) યુવા શૂટર મનુ ભાકર : BCCI દ્વારા "ઇમર્જિંગ પ્લેયર ઓફ ધ યર"થી સન્માનિત



4. ખેલકૂદ : વિશેષ સિદ્ધિ

(1) ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના સતત 10મી વાર રન ચેઝમાં 50+ સ્કૉર કરનાર પ્રથમ ક્રિકેટર



- ✓ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે બીજી વન- ડેમાં દ.આફ્રિકાને 9 વિકેટે હરાવ્યું હતું.
- ✓ સ્મૃતિ મંધાનાએ અણનમ 80 રન અને પૂનમ રાઉતે અણનમ 62 રન કર્યા હતા.
- ✓ સ્મૃતિ સતત 10મી વાર લક્ષ્યનો પીછો કરતા 50 થી વધુ રન કરનાર પુરુષ અને મહિલામાં પ્રથમ ક્રિકેટર બની છે.

(2) ભારતીય મહિલા ક્રિકેટર મિતાલી રાજ :




- ✓ <u>મિતાલી રાજ સૌથી વધુ 310 ઈન્ટરનેશનલ મેચ રમનારી વિશ્વની પ્રથમ એકમાત્ર મહિલા ક્રિકેટર</u>
- ✓ અગાઉ ઈંગ્લેન્ડની શાર્લેન્ટ એડવર્ડનો 309 મેચનો રેકોર્ડ હતો

### <u>5. ભગવદ ગીતાના શ્લોકોના ભાષ્યની 11 હસ્તપ્રતનું PM મોદી દ્વારા વિમોચન</u>



- ✓ સ્થાન : નવી દિલ્હી
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજધાની દિલ્હીમાં શ્રીમદ ભગવદ ગીતાના શ્લોકોના 21 વિદ્વાનોએ કરેલા ભાષ્યની 11 હસ્તપ્રતનું વિમોચન કર્યું.


<u>ઉપસ્થિતિ :</u>

- ✓ જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા કરણ સિંહ.

### <u>6. નવીન ટેક્નોલોજી-સંશોધન : DRDOને સબમરિન માટે એર ઈન્ડિપેન્ડેન્ટ પ્રપલ્શન – AIP ટેક્નોલોજી વિકસાવવામાં સફળતા (ટેક્નોલોજી-સંરક્ષણ)</u>

<u>મુખ્ય હેતુ :</u>

- ✓ સબમરિન ઓછા અવાજ સાથે વધુ સમય પાણીમાં રહી શકે તેવી ટેક્નિક વિકસાવવાથી હવે વારંવાર સપાટી ઉપર હવાના પુરવઠા માટે આવવું નહીં પડે




<u>હાલમાં AIP ટેક્નોલોજી ધરાવતા દેશો :</u>

- ✓ રશિયા, USA, ચીન, બ્રિટન અને ફ્રાન્સ
- ✓ <u>AIP ટેક્નોલોજી હસ્તગત કરનાર ભારત વિશ્વનો 6ઠ્ઠો દેશ.</u>

<u>AIP ટેક્નોલોજી વિશે :</u>

- ✓ પરમાણુ સબમરિન લાંબો સમય પાણીમાં રહી શકે, પણ તે અવાજ વધુ કરતી હોય છે. સમુદ્ર નીચે પાણીમાં રહેલી સબમરિનની ઓળખ તેના અવાજને કારણે થતી હોય છે.
- ✓ જો સબમરિન શાંત હોય તો છેક દુશ્મનના જળ વિસ્તારમાં જઈ હુમલો કરી આવે ત્યાં સુધી તેની ઓળખ કરી શકાતી નથી. એટલે ઈન્ડિપેન્ડેન્ટ પ્રપલ્શન ટેક્નોલોજી જરૂરી છે.
- ✓ ડીઆરડીઓની નેવલ મટિરિયલ લેબોરેટરીએ આ સિસ્ટમ વિકસાવી હતી.
- ✓ ડીઆરડીઓની આ ટેક્નોલોજી ફોસ્ફરિક એસિડ અને ફ્યુઅલ સેલ આધારીત છે.
- ✓ આ પ્રયોગ સફળ થયા પછી હવે 2023 સુધીમાં કલ્વરી ક્લાસની સબમરિનો તેનાથી સજ્જ કરવાનો નૌકાદળનો ઈરાદો.
- ✓ ડીઝલ સંચાલિત સબમરિનોમાં આ ફીટ થયા પછી એ સબમરિનોએ તાજી હવાના પુરવઠા માટે વારંવાર સપાટી પર આવવુ નહીં પડે. એપીઆઈ દ્વારા પાણીમાં જ તાજી હવાનો પુરવઠો બનાવી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### <u>7. “આઝાદી કા અમૃત મહોત્સવ”</u>

- ✓ <u>દેશના સ્વતંત્રતાના 75 વર્ષ નિમિત્તે રાષ્ટ્રવ્યાપી “આઝાદી કા અમૃત મહોત્સવ”ની ઉજવણીનો તા. 12મી માર્ચ-2021થી વડાપ્રધાન મોદીના હસ્તે સાબરમતી આશ્રમ, અમદાવાદથી પ્રારંભ</u>




- ✓ ભારતની સ્વતંત્રતા-આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો તા.૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રારંભ કરાવશે.
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતથી આ ઉજવણીના પ્રારંભના ઐતિહાસિક અવસરને રાષ્ટ્રચેતના સભર ઉત્સવ બનાવવાના આયોજનને ઓપ આપવા રાજ્યકક્ષાની સમિતિની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજી હતી.
- ✓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી તા.૧૨મી માર્ચે 1930ના યોજેલી દાંડીયાત્રાની સ્મૃતિને વર્તમાન સમયમાં ઊજાગર કરતાં 81 પદયાત્રીઓની સાબરમતી આશ્રમથી દાંડી સુધીની 386 કિ.મી. દાંડીયાત્રાથી આ ઉજવણીનો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી આરંભ કરાવશે.
- ✓ આ ઉજવણીના આરંભ પ્રસંગે દેશભરમાં અને ગુજરાતમાં પણ એક સાથે ૭૫ સ્થળોએ રાષ્ટ્રપ્રેમ-જનચેતના સભર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.
- ✓ <u>ગુજરાતમાં મહાત્મા ગાંધી અને સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલા સ્થળો પૈકી બારડોલી, દાંડી, પોરબંદર, રાજકોટ, વડોદરા અને માંડવી</u>માં મોટા કાર્યક્રમો તથા જિલ્લામથકો સહિત અન્ય સ્થળોએ મળી ૭૫ કાર્યક્રમો એકસાથે યોજવામાં આવશે.
- ✓ દેશની આઝાદીના ૭૫ વર્ષમાં ભારતની વિકાસ-પ્રગતિ કયાં પહોંચી તેના ચિતાર સાથે આવનારા ૨૫ વર્ષમાં એટલે કે

આઝાદીની શતાબ્દી સુધીમાં ભારતને વિશ્વગુરૂના સ્થાને બિરાજીત કરવાના લક્ષ્યાંક સાથેના કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવશે.

**યાત્રા વિશે :**

✓ મુખ્યમંત્રીશ્રીએ આ સમગ્ર ઉજવણીમાં તા.૧૨મી માર્ચથી તા.૫ એપ્રિલ દરમયાન યોજાનારી દાંડીયાત્રાના માર્ગમાં આવતા સ્થળો પૈકી ૨૧ જગ્યાએ રાત્રિ મુકામ.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (09-03-2021)**

1. ગુજરાત વિધાનસભામાં કયા સમયગાળા દરમિયાન વિધાનસભાના અધ્યક્ષોએ આપેલા નિર્ણયોના સંકલિત પુસ્તકનું તાજેતરમાં પ્રથમવાર વિમોચન કરાયું- વર્ષ 1960 થી 2020 (કુલ નિર્ણય-530)
2. તાજેતરમાં 'BBC ઇન્ડિયા સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર' એવોર્ડ કયા ભારતીય ખેલાડીને એનાયત કરાયો - મહિલા ચેસ પ્લેયર કોનેરુ હમ્પી
3. તાજેતરમાં BBC દ્વારા 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ' એવોર્ડ કયા ભારતીય ખેલાડીને અપાયો - એથ્લેટ અંજુ બોબી જ્યોર્જ
4. તાજેતરમાં BBC દ્વારા 'ઇમર્જિંગ પ્લેયર ઓફ ધી યર' એવોર્ડ કયા ભારતીય ખેલાડીને અપાયો - યુવા શૂટર મનુ ભાકર
5. સતત 10મી વાર રન ચેઝમાં 50 થી વધુ સ્કોર કરનાર વિશ્વના પ્રથમ ક્રિકેટરનું નામ અને દેશ જણાવો - સ્મૃતિ મંધાના-ભારત
6. તાજેતરમાં નવી દિલ્હી ખાતે ભગવદ ગીતાના શ્લોકોના ભાષ્યની 11હસ્તપ્રતનું કોના દ્વારા વિમોચન કરાયું - વડાપ્રધાન શ્રી મોદી
7. સૌથી વધુ 310 ઇન્ટરનેશનલ ક્રિકેટ મેચ રમનારી વિશ્વની પ્રથમ ખેલાડીનું નામ અને દેશ જણાવો - મિતાલી રાજ-ભારત
8. તાજેતરમાં ભારતીય સબમરીન માટે ઓછા અવાજ સાથે વધુ સમય પાણીમાં રહી શકે તેવી કઇ નવી ટેકનીકની ભારતમાં પ્રથમવાર શોધ કરાઈ - એર ઈન્ડિપેન્ડેન્ટ પ્રપલ્શન
9. તાજેતરમાં એર ઈન્ડિપેન્ડેન્ટ પ્રપલ્શન ટેકનીક કઇ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી - DRDO
10. 'એર ઈન્ડિપેન્ડેન્ટ પ્રપલ્શન' ટેકનીક વિકસાવનાર વિશ્વના અન્ય દેશો અને ભારતનો ક્રમ - રશિયા, અમેરિકા, ચીન, બ્રિટન, ફ્રાંસ અને ભારત(6)
11. ભારતની સ્વતંત્રતાના 75 વર્ષ નિમિત્તે ગુજરાત સહિત ભારતભરમાં કયો મહોત્સવ ઉજવાશે - 'આઝાદી કા અમૃત મહોત્સવ'
12. 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો ભારતભરમાં સૌપ્રથમ પ્રારંભ ક્યારે, ક્યાંથી અને કોના દ્વારા કરવામાં આવશે - 12 માર્ચ 2021, સાબરમતી આશ્રમ, અમદાવાદ અને વડાપ્રધાન શ્રી મોદી
13. કેન્દ્ર સરકાર દ્વારા સાબરમતી ગાંધી આશ્રમના ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે અંદાજે કેટલી રકમ ખર્ચ કરવામાં આવશે - રૂ.1,000 કરોડ થી 1,200 કરોડ
14. કેન્દ્ર સરકાર દ્વારા સાબરમતી ગાંધી આશ્રમનો કેટલા એકર વિકાસ થશે - 55 એકર
15. કેન્દ્ર સરકાર દ્વારા ગાંધી આશ્રમને ડેવલપ કરવાની જવાબદારી અમદાવાદના કયા વિખ્યાત આર્કિટેક્ટને સોંપવામાં આવી છે - શ્રી બિમલ પટેલ

**DATE : 10-03-2021**

**1. ભારત સરકાર : ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણી બદલ 42 સંગઠનો પર પ્રતિબંધ**

✓ સરકારે ત્રાસવાદ સંબંધી વિવિધ દુષ્પ્રવૃત્તિઓમાં સંડોવવા બદલ લશ્કર એ- તોઇબા અને જૈશ-એ-મહંમદ જેવા કુલ 42 ત્રાસવાદી સંગઠનો પર પ્રતિબંધ મૂક્યો. (માર્ચ-2021ની સ્થિતિએ)

**પ્રતિબંધિત કાયદો :**

✓ ત્રાસવાદી સંગઠનો રૂપે ઘોષિત થયેલા ઉપરોક્ત 42 સંગઠનોના નામ ગેરકાયદે પ્રવૃત્તિઓ (પ્રતિબંધ) ધારા, 1967ના પ્રથમ શિડ્યુલમાં સમાવાયા છે.

✓ દેશમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓનો મોટાભાગે દોરીસંચાર સરહદપારથી થાય છે, છેલ્લા બે વર્ષમાં ભારત-પાકિસ્તાન સરહદેથી ઘૂસણખોરીનાં 61 બનાવો બન્યા છે.

✓ ભારત-બાંગ્લાદેશ સરહદેથી ઘૂસણખોરીના 1045 બનાવો જ્યારે ભારત-નેપાળ સરહદેથી એવી 63 ઘટનાઓ નોંધાઇ છે.

**2. યુનિસેફ : વિશ્વમાં બાલિકાવધૂ અંગે અહેવાલ જાહેર (બાળવિકાસ)**




**અહેવાલના મહત્વના તારણો :**

✓ બાળવિવાહનું દૂષણ ધરાવતા વિશ્વના ટોચના પાંચ દેશમાં ભારતનો સમાવેશ થાય છે.

✓ દુનિયાની દર ત્રણમાંથી એક બાલિકાવધૂ ભારતમાં.

✓ 18 વર્ષ કરતાં ઓછી ઉંમરે લગ્ન કરાવી દેવાય છે તેવી વિશ્વની અડધી કિશારીઓ ભારત સહિતના પાંચ દેશોની છે.

✓ વિશ્વમાં અત્યારે જીવંત એવી 65 કરોડ મહિલા એવી છે જેમના લગ્ન બાળપણમાં જ કરાવી દેવાયાં હતાં અને તેમાંની અડધી મહિલાઓ બાંગ્લાદેશ, બ્રાઝિલ, ઇથિયોપિયા, ભારત અને નાઇજીરિયામાં.

✓ છેલ્લા 10 વર્ષમાં વિશ્વમાં બાળવિવાહમાં 15 ટકાનો ઘટાડો.

✓ સબ સહારન આફ્રિકામાં બાળવિવાહનું દૂષણ સૌથી વધુ છે, જ્યાં 18 વર્ષથી નાની 35 ટકા યુવતીઓના લગ્ન કરાવી દેવામાં આવે છે. ત્યારબાદ દક્ષિણ એશિયાનો નંબર આવે છે. અહીં 18 વર્ષથી નાની 30 ટકા યુવતીઓના લગ્ન કરાવી દેવાય છે.

✓ આ દાયકાના અંત પહેલાં 18 વર્ષથી નાની વધુ 10 કરોડ કિશોરીઓના બાળવિવાહ થઇ શકે છે.

✓ UNICEF સૂત્ર : For Every Child

✓ UNICEF: યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ

✓ **સ્થાપના : તા.11-12-1946 - મુખ્યમથક : ન્યૂયોર્ક, USA**

## 3.ઉતરાખંડ : નવા 10માં મુખ્યમંત્રીપદે તીરથસિંહ રાવતની નિમણૂક




✓ શ્રી રાવત હાલમાં પૌડી ગઢવાલના ભાજપના સાંસદ

✓ શ્રી તીરથસિંહ રાવત વર્ષ 1983માં RSSના નવા પ્રાંત પ્રચારક તરીકે નિયુક્ત થયા હતા.

✓ રાજ્યપાલ : બેબી રાણી મોર્ય

✓ રાજધાની : દેહરાદૂન  અગાઉના CM : શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત

## 4. ક્વાડ : તા. 12 માર્ચ-2021ના રોજ પ્રથમ વર્ચ્યૂઅલ બેઠક



✓ **ક્વાડ : ક્વાડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગ**

✓ **અન્ય નામ : ક્યૂસીડ**

✓ **સભ્ય દેશો : ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા**

**ક્વાડ વિશે અને હેતુ :**

✓ ક્વોડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગને આપણે ત્યાં ચતુર્ભુજ સુરક્ષા સંવાદના નામે ઓળખવામાં આવે છે.

✓ ક્વાડની સ્થાપનાનો સૌથી પહેલા વિચાર 2007માં જાપાનના તત્કાલિન વડાપ્રધાન શિંજો આબેએ આપ્યો હતો.

✓ ડિસેમ્બર 2004માં જાપાનમાં ભયંકર સૂનામીએ હાહાકાર મંચાવ્યો હતો. સુનામીના કારણે બે લાખ ત્રીસ હજારથી વધુ લોકોના મોત થયા હતા.

✓ જાપાનને આ સંકટમાંથી બહાર લાવવા માટે ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિત અમુક દેશોએ તમામ પ્રકારની મદદ કરી હતી.

✓ એ પછી શિંજો આબેએ ભારત, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાને સાથે મળીને કામ કરવા આહાન આપ્યું હતું.

✓ એ સમયે સોમાલિયા નજીકના સમુદ્રમાં દરિયાઇ ચાંચિયાઓએ હાહાકાર મચાવ્યો હતો.

✓ ચાંચિયાઓને નાથવા માટે ચારેય દેશોએ સાથે મળીને ઓપરેશનો હાથ ધર્યા હતા.

✓ 2007માં જાપાનના ઓકિનાવા ટાપુ પર ચારેય દેશ ઉપરાંત સિંગાપોરે સંયુક્ત સૈન્ય અભ્યાસ હાથ ધર્યો હતો.

✓ દસ વર્ષ બાદ વર્ષ 2017માં ક્વાડને ફરીથી સજીવન કરવામાં આવ્યું.

✓ વર્ષ 2019માં અમેરિકામાં યુનાઇટેડ નેશન્સની જનરલ એસેમ્બલીની બેઠક મળી એ પછી ચારેય દેશોના વડાઓએ બેઠક કરી હતી.

✓ ચારેય દેશોએ સાથે મળીને કમ્યુનિકેશન ટેક્નોલોજી અને ડિજિટલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં પણ કામ કરવાનું નક્કી કર્યું હતુ

✓ ક્વાડમાં બીજા દેશોને સામેલ કરવાના પ્રયાસો પણ થઇ રહ્યા છે.

✓ આગામી સમયમાં ક્વાડના ચાર કરતા વધુ સભ્યો હોય.

✓ દક્ષિણ કોરિયા, વિયેતનામ અને ન્યૂઝીલેન્ડ પણ ક્વાડ સંગઠનમાં જોડાય એવી શક્યતાઓ છે.

## 5.જન્મ દિન વિશેષ : 10 માર્ચ

### પરંપરાભંજક ચિત્રકાર : ભૂપેન ખખ્ખર

જન્મ - 10 માર્ચ-1934  અવસાન – 8 ઓગષ્ટ-2003

✓ ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો જન્મદિવસ.

✓ જન્મ : મુંબઇ



✓ ભૂપેન ખખ્ખર મુંબઇ યુનિ.થી અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્ર ઉપરાંત વાણીજ્યમાં પણ સ્નાતક થયા હતા.

✓ તેઓએ સ્વપ્રશિક્ષિત કલાકાર તરીકે બહુ મોડી કારકિર્દી શરુ કરી હતી. તેમની શરૂની કારકિર્દી ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે રહી હતી.

✓ વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઇન આર્ટસમાં જોડાયા 1965થી સોલો ચિત્ર પ્રદર્શનો અને પછી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શનો શરુ કર્યા હતા તેમના ચિત્ર પ્રદર્શનો લંડન, બર્લિન, ટોકિયો વગેરે સ્થળોએ યોજાયા હતા.

✓ ભૂપેન ખખ્ખરના ચિત્રોમાં ભારતીય મીથકો અને મિથકીય વિષયવસ્તુવાળા ચિત્રોનું પ્રાધાન્ય છે. તેમના ચિત્રો વર્ણાત્મક અને જીવન ચરિત્રાત્મક પણ રહ્યા છે.

✓ ભૂપેન ખખ્ખરની કલાસાધનાનું દિ રોયલ પેલેસ ઓફ આમ્સ્ટર ડેમમાં એવોર્ડ, સ્ટાર ફાઉન્ડેશનની ફેલોશીપ અને પદ્મશ્રી વગેરે દ્વારા થયું છે. તેમના જીવન પર એકાધિક પુસ્તકો લખાયા છે.

✓ અંગ્રેજી વિષે અભ્યાસ ન હોવા છતાં આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત આ ચિત્રકારનું 8 ઓગસ્ટ 2003ના રોજ અવસાન થયું.

## 6. અવકાશ વિજ્ઞાની યુ.આર.રાવ

જન્મ - 10 માર્ચ-1932  અવસાન – 24 જુલાઈ 2017



✓ ગુજરાત જેમની કર્મભૂમિ છે એવા અવકાશવિજ્ઞાની ઉડુપી રામચન્દ્ર રાવ, અર્થાત યુ.આર. રાવનો જન્મ દિવસ.

✓ જન્મ : ઉડુપી-કર્ણાટક.

✓ બીએસસી, એમએસસી મદ્રાસ યુનિવર્સિટીમાંથી કર્યા પછી પી.એચડી. એમણે ડૉ. વિક્રમ સારાભાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટીમાંથી કર્યું હતું.

✓ તેઓ ઇસરો અમદાવાદના ચૅરમૅન હોવા ઉપરાંત કર્મભૂમિ રિસર્ચ લેબોરેટરી અમદાવાદના અને નહેરૂ પ્લેનેટોરિયમ બેંગલોરના ચાન્સેલર રહી ચૂક્યા હતા.

✓ થિરૂઅનંતપુરમની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એન્ડ ટેક્નોલોજીના તેઓ અધ્યક્ષ રહી ચૂક્યા છે.

**સિદ્ધિ / એવોર્ડ :**

- ✓ ઉપગ્રહને લગતી આંતરરાષ્ટ્રીય સંસ્થાના સભ્ય થનાર તેઓ પહેલાં ભારતીય છે.
- ✓ આંતરરાષ્ટ્રીય અવકાશ વિજ્ઞાનીઓની સંસ્થાના પણ તેઓ પહેલા ભારતીય સભ્ય છે. જ્યારે તેઓ પ્રસારભારતીના અધ્યક્ષ હતા ત્યારે તેમને સરકારે પદ્મભૂષણ અને પદ્મ વિભૂષણથી નવાજ્યા હતા.
- ✓ અવકાશ વિજ્ઞાનનું મહત્વ સમજતા રાવે ભારતનાં પહેલાં ઉપગ્રહ આર્યભટ્ટ માટે ઘણું સંશોધન કાર્ય કર્યું હતું.
- ✓ એમના કાર્યકાળ દરમિયાન 17 ઉપગ્રહ કાર્યરત થયા હતા.
- ✓ ASLV અને PSLV નાં નિર્માણમાં તેમની ચાવીરૂપ ભૂમિકા હતી.
- ✓ તેમનું અવસાન 24 જુલાઈ 2017ના રોજ થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (10-03-2021)**

1. માર્ચ 2021ની સ્થિતિ ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણી બદલ કેટલા સંગઠન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે - 42
2. તાજેતર માર્ચ 2021માં વિશ્વમાં બાલિકાવધૂ અંગે કઈ સંસ્થા દ્વારા અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે -UNICEF
3. તાજેતર માર્ચ 2021માં વિશ્વમાં બાલિકાવધૂ અંગે જાહેર કરવામાં આવેલ અહેવાલ મુજબ બાળવિવાહનું દૂષણ ધરાવતા વિશ્વના દેશોમાં ભારતનો સમાવેશ ક્યાં થાય છે - ટોપ-5 દેશ
4. તાજેતર માર્ચ 2021માં વિશ્વમાં બાલિકાવધૂ અંગે જાહેર કરવામાં આવેલ અહેવાલ મુજબ બાળવિવાહમાં છેલ્લા 10 વર્ષમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે - 15%
5. UNICEFનું વિસ્તૃત નામ જણાવો - યુનાઈટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ
6. UNICEFનું મુખ્યમથક જણાવો - ન્યૂયોર્ક, અમેરિકા
7. ઉત્તરાખંડના 10મા નવા મુખ્યમંત્રી તરીકે માર્ચ 2021માં કોની નિમણૂક કરવામાં આવી - તીરથસિંહ રાવત
8. ઉત્તરાખંડના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો - બેબી રાણી મોર્ય
9. ક્વાડની પ્રથમ વર્ચ્યુઅલ બેઠક કયારે યોજાશે - 12 માર્ચ 2021
10. ક્વાડના સભ્ય દેશોના નામ જણાવો - ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા
11. QUADનું વિસ્તૃત નામ જણાવો - ક્વાડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગ
12. QUADની સ્થાપનાનો સૌપ્રથમ વિચાર કયા દેશને આવ્યો હતો - જાપાન, 2007
13. ભૂપેન ખખ્ખરનું ક્ષેત્ર જણાવો - ચિત્રકાર
14. અવકાશ વિજ્ઞાની યુ.આર. રાવનો જન્મદિવસ જણાવો - 10.03.1932
15. અવકાશ વિજ્ઞાની યુ.આર. રાવની કર્મભૂમિ અને જન્મભૂમિ જણાવો - ગુજરાત અને કર્ણાટક

**DATE : 11-03-2021**

**1. આદર સાથે અપનાપન યોજના : ગુજરાત પોલીસ (સુરક્ષા)**




**હેતુ :**

- ✓ ગુજરાત પોલીસે સિનિયર સિટીઝનોની સલામતી માટે નમન, આદર સાથે અપનાપન યોજના.



- ✓ રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોને તાકીદ કરી છે.
- ✓ આદર સાથે અપનાપન યોજનાનો અમલ કરવા DGPનો આદેશ
- ✓ દરેક પોલીસ સ્ટેશનના વિસ્તારમાં એકલા રહેતા સિનિયર સિટીઝન, દંપતિનું પૂરું નામ, સરનામું, ફોન નંબર, ઉંમર, સગા સંબંધી અને પાડોશીના ફોન નંબર સહિતની વિગતો પોલીસે મેળવવાની રહેશે.
- ✓ અન્ય સ્થાનિક સંબંધી, સ્નેહીની વિગતો પણ પોલીસે ઈમરજન્સી સમય માટે મેળવી રાખવાના રહેશે.
- ✓ આ ઉપરાંત પોલીસ સ્ટેશનના અધિકારી અને પેટ્રોલિંગ વાનમાં ફરજ પરના કર્મચારીએ નિયમીત રીતે તેમની મુલાકાત લઈને પોલીસ સ્ટેશનના રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.
- ✓ રાજ્ય પોલીસ વડા : શ્રી આશિષ ભાટિયા

**2. ગેબર ઝેબો પ્રાઈઝ-2021(સંશોધન)**

ભારતના ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની નંબર થિયરીમાં સંશોધન માટે IIT ગાંધીનગરના પ્રોફેસર અતુલ દિક્ષીતને ગેબર ઝેબો પ્રાઈઝ-2021 એનાયત

- ✓ પ્રાઇઝ જીતનાર પ્રથમ ભારતીય ગણિતશાસ્ત્રી
- ✓ ગાંધીનગર આઇઆઇટીના ગણિતના સહાયક પ્રોફેસર અતુલ દિક્ષીતે સોસાયટી ફોર ઇન્ડસ્ટ્રીયલ એન્ડ એપ્લાઇડ મેથેમેટિક્સ યુએસએ દ્વારા આપવામાં આવતા પ્રતિષ્ઠીત ગેબર ઝેબો પ્રાઇઝ 2021 જીત્યુ.

**પ્રદાન :**

- ✓ ભારતના પ્રતિષ્ઠીત ગણિતશાસ્ત્રી રામાનુજનના કાર્યને સંદર્ભમાં લઇને સ્પેશિયલ ફંક્શનનો ઉપયોગ કરીને નંબર થિયરીને લગતા સમસ્યાઓના ઉકેલ માટે પ્રોફેસરને આ પ્રાઇઝ આપવામાં આવ્યુ.

**એવોર્ડ વિશે :** ધ સિઆમ ફેક્ટિવીટી ગ્રુપ ઓન ઓર્થોગોનલ પોલિનોમિયલ્સ એન્ડ સ્પેશ્યલ ફંક્શનમાં ઓર્થોગોનલ

પોલિનોમિયલ્સ એન્ડ સ્પેશ્યલ ફંકશનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સંશોધન યોગદાન માટે દર બે વર્ષે કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં હોય તેવા એક સંશોધનકર્તાને ગેબર ઝેબો પ્રાઇઝ આપે છે.

- ✓ ખાસ કરીને રામાનુજનના કાર્યને સંદર્ભમાં લઇને સ્પેશ્યલ ફંકશનનો ઉપયોગ કરીને નંબર થિયરીને લગતી સમસ્યાઓના ઉકેલ માટે પ્રોફેસર અતુલ દિક્ષિતના પ્રભાવશાળી વૈજ્ઞાનિક કાર્ય માટે એવોર્ડ
- ✓ આ એવોર્ડ પ્રથમ ઓર્થોગોનલ પોલિનોમિયલ્સ, સ્પેશ્યલ ફંકશન્સ એન્ડ એપ્લિકેશન્સના આંતરરાષ્ટ્રિય સિમ્પોઝિયમમાં એનાયત થવાનો હતો.

**3. નિધન : બ્રહ્માકુમારી સંસ્થાના વડા 93 વર્ષીય દાદી હૃદયમોહિનીનું મુંબઇમાં અવસાન**

- ✓ બ્રહ્માકુમારી સંસ્થાના વડા દાદી હૃદયમોહિની (ગુલઝાર દાદી)નું 93 વર્ષની ઉંમરે અવસાન.
- ✓ એર એમ્બુલન્સ દ્વારા તેમનો પાર્થિવ દેહ સાંજે માઉન્ટ આબુ સ્થિત વડા મથક શાંતિવન લઈ જવાયો.
- ✓ તેમના અંતિમ સંસ્કાર અહીંની જ્ઞાન સરોવર અકાદમીમાં કરાશે.

**પરિચય :**

- ✓ દાદી હૃદયમોહિનીનો જન્મ 1928માં થયો હતો. તેમનું બાળપણનું નામ શોથા હતું.
- ✓ તેમણે આઠ જ વર્ષની ઉંમરે બ્રહ્મા બાબા દ્વારા શરૂ કરાયેલી બોર્ડિંગ સ્કૂલમાં અભ્યાસ શરૂ કર્યો હતો.
- ✓ બોર્ડિંગ સ્કૂલમાં ફક્ત ચોથા ધોરણ સુધી અભ્યાસ પછી તેઓ ધ્યાનમાં બેસતા ત્યારે તેમને દિવ્ય અનુભૂતિઓ થતી હતી.
- ✓ બ્રહ્માકુમારીના 104 વર્ષીય તત્કાલીન મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી જાનકીના નિધન પછી 27 માર્ચ, 2020ના રોજ ગુલઝાર દાદીને તેમના ઉત્તરાધિકારી બન્યા હતા.

**4. નિમણૂક : લોકસભામાં કોંગ્રેસના નેતા તરીકે રવનીતસિંહ બિટ્ટુની નિમણૂક**

- ✓ અગાઉ આ પદે અધિર રંજન ચૌધરી હતી.

**5. વૈશ્વિક બાબતો : ભારતમાંથી પસાર થતી બ્રહ્મપુત્રા નદી ઉપર બંધ બાંધવાની યોજનાને ચીની સંસદ દ્વારા મંજૂરી**

- ✓ પંચવર્ષિય યોજનાનો સમયગાળો : વર્ષ 2021 થી વર્ષ 2025
- ✓ ચીની સંસદ દ્વારા 14મી પંચવર્ષીય યોજનાને મંજૂરી આપવા સાથે પોતાના દેશમાં વિકાસ કાર્યોને ગતિ આપવાની જાહેરાત કરી હતી.
- ✓ આ સાથે જ તેણે ભારત અને બાંગ્લાદેશને નવી રીતે પરેશાન કરવાની મેલી મુરાદ રજૂ કરી દીધી છે.
- ✓ 14મી પંચવર્ષીય યોજનાને મંજૂરી આપવા સાથે સાથે તેણે બ્રહ્મપુત્રા નદી ઉપર તિબેટ પાસે બંધ બાંધવાની અને હાઇડ્રોપાવર પ્રોજેક્ટ બનાવવાની પરવાનગી પણ આપી દીધી છે.
- ✓ આ બંધ ભારતના અરૂણાચલપ્રદેશની પણ નજીક હોવાથી ભારત માટે સૌથી મોટું જોખમ રહેલું છે.

**ભારતનો સખત વિરોધ :**

- ✓ આ બંધના નિર્માણ દ્વારા ભારતીય હિતોને નુકસાન થવું જોઇએ નહીં. જો ભારતનાં હિતોને કોઇપણ સ્તરે અને કોઇપણ સમયે નુકસાન થતું જણાશે તો તાકીદે કાઉન્ટર એક્શન લેવામાં આવશે.
- ✓ ચીને ગત વર્ષે આ બંધ બાંધવાની જાહેરાત કરી હતી. ભારતે પણ તેના જવાબમાં અરૂણાચલપ્રદેશ ખાતે એક બંધ બાંધીને હાઇડ્રોપાવર પ્રોજેક્ટ બનાવવાની વાત કરી હતી.
- ✓ ભારતે બ્રહ્મપુત્રાના મુખ્ય પ્રવાહને જોડતી સિઆંગ એટલે કે તેની શાખા ઉપર જ 10 ગીગા વોટનો ડેમ બનાવવાની જાહેરાત કરી હતી.
- ✓ ચીનમાં સામ્યવાદી શાસન પદ્ધતિ છે. ખાસ કોઇ ફાયદો ન કરાવતી હોવાથી સામ્યાવાદશાહીને જગતના મોટા ભાગના દેશોએ તિલાંજલી આપી દીધી છે.
- ✓ ચીન-ક્યુબા-ઉત્તર કોરિયા જેવા બે પાંચ દેશો છે, જ્યાં સામ્યવાદશાહી ચાલે છે. હકીકતે એ સરમુખત્યારશાહી છે, પણ આધુનિક યુગમાં સામ્યવાદના નામે ઓળખાય છે.
- ✓ સામ્યવાદી ચીનમાં ઝિનપિંગ સર્વેસર્વા છે. એ દેશનું સંચાલન કરે, જ્યારે નીતિ-નિર્ધારણનું કામ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇના (સીપીસી) દ્વારા થતું હોય છે.
- ✓ 2 હજાર સભ્યો ધરાવતી સીપીસીની બેઠક ચાલી રહી છે. તેમાં ચીનની 14મી પંચવર્ષિય યોજના રજૂ કરવામાં આવી છે.
- ✓ પંચવર્ષિય યોજના ભારત માટે નવી નથી, પરંતુ ભારતમાં ભાગ્યે જ કોઇ પંચવર્ષિય યોજનાના લક્ષ્યાંકો પુરા થઈ શક્યા છે.
- ✓ ચીનમાં પંચવર્ષિય યોજનાના લક્ષ્યાંકો જો પુરાં ન થાય તો જવાબદાર નેતા અને અધિકારીઓ ફાંસીએ લટકતા હોય..
- ✓ ચીને 2021થી 2025 દરમિયાન દેશના વિકાસ માટે શું શું કરવું તેના 60 પ્રસ્તાવ રજૂ કર્યા છે.
- ✓ પ્રસ્તાવમાં દેશને અગ્રણી અર્થતંત્ર બનાવી રાખવું, સરેરાશ સાત ટકાના દરે વિકાસ કરવો, બેરોજગારીનો દર 5.5 ટકાથી નીચો રાખવો, 65 ટકા વસ્તીને શહેરોમાં સમાવી લેવી, સરેરાશ આયુષ્ય કમસેકમ એક વર્ષ વધે એ પ્રકારે હેલ્થી સમાજ બનાવવો, ગ્રીન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવું, સર્વોત્તમ ક્વોલિટીના રોડ-રસ્તા બાંધવા, વિજ્ઞાન-ટેકનોલોજી ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવો.. વગેરે લક્ષ્યાંકો રખાયા છે.
- ✓ **શાસક પક્ષ : કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇના**

**6.ચીન-વિશ્વનો પ્રથમ વાઇરસ પાસપોર્ટ લોન્ચ (આરોગ્ય)**

**વાઇરસ પાસપોર્ટ વિશે :**

- ✓ ચીને તેના આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે હેલ્થ સર્ટિફિકેટ પ્રોગ્રામ અંતર્ગત વાઇરસ પાસપોર્ટ લૉન્ચ કર્યો. તે આમ કરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો.
- ✓ હવે ચીનમાં આવતા કે ચીનમાંથી જતા લોકો પાસે એક ડિજિટલ સર્ટિ. હશે, જે યુઝરનું વેક્સિન સ્ટેટસ અને ટેસ્ટ રિઝલ્ટ્સ જણાવશે.
- ✓ આ સર્ટિ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વીચેટ પર ઉપલબ્ધ રહેશે. જોકે, તે માત્ર ચીની નાગરિકો માટે ઉપલબ્ધ હશે.

7. દિન વિશેષ : 11 માર્ચ

(1) દુખ:દ કોરોના મહામારીનું એક વર્ષ પૂર્ણ

- ✓ 11 માર્ચ-2020ના રોજ WHO દ્વારા નોવેલ કોરોના વાઈરસને વૈશ્વિક મહામારી જાહેર કરી હતી.
- ✓ **સમયગાળો :** તા. 11 માર્ચ-2020 થી તા.11 માર્ચ-2021 એક વર્ષ

(2) દિન વિશેષ : 11 માર્ચ વર્લ્ડ નો સ્મોકિંગ ડે

8. જન્મ દિન વિશેષ : 11 માર્ચ

પ્રજાવત્સલ રાજવી : મહારાજા સયાજીરાવ ગાયકવાડ

જન્મ - 11 માર્ચ-1863 અવસાન – 1939




- ✓ પ્રજાવત્સલ વડોદરાના મહારાજા સયાજીરાવ ત્રીજાનો જન્મ તા. 11-3-1863ના રોજ થયો હતો.
- ✓ રાજસત્તા લોકાભિમુખ કેવી હોય એ મહારાજા સયાજીરાવના રાજવહીવટ પરથી જાણવા મળે છે.
- ✓ વડોદરાના મહારાણી જમનાબાઈએ નાસિકના કવલાના ગામથી આવેલા ગોપાલરાવને દત્તક લઈ સયાજીરાવ ત્રીજા એવું નામ આપ્યું.
- ✓ માત્ર 12 વર્ષની વયે મહારાજા બનેલા સયાજીરાવ પુખ્ત થતા સુધીમાં દીવાન માધવરાવ પાસે રાજનીતિના પાઠ ભણ્યા.
- ✓ વડોદરાનાં કાપડ ઉધોગને ખીલવવા એમણે મહત્ત્વનું યોગદાન આપ્યું.

**પ્રદાન :**

- ✓ 1908માં દેશવિદેશમાં પ્રતિષ્ઠિત બૅંક ઑફ બરોડાની સ્થાપનામાં પ્રારંભિક મૂડીદાન.
- ✓ પ્રવાસની સુવિધા માટે રેલવે.
- ✓ વડોદરાના પ્રજાજનોને પાણીની સગવડ માટે આજવા સરોવર.
- ✓ પ્રજા માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત.
- ✓ વડોદરામાં સેન્ટ્રલ લાઈબ્રેરી અને દરેક ગામે પુસ્તકાલય.
- ✓ વડોદરામાં શહેરની વચ્ચે કમાટીબાગ, યાજીરાવ બાળવિવાહ પ્રતિબંધ, અસ્પૃશ્યતા નિવારણ, સંસ્કૃતનો પ્રચાર.
- ✓ દેશવિદેશના વિવિધ ક્ષેત્રોના વિદ્વાનો બાબાસાહેબ આંબેડકર, શ્રી અરવિંદ, રવિ વર્મા, દાદાભાઈ નવરોજી વગેરેને આમંત્રયા.
- ✓ તેમણે સરકારની વિરુદ્ધ જઈને પણ આઝાદીની લડતને ટેકો આપ્યો હતો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (11-03-2021)**

1. ગુજરાત પોલીસે ખાસ કરીને એકલા રહેતા સિનિયર સિટીઝનની સલામતી, નમન અને આદર માટે તાજેતરમાં કઇ ખાસ યોજના અમલમાં મૂકી છે - આદર સાથે અપનાપન યોજના
2. ગુજરાતના વર્તમાન DGPનું નામ જણાવો - શ્રી આશિષ ભાટીયા
3. "આદર સાથે અપનાપન યોજના" અંતર્ગત ગુજરાત પોલીસે જે-તે પોલીસ સ્ટેશનના વિસ્તારમાં કોની માહિતી એકત્રિત કરવાની રહેશે- એકલા રહેતા સિનિયર સિટીઝન અથવા દંપતિ
4. ભારતમાં પ્રથમવાર કયા ગણિતશાસ્ત્રીને વિશ્વનો પ્રતિષ્ઠિત 'ગેબર ઝેબો પ્રાઈઝ'-2021થી સન્માનિત કરવામાં આવ્યા - પ્રો.અતુલ દિક્ષીત,IIT-ગાંધીનગર
5. પ્રતિષ્ઠિત 'ગેબર ઝેબો પ્રાઈઝ' કઇ સંસ્થા દ્વારા આપવામાં આવે છે - સોસાયટી ફોર ઇન્ડસ્ટ્રીયલ એન્ડ એપ્લાઇડ મેથેમેટિક્સ- યુ.એસ.એ.
6. ભારતના કયા ગણિતશાસ્ત્રીના કાર્યના સંદર્ભને લઈને સ્પેશિયલ ફંક્શનનો ઉપયોગ કરીને નંબર થિયરીને લગતા સમસ્યાઓના ઉકેલ માટે પ્રો.અતુલ દીક્ષિતને 'ગેબર ઝેબો પ્રાઈઝ'-2021 અપાયું - શ્રીનિવાસ રામાનુજન
7. તાજેતરમાં મુંબઈમાં અવસાન પામેલ 93 વર્ષીય દાદી હ્રદયમોહિની-ગુલઝાર દાદી કઇ સંસ્થા સાથે જોડાયેલા હતા - બ્રહ્માકુમારી
8. તાજેતર માર્ચ 2021માં લોકસભામાં કોંગ્રેસના નેતા તરીકે કોની નિમણૂક કરાઇ - રવનિતસિંહ બિટ્ટુ
9. તાજેતર માર્ચ 2021માં ભારતમાંથી પસાર થતી કઈ નદી ઉપર ચીનમાં બંધ બાંધવાની મંજૂરી અપાઈ જેનો ભારત દ્વારા સખત વિરોધ કરાયો છે - બ્રહ્મપુત્રા
10. ચીનનો મુખ્ય પક્ષ જણાવો - કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇના
11. તાજેતર માર્ચ 2021માં આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે વિશ્વમાં સૌપ્રથમ 'વાયરસ પાસપોર્ટ' કયા દેશ દ્વારા લૉન્ચ કરાયો - ચીન
12. 'વાયરસ પાસપોર્ટ'ની વિશેષતા જણાવો - એક ડિજિટલ સર્ટી જેમાં યુઝરનું વેક્સિન સ્ટેટસ અને ટેસ્ટ રીઝલ્ટ હશે
13. તાજેતર માર્ચ 2021માં WHO દ્વારા નોવેલ કોરોના વાયરસને વૈશ્વિક મહામારી જાહેર કર્યાના કેટલા વર્ષ પૂર્ણ થયા – 1 વર્ષ
14. ભારતમાં 'નો સ્મોકિંગ ડે' ક્યારે ઉજવાય છે - 11 માર્ચ
15. પ્રજા માટે વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરનાર વડોદરાના પ્રજાવત્સલ મહારાજા સયાજીરાવ ગાયકવાડનો જન્મદિવસ જણાવો – 11 માર્ચ 1863

**DATE : 12-03-2021**

1. આઝાદી કા અમૃત મહોત્સવનો રાષ્ટ્ર વ્યાપી પ્રારંભ – 12 માર્ચ-2021 : સાબરમતી ગાંધી આશ્રમ, અમદાવાદ

**ઉજવણી વિશે :**

વડાપ્રધાન શ્રી મોદીની ઉપસ્થિતિમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીનો દેશ વ્યાપી શુભારંભ

- ✓ દિવસ : 24
- ✓ રૂટ : સાબરમતી ગાંધી આશ્રમથી દાંડી (નવસારી)
- ✓ લંબાઈ : 386 કિ.મી.

**રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો :**

- ✓ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ગુજરાતમાં આયોજીત વિવિધ કાર્યક્રમો

✓ 75 અઠવાડિયા સુધી અનેક કાર્યક્રમોથી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરાશે
✓ 12મી માર્ચે સાબરમતી આશ્રમથી પદયાત્રીઓ દ્વારા દાંડીકૂચનો પ્રારંભ જે 5મી એપ્રિલે દાંડી પહોંચશે
✓ અમદાવાદ, રાજકોટ, પોરબંદર, માંડવી, કચ્છ, બારડોલી, દાંડી જેવા ઐતિહાસિક સ્થળો ઉપરાંત રાજ્યના 75 સ્થળોએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી
✓ વિવિધ કાર્યમોમાં પદાધિકારીઓ, અગ્રણીઓ, મંત્રીશ્રીઓ રહેશે ઉપસ્થિત
✓ સમગ્ર રાજયમાં આઝાદીનું ગૌરવગાન કરાશે અને સ્વાતંત્ર્ય વીરોની શૌર્ય ગાથાઓને ઉજાગર કરાશે.

2. 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે પ્રારંભ (ઇતિહાસ)

✓ તારીખ - 12 માર્ચ 2021
✓ સ્થાન : સાબરમતી ગાંધી આશ્રમ, અમદાવાદ




✓ ઉજવણીનો સમયગાળો : 15મી ઓગસ્ટ 2022 થી 75 સપ્તાહ પૂર્વે આજથી તારીખ 12 માર્ચથી શરૂ થતા આ મહોત્સવની ઉજવણી 15 ઓગસ્ટ 2023 સુધી ચાલશે (અપડેટ વિગત)
✓ દાંડી જવાં માટે 81 પદયાત્રીઓને વડાપ્રધાને ઝંડી ફરકાવીને વિદાય આપી

વેબસાઇટ વિશે

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃત મહોત્સવનો આરંભ કરાવતા india75.nic.in નામની વેબસાઈટ લોન્ચ કરી હતી.
✓ તેમાં શ્રેષ્ઠ ભારતની પરિકલ્પનાની વાત કરવામાં આવી છે. તેમ જ ભારતમાં થઈ રહેલા અને થયેલા વિકાસની વાતો પણ મૂકવામાં આવશે.
✓ દરેક ભાષા અને દરેક રાજ્યનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
✓ ભારતને વિશ્વના મંચ પર પ્રોજેક્ટ કરવાની કામગીરી પણ આ વેબ પોર્ટલના માધ્યમથી કરવામાં આવશે.
✓ ખાસ-વિશિષ્ટ પ્રકારના ચરખાનું પણ લોન્ચિંગ કરાયું
✓ ઉપસ્થિતિ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી પ્રહલાદ જોષી

3. ખેલકૂદ - સિદ્ધિ : ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજ 10 હજાર રન પૂરા કરનારી ભારતની પહેલી મહિલા ક્રિકેટર

અન્ય સિદ્ધિ

✓ વન-ડેમાં સૌથી વધુ રન
✓ સચિન તેંડુલકર બાદ સૌથી લાંબી કારકિર્દી

4. ભારતીય ચિત્રકાર : સિદ્ધિ

ચિત્રકાર વી.એસ. ગાયતોન્ડેનું પેઇન્ટિંગ રૂ. 39.98 કરોડની કિંમતમાં હરાજી-વેચાયું (કલા)

✓ ભારતમાં અત્યાર સુધી સૌથી મોંઘું ચિત્ર
✓ હરાજી : મુંબઈ
✓ ચિત્ર વર્ષ 1961માં દોરાયુ હતું
✓ વર્ષ 2001માં ચિત્રકાર ગાયતોન્ડેનું અવસાન

5. સાહિત્ય અકાદમી એવોર્ડ:2020 - નવી દિલ્હી

(1) ગુજરાતી સાહિત્ય

ગુજરાતી કવિ હરીશ મીનાશ્રુની સાહિત્ય અકાદમી એવોર્ડ 2020 માટે પસંદગી




✓ રચના : બનારસ ડાયરી, વર્ષ 2016

(2) અંગ્રેજી સાહિત્ય

રાજકારણી-લેખક એમ.વીરપ્પા મોઇલી-કર્ણાટક

✓ કવિતા : વેન ગોડ ઈઝ એ ટ્રાવેલર

ઇનામી રકમ : રૂપિયા એક લાખ, શાલ અને તામ્રપત્ર

6. ક્વાડની વર્ચ્યુઅલ બેઠક : તારીખ 12 માર્ચ 2021

✓ ક્વાડ : ક્વાડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગ
✓ અન્ય નામ : ક્યૂસીડ
✓ સભ્ય દેશો : ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા
✓ ચાર દેશોના વડાઓની ઉપસ્થિતિ

બેઠકના મહત્વના બિંદુઓ :

યુએસ પ્રમુખ જો બાઈડેન :

✓ વિશ્વના લાભાર્થે ભારતમાં કોરોના રસી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા નવી મહત્વકાંક્ષી સંયુક્ત ભાગીદારી શરૂ કરવાની જાહેરાત

વડાપ્રધાન મોદી

✓ ઈન્ડો પેસિફિક વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે એ માટે ચારેય દેશ કોમન પ્લેટફોર્મ પર આવ્યા છે.
✓ ઈન્ડો પેસિફિક વિસ્તાર ફ્રી ફોર ઓલ રહે એ આપણી પ્રાથમિકતા.
✓ ઈન્ડો એટલે હિન્દ મહાસાગરનો સમુદ્રી વિસ્તાર અને પેસેફિક એટલે પેસેફિક મહાસાગર જેના છેડે ઓસ્ટ્રેલિયા, જાપાન, અમેરિકા દેશો આવેલા છે.


ક્વાડનો હેતુ :

✓ આ સંગઠન મૂળભૂત રીતે ચીનના ખતરાને પહોંચી વળવા રચાયું છે. તેનો ઉદ્દેશ જ સુરક્ષા અંગેનો છે.

7. દિન વિશેષ : 12 માર્ચ

(1) દાંડીકૂચનો પ્રારંભ : 12 માર્ચ 1930

દાંડીકૂચનો રૂટ




**કૂચની જરૂર શા માટે પડી ?**

- ✓ અંગ્રેજોને જ્યારે આવક ઓછી પડે ત્યારે ભારતીય પ્રજા પર કોઇ પ્રકારનો કર વધારી દેતા હતા.
- ✓ 1920ના દાયકામાં અંગ્રેજોએ મીઠા પર કર વધારવાની શરૂઆત કરી 2400 ટકા કરી દેવાયો હતો ! 1925-26ના વર્ષની બ્રિટિશ સરકારની સમગ્ર ભારતની કુલ આવકમાંથી 19.7 ટકા આવક મીઠાંના કરમાંથી થઇ હતી.
- ✓ પરિણામે ગાંધીજીએ કૂચ કરીને | કાયદાનો ભંગ કરવાનું આયોજન ઘડી કાઢ્યું હતું. પણ કૂચ કરવાથી અંગ્રેજોને શું ફરક પડશે અને કૂચ સફળ થશે કે કેમ એ વિશે સ્થાનિકથી લઈને રાષ્ટ્રિય સ્તર સુધીના આગેવાનો દ્વિધામાં હતા. પણ ગાંધીજી પોતાની લડત અને લડતની પદ્ધતિ અંગે બહુ સ્પષ્ટ હતા.

**પ્રવાસનું અદભૂત આયોજન**

- ✓ આજના નેશનલ હાઈ-વેના યુગમાં સાબરમતી આશ્રમથી દાંડીનું અંતર પોણા ત્રણસો કિલોમીટર થાય છે. પરંતુ એ જમાનામાં આજના જેવા હાઈ વે ન હતા. વળી વધુને વધુ લોકોને ભાગીદાર બનાવી શકાય એ માટે એક પછી એક ગામ ફરતાં જવાનું પ્રવાસ આયોજન કરાયું હતું.
- ✓ એટલે સાબરમતીથી નીકળ્યા ત્યાં સુધીમાં દાંડીકૂચ કુલ 40 ગામોમાંથી પસાર થઈ હતી અને મહી, વાત્રક જેવી દસ નદી પસાર કરી હતી.
- ✓ દાંડીયાત્રા શરૂ તો 12મી માર્ચે થઈ હતી, પરંતુ પૂર્ણાહુતી 24 દિવસ પછી 6ઠ્ઠી એપ્રિલે થઈ હતી. એ દરમિયાન દેશ વિદેશના અનેક પત્રકારો, ગાંધીપ્રેમીઓ આ યાત્રામાં જોડાયા હતા અને વ્યાપક ધોરણે દાંડીની પ્રસિદ્ધિ થઈ હતી.

**કુચ ક્યાં પુરી કરવી ?**

- ✓ શરૂઆતમાં દાંડી સુધી કૂચ કરવાનો વિચાર ન હતો. બોરસદ તાલુકામાં મહી નદીના કાંઠે આવેલા ગામ બદલપુર સુધી જઈને જ પરત ફરવાનું હતું.
- ✓ જો એ સ્થળ પસંદ થયું હોત તો કૂચ પોણા ચારસોને બદલે સો કિલોમીટર સુધીની જ થઈ હોત.
- ✓ પરંતુ સુરતના કાર્યકરતા કલ્યાણરાય મહેતા અને અન્ય સાથીદારોએ ગાંધીજીને કહ્યું કે તમારો પ્રવાસ લંબાવી દો, તો વધારે અસર થશે.
- ✓ ગાંધીજીના ગળે એ વાત ઉતરી એટલે તેમણે સ્થળ શોધવાની સૂચના આપી.
- ✓ એ માટે એક નાનકડી સમિતિ પણ બની અને ગાંધીજીના સાથીદાર મહાદેવભાઈ પોતે બારડોલી પહોંચ્યા હતા. આસપાસના ઘણા ગામો ફર્યા પછી દાંડીનો દરિયાકિનારો પસંદ કરાયો.

**બાપુને બદલે સરદાર કેદ થયા**

- ✓ અંગ્રેજો ગાંધીજીને કૂચ શરૂ કરતાં પહેલા જ પકડી લે એવી પૂરી શક્યતા હતી. ગાંધીજી પોતે પણ ગમે ત્યારે ધરપકડ થશે એમ માનીને જ ચાલતા હતા.
- ✓ પોતાની ધરપકડ થાય તો શું કરવું તેની સૂચના સાથીદારોને આપી રાખી હતી. એ સ્થિતિ વચ્ચે અંગ્રેજોએ રાસ ગામેથી 7મી માર્ચે સરદાર પટેલને પકડી લીધા હતા.
- ✓ સરકારે સરદારને 500 રૂપિયાનો દંડ અને 3 માસની કેદ ફરમાવી હતી.

**(2) વિશ્વ કિડની દિવસ : 12 માર્ચ**

**થીમ-2021 : Living Weel With Kidney Disease**

World Kidney Day™

**નેશનલ ફેમિલી હેલ્થનો સરવે**

**કિડનીને લગતા બિમારીનું પ્રમાણ**


**મહિલા : 11.36 ટકા**

**પુરુષ : 9.48 ટકા**

- ✓ નેશનલ ફેમિલી હેલ્થ સરવે-4 અને 5ના અભ્યાસ મુજબ, પુરુષોની સરખામણીએ મહિલામાં હાઇપર ટેન્શન, ડાયાબિટીસ અને હાઇકોલેસ્ટ્રોલને કારણે ક્રોનિક કિડની ડિસીઝનું પ્રમાણ વધ્યું છે.
- ✓ ખાસ કરીને પુરુષો અને મહિલાના તુલનાત્મક અભ્યાસમાં શહેરી મહિલામાં બ્લડપ્રેશરના પ્રમાણમાં 8.2 ટકાનો વધારો નોંધાયો છે, જેમાં સૌથી વધુ 50થી વધુ વયની મહિલાઓમાં કિડની ફેલ્યોરનું પ્રમાણ વધી રહ્યું છે.

**8. જન્મ દિન વિશેષ : 12 માર્ચ**

**(1) દાંડી કૂચના ચિત્રકાર: કનુ દેસાઈ**




જન્મ - 12 માર્ચ-1907 અવસાન – 8 ડિસેમ્બર-1980

✓ આજના દિવસે 1930ના વર્ષે દાંડીકૂચનો પ્રારંભ થયો હતો. આજ દાંડીયાત્રાના ચિત્રો કંડારનાર કનુ દેસાઇનો જન્મદિન પણ છે.

✓ ભરૂચમાં જન્મેલા કનુ દેસાઇનો ઉછેર અમદાવાદમાં થયો હતો.1921માં યોજાયેલી હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં સ્વયંસેવક તરીકે જોડાઇ જાહેરજીવનમાં પદાર્પણ કર્યું હતું.

✓ તેના બીજા જ વર્ષે કલાગુરુ રવિશંકર રાવળ પાસેથી કળાશિક્ષણ પ્રાપ્ત કર્યું. 1930માં ગાંધીજીના જીવન માટે મહાભિનિષ્ક્રમણ સમી દાંડીકૂચ શરૂ થતાં તેના ચિત્રો દોર્યા તેનું આલ્બમ કુમાર કાર્યાલય દ્વારા બહાર પડ્યું હતું.

✓ જે દાંડીકૂચનું ચિત્રમય દસ્તાવેજીકરણ બન્યું. 1938માં હરિપુરામાં યોજાયેલી મહાસભામાં ડેલિગેટ બનવા સાથે અધિવેશન સ્થળને સુશોભિત કરવાનું કામ પણ કનુ દેસાઈએ કર્યું હતું.

✓ તેમના કળાકીય સર્જનો "જીવન મંગલ "અને "નૃત્યરેખા "શીર્ષક તળે પ્રકાશિત થયા છે. તેઓએ ફિલ્મોના સેટ અને આર્ટ ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું હતું. જેમાં રામરાજ્ય, ભરત મિલાપ વગેરે ફિલ્મોનો સમાવેશ થાય છે.

✓ તેમની કળાસાધના રણજિતરામ સુવર્ણચંદ્રક, બેસ્ટ આર્ટ ડિરેકશનનો ફિલ્મ ફેર એવોર્ડ અને ગુજરાત ગૌરવ એવોર્ડ વગેરેથી પોંખાઇ છે.

✓ ગુજરાતના કળા જગતમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કનુ દેસાઈનું 8 ડીસે.1980 ના રોજ અવસાન થયું હતું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (12-03-2021)

1. મહાત્મા ગાંધી દ્વારા દાંડીયાત્રાનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો - 12 માર્ચ 1930
2. આઝાદીના 75 વર્ષ અંતર્ગત રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો પ્રારંભ ક્યાંથી અને ક્યારે થયો - સાબરમતી ગાંધી આશ્રમ અમદાવાદ અને 12 માર્ચ 2021
3. સાબરમતી આશ્રમથી દાંડી સુધીનું દાંડીયાત્રાના રૂટનું કુલ અંતર જણાવો - 386 કિલોમીટર
4. તાજેતરમાં શરૂ થયેલી દાંડીકૂચનો સમયગાળો અને પદયાત્રીઓની સંખ્યા જણાવો - 12 માર્ચથી 05 એપ્રિલ 2021, 81 પદયાત્રી
5. ગુજરાતમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત કુલ કેટલા સ્થળોએ કુલ કેટલા સપ્તાહ ઉજવણી કરાશે - 75-75
6. દેશવ્યાપી 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીનો સમયગાળો જણાવો - 12 માર્ચ 2021 થી 15 ઓગસ્ટ 2023
7. આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાન દ્વારા કઈ નવી વેબસાઈટ લોન્ચ કરાઈ - india75.nic.in
8. તાજેતરમાં કઇ પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટરે 10,000 રન પુરા કર્યા - મિતાલી રાજ
9. માર્ચ 2021માં મુંબઇ ખાતે કયા ભારતીય ચિત્રકારનું પેઇન્ટિંગ રેકોર્ડ બ્રેક રૂ.39.98 કરોડમાં વેચાયું - વી.એસ. ગાયતોન્ડે
10. તાજેતર માર્ચ 2021માં કયા ગુજરાતી કવિની સાહિત્ય અકાદમી એવોર્ડ-2020 માટે પસંદગી કરાઇ - હરીશ મીનાશ્રુ
11. ગુજરાતી કવિ હરીશ મિનાશ્રુના કયા કાવ્ય પુસ્તક માટે સાહિત્ય અકાદમી એવોર્ડ -2020 પસંદગી કરાઇ - બનારસ ડાયરી (વર્ષ 2016)
12. તાજેતર માર્ચ 2021માં કયા અંગ્રેજી કવિની સાહિત્ય અકાદમી એવોર્ડ-2020 માટે પસંદગી કરાઇ - એમ. વીરપ્પા મોઇલી, કર્ણાટક
13. અંગ્રેજી લેખક વીરપ્પા મોઇલીના કયા પુસ્તક માટે સાહિત્ય અકાદમી એવોર્ડ -2020 પસંદગી કરાઇ - વેન ગોડ ઇઝ એ ટ્રાવેલર
14. સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતાને કેટલી ઇનામી રકમ આપવામાં આવે છે - રૂ.1 લાખ
15. તાજેતરમાં ક્વાડના દેશોની પ્રથમ બેઠક ક્યારે યોજાઇ - 12 માર્ચ 2021
16. તાજેતરમાં ક્વાડના દેશોની પ્રથમ વર્ચ્યુઅલ બેઠકમાં કયા કયા દેશોના વડાઓએ ભાગ લીધો - ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા
17. ક્વાડનું વિસ્તૃત નામ એટલે શું - ક્વાડ્રીલેટરલ સિક્યુરિટી ડાયલોગ
18. ક્વાડનું અન્ય નામ જણાવો - ક્યૂસીડ
19. ક્વાડના સભ્ય દેશો જણાવો - ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા
20. દાંડીકૂચનો પ્રારંભ ક્યારે થયો હતો - 12 માર્ચ 1930
21. 'વિશ્વ કિડની દિવસ' 2021ની થીમ જણાવો- 'Living Weel With Kidney Disease
22. તાજેતરના નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના આંકડા મુજબ મહિલા અને પુરુષોમાં કિડનીના રોગોનું પ્રમાણ કેટલા ટકા હોય છે - મહિલા- 11.36% અને પુરૂષ -9.48%
23. વિશ્વ કિડની દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - 12 માર્ચ
24. દાંડીકૂચના ચિત્રકાર કનુભાઇ દેસાઇનો જન્મદિવસ જણાવો - 12 માર્ચ 1907
25. દાંડીકૂચનું ચિત્રમય દસ્તાવેજીકરણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું - ચિત્રકાર કનુભાઇ દેસાઇ

## DATE : 13-03-2021

### 1. અમરનાથ યાત્રા (ધર્મ)

વર્ષ 2021ની અમરનાથ યાત્રા યોજવા અમરનાથ શ્રાઈન બોર્ડનો નિર્ણય




- ✓ **સમયગાળો :** તા. 28મી જૂન-2021 થી તા. 22મી ઓગસ્ટ-2021
- ✓ માત્ર બાલતાલ રૂટથી પ્રારંભ થશે


**અમરનાથ યાત્રા વિશે :**

- ✓ **વયમર્યાદા :** 13 વર્ષથી નાના બાળકો અને 75 વર્ષથી મોટા વૃદ્ધો યાત્રા નહીં કરી શકે.
- ✓ એડવાન્સ રજિસ્ટ્રેશન 1 એપ્રિલથી શરૂ થશે.
- ✓ સતત બે વર્ષ અડચણ બાદ આ વખતે અમરનાથ યાત્રા પૂરા 56 દિવસ ચાલશે.
- ✓ 28 જૂન (અષાઢી ચોથ)થી શરૂ થઈને યાત્રા 22 ઓગસ્ટ (શ્રાવણી પૂનમ) સુધી ચાલશે.
- ✓ આ વખતે બધા જ અખાડા પરિષદો, આચાર્ય પરિષદોને યાત્રા માટે ખાસ આમંત્રણ અપાશે.
- ✓ યાત્રાળુઓ માટે શ્રીનગરથી પવિત્ર ગુફા સુધી હેલિકોપ્ટર સુવિધા પણ હશે.
- ✓ યાત્રાળુઓનો દુર્ઘટના વીમો પણ રૂ. 3 લાખથી વધારી રૂ. 5 લાખ કરાયો.
- ✓ આ વખતે એક રૂટ પર એક દિવસમાં 7,500ના બદલે 10 હજાર યાત્રાળુઓને મંજૂરી.
- ✓ યાત્રાના માર્ગ પર કાયમી આશ્રય વિશ્રામસ્થળ, આરોગ્ય કેન્દ્રો અને કોમ્યુનિટી કિચન બનાવવા અંગે વિચારણા
- ✓ આ સુવિધા દેશભરમાં પંજાબ નેશનલ બેન્ક, જમ્મુ એન્ડ કાશ્મીર બેન્ક તથા યસ બેન્કની 446 નિર્ધારિત શાખાઓ પર ઉપલબ્ધ રહેશે.
- ✓ પહેલીવાર શ્રીનગરથી અમરનાથ ગુફા સુધી હેલિકોપ્ટર સેવા માટે પહલગામ ડેવલપમેન્ટ ઓથોરિટીને 4 હેલિપેડ બનાવવા આદેશ.
- ✓ બાલતાલથી ડોમેલ વચ્ચે યાત્રાના 2.75 કિ.મી.ના રૂટ પર બેટરીથી ચાલતી કારની સુવિધા હશે.
- ✓ યાત્રાના રૂટ પર શ્રાઇન બોર્ડની ઓફિસોમાંથી તથા ગુફા ક્ષેત્રમાં યાત્રાળુઓ ચાંદીના 5 અને 10 ગ્રામના ખાસ સિક્કા ખરીદી શકશે.
- ✓ **અમરનાથ શ્રાઇન બોર્ડના ચેરમેન : ઉપરાજયપાલ શ્રી મનોજસિંહા**
- ✓ **આયોજક : અમરનાથ શ્રાઇન બોર્ડ**

## 2. આઝાદી કા અમૃત મહોત્સવ

(ઇતિહાસ)

- ✓ દેશભરમાં ઉજવણી માટે ભારતની કુલ-17 હેરિટેજ સાઇટ્સની પસંદગી કરાઇ




**પસંદ કરાયેલ મુખ્ય સાઇટ્સ :**

- ✓ સાબરમતી ગાંધી આશ્રમ-અમદાવાદ
- ✓ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના પટણામાં આવેલું હેરિટેજ ઘર
- ✓ દિલ્હીની હુમાયુની કબર - હિમાચલનો કાંગ્રા કિલ્લો
- ✓ પૂણેનો આગા ખાન પેલેસ - આગ્રાની ફતેહપુર સીક્રિ
- ✓ હૈદરાબાદનો ગોલકોંડા કિલ્લો - લખનઉનું રેસિડેન્સ બિલ્ડીંગ
- ✓ ઝાંસીનો કિલ્લો - જયપુરનો ડીગ પેલેસ
- ✓ ઓડિશાનું કોણાર્ક મંદિર - ભુવનેશ્વરી મંદિર
- ✓ ગ્વાલિયરનો કિલ્લો
- ✓ **જાહેરાત કરનાર સંસ્થા : આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા**

## 3. ISRO : સાઉન્ડિંગ રોકેટ RH-560 સફળતાપૂર્વક લોન્ચ (અવકાશ વિજ્ઞાન)




- ✓ **રોકેટની કામગીરી :** હવામાન-પ્લાઝમાનો અભ્યાસ કરવા ઉપલા વાતાવરણમાં ઉપકરણો લઈ જવા.
- ✓ **હેતુ :** વાતાવરણમાં આવતા પરિવર્તનો અને બ્રહ્માંડના મહત્વપૂર્ણ તત્વ પ્લાઝમાનો અભ્યાસ કરશે.

**અન્ય બાબતો :**

- ✓ ઇસરોએ પ્રથમ વર્ષ 1963માં સાઉન્ડિંગ રોકેટનું સફળ લૉન્ચિંગ કર્યું હતુ.
- ✓ સ્પેશ સેકટરમાં ખાનગી કંપનીઓ વધુ આવે તે માટે ઇસરો-કેન્દ્ર સરકાર સક્રીય
- ✓ તેના માટે સરકારી કંપની ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિમિટેડ (NSIL)ની સ્થાપના

**NSILની ભાવી યોજના :**


- ✓ એનએસઆઈએલ કંપની પોલાર સેટેલાઈટ લૉન્ચ વ્હિકલ પ્રકારનું રોકેટ તૈયાર કરવા માંગે છે. એ માટે દર વર્ષે 2 હજાર કરોડ રોકશે. પાંચ વર્ષમાં કુલ દસ હજાર કરોડ રોકવાનું કંપનીનું આયોજન. એ માટે કંપની અને ઇસરો વચ્ચે કરાર થયા છે.

**અગાઉના રોકેટ વિશે :**

- ✓ ઇસરોએ શરૂઆતમાં રોકેટ તૈયાર કર્યા તેને રોહિણી નામ અપાયું હતું.
- ✓ આ રોકેટ પણ રોહિણી સિરિઝનું જ છે અને નામ સાથેનો આંકડો તેના ડાયામિટરનો છે.
- ✓ અગાઉ આરએચ-200, આરએચ-300 વગેરે રોકેટ લૉન્ચ કરાયા.

- ✓ ISRO મુખ્ય મથક : બેંગ્લુરૂ
- ✓ ISRO અધ્યક્ષ : કે.સિવાન

4. ક્વાડ – Quad બેઠક-2021




ક્વાડ બેઠકમાં ચાર દેશોનો મહત્વનો નિર્ણય : દક્ષિણ એશિયાને 100 કરોડ વેક્સિનના ડૉઝ આપશે

- ✓ ક્વાડ-Quad જૂથમાં સામેલ ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા વર્ષ 2022ના અંત સુધી એશિયાઈ દેશોને કોરોના વેક્સિનના એક અબજ ડૉઝ આપશે. ક્વાડની પહેલી બેઠકમાં ચારેય દેશે આ વચન આપ્યું છે.
- ✓ દક્ષિણ પૂર્વ એશિયાને સૌથી પહેલા વેક્સિન અપાશે. આ માટે ભારતે 100 કરોડ વેક્સિન ડૉઝ બનાવવાની જવાબદારી અપાઈ છે.
- ✓ ક્વાડની મીટિંગમાં નિર્ણય થયો કે, અમેરિકન ટેક્નોલોજીનો ભારત ઉપયોગ કરશે. જાપાની લોજિસ્ટિક ક્ષમતાનો પણ ભારત ઉપયોગ કરશે.

અન્ય સંમતિ :

- ✓ વેક્સિન, ટેકનોલોજી અને ક્લાઈમેટ ચેન્જ મુદ્દે વર્કિંગ ગ્રુપ મુદ્દે ચારેય દેશ વચ્ચે સંમતિ સધાઈ

5. જન્મ દિન વિશેષ : 13 માર્ચ

(1) ફર્સ્ટ વૂમન ઓફ ઈન્ડિયન શિપિંગ : સુમતિ મોરારજી




જન્મ - 13 માર્ચ -1909 અવસાન – 27 જૂન-1998

- ✓ ઉદ્યોગ સાહસિક્તા જ્યારે માત્ર પુરુષોનો જ ઇજારો ગણાતો હતો ત્યારે એક મહિલાએ વહાણવટા વ્યવસાયના ક્ષેત્રે કાઠું કાઢ્યું અને આ નવાચારી મહિલાનું નામ સુમતિ મોરારજી.
- ✓ મુંબઈના પ્રસિદ્ધ અને ધનાઢ્ય પરિવારના મથુરદાસ ગોકુલદાસને ત્યાં છ દીકરાઓ વચ્ચે એકમાત્ર દીકરી તરીકે તેમનો જન્મ થયો હતો. મૂળ નામ યમુના હતું.
- ✓ જમાનાની પ્રણાલી મુજબ 13 વર્ષની ઉંમરે તેમનાં લગ્ન એવા જ શ્રીમંત પરિવારના નરોત્તમ મોરારજી સાથે થયાં. તેમનો વિવાહોત્સવ અઠવાડિયા સુધી સ્થાનિક સમાચારપત્રોમાં ચમકતો રહ્યો હતો. લગ્ન પછી પતિએ તેમનું નામ સુમતિ રાખ્યું.
- ✓ સુમતિનો મતલબ સદબુદ્ધિ થાય છે. હિન્દી, અંગ્રેજી અને મરાઠીમાં નિપૂણ સુમતિએ પતિના ખાનદાની ધંધામાં અભિવૃદ્ધિ કરી.
- ✓ 1923માં પતિએ સ્થાપેલી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે જોડાયાં હતાં.
- ✓ 1946માં કંપનીની સંપૂર્ણ કમાન સંભાળી લીધી અને રાષ્ટ્રવાદી દૃષ્ટિકોણથી સ્થપાયેલી આ કંપનીને અંગ્રેજ અમલની તુમાખી વચ્ચે વૈશ્વિક પ્રસિદ્ધિ અપાવી હતી.
- ✓ આ નવાચારી મહિલા પ્રયોજકનું 27 જૂન 1998ના રોજ હૃદયની બીમારીથી અવસાન થયું હતું.

(2) જન્મ દિન વિશેષ : 13 માર્ચ

ભદ્રંભદ્રના સર્જક રમણભાઈ નીલકંઠ

જન્મ - 13 માર્ચ -1868 અવસાન – 6 માર્ચ-1928

- ✓ રમણભાઈ નીલકંઠનો જન્મ 13 માર્ચ 1868ના રોજ અમદાવાદમાં રૂપકુંવરબા અને મહીપતરામ નીલકંઠને ત્યાં થયો હતો.




- ✓ પ્રાથમિક તેમ જ માધ્યમિક શિક્ષણ અમદાવાદ ખાતે પૂર્ણ કર્યા બાદ, તેમણે પંદર વર્ષે મેટ્રિક પાસ કરી અમદાવાદની ગુજરાત કોલેજ તથા મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં આગળનો અભ્યાસ કર્યો હતો.
- ✓ 1887માં તેમણે બીએની પદવી મુંબઈ વિશ્વવિદ્યાલય ખાતે એલએલબી સુધીની પદવી પણ પ્રાપ્ત કરી.
- ✓ તેમણે પ્રથમ હંસવદન સાથે લગ્ન કર્યાં, પરંતુ તેમનું અવસાન થયા બાદ તેમણે બીજાં લગ્ન જાણીતા સાહિત્યકાર વિદ્યાગૌરી સાથે ઈ. સ. 1887માં કર્યાં હતાં.
- ✓ તેમની બંને પુત્રીઓ વિનોદિની નીલકંઠ અને સરોજીની નીલકંઠ સાહિત્યકાર ઉપરાંત સામાજિક કાર્યકર હતાં.

પ્રદાન :

- ✓ હાસ્યનવલ ભદ્રંભદ્ર, નાટક રાઈનો પર્વત, અવલોકનો, વિવેચનો, વાર્તાઓ હાસ્ય નિબંધો, અને બીજા ગ્રંથો
- ✓ ગોધરામાં તેઓ જજ હતા.
- ✓ સરકારે તેમને રાયબહાદુર અને સરનો ઈલ્કાબ આપ્યો હતો.
- ✓ અમદાવાદના મેયર પદે પણ તેમણે ફરજ બજાવી હતી.
- ✓ અમદાવાદ રેડક્રોસ સોસાયટીના તેઓ પ્રથમ સેક્રેટરી હતા.
- ✓ 6 માર્ચ, 1928ના રોજ તેમનું અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (13-03-2021)

1. આગામી વર્ષ 2021માં અમરનાથ યાત્રાનો પ્રારંભ ક્યારે થશે - 28 જૂન 2021
2. આગામી વર્ષ 2021માં અમરનાથ યાત્રા કયા એક જ રૂટ ઉપરથી શરૂ કરવામાં આવશે - બાલતાલ રૂટ
3. અમરનાથ યાત્રાનું આયોજન કયા બોર્ડ દ્વારા કરવામાં આવે છે - અમરનાથ શ્રાઇન બોર્ડ
4. અમરનાથ શ્રાઇન બોર્ડના ચેરમેનનું નામ જણાવો - ઉપરાજ્યપાલ મનોજ સિંહા

5. અમરનાથ શ્રાઇન બોર્ડ દ્વારા આ વર્ષે યાત્રાળુઓનો કેટલા રૂપિયાનો દુર્ઘટના વીમો લેવામાં આવશે - રૂ. 5 લાખ
6. અમરનાથ યાત્રા માટે બોર્ડ દ્વારા કેટલી ઉંમર નક્કી કરાઇ છે - 13 વર્ષથી 75 વર્ષ
7. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી માટે તાજેતરમાં દેશભરમાં કેટલી હેરીટેજ સાઈટ નક્કી કરવામાં આવી છે - 17
8. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી માટે તાજેતરમાં દેશભરમાં 17 હેરીટેજ સાઈટ કઇ સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવી છે - આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા
9. તાજેતરમાં યોજાયેલી ક્વાડ બેઠક 2021માં કયા દેશોને કેટલા વેક્સિન ડોઝ આપવાનું સર્વાનુમતે નક્કી થયું છે - દક્ષિણ એશિયા અને 100 કરોડ
10. તાજેતરમાં યોજાયેલી ક્વાડ બેઠક-2021માં અન્ય કયા ત્રણ મુદ્દે સંમતિ સધાઈ છે - વેક્સિન, ટેકનોલોજી અને ક્લાઇમેટ ચેન્જ
11. તાજેતર માર્ચ 2021માં ISRO દ્વારા કયું સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કરાયું - RH 560
12. સાઉન્ડિંગ રોકેટની ભૂમિકા જણાવો - હવામાન- પ્લાઝ્માનો અભ્યાસ કરવા ઉપલા વાતવરણમાં ઉપકરણો લઈ જવા
13. સાઉન્ડિંગ રોકેટની કામગીરી જણાવો - વાતાવરણમાં આવતા પરિવર્તનો અને બ્રહ્માંડના મહત્વપૂર્ણ તત્વ પ્લાઝ્માનો અભ્યાસ
14. ISRO દ્વારા સૌપ્રથમ કયા વર્ષે સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કરાયું હતું અને નામ જણાવો - 1963 અને રોહિણી
15. ISRO દ્વારા અગાઉ કયા બે સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કરવામાં આવ્યા છે - RH 200 અને RH 300
16. ભારતમાં 'ફર્સ્ટ વુમન ઓફ ઇન્ડિયન શિપિંગ' તરીકે કોણ ઓળખાય છે - સુમતિ મોરારજી
17. શ્રી સુમતિ મોરારજીનો જન્મદિવસ જણાવો - 13 માર્ચ-1909
18. ભારતની પ્રસિદ્ધ સિંધિયા સ્ટીમ નેવિગેશનના પ્રથમ મહિલા મેનેજિંગ ડિરેક્ટરનું નામ જણાવો - શ્રી સુમતિ મોરારજી
19. શ્રી સુમતિ મોરારજીનું મૂળ નામ જણાવો – યમુના
20. ભદ્રંભદ્ર, રાઈનો પર્વત કૃતિના સર્જક રમણભાઈ નીલકંઠનો જન્મ દિવસ જણાવો - 13 માર્ચ -1868
21. રમણભાઈ નીલકંઠે કયા શહેરના મેયરપદે સેવા આપી હતી – અમદાવાદ

**DATE : 14-03-2021**

1. ગુજરાત પોલીસ : "બોડી વોર્ન કેમેરા"થી ગુજરાત પોલીસ સજ્જ (સુરક્ષા)



**અમદાવાદમાં પ્રથમ તબક્કામાં રૂ. 50 કરોડના ખર્ચે 10 હજાર બોડી વોર્ન કૅમેરા અપાયા**

✓ રેન્જ : 50થી 60 મીટર

હેતુ :

✓ ગુનાખોરી પર અંકુશ અને સર્વેલન્સ માટે પોલીસ વિભાગમાં ટેકનોલોજીનો ઉપયોગ.
✓ રોડ પર ફરજ બજાવતાં પોલીસકર્મીઓ સાથે વાહન ચાલકો બોલાચાલી કરી ઘર્ષણ કરતા હોય છે. આંદોલન, VIP બંદોબસ્તમાં ઘર્ષણના બનાવ બનતા હોય છે, ત્યારે પુરાવા માટે હવે પોલીસકર્મીઓને બે પ્રકારના "બોડી વોર્ન કેમેરા" અપાશે.
✓ અમદાવાદમાં પાંચ જગ્યાએ બોડી વોર્ન કેમેરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરાયું.
✓ પોલીસને પોકેટ કોપ અને વિશ્વાસ પ્રોજેક્ટ સહિત અનેક રીતે આધુનિક કરી છે. રસ્તા પર બનતી ઘટના કે ઘર્ષણ અંગે ડિટેક્શન કરી શકાય.
✓ પોલીસકર્મી/અધિકારીઓના શરીર પર લાગેલા આ કેમેરાના કારણે ઘણા ફાયદા થશે. રેકોર્ડિંગ કરેલો ડેટા વધુ ઉપયોગી બનશે.

અન્ય બાબતો :

✓ આ બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ પોલીસકર્મીઓ જો રોડ પર કોઇ પાસે લાંચ માગશે અથવા પોલીસકર્મીઓ ક્યાં-ક્યાં ડ્યુટી પર હાજર છે તે તમામ માહિતી આપશે.
✓ આ કેમેરાનું લાઈવ સીધું પોલીસ કંટ્રોલ રૂમમાં કનેક્ટ કરવામાં આવ્યું છે.
✓ ગૃહ રાજ્યમંત્રી : શ્રી પ્રદિપસિંહ જાડેજા

2. વડનગર : કેન્દ્રિય પુરાતત્વ વિભાગના ઉત્ખનનમાં ઇજિપ્ત દેશનો ત્રણ ગ્રામ સોનાનો સિક્કો મળી આવ્યો (ઇતિહાસ)



અન્ય મહત્વના પુરાવા :

✓ વડનગરના ઇજિપ્ત સાથેના પ્રાચીન સંબંધ હોવાનો પૂરાવો.
✓ આ ઉપરાંત સોલંકીકાળનાં 1300 જેટલા ચાંદીના સિક્કા ભરેલું માટલું પણ મળી આવ્યું છે.
✓ વડનગરના પેટાળમાં ધરબાયેલા વારસાને ઉજાગર કરવા વર્ષ 2014થી પુરાતત્વ વિભાગ દ્વારા ઉત્ખનન.

3. ખેલકૂદ : વિજય હજારે ટ્રોફી-2021



- વિજેતા : મુંબઈ, કુલ ચારવાર વિજેતા
- હરીફ : ઉત્તર પ્રદેશ
- ખાસ : પૃથ્વી શૉ વિજય હજારે અને યુથ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ સુકાની
- યજમાન: અરુણ જેટલી સ્ટેડિયમ, નવી દિલ્હી

4. વિદેશી હૂંડિયામણ : ભારત હવે વિશ્વમાં સૌથી વધુ ફોરેન એક્સચેન્જ રિઝર્વ (ફોરેક્સ) ધરાવતો ચોથો દેશ (આર્થિક)

RBIનો અહેવાલ :

- ભારત પાસે હાલ 18 મહિના આયાત કરી શકે એટલું વિદેશી હુંડિયામણ છે. તેનું કારણ કરન્ટ એકાઉન્ટ સરપ્લસ, સીધા વિદેશી મૂડીરોકાણમાં વધારો અને સ્થાનિક શેરબજારોમાં ઠલવાતો ઈનફ્લો છે.
- દક્ષિણ એશિયાના વિવિધ દેશો અર્થતંત્રમાં અચાનક સર્જાતા આઉટફ્લો સામે રક્ષણ મેળવવા સતત ફોરેક્સ મજબૂત કરી રહ્યા છે.
- ભારત પાસે માર્ચ-2021ની સ્થિતિએ 42 લાખ કરોડનું વિદેશી હૂંડિયામણ

વિદેશી હુડિયામણમાં વિશ્વના ચાર અગ્રેસર દેશો :

- (1) ચીન, (2) જાપાન, (3) સ્વિત્ઝર્લેન્ડ અને (4) ભારત
- RBI ગવર્નર : શક્તિકાંત દાસ
- મુખ્ય મથક : મુંબઈ

5. જન્મ દિન વિશેષ : 14 માર્ચ દંતકથા સમાન વૈજ્ઞાનિક : આલ્બર્ટ આઈન્સ્ટાઈન

જન્મ - 14 માર્ચ-1879 અવસાન – 18 એપ્રિલ-1955

- જર્મનીમાં જન્મેલા આલ્બર્ટ આઈન્સ્ટાઈન પદાર્થ વિજ્ઞાની હતા. તેઓ સાપેક્ષવાદ ખાસ કરીને સામૂહિક ઊર્જાની સમાનતાના સિદ્ધાંત માટે જાણીતા છે, જે ઇ=એમસી2ના ગુણાંકમાં વ્યક્ત કરવામાં આવે છે.



- આઈન્સ્ટાઈનને તેમના પદાર્થ વિજ્ઞાન અને ખાસ કરીને ફોટોઈલેક્ટ્રીક અસરના કાયદાના સંશોધન માટે 1921માં ફિઝિક્સનું નોબેલ પારિતોષિક મળ્યું હતું.
- આઈન્સ્ટાઈને ફિઝિક્સના ક્ષેત્રમાં આપેલા અનેક ફાળામાં સાપેક્ષવાદની વિશેષ થીયરીનો સમાવેશ થાય છે, જે યંત્રશાસ્ત્રને ઈલેક્ટ્રોમેગ્નેટિઝમ સાથે જોડે છે તથા તેમની સાપેક્ષવાદની તેમની સામાન્ય થીયરીનો આશય સાપેક્ષવાદના સિદ્ધાંતને સમાન ન હોય તેવા સિદ્ધાંત સુધી લંબાવવાનો અને ગુરુત્વાકર્ષણની નવી થીયરી આપવાનો હતો.
- સન્માન : 1999માં "ટાઈમ" સામયિકે તેમને "પર્સન ઑફ ધ સેન્ચ્યુરી" જાહેર કર્યા હતા. અત્યંત વિશાળ અર્થ અને સંદર્ભમાં "આઈન્સ્ટાઈન" નામ જીનિયસનું સમાનાર્થી થઇ ગયું છે.
- આલ્બર્ટ આઈન્સ્ટાઈન જર્મન સામ્રાજ્યના વુટ્ટમબર્ગનું કિંગડમમાં ઉલ્મ ખાતે એક જ્યુ-યહુદી પરિવારમાં 14 માર્ચ 1879ના રોજ જન્મ્યા હતા.
- તેમના પિતા હર્મન આઈન્સ્ટાઈન એક સેલ્સમેન અને એન્જિનિયર હતા. તેમનાં માતાનું નામ પોલીન કોચ હતું.

6. દિન વિશેષ : 14 માર્ચ

ભારતની પ્રથમ બોલતી ફિલ્મ - આલમઆરા, તા. 14-03-1931




- ભારતીય સિને જગતની પહેલી બોલતી ફિલ્મ જે અરદેશર ઇરાનીએ બનાવી હતી તે આજથી 90 વર્ષ પહેલાં 14-3-1931ના રોજ રજૂ થઇ હતી.
- નિર્માતા ઇરાનીને અમેરિકન ફિલ્મ Show Boat પરથી ભારતમાં બોલતી ફિલ્મ બનાવવાની પ્રેરણા મળી હતી.
- ફિલ્મના મુખ્ય કલાકારો, એ સમયના લોકપ્રિય અભિનેતા માસ્ટર વિઠ્ઠલ, ઝુબેદા, સુલોચના, પૃથ્વી રાજ કપૂર (ફિલ્મોમાં પહેલીવાર) અને પ્રસાદ હતા.
- ઇરાનીની પહેલી પસંદ વિઠ્ઠલને બદલે જાણીતા દિગ્દર્શક મહેબુબખાન હીરો તરીકે હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (14-03-2021)

1. ભારતની પ્રથમ બોલતી હિન્દી ફિલ્મ ક્યારે રિલીઝ થઇ હતી - 14.03.1931
2. ભારતની પ્રથમ બોલતી હિન્દી ફિલ્મનું નામ જણાવો - આલમઆરા
3. તાજેતર માર્ચ 2021માં સૌપ્રથમ ગુજરાતના કયા શહેરની પોલીસને 'બોડી વોર્ન કેમેરા'થી સજ્જ કરવામાં આવી - અમદાવાદ
4. રસ્તામાં પ્રજા-પોલીસ વચ્ચે બનતી ઘટનાઓના ચોક્કસ પુરાવા માટે ગુજરાત પોલીસને પ્રથમ તબક્કામાં કેટલા 'બોડી વોર્ન કેમેરા' આપવામાં આવ્યા છે - 10,000
5. ગુજરાત પોલીસને અપાયેલા 'બોડી વોર્ન કેમેરા'ની સામાન્ય રેન્જ જણાવો - 50-60 મીટર
6. ગુજરાતના વર્તમાન રાજ્ય ગૃહ મંત્રીનું નામ જણાવો - શ્રી પ્રદીપસિંહ જાડેજા
7. માર્ચ 2021માં 'વિજય હજારે ટ્રોફી-2021' વિજેતા ટીમ જણાવો - મુંબઈ
8. 'વિજય હજારે ટ્રોફી-2021' ઉપવિજેતા ટીમ જણાવો - ઉત્તરપ્રદેશ
9. 'વિજય હજારે ટ્રોફી-2021' ફાઇનલ મેચ ક્યા સ્ટેડિયમમાં યોજાઈ હતી - અરૂણ જેટલી સ્ટેડિયમ,નવી દિલ્હી
10. મુંબઈની ટીમ અત્યાર સુધીમાં કુલ કેટલી વખત વિજય હજારે ટ્રોફી વિજેતા બની છે - ચાર

11. 'વિજય હજારે ટ્રોફી' કઈ રમત સાથે જોડાયેલી છે - <u>ક્રિકેટ</u>
12. 'વિજય હજારે ટ્રોફી' અને 'યુથ વર્લ્ડ કપ' બંને જીતનાર એકમાત્ર કેપ્ટનનું નામ જણાવો - <u>પૃથ્વી શો</u>
13. તાજેતર માર્ચ 2021ની સ્થિતિએ વિશ્વમાં સૌથી વધુ ફોરેન એક્સચેન્જ રિઝર્વ-ફોરેક્સ ધરાવતો વિશ્વનો ચોથો દેશ જણાવો - <u>ભારત</u>
14. તાજેતર માર્ચ 2021ની સ્થિતિએ ભારત કેટલું ફોરેન એક્સચેન્જ રિઝર્વ- ફોરેક્સ ધરાવે છે - <u>42 લાખ કરોડ</u>
15. માર્ચ 2021ની સ્થિતિએ વિદેશી હૂંડિયામણ ધરાવતા વિશ્વના ચાર અગ્રેસર દેશો જણાવો - <u>ચીન, સ્વિત્ઝર્લેન્ડ, જાપાન અને ભારત</u>
16. તાજેતર 2021માં કેન્દ્રિય પુરાતત્વ વિભાગના ઉત્ખનન દરમિયાન વડનગર ખાતેથી કયા દેશનો ત્રણ ગ્રામનો સોનાનો સિક્કો મળી આવ્યો છે - <u>ઇજિપ્ત</u>
17. પ્રાચીન નગરી વડનગરમાં કયા વર્ષથી કેન્દ્રીય પુરાતત્વ વિભાગ દ્વારા વિવિધ સ્થાનો ઉપર ઉત્ખનન કરવામાં આવે છે - <u>વર્ષ 2014</u>
18. તાજેતર 2021માં કેન્દ્રિય પુરાતત્વ વિભાગના ઉત્ખનનમાં વડનગર ખાતેથી કયા યુગના 1300 જેટલા ચાંદીના સિક્કો ભરેલું માટલું મળી આવ્યું છે - <u>સોલંકીકાળ</u>
19. વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મ અને વતન જણાવો – <u>14 માર્ચ-1879 તથા જર્મની</u>
20. વિશ્વ સાપેક્ષવાદની વિશેષ થિયરી આપનાર વૈજ્ઞાનિકનું નામ જણાવો - <u>આલ્બર્ટ આઈન્સ્ટાઈન</u>

**DATE : 15-03-2021**

<u>1.બાટલા હાઉસ એન્કાઉન્ટર-નવી દિલ્હી એન્કાઉન્ટરનો મુખ્ય આરોપી આતંકી આરિઝ ખાનને ફાંસીની સજા</u>




<u>ટાઈમલાઈન બાટલા હાઉસ એન્કાઉન્ટર</u>

- ✓ <u>19 સપ્ટેમ્બર, 2008:</u> દિલ્હીના જામિયાનગરમાં બાટલા હાઉસમાં એન્કાઉન્ટર, જ્યાં પાંચ વ્યક્તિ રહેતી હતી.
- ✓ બે આતંકી મોહમ્મદ સાજિદ અને આતિફ અમીન માર્યા ગયા. જુનૈદ અને શહજાદ અહમદ ભાગી ગયા અને બાદમાં પકડાઇ ગયા. પરંતુ <u>પોલીસ ઈન્સ્પેક્ટર મોહનચંદ શર્મા શહીદ થયા.</u>
- ✓ <u>જુલાઇ 2013:</u> ટ્રાયલ કોર્ટે ઈન્ડિયન મુજાહિદ્દિનના આતંકી શહજાદ અહમદને આજીવન કેદની સજા. તેની વિરુદ્ધ અપીલ હાઇકોર્ટમાં પેન્ડિંગ.
- ✓ <u>ફેબ્રુઆરી 2018 :</u> આ ઘટનાના એક દસકા પછી આરિઝ ખાનની ધરપકડ. પોલીસે દાવો કર્યો કે, તે પણ બાટલા હાઉસમાં હતો, પરંતુ ભાગી ગયો હતો.
- ✓ <u>માર્ચ 2021: </u>કોર્ટે આરિઝને ઈન્સ્પેક્ટર શર્માની હત્યા માટે દોષિત ઠેરવ્યો.

<u>2. UGC – નિર્ણય (શિક્ષણ)</u>




<u>CS, CA, અને ICW હવે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના કોર્ષ ગણાશે</u>

- ✓ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને સીએ, સીએસ અને આઇસીડબલ્યુએ કોર્સને પીજી ડિગ્રી કક્ષાના ગણવાનો નિર્ણય કર્યો.
- ✓ <u>ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઇન્ડિયા, ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરિસ ઓફ ઇન્ડિયા, અને ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટ ઓફ ઇન્ડિયા</u> દ્વારા રજૂઆત કરાઇ હતી.
- ✓ આવનારા સમયમાં સીએ, સીએસ અને આઇસીડબ્લ્યુએને પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રીની સમકક્ષ ગણાશે.

<u>3. ડ્રોન રેગ્યુલેશનના નિયમો અમલી (ઉડ્ડયન)</u>

- ✓ નામ : માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ 2021
- ✓ ભારતમાં ડ્રોન રેગ્યુલેશનના નિયમો 12 માર્ચ 2021થી અમલી બન્યા



<u>નવા નિયમો :</u>

- ✓ ડ્રોન બનાવવા, વેચવા, ખરીદવા, ઓપરેશન વગેરે માટે સરકારની મંજૂરી લેવી પડશે
- ✓ <u>દેશભરમાં હવે 250 ગ્રામથી વધારે વજનના ડ્રોન ઉડાડવા માટે</u> લાઇસન્સ અને તાલીમ ફરજીયાત કરવામાં આવ્યા.
- ✓ તાલીમ અને લાઇસન્સ વગર ડ્રોન ઉડાડવાના સંજોગોમાં રૂ.25 હજારનો દંડ.
- ✓ રિમોટ પાયલટ લાઇસન્સ માટે લઘુત્તમ 18 વર્ષની ઉંમર, ધોરણ 10 સુધીનો અભ્યાસ, તબીબી રીતે ફીટ હોવા ઉપરાંત સરકારી પરીક્ષા પણ પાસ કરવી જરૂરી બનશે.
- ✓ જાહેરનામુ : કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય

<u>4. 63મો ગ્રેમી એવોર્ડ-2021 જાહેર</u>




- ✓ <u>સૌથી વધુ ચાર એવોર્ડ વિજેતા પોપસ્ટાર બિયોન્સ</u>
- ✓ બિયોન્સ કારકિર્દીના કુલ 28 ગ્રેમી એવોર્ડ વિજેતા - યુએસએ

✓ સૌથી વધુ 31 ગ્રેમી એવોર્ડ વિજેતા : સર જ્યોર્જ સોલ્ટી - યુ.કે

**એવોર્ડ, સર્જન અને વિજેતા કલાકાર :**

✓ બેસ્ટ રેપ આલબમ : કિંગ્સ ડિઝિઝ, નાસ

✓ બેસ્ટ મ્યૂઝિક ફિલ્મ : ધી સાઉન્ડ ઓફ માઇ વોઇસ, લિંટા રોન્સટાડ

✓ બેસ્ટ રોક આલબમ : ધી ન્યૂ એબનોર્મલ, ધી સ્ટ્રોક્સ

✓ બેસ્ટ કન્ટ્રી આલબમ : વાઇલ્ડ કાર્ડ, મિરાંડા લૈમ્બર્ટ

✓ બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ : સ્ટેલિયન, મેગન થી

✓ બેસ્ટ રિધમ એન્ડ બ્લૂઝ : બ્લેક પરેડ, બિયોન્સે

✓ બેસ્ટ પોપ સોલો પરફોર્મન્સ : વોટરમેલન શુગર, હૈરી સ્ટાઇલ્સ

✓ બેસ્ટ ટ્રેડિશનલ પોપ વોકલ આલબમ : અમેરિકન સ્ટાન્ડર્ડ, જેમ્સ ટેલર

✓ બેસ્ટ અલ્ટરનેટિવ મ્યૂઝિક આલબમ : ફ્રેચ ધી બોલ્ટ કટર્સ, ફિયોના એપ્પલ

✓ બેસ્ટ ડાન્સ-ઇલેક્ટ્રોનિક આલબમ : બુબ્બા, કેટ્રાનાડા

✓ બેસ્ટ ઝૈઝ વોકલ આલબમ : સિક્રેટ્સ આર ધી બેસ્ટ સ્ટોરીઝ, કર્ટ એલિંગ ફિચરિંગ ડેનિલો પેરેઝ

✓ બેસ્ટ પ્રોગ્રેસિવ આરએન્ડબી આલબમ : ઈટ ઇઝ વ્હોટ ઇટ ઇઝ, થંડરકેટ

✓ બેસ્ટ જૈજ ઇન્સ્ટ્રુમેન્ટલ આલબમ : ટ્રાઇલોજી 2, ચિક કોરિયા, ક્રિસ્ટિયન મૈકબ્રાઇડ અને બ્રાયન બ્લેડ

✓ બેસ્ટ સ્પોકન વર્ડ આલબમ : બ્લોઆઉટ- કરપ્ટેડ ડેમોક્રસી, રોગ સ્ટેટ રશિયા અને ધી રિચેસ્ટ, મોસ્ટ ડિસ્ટ્રક્ટિવ ઇન્ડસ્ટ્રી ઓન અર્થ, રશેલ મૈડો

**અન્ય બાબતો :**

✓ બ્રિટિશ ઓર્કેસ્ટ્રા અને ઓપરેટીવ કંડક્ટર સર જ્યોર્જ સોલ્ટી સૌથી વધારે 31 ગ્રેમી એવોર્ડ જીતવાનો રેકોર્ડ ધરાવે છે.

✓ ગાયિકા ટેઇલર સ્વિફ્ટ માટે પણ આ વર્ષનો સમારોહ ખાસ રહ્યો હતો.

✓ સ્વિફ્ટ ત્રીજી વાર આલબમ ઓફ ધી યર ગ્રેમી એવોર્ડ જીતનારી પ્રથમ મહિલા આર્ટિસ્ટ બની.

✓ આ વખતે H.E.R.એ અપસેટ સર્જ્યો, તેણે બિયોન્સ અને Jay-Z જેવા હરીફોને પછાડી સોંગ ઓફ ધ યર ગ્રેમી જીત્યો હતો.

✓ સંગીતની દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ ગ્રેમી

✓ આયોજન :કન્વેન્શન સેન્ટર, લોસ એન્જલસ-યુએસએ

## 5. 93માં ઓસ્કાર એકેડેમી એવોર્ડ નોમિનેશન જાહેર (ફિલ્મ)




✓ 93મા ઑસ્કર (એકેડમી) એવૉર્ડ નોમિનેશનની જાહેરાત કરવામાં આવી હતી. હોલિવૂડ કલાકાર નિક જોનાસ અને તેની પત્ની પ્રિયંકા ચોપરાએ નોમિનીઓના નામ ઓનલાઇન જાહેર કર્યા હતા.

✓ હોલિવૂડમાં 80 વર્ષ પહેલા સિટિઝન કેન નામની ફિલ્મ આવી હતી. આજે એ સર્વોત્તમ પૈકીની એક ફિલ્મ ગણાય છે. એ ફિલ્મના મેકિંગ વિશે બનેલી ફિલ્મ મન્કને સૌથી વધારે દસ નોમિનેશન મળ્યાં હતા.

✓ આ દસ નોમિનેશનમાં બેસ્ટ ફિલ્મ, ડેવિડ ફિન્ચરને બેસ્ટ ડિરેક્ટર, ગેરી ઓલ્ડમેનને બેસ્ટ એક્ટર, અમાન્ડા સેફ્રિલ્ડને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ.. વગેરેનો સમાવેશ.

**બેસ્ટ ફિલ્મ નોમિનેશન :**

1. ધ ફાધર
2. જુડાસ એન્ડ ધ બ્લેક મસિહા
3. મન્ક
4. મિનારી
5. નોમાડલેન્ડ
6. પ્રોમિસિંગ યંગ વૂમન
7. સાઉન્ડ ઓફ મેટલ
8. ધ ટ્રાયલ ઓફ શિકાગો 7

**બેસ્ટ ડિરેક્ટર :**

1. થોમસ વિન્ટેનબર્ગ (અનધર રાઉન્ડ)
2. ડેવિડ ફિન્ચર (મન્ક)
3. લી ઈસાક ચંગ (મિનારી)
4. ચોલે ઝાહો (નોમાડલેન્ડ)

**બેસ્ટ એક્ટર :**

1. રિઝ અહેમદ (સાઉન્ડ ઑફ મેટલ)
2. ચેડવિક બોસમેન (મા રેઈનિઝ...)
3. એન્થની હોપકિન્સ (ધ ફાધર)
4. ગેરી ઓલ્ડમેન (મન્ક)
5. સ્ટીવ યુએન (મિનારી)

**બેસ્ટ એક્ટ્રેસ :**

1. વિઓલા ડેવિસ (મા રેઈનિઝ...)
2. આન્ડ્રા ડે (ધ યુનાઈટેડ સ્ટેટ વર્સિસ..)
3. વેનિસા કિર્બી (પિસિસ ઓફ વૂમન)
4. ફ્રાન્સિસ મેકડોર્ન્ડ (નોમાડલેન્ડ)
5. કેરી મુલિગન (પ્રોમિસિંગ યંગ..)

**ખાસ :**

✓ પ્રિયંકાનું પ્રોડક્શન હાઉસ ભારતનું સૌપ્રથમ નોમિનેશન બન્યું

✓ નેટફ્લેક્સની ખૂબ વખણાયેલી ફિલ્મ વ્હાઇટ ટાઇગરને બેસ્ટ એડપ્ટેડ સ્ક્રીનપ્લે માટે ઓસ્કાર નોમિનેશન મળ્યું છે. ફિલ્મ માટે તો આ એક મોટી સિદ્ધિ છે જ સાથે પ્રિયંકા ચોપરા જોનાસ માટે આ પળ વધારે સ્પેશિયલ છે કેમ કે તેની પોતાની ફિલ્મનું નોમિનેશન થવા સાથે પ્રથમ ભારતીય મૂળના પ્રોડક્શન હાઉસના માલિક તરીકે નોમિનેટ થઈ છે.

✓ ફિલ્મમાં પિંકીની ભૂમિકા નિભાવતી પ્રિયંકાનું પર્પલ પેબલ પિક્ચર વ્હાઇટ ટાઇગરના એક્ઝિક્યુટીવ પ્રોડ્યૂસર તરીકે ઓસ્કાર માટે નોમિનેટ પ્રથમ ભારતીય પ્રોડક્શન હાઉસ બન્યું છે.

✓ એવોર્ડની વિધિવત જાહેરાત આગામી તારીખ 25 એપ્રિલ 2021

✓ યજમાન : લોસ એન્જેલસ

## 6. સ્ટોકહેમ ઇન્ટરનેશનલ પિસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (વૈશ્વિક સંરક્ષણ - વેપાર)

sipri

STOCKHOLM INTERNATIONAL PEACE RESEARCH INSTITUTE

**વૈશ્વિક અહેવાલ જાહેર :**

- ✓ વૈશ્વિક આર્મ્સ નિકાસમાં ભારતનું ફાળો 0.2 ટકા : છેલ્લા દાયકામાં ભારતની શસ્ત્ર આયાત 33 ટકા ઘટી

**અહેવાલના મહત્વના તથ્યો :**

- ✓ અમેરિકા પાસેથી આયાત થતા ભારતના શસ્ત્રોમાં પણ 46 ટકા સુધીનો ઘટાડો આવ્યો છે.
- ✓ ભારતે સ્થાનિક સ્તરે સંરક્ષણ ઉધોગ વિકસે એ માટે ગંભીરતાપૂર્વક પ્રયાસો કર્યા હોવાને કારણે પણ આયાત ઘટી છે.
- ✓ 2018થી 21 વચ્ચે સરકારે 2 લાખ કરોડના મૂલ્યના 112 સ્વદેશી શસ્ત્ર ઉત્પાદન પ્રસ્તાવ મંજૂર કર્યા છે.
- ✓ ભારતમાં જ શસ્ત્રોનું ઉત્પાદન વધે એ માટે સરકારે રોકાણની પ્રક્રિયા પણ સરળ બનાવી છે.
- ✓ અમેરિકા જ જગતનું સૌથી મોટુ શસ્ત્ર નિકાસકાર છે. શસ્ત્ર વેપારી તરીકેનો પ્રથમ ક્રમ અમેરિકાએ જાળવી રાખ્યો છે.
- ✓ જગતના કુલ શસ્ત્ર નિકાસમાં અમેરિકાનો ફાળો 37 ટકા નોંધાયો છે. અમેરિકાએ નાના-મોટા 96 દેશોને શસ્ત્રો વેચ્યા છે.
- ✓ અમેરિકા પાસેથી સૌથી વધુ 24 ટકા શસ્ત્રો એકલા સાઉદી અરબે મેળવ્યા છે. મીડલ ઈસ્ટના દેશો નવા શસ્ત્ર આયાતકારો તરીકે ઉભરી આવ્યા છે.
- ✓ અમેરિકા, રશિયા, ફ્રાન્સ, જર્મની અને ચીન એ જગતના સૌથી મોટા પ્રથમ પાંચ શસ્ત્ર નિકાસકારો.
- ✓ 2016થી 2020 દરમિયાન ભારતનો શસ્ત્ર નિકાસના વૈશ્વિક બજારમાં 0.2 ટકા ફાળો છે. ભારત 24મુ સૌથી મોટુ નિકાસકાર રાષ્ટ્ર.
- ✓ આગલા પાંચ વર્ષ કરતા ભારતની નિકાસમાં 228 ટકા વધારો નોંધાયો છે, કેમ કે અગાઉ ભારતનો ફાળો 0.1 ટકા જ હતો.

**સંસ્થાનો હેતુ :**

- ✓ આંતરરાષ્ટ્રીય સંરક્ષણ ડિફેન્સ ડીલ પર નજર રાખતી સ્વીડિશ સંસ્થા
- ✓ રાજધાની : સ્ટોકહોમ

**7. દિન વિશેષ : 15 માર્ચ        વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ**




**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (15-03-2021)**

1. દેશમાં બહુચર્ચિત બાટલા હાઉસ એન્કાઉન્ટર કયા શહેરમાં અને ક્યારે થયું હતું - <u>નવી દિલ્હી અને 19 સપ્ટેમ્બર 2008</u>
2. તાજેતરમાં CS,CA અને ICWને પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના કોર્ષ ગણવાનો નિર્ણય કઈ સંસ્થા દ્વારા લેવામાં આવ્યો - <u>UGC, નવી દિલ્હી</u>
3. UGCનું વિસ્તૃત નામ જણાવો - <u>યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન</u>
4. ભારતમાં ડ્રોન રેગ્યુલેશનના નવા નિયમોનો અમલ ક્યારથી થયો - <u>12 માર્ચ 2021</u>
5. ભારતમાં ડ્રોન રેગ્યુલેશનના નવા નિયમો કયા નામથી ઓળખાય છે - <u>માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ 2021</u>
6. માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ 2021 મુજબ કેટલા ગ્રામથી વધારે વજનના ડ્રોન ઉડાડવા માટે લાયસન્સ અને તાલીમ ફરજિયાત કરાઇ – <u>250 ગ્રામ</u>
7. રીમોટ પાઇલટ લાઇસન્સ માટે લઘુત્તમ ઉંમર અને અભ્યાસ જણાવો - <u>18 વર્ષ અને ધોરણ 10 પાસ</u>
8. માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ 2021 કયા મંત્રાલય દ્વારા જાહેર કરાયા - <u>કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય</u>
9. માર્ચ 2021માં કેટલામો ગ્રેમી એવોર્ડ સમારોહ યોજાયો - <u>63th</u>
10. માર્ચ 2021માં યોજાયેલા ગ્રેમી એવોર્ડ સમારોહમાં સૌથી વધુ ચાર એવોર્ડ વિજેતાનું નામ જણાવો - <u>પોપસ્ટાર બિયોન્સ</u>
11. વિશ્વમાં સૌથી વધુ 31 ગ્રેમી એવોર્ડ વિજેતા અને દેશ જણાવો - <u>સર જર્યોજ સોલ્ટી, ઇંગ્લેન્ડ</u>
12. ગ્રેમી એવોર્ડ કયા ક્ષેત્રના કલાકારોને આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર છે - <u>સંગીત</u>
13. ગ્રેમી એવોર્ડ કયા દેશ દ્વારા આપવામાં આવે છે - <u>અમેરિકા</u>
14. માર્ચ 2021માં કયા ઓસ્કાર એકેડમી એવોર્ડ માટે નોમિનેશન જાહેર કરાયા - <u>93th</u>
15. આગામી કઈ તારીખે ફિલ્મ ક્ષેત્રોનો સર્વોચ્ચ ઓસ્કાર એવોર્ડ આપવાની જાહેરાત કરાશે - <u>25 એપ્રિલ 2021</u>
16. તાજેતરમાં 93મા ઓસ્કાર એકેડમી એવોર્ડ માટે કોના દ્વારા ઑનલાઇન નોમિનેશન જાહેર કરાયા - <u>નિક જોનાસ અને પ્રિયંકા ચોપરા</u>
17. ઓસ્કાર એકેડમી એવોર્ડ કયા દેશ દ્વારા આપવામાં આવે છે - <u>અમેરિકા</u>
18. વૈશ્વિક સંસ્થા SIPRIનું વિસ્તૃત નામ જણાવો - <u>સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ</u>
19. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના માર્ચ 2021ના અહેવાલ મુજબ વૈશ્વિક શસ્ત્રો નિકાસમાં ભારતનો ફાળો કેટલા ટકા છે - <u>0.2%</u>
20. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના માર્ચ 2021ના અહેવાલ મુજબ છેલ્લા દાયકામાં ભારતની શસ્ત્ર આયાત કેટલા ટકા ઘટી છે - <u>33%</u>
21. વિશ્વનો સૌથી મોટો શસ્ત્ર નિકાસકાર દેશ જણાવો - <u>અમેરિકા</u>
22. વિશ્વના કુલ શસ્ત્ર નિકાસમાં અમેરિકાનો ફાળો જણાવો - <u>37%</u>
23. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના માર્ચ 2021ના અહેવાલ મુજબ વિશ્વના સૌથી મોટા પ્રથમ પાંચ શસ્ત્ર નિકાસકાર દેશ જણાવો - <u>અમેરિકા, રશિયા, ફ્રાંસ, જર્મની અને ચીન</u>
24. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના માર્ચ 2021ના અહેવાલ મુજબ ભારત કેટલામો શસ્ત્ર નિકાસકાર દેશ છે - <u>24th</u>


25. છેલ્લા પાંચ વર્ષ કરતા ભારતની શસ્ત્ર નિકાસમાં કેટલા ટકાનો વધારો નોંધાયો છે - 228%

26. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ કયા દેશમાં આવેલી છે - સ્વીડન

27. 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' ક્યારે મનાવવામાં આવે છે - 15 માર્ચ

DATE : 16-03-2021

1. ગુજરાતની આર્થિક બાબતો : માથાદીઠ આવક-ગુજરાત (આર્થિક)




- ✓ પ્રતિ ગુજરાતીની વાર્ષિક માથાદીઠ આવક વર્ષ 2020-21માં રૂ. 2,46,329
- ✓ ગુજરાતનું કૃષિ ઉત્પાદન વર્ષ 2020 -રૂ.1,73,000 કરોડ
- ✓ નર્મદા યોજનાનો પ્રારંભ-1960માં જ્યારે અત્યારસુધીનો કુલ ખર્ચ રૂ. 65,000 કરોડ
- ✓ નર્મદાનો પિયત વિસ્તાર : 18 લાખ હેકટર જમીન

2. નવી જાહેરાત : કેન્દ્ર સરકાર

કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં મોટા પ્રોજેક્ટો માટે વર્ષ 2021-22માં 20,000 કરોડના ફંડ સાથે નવી નેશનલ બેન્કની રચના કરાશે (આર્થિક)

- ✓ DFI : ડેવલપમેન્ટ ફાઇનાન્સ ઈન્સ્ટિટ્યૂશન
- ✓ DFI ઈનવેસ્ટમેન્ટ બેંક તરીકે ઓળખાશે



બજેટમાં નેશનલ બેન્કની જાહેરાત કરાઈ હતી

- ✓ બજેટ 2021માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ ડેવલપમેન્ટ એક્ટિવિટીઝ માટે નેશનલ બેન્ક બનાવવાની જાહેરાત કરાઈ હતી.
- ✓ કેન્દ્રીય પ્રધાનમંડળ દ્વારા ડેવલપમેન્ટ ફાઇનાન્સ ઈન્સ્ટિટ્યૂશન (DFI)ની રચનાની મંજૂરી
- ✓ આ બેન્ક ઈન્ફ્રા પ્રોજેક્ટને લાંબાગાળા માટે ફંડ આપશે અને જોખમો ઉઠાવશે.
- ✓ બેન્ક દ્વારા આગામી 3 વર્ષમાં રૂ. 5 લાખ કરોડનું ધિરાણ આપવાનો લક્ષ્યાંક.

DFI માટે રૂ. 20,000 કરોડનું ફંડ

- ✓ DFI દ્વારા પ્રોજેક્ટને લાંબાગાળાનું ફંડ આપવામાં આવશે.
- ✓ બજેટ 2021-22માં આ માટે રૂ. 20,000 કરોડની ફાળવણી કરાઈ છે.
- ✓ શરૂઆતમાં રૂ. 5000 કરોડની ગ્રાન્ટ અપાશે અને જેમ જરૂર પડે તેમ વધારાની સહાય રૂ. 5000 કરોડની મર્યાદામાં કરાશે.

ફંડ માટેનું ભાવિ આયોજન અને વહીવટી માળખુ

- ✓ સરકાર DFI માટે બોન્ડ બહાર પાડી રૂપિયા 3 લાખ કરોડ એકત્રિત કરાશે
- ✓ સરકાર DFI માટે સિક્યુરિટીઝ કે બોન્ડ બહાર પાડશે જેથી બોન્ડ માર્કેટને મદદ મળશે.
- ✓ બોન્ડ દ્વારા રૂ. 3 લાખ કરોડની રકમ એકઠી કરવામાં આવશે.
- ✓ મોટા સોવરિન ફંડ અને પેન્શન ફંડ તેમાં રોકાણ કરી શકશે. રોકાણ કરનારાઓને ટેકસ બેનિફિટ આપવામાં આવશે.
- ✓ કોઈ મોટી બેન્કો મોટા ઈન્ફ્રા પ્રોજેક્ટને ફંડિંગ કરવા તૈયાર ન હતી. આથી સરકારે અલગ નેશનલ બેન્ક બનાવવા નિર્ણય લીધો હતો.
- ✓ આ બેન્ક માટે અલગ બોર્ડ રચાશે જેમાં નાણાકીય સેક્ટરના નિષ્ણાતોને સ્થાન અપાશે. બોર્ડના 50 ટકા સભ્યો નોન - ઓફિશિયલ ડિરેકટર હશે.
- ✓ 1.5 ટ્રિલિયન ડૉલરના 6000 જેટલા ગ્રીન અને બ્રાઉન પ્રોજેક્ટને આ બેન્ક દ્વારા મદદ કરાશે.
- ✓ શરૂઆતમાં પ્રોજેક્ટની 100 ટકા માલિકી સરકારની રહેશે પણ તેમાં વિનિવેશ કરીને સરકારી હિસ્સો ઉત્તરોતર ઘટાડીને 26 ટકા કરાશે.
- ✓ જાહેરાત : કેન્દ્રીય નાણા મંત્રી : શ્રી નિર્મલા સિતારામન

3. કેન્દ્રીય ગૃહ મંત્રાલય : ભારતની પોલીસને વધુ સજ્જ અને સક્ષમ બનાવવા 'ફ્યૂચર કોપ યોજના' અમલી બનાવાશે (ટેકનોલોજી-સુરક્ષા)

યોજનામાં સમાવિષ્ટ મુદ્દાઓ

- ✓ ફ્યુચર કોપ જના વિશે એવું કહેવાયું છે કે, દેશની પોલીસને આતંકવાદ, હાઈજેકિંગ, સાઈબર ક્રાઈમ સહિતના પડકારોનો સામનો કરી શકે એવી બનાવવામાં આવશે.



- ✓ પોલીસને આધુનિક બનાવવા માટે ગૃહ મંત્રાલય દ્વારા દેશના દરેક રાજ્યો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા હતા.

✓ પોલીસની સાથે અર્ધ સૈનિક દળને પણ સક્ષમ બનાવવામાં આવશે. આજકાલ પોલીસના શર્ટ ઉપર કેમેરા લગાવવામાં આવી રહ્યા છે.
✓ આપણા દેશ માટે આ નવું છે, બાકી દુનિયાના દેશો તો ક્યારનાયે કેમેરા તો શું એનાથી પણ હાઈટેક ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરી રહ્યા છે.
✓ આપણે ત્યાં પોલીસની છાતી ઉપર કેમેરા લગાવાયા એના વિશે લોકોની કમેન્ટસ કેવી હતી ? હવે પોલીસ લાંચ નહીં લઇ શકે ! પોલીસ ઉપર જ હવે નજર રહેશે ! કેટલા લોકોએ એવું કહ્યું કે, હવે એ કેમેરાથી ક્રાઇમની આખી ઘટના કેદ કરી શકાશે.
✓ કેમેરામાં ઝીલાતા દ્રશ્યો પોલીસ સ્ટેશનના કંટ્રોલ રૂમ સુધી પહોંચશે અને વધુ પોલીસની જરૂર હશે તો તરત જ પહોંચાડી શકાશે.
✓ આ કેમેરા મોર્ડન ઇન્વેસ્ટિગેશન ટૂલ્સનો એક ભાગ છે.
✓ પોલીસ ત્યારે જ એનું કામ સરખી રીતે કરી શકે જો એ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોય અને દરેક પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ હોય.

ફ્યુચર કોપ યોજના વિશે

✓ પોલીસ પાસે વોર્નિંગ સિસ્ટમ હશે. પોલીસ અને અર્ધસૈનિક દળોના જવાનોનો યુનિફોર્મ જ એવો બનાવવામાં આવશે કે તેમાં પ્રોટેક્શન સિસ્ટમ હોય.
✓ વોર્નિંગ સિસ્ટમ એવી હશે જે પોલીસમેનના હેલ્થ પેરામિટર પર પણ નજર રાખશે અને કંઈ તકલીફ હોય તો તરત જ એલર્ટ કરશે.
✓ વોર્નિંગ સિસ્ટમની સાથે કમ્યુનિકેશન સિસ્ટમ પણ રાખવામાં આવશે.
✓ દરેક સ્માર્ટ કોપ એક બીજા સાથે કમ્યુનિકેશન સિસ્ટમથી જોડાયેલો હશે.
✓ આ સિવાય હેલ્મેટ, જેકેટ, શૂઝ અને હથિયારો પણ તે એવા હશે જે પોલીસ માટે કમ્ફર્ટેબલ હોય.
✓ દુનિયાના દેશોમાં એનું પણ ધ્યાન રાખવામાં આવે છે કે, પોલીસને જે હેલ્મેટ અપાય છે એ પોલીસનું ગળું સહન કરી શકે એમ છે કે નહીં ? શૂઝ એવા હોવા જોઇએ કે પોલીસને ચાલવા અને જરૂર પડ્યું દોડવામાં કોઇ તકલીફ ન થાય.
✓ પોલીસની ડ્યુટી કલાકોની હોય છે. અમુક સંજોગોમાં તો પોલીસે રાત દિવસ ઓન ડ્યુટી રહેવું પડે છે.
✓ લાંબો સમય યુનિફોર્મ અને શૂઝ પહેરી રાખવા પડે તો પણ અકળામણ ન થાય એના તરફ પહેલી વખત ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

પોલીસની વર્તમાન સ્થિતિ

✓ મુંબઈ પોલીસની સરખામણી એક સમયે સ્કોટલેન્ડ યાર્ડ પોલીસ સાથે થતી હતી.
✓ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘર એન્ટિલિયા નજીકથી મળેલી વિસ્ફોટકો ભરેલી કારની તપાસમાં જે વાતો બહાર આવી રહી છે એ ચોંકાવનારી છે.
✓ પોલીસમાં સુધારા માટે કમિટિઓ રચાય છે, તેના રિપોર્ટો પણ આવે છે પણ પછી જે કામ થવું જોઇએ એ થતું નથી.
✓ 1977માં નેશનલ પોલીસ કમિશનની રચના કરવામાં આવી હતી.
✓ આ કમિશને પોલીસ રિફોર્મ માટે આઠ રિપોર્ટ આપ્યા હતા.
✓ 1998માં રિબેરો કમિટિ અને 2000માં પદ્મનાભ કમિટિની રચના કરવામાં આવી હતી. એ કમિટિના રિપોર્ટ મુજબ બહુ ઓછા પગલાં લેવામાં આવ્યા હતા.
✓ હવે સરકાર ફ્યુચર કોપ માટે સજાગ થઇ છે એ સારી વાત છે. આપણા દેશમાં પોલીસની ઈમેજ સુધારવા અને સાથોસાથ પોલીસનું મોરલ પણ વધારવાની જરૂર છે.
✓ પોલીસની ટીકા કરનારાઓએ એક વખત એમના ઘરે જઈને એમને જે ક્વાટર આપવામાં આવે છે કે જે બીજી સુવિધાઓ આપવામાં આવે છે એ જોઈ આવવાની જરૂર છે.
✓ પોલીસને જે સેલેરી મળે છે એ પણ માંડમાંડ પૂરું થાય એટલી હોય છે. લોકો બચવા માટે પોલીસને લાંચ આપે છે અને પછી પોલીસને વખોડે છે.
✓ પોલીસ ડિપાર્ટમેન્ટમાં કરપ્શનનું પ્રમાણ ખાસું એવું છે પણ બધા જ ખરાબ છે એવું કહેવું વધુ પડતું છે.
✓ કેન્દ્રીય ગૃહમંત્રી : શ્રી અમિત શાહ

## 4. દિન વિશેષ : 16 માર્ચ          રાષ્ટ્રીય રસીકરણ દિવસ




અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (16-03-2021)

1. પ્રતિ ગુજરાતીની વર્ષ 2020-21ની વાર્ષિક માથાદીઠ આવક જણાવો - રૂ. 2,46,329/-
2. ગુજરાતમાં વર્ષ 2020માં કુલ કેટલા કરોડનું કૃષિ ઉત્પાદન થયું છે - રૂ. 1,73,000/-
3. ગુજરાતમાં નર્મદા યોજનાનો પ્રારંભ ગયા વર્ષે થયો હતો - 1960
4. ગુજરાતમાં નર્મદા યોજના હેઠળ અત્યાર સુધીમાં અંદાજે કેટલા કરોડનો ખર્ચ કરાયો છે – રૂ. 65,000 કરોડ
5. માર્ચ 2021માં કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં મોટા પ્રોજેક્ટ માટે કઇ નવી નેશનલ બેંકની રચના કરાઈ છે -DFI
6. DFIનું વિસ્તૃત નામ જણાવો - ડેવલપમેન્ટ ફાઇનાન્સ ઈન્સ્ટિટ્યૂશન
7. કેન્દ્ર સરકાર દ્વારા DFIને પ્રથમ તબક્કામાં વર્ષ 2021-22માં કેટલું ફંડ આપવામાં આવ્યું છે - રૂ. 20,000 કરોડ
8. DFI અન્ય કયા નામે ઓળખાય છે - ઇન્વેસ્ટમેન્ટ બેન્ક
9. કેન્દ્ર સરકારના 2021-22ના અંદાજપત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ ડેવલોપમેન્ટ એક્ટિવિટી માટે કઇ નવી બેંક બનાવવાની જાહેરાત કરાઇ હતી - DFI-નેશનલ બેંક
10. DFI દ્વારા આગામી ત્રણ વર્ષમાં કેટલા કરોડનું ધિરાણ આપવાનો લક્ષાંક રખાયો છે - રૂ. 5 લાખ કરોડ

11. DFIના બોર્ડમાં કેટલા ટકા સભ્યો નોન-ઓફિશિયલ ડિરેક્ટર હશે - <u>50</u>
12. કેન્દ્રીય નાણામંત્રીનું નામ જણાવો - <u>નિર્મલા સીતારામન</u>
13. આગામી સમયમાં ભારતની પોલીસને વધુ સજ્જ અને સક્ષમ બનાવવા કઈ નવી યોજના કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા અમલી બનાવાશે - <u>ફ્યૂચર કોપ યોજના</u>
14. ભારતમાં નેશનલ પોલિસ કમિશનની રચના કયા વર્ષે થઈ હતી - <u>1977</u>
15. ભારતની પોલીસ વ્યવસ્થામાં બદલાવ માટે વર્ષ 1998 અને વર્ષ 2000માં કઈ કમિટીની રચના કરવામાં આવી - <u>રિબેરો કમિટી અને પદ્મનાભ કમિટી</u>
16. ભારતમાં રાષ્ટ્રીય રસીકરણ દિવસ ક્યારે ઉજવાય છે - <u>16 માર્ચ</u>

**DATE : 17-03-2021**

<u>1.નામકરણ : બ્રિટિશ ગવર્નરના નામથી વર્ષ 1915માં શરૂ થયેલી 106 વર્ષ જૂની સીડેનહોમ લાઇબ્રેરી હવે શહીદ વીર કિનારીવાલા લાયબ્રેરી તરીકે ઓળખાશે</u>



✓ કેમ્પસ : ગુજરાત કોલેજ અમદાવાદ

<u>2. કોરોના મહામારીનો સેકન્ડ વેવ (આરોગ્ય)</u>

✓ છેલ્લા 24 કલાકમાં 28903 નવા કેસ
✓ વડાપ્રધાન શ્રી મોદીની કોરોના પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રી સાથે વર્ચ્યુલ બેઠક



<u>PMએ પાંચ બાબતોના મંત્ર ઉપર ભાર મૂક્યો</u>

1. <u>ટેસ્ટિંગનો 70 ટકા હિસ્સો આરટીપીસીઆર ટેસ્ટનો હોવો જોઇએ</u>
2. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં રસીકરણ સેન્ટરોમાં વધારો કરો
3. કોરોના રસીનો બગાડ અટકાવો, એક્સપાયરી ડેટ પર વિશેષ ધ્યાન આપો
4. જરૂરી હોય ત્યાં માઇક્રોકન્ટેનમેન્ટ ઝોન તૈયાર કરો
5. જનતામાં ભય ન વ્યાપે તે રીતે દવાઇ ભી – કડાઇ ભીનું પાલન કરાવો

<u>વડાપ્રધાન મોદીનો 3 T અનુસરવા રાજ્યોને અનુરોધ</u>

✓ (1) ટેસ્ટિંગ (2) ટ્રેકિંગ અને (3) ટ્રીટમેન્ટ

<u>3. ISS : ચાર નવા રહસ્યમય બેક્ટેરિયા શોધાયા (અવકાશ સંશોધન)</u>

✓ શોધ : ભારતીય સંશોધક અને નાસાના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન દ્વારા સંયુક્ત સંશોધન




<u>નવા સ્ટ્રેન વિશે :</u> ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન(ISS)માં ચાર નાનકડા જીવની શોધ કરી છે. આ જીવ અન્ય કોઇ નહીં પરંતુ વિભિન્ન સપાટી પર રહેતાં બેક્ટેરિયા છે, જેના ચાર નવા સ્ટ્રેનની શોધ કરવામાં આવી છે.

✓ આ બેક્ટેરિયાના ત્રણ સ્ટ્રેનથી આજસુધી સમગ્ર વિશ્વ અજાણ હતું.
✓ પૃથ્વીથી હજારો કિલોમીટર ઉપર આવા આસોલેટેડ સ્થાન પર બેક્ટેરિયાના ચાર નવા સ્ટ્રેન મળી આવવાથી વૈજ્ઞાનિકો પણ આશ્ચર્ય પામ્યા છે.

<u>જ્યાં હવા પણ પ્રવેશી શકે નહીં તેવી જગ્યા પર જીવ મળ્યો</u>

✓ એક બેક્ટેરિયાની સ્પેસ સ્ટેશનના રિસર્ચ સ્ટેશનની ઓવરહેડ પેનલ પરથી મળી આવ્યો હતો.
✓ બીજાની શોધ ISS ની સૌથી ઉપરની ઉપસેલી સપાટી, ઓબ્ઝર્વેશન અને વર્ક એરિયામાં કરવામાં આવી હતી.
✓ ત્રીજા સ્ટ્રેનની શોધ સ્પેસ સ્ટેશનના જમવાના ટેબલ પરથી કરવામાં આવી હતી. જ્યારે ચોથો સ્ટ્રેન જુના HEPA એર ફિલ્ટરમાંથી મળ્યો હતો.

<u>બેક્ટેરિયાના નવા સ્ટ્રેનને નામ અપાયા :</u>

✓ આ ત્રણે નવા બેક્ટરિયાના નામ IF7SW-B2T, IIF1SW-B5 અને IIF4SW-B5 આપવામાં આવ્યા છે.
✓ જ્યારે ચોથો સ્ટ્રેન કે જે જુના હેપા ફિલ્ટર પરથી મળ્યો હતો તે એક જાણીતી માઇક્રોબ્રિયલ પ્રજાતિથી સંબંધિત છે, જેનું નામ મેથિલોરુબ્રમ રોડેશિયાનમ છે. આ બેકટેરેયા છોડવાની બિમારીઓને પેદા કરતાં બેક્ટરિયા સામે લડવામાં તે મદદ કરી શકે છે.

5. <u>સંશોધન : યુરેનિયમનો નવો જથ્થો શોધાયો-અરુણાચલ પ્રદેશ (શુદ્ધ ઊર્જા)</u>


ભારતીય સંશોધકોને અરૂણાચલ પ્રદેશની ચીન સરહદેથી યુરેનિયમનો જથ્થો મળ્યો.

✓ પરમાણુ ઊર્જા અને પરમાણુ શસ્ત્રો બન્નેમાં યુરેનિયમ અનિવાર્ય ધાતુ છે.
✓ પહાડી વિસ્તાર હોવાથી યુરેનિયમનું ખાણકામ મુશ્કેલ છે, પરંતુ એ કાર્યવાહી કઈ રીતે થઈ શકે તેની શક્યતાઓ અમે તપાસી રહ્યા છીએ.

<u>ખાસ : વિવિધ રાજ્યોમાંથી યુરેનિયમ શોધવા કેન્દ્ર સરકારનું અભિયાન :</u>

✓ જ્યાં યુરેનિયમનો જથ્થો મળ્યો એ <u>ચીન સરહદથી માંડ ત્રણેક કિલોમીટર અંદર માસુકા વેલી વિસ્તારમાં</u> આવેલો છે.
✓ સંશોધકોએ ઊંડી તપાસ કરી છે અને એકાદ સ્થળે 619 મીટર સુધી ખોદકામ કરી યુરેનિયમ મળવા અંગેની શક્યતાને બરાબર તપાસી છે.

- ✓ પ્રદૂષણ ન ફેલાવે એવી ઊર્જાનો એક મોટો સ્રોત્ર યુરેનિયમ છે. માટે સરકારે વિવિધ રાજ્યોની ધરતીમાં યુરેનિયમ છે કે કેમ અને છે તો તેને સરળતાથી મેળવી શકાય એમ છે કે કેમ એ અભિયાન શરૂ કર્યું છે.




- ✓ ઝારખંડમાં તો યુરેનિયમ શોધતા યુરેનિયમની સાથે સોનાનો જથ્થો પણ મળ્યો હતો.
- ✓ શોધ કરનાર સંસ્થા : એટોમિક મિનરલ્સ ડિરોક્ટરેટ ફોર એક્સપલોરેશન એન્ડ રિસર્ચ
- ✓ રાજધાની : ઈટાનગર

5. મણિપુર : લાઇ હરોબા જાણીતો તહેવાર



- ✓ 23 એપ્રિલે ખોંગજોમ દિવસ મનાવામાં આવે છે

6. મનરેગા : મનરેગા હેઠળ દેશમાં રોજગાર આપવામાં છત્તીસગઢ પ્રથમ રાજ્ય




7. બિહાર સરકાર : સિદ્ધિ

WHO દ્વારા વસ્તી દીઠ ડૉક્ટરના રેશિયાને હાંસલ કરનાર રાજ્ય બિહાર




8. ચિનાર દિવસની ઉજવણી : જમ્મુ-કાશ્મીર




9. નિમણૂક : પૂર્વ ક્રિકેટર કપિલ દેવ ઇન્ડિયન પ્રોફેશનલ ગોલ્ફ ટૂર બોર્ડના સદસ્ય તરીકે સામેલ

10. SMA ટાઇટ-2 : સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી (આરોગ્ય)

- ✓ તાજા જન્મેલા બાળકોમાં જોવા મળતી એક પ્રકારની ગંભીર બીમારી
- ✓ લક્ષણો : ચાલી ન શકે અને બેસી પણ ન શકે, કોઈ પણ કામ જાતે ન કરી શકે.
- ✓ સૌથી મોંઘી દવા : એક ઈન્જેક્શનના અંદાજે રૂપિયા 16 કરોડ
- ✓ આ દવા માત્ર USAની કંપની દ્વારા જ તૈયાર કરાય છે.

11. ખેલકૂદ : 16માં EURO કપ-2020ની જાહેરાત

- ✓ EURO કપનું આયોજન યુરોપના 12 શહેરોમાં થશે
- ✓ આ ટુર્નામેન્ટમાં માત્ર યુરોપિયન દેશો જ ભાગ લે છે
- ✓ UEFA યુરો કપની 16મી આવૃત્તિ હશે. આ અગાઉ તેનું આયોજન જૂન, 2020માં થવાનું હતું, પરંતુ કોરોનાને કારણે તેને સ્થગિત કરી દેવાયું હતું.
- ✓ UEFAના અધ્યક્ષ મિશેલ પ્લાટિનીએ ટૂર્નામેન્ટનું નામ 'UEFA યુરો 2020' રાખવાની જ જાહેરાત કરી હતી.




1 જૂનથી 11 જુલાઈ, 2021 વચ્ચે યોજાશે

- ✓ યુરો કપનું આયોજન 11 જૂનથી 11 જુલાઈ, 2021 વચ્ચે કરાશે.
- ✓ તેને હોસ્ટ કરનારા દેશોમાં આઝરબૈજાન, ડેનમાર્ક, ઈંગ્લેન્ડ, જર્મની, હંગરી, ઈટાલી, નેધરલેન્સ, રિપબ્લિક ઓફ આયર્લેન્ડ, રોમાનિયા, રશિયા, સ્કોટલેન્ડ અને સ્પેનનો સમાવેશ થાય છે.
- ✓ જાહેરાત : યુરોપિયન ફૂટબોલ ગવર્નિંગ બોડી

12. જન્મ દિન વિશેષ : 17 માર્ચ

ટેનિસ સ્ટાર : સાઇના નેહવાલ જન્મ : તા. 17 માર્ચ 1990

- ✓ બેડમિન્ટનની રમતમાં ભારતને ગૌરવ અપાવનાર સાઇના નેહવાલનો જન્મ 17/03/ 1990માં હરિયાણાના હિસ્સારમાં થયો હતો.



- ✓ ભારત માટે 24 આંતર રાષ્ટ્રીય ટાઇટલ જીત્યા. જેમાં 11 સુપરસિરીઝ ટાઇટલ છે.
- ✓ બેડમિન્ટનમાં 2009માં તે વિશ્વની બીજા નંબરની અને 2015માં વિશ્વમાં પહેલા નંબરની ખેલાડી બની હતી.
- ✓ આવું સન્માન મેળવનાર તે એકમાત્ર ભારતીય મહિલા ખેલાડી અને બીજી ભારતીય છે. (પહેલાં પ્રકાશ પાદુકોણ) સાયનાએ ત્રણ ઓલિમ્પિક રમતોમાં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. જેમાંથી એકમાં તેણે કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. રાષ્ટ્ર સમૂહના દેશોના રમતોત્સવમાં તે એકમાત્ર મહિલા બેડમિન્ટન ખેલાડી છે જેણે બે વાર (2017 અને 2018) સુવર્ણચંદ્રક મેળવ્યા છે.

**સન્માન :**

✓ પદ્મભૂષણ, રાજીવ ગાંધી ખેલરત્ન અને અર્જુન એવોર્ડ.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (17-03-2021)**

1. માર્ચ 2021માં કોરોના મહામારીનો સેકન્ડ વેવ રોકવા માટે વડાપ્રધાન શ્રી દ્વારા રાજ્યોને ક્યા ત્રણ-T ઉપર ભાર મૂકવા જણાવાયું છે- ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટ
2. બાળકોમાં જોવા મળતી ગંભીર અને સૌથી વધુ ખર્ચાળ બીમારી SMA ટાઇપ-2નું વિસ્તૃત નામ જણાવો- સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી
3. -બાળકોમાં જોવા મળતી ગંભીર અને સૌથી વધુ ખર્ચાળ બીમારી SMA ટાઇપ-2ની દવા વિશ્વમાં કયો એક માત્ર દેશ બનાવે છે - અમેરિકા
4. માર્ચ 2021માં ભારતીય સંશોધકો અને નાસાના ISS દ્વારા કેટલા નવા રહસ્યમય બેક્ટેરિયા શોધાયા - 4
5. માર્ચ 2021માં ભારતીય સંશોધકો અને નાસાના ISS દ્વારા સુધારેલા નવા રહસ્યમય બેક્ટેરિયાના નામ જણાવો - IF7SW-B2T, IIF1SW-B5, IIF4SW-B5
6. ગુજરાત કોલેજ-અમદાવાદમાં આવેલી 106 વર્ષ જૂની સીડેનહોમ લાઇબ્રેરીને તાજેતરમાં કયું નવું નામ અપાયું - શહીદ વીર કિનારીવાલા
7. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાંથી યુરેનિયમનો નવો જથ્થો મળી આવ્યો છે - માસુકા વેલી, અરુણાચલ પ્રદેશ
8. ભારતમાં કેન્દ્રની કઈ સંસ્થા દ્વારા વિવિધ રાજ્યોમાં યુરેનિયમ શોધવાનું અભિયાન શરૂ કરાયું છે – એટોમિક મિનરલ્સ ડિરેક્ટરેટ ફોર એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ
9. લાઇ હરોબા તહેવાર કયા રાજ્યમાં મનાવવામાં આવે છે - મણિપુર
10. માર્ચ 2021ની સ્થિતિએ મનરેગામાં સૌથી વધુ રોજગારી આપનાર રાજ્ય જણાવો - છત્તીસગઢ
11. WHO દ્વારા વસ્તી દીઠ નક્કી કરાયેલા ડોક્ટરના રેશિયાને હાંસલ કરનાર રાજ્ય જણાવો - બિહાર
12. ચિનાર દિવસની ઉજવણી કયા કરવામાં આવે છે - જમ્મુ કશ્મીર
13. તાજેતરમાં ઇન્ડિયન પ્રોફેશનલ ગોલ્ફ ટૂર બોર્ડના સદસ્ય તરીકે કોની નિમણૂક કરાઈ - પૂર્વ ક્રિકેટર કપિલ દેવ
14. આગામી સમયમાં ક્યારે 16મો યુરો કપ-2020 યોજાશે - 1.06.2021 થી 11.07.2021
15. ફૂટબોલના પ્રસિદ્ધ યુરો કપમાં યુરોપના કેટલાક દેશો જોડાય છે - 12
16. બેડમિન્ટન સ્ટાર સાઇના નહેવાલનો જન્મદિવસ જણાવો - 17 માર્ચ 1990
17. બેડમિન્ટન સ્ટાર સાઇના નહેવાલનો જન્મ ક્યાં થયો હતો - હિસ્સાર, હરિયાણા

**DATE : 18-03-2021**

**રાષ્ટ્રીય બાબતો**

**1. નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસી 2021 જાહેર : ભારત સરકાર (વાહન વ્યવહાર - પર્યાવરણ)**




**અસરો :**

✓ આ નવી પોલિસી અંતર્ગત 20 વર્ષ કરતાં જૂનાં 51 લાખ લાઇટ મોટર વ્હિકલ્સ અને 15 વર્ષથી જૂના 34 લાખ લાઇટ મોટર વ્હિકલ્સને આવરી લેશે.

✓ ઉપરાંત 15 વર્ષ કરતાં જૂનાં 17 લાખ મીડિયમ અને હેવી મોટર વ્હિકલ્સ પણ આ પોલિસીના દાયરામાં આવી જશે.

✓ આ પોલિસી વિન્ટેજ કારને લાગુ પડશે નહીં. 15 વર્ષથી જૂના કોમર્શિયલ વ્હિકલ્સ ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ જતાં સ્ક્રેપ કરવાના રહેશે.

✓ આ પ્રકારના વાહનોની આરસી રિન્યૂ કરાશે નહીં. જે વાહન ફિટનેસ ટેસ્ટ પસાર કરવામાં અને રજિસ્ટ્રેશન સર્ટિ રિન્યૂ કરાવવામાં નિષ્ફળ જશે તે વાહનને મૃત જાહેર કરી દેવામાં આવશે.

**નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસીની હાઇલાઇટ્સ :**

✓ સ્ક્રેપિંગ સેન્ટર દ્વારા કસ્ટમરને જૂના વાહન માટે નવા વાહનની કિંમતના 4 થી 6 ટકા ચૂકવાશે

✓ રાજ્યો પર્સનલ વ્હિકલના રજિસ્ટ્રેશન પર રોડ ટેક્સમાં 25 ટકા સુધીની રાહત.

✓ રાજ્યો કોમર્શિયલ વ્હિકલના રજિસ્ટ્રેશન પર રોડ ટેક્સમાં 15 ટકા સુધીની રાહત

✓ સ્ક્રેપ સર્ટિફિકેટની સામે નવા વાહનની ખરીદી રજિસ્ટ્રેશન ફી માફ થઇ શકે છે

✓ સ્ક્રેપિંગ સર્ટિ રજૂ કરતાં નવા વાહનની ખરીદી પર પાંચ ટકા ડિસ્કાઉન્ટ અપાશે

✓ જૂનાં વાહનોની આરસી અને ફિટનેસ સર્ટિ રિન્યૂઅલની ફીમાં વધારો કરાશે, વિલંબ માટે પેનલ્ટી લગાવાશે

✓ રાજ્યો જૂનાં વાહનો પર ગ્રીન ટેક્સ વસૂલી શકશે

✓ ફિટનેસ ટેસ્ટ ફરજિયાત, ટેસ્ટમાં નિષ્ફળ વાહનનું રજિસ્ટ્રેશન રદ કરાશે

**સંભવિત રૂપરેખા :**

✓ ફિટનેસ ટેસ્ટ અને સ્ક્રેપિંગ સેન્ટર સાથે સંકળાયેલા નિયમો 1 ઓક્ટોબર 2021થી અમલમાં આવશે

✓ સરકારી અને પીએસયુ સાથે સંકળાયેલાં વાહનો સ્ક્રેપ કરવાનો નિયમ 1 એપ્રિલ 2022થી લાગુ થશે

✓ કોમર્શિયલ વાહનોના ફિટનેસ ટેસ્ટના નિયમો 1 એપ્રિલ 2023થી લાગુ થશે

✓ અન્ય વાહનો માટે જરૂરી ફિટનેસ ટેસ્ટના નિયમ 1 જૂન 2024થી લાગુ થશે

**અન્ય જાહેરાત :**

- ✓ આગામી એક વર્ષમાં દેશના તમામ ટોલનાકા હટાવી લેવામાં આવશે અને તેના સ્થાને જીપીએસ આધારિત ટોલ કલેક્શનની વ્યવસ્થા ગોઠવાશે. આગામી એક વર્ષમાં દેશભરમાં જીપીએસ આધારિત ટોલ કલેક્શન વ્યવસ્થા શરૂ થઇ જશે.

8 ગણી રજિસ્ટ્રેશન રિન્યૂઅલ ફી

- ✓ ઓક્ટોબર 2021થી 15 વર્ષ જૂની કારના રજિસ્ટ્રેશનનાં રિન્યૂઅલ માટે રૂપિયા પાંચ હજાર, જૂની બાઇકના માટે રૂપિયા 1000, બસ અથવા ટ્રકના રજિસ્ટ્રેશન રિન્યૂઅલ માટે રૂપિયા 12,500 ચૂકવવા પડશે.
- ✓ જાહેરાત : કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી

## 2. RBI : આગામી 30 સપ્ટેમ્બર 2021 સુધીમાં તમામ બેંકોમાં 24 કલાકમાં જ ચેક ક્લિયર કરાશે (સુવિધા)




- ✓ બેંકોમાં ચેક ટ્રાન્જિક્શન સિસ્ટમ અમલ કરવા RBIનો આદેશ

## 3. ભારતની વર્ષ 2020ની આયાત નિકાસની વિગતો (વૈશ્વિક વ્યાપાર)

- ✓ વિશ્વના ટોપ-5 દેશોમાંથી કુલ 143.55 અબજ ડોલરની વસ્તુઓની આયાત

**ટોપ-5 દેશ અને આયાત :**

| દેશ | આયાત |
|---|---|
| 1. ચીન | : 58.71 અબજ ડૉલર |
| 2. અમેરિકા | : 26.89 અબજ ડૉલર |
| 3. યુએઇ | : 23.96 અબજ ડૉલર |
| 4. સાઉદી | : 17.73 અબજ ડૉલર |
| 5. ઈરાક | : 16.26 અબજ ડૉલર |

નિકાસ :

- ✓ વર્ષ 2020માં ભારતથી ચીનમાં થતી નિકાસ 16.15 ટકા વધીને 20.87 અબજ ડોલર પર પહોંચી હતી.
- ✓ વર્ષ 2019માં ભારતે ચીનમાં 17.9 અબજ ડોલરના સામાનની નિકાસ કરી
- ✓ વિગતો : કેન્દ્રીય વાણિજ્ય રાજ્યમંત્રીશ્રી હરદીપસિંહ પુરી

## 4. એશિયાનો સૌથી મોટો ટ્યુલિપ ગાર્ડન- શ્રીનગર (જમ્મુ કાશ્મીર)



ગાર્ડન વિશે :

- ✓ આગામી એપ્રિલ 2021માં 'ટ્યુલિપ ફેસ્ટિવલ' યોજાશે
- ✓ જમ્મુ-કાશ્મીરમાં આવેલા એશિયાના સૌથી મોટા ટ્યુલિપ ગાર્ડનમાં ફૂલ ખીલવાનો પ્રારંભ.
- ✓ શ્રીનગરના સિરાજબાગમાં 30 હેક્ટરમાં ફેલાયેલા આ ગાર્ડનમાં 15 લાખ ટ્યુલિપ છે. તેમાંથી 4.6 લાખ ટ્યુલિપ હોલેન્ડથી લવાયા છે.

## 5. વીમા ક્ષેત્રમાં FDI : રાજ્યસભામાં બિલ પસાર : વીમા ક્ષેત્રમાં FDIની મર્યાદા 49 ટકાથી વધારી 74 ટકા કરાશે

- ✓ નામ : વીમા (સંશોધન) બિલ 2021




FDIનો હેતુ અને ફાયદા :

- ✓ વીમા ક્ષેત્રમાં વિદેશી મૂડીરોકાણ આકર્ષવાનો હેતુ દેશમાં વીમાની પહોંચ વધારશે.
- ✓ વીમા ક્ષેત્રનું નિયમન કરતી સંસ્થા ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી સહિતની સંસ્થાઓ ઊંડો ચર્ચાવિમર્શ કરીને આ નિર્ણય લેવાયો.
- ✓ આ નવા માળખામાં મોટા ભાગના ડિરેક્ટર અને મેનેજમેન્ટમાં ચાવીરૂપ હોદ્દા પર 50% સંખ્યા ભારતીય મૂળના લોકોની જ હશે.
- ✓ નફાની ચોક્કસ રકમ સામાન્ય અનામત ભંડોળ તરીકે રખાશે.
- ✓ આ પહેલા 2015માં કેન્દ્ર સરકારે રૂ. 26 હજાર કરોડના વીમા અત્રે એફડીઆઇ મર્યાદા 28%થી વધારીને 49% કરી હતી.
- ✓ ભારતમાં જીવન વીમાની પહોંચ જીડીપીના 3.6% છે, જે વૈશ્વિક સરેરાશ 7.13%થી ઘણી ઓછી ગણી શકાય.
- ✓ સામાન્ય વીમાના મામલામાં પણ સ્થિતિ ખરાબ છે. આ આંકડો જીડીપીના ફક્ત 0.94% છે.
- ✓ નાણા મંત્રી : શ્રી નિર્મલા સીતારમન

## 6. સર્વેલન્સ ટેકનોલોજીથી સજ્જ સ્વદેશી નૌકા જહાજ- VC 11884 તહેનાત (સંરક્ષણ- ટેકનોલોજી)



- ✓ લોન્ચિંગ : ઓક્ટોબર-2020
- ✓ વિશેષતા : ભારતે પરમાણુ મિસાઈલને ટ્રેક કરી શકે તેવું સ્વદેશી જહાજ વિવિધ પ્રકારની વોર્નિંગ સિસ્ટમ નેશનલ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ હેઠળ તૈયાર કરાઈ.
- ✓ મિસાઈલ ટ્રેકિંગ વેસલ ધરાવતો ભારત વિશ્વનો પાંચમો દેશ
- ✓ અગાઉ - USA, ચીન, રશિયા અને ફ્રાન્સ પાસે ઉપલબ્ધ

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 7. વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ-2020 (પર્યાવરણ)




સાઉથ એશિયાના સૌથી વધુ વાયુ પ્રદૂષિત દેશોમાં ભારત ત્રીજા સ્થાને

- ✓ જયારે પ્રથમ બાંગલાદેશ તથા બીજા ક્રમે પાકિસ્તાન
- ✓ કુલ 106 દેશોનો અભ્યાસ

સૌથી વધુ 50 પ્રદૂષિત શહેરોમાં ભારતના 35 શહેરો

મુખ્ય પ્રદૂષિત શહેરો

- ✓ દિલ્હી

- ✓ **ઉત્તરપ્રદેશના શહેરો** ગાઝિયાબાદ, બુલંદશહેર, બીસરખ, જલાલપુર, નોઇડા, ગ્રેટર નોઇડા, કાનપુર, લખનઉ, મેરઠ, આગ્રા અને મુઝફ્ફરનગર,
- ✓ **રાજસ્થાનના** ભીવારી, હરિયાણાના ફરીદાબાદ, જિંદ, હિસાર, ફતેહાબાદ, ગુરુગ્રામ, બંધવારી, રોહતક, યમુનાનગર વિગેરેનો સમાવેશ થાય છે.
- ✓ આપણા મેટ્રોપોલિટિન સિટીઝમાં પદૂષણનું સ્તર બહુ ઊંચું છે.

**ગુજરાતના શહેરો ટોપ-50માં**

- ✓ વાપી શહેરનું નામ 37મા નંબરે. અમદાવાદ શહેરનું પોલ્યુશન પણ કંઈ ઓછું નથી. અંકલેશ્વરથી વાપી સુધીનો જે પટ્ટો છે એ બીજા શહેરોની સરખામણીમાં વધુ પ્રદૂષિત છે. આ પટ્ટાને ગોલ્ડન કોરિડોર કહેવામાં આવે છે.
- ✓ સોશિયો-ઇકોનોમિક સર્વેના આંકડા મુજબ અંકલેશ્વર, દહેજ, હજિરા અને વાપી સુધીના વિસ્તારમાં 4412 કેમિકલ ફેક્ટરીઓ આવેલી છે. એમાંથી મોટા ભાગની ફેક્ટરીઓ માત્ર એર પોલ્યુશન જ નહીં પણ વોટર પોલ્યુશન અને જમીનને બગાડવા માટે જવાબદાર છે.
- ✓ દેશના કુલ હેઝાર્ડિયસ યુનિટ્સ છે તેમાંથી 35 ટકા માત્ર ગુજરાતના આ વિસ્તારમાં ધમધમે છે.

**હવાની ગુણવત્તાના માપદંડો :**




- ✓ એર ક્વોલિટી એટલે કે હવાની ગુણવત્તા માપવાના ઘણાં માપદંડ છે પરંતુ જેમાં સૌથી વધારે પ્રચલિત છે હવામાં પીએમ 2.5 અને પીએમ 10નું પ્રમાણ.
- ✓ પીએમનો અર્થ છે પાર્ટિક્યૂલેટ મેટર એટલે કે હવામાં રહેલા સૂક્ષ્મ કણો.
- ✓ પીએમ 2.5 અને પીએમ 10 આ કણોની સાઇઝ દર્શાવે છે.
- ✓ સામાન્ય રીતે આપણા શરીર પરના વાળની સાઇઝ પીએમ 50 જેટલી હોય છે. એના પરથી અંદાજ લગાવી શકાય કે પીએમ 2.5 અને પીએમ 10 કેટલા સૂક્ષ્મ કણ હશે.
- ✓ સામાન્ય સંજોગોમાં 24 કલાકમાં હવામાં પીએમ 2.5નું પ્રમાણ 60 માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ અને પીએમ 10નું પ્રમાણ 100 માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ.
- ✓ આ કણોનું આના કરતા વધારે પ્રમાણ હોય તો એ સ્થિતિ ભયજનક ગણાય.

**નવી દિલ્હીની પ્રદૂષણની માત્રા :**

- ✓ રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં દિલ્હીમાં પીએમ 2.5 ની સરેરાશ સાંદ્રતા પ્રતિ ઘન મીટર 84.1 હતી જે ચીનની રાજધાની બીજિંગ કરતા બમણી હતી.
- ✓ પીએમ 2.5ના સંપર્કમાં વધારે સમય રહેવાથી કેન્સર અને હૃદય સંબંધી સમસ્યા સહિત બીજી અનેક જીવલેણ બીમારીઓ થઇ શકે છે.

**સંસ્થા વિશે :**

- ✓ ગ્રીન પીસ સાઉથઈસ્ટ એનાલિસિસ આઇક્યુએરના એર પોલ્યુશનના રિપોર્ટ વધુ એક વખત બધા સામે અરીસો ધર્યો.
- ✓ ગ્રીનપીસ ઇન્ટરનેશનલ એટમોસ્ફિયર ઓર્ગેનાઈઝેશન છે, જેની ઓફિસો દુનિયાના પંચાવન દેશોમાં આવેલી છે.
- ✓ આઇક્યુઆર સ્વિટ્ઝર્લેન્ડની એર ક્વોલિટી ટેક્નોલોજી કંપની છે.
- ✓ 1963માં સ્થપાયેલી આ કંપની દર વર્ષે દુનિયાની હવા કેટલી સારી છે અને કેટલી બગડી છે એના વિશે રિપોર્ટ પ્રસિદ્ધ કરતી રહે છે.
- ✓ આ કંપની ક્લાઉસ ફેમ્સ અને મેનફ્રેડ હેસ નામના બે ભાઇઓએ સ્થાપી હતી.
- ✓ મેનફ્રેડ અસ્થમાના દર્દી હતા એટલે શ્વાસની શું કિંમત છે એની એને સમજ હતી.
- ✓ આમ તો આ કંપની એર પ્યોરિફાયર બનાવે છે પણ સાથોસાથ એ હવાની ગુણવત્તા પણ તપાસતી રહે છે.
- ✓ આ કંપનીએ એરવિઝ્યુલ નામનું એક પ્લેટફોર્મ પણ બનાવ્યું છે જે રિયલ ટાઈમ એટલે કે તમે જ્યારે જુઓ એ સમયે તમારા શહેર બીજા કોઇ શહેરની હવા કેવી છે એ કહી બતાવે છે.

**કાર્બન ઉત્સર્જન કરતાં દેશો :**

- ✓ યુરોપિયન યુનિયને ગયા વર્ષના પ્રારંભમાં જ ક્યો દેશ સૌથી વધુ કાર્બન ઉત્સર્જન કરે છે તેના વિશેનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો.
- ✓ સમગ્ર વિશ્વમાં જેટલું કાર્બન ઉત્સર્જન થાય છે તેમાં 30.3 ટકા હિસ્સો એક માત્ર ચીનનો.
- ✓ બીજો નંબર અમેરિકાનો છે. અમેરિકા 13.4 ટકા કાર્બન વાતાવરણમાં ઠાલવે છે.
- ✓ 8.7 ટકા સાથે બ્રિટનનો નંબર ત્રીજો છે.
- ✓ ભારતનો નંબર ચોથો છે. ભારતની ટકાવારી 6.8 છે.

**8. વર્લ્ડ નેચર ફોટોગ્રાફી - લંડન**


**વિષય : નેચર (કલા)**



- ✓ નેચર ફોટોગ્રાફી ઓફ ધ યર એવોર્ડ-2020
- ✓ વિજેતા : ભારતીય ફોટોગ્રાફર થોમસ વિજયન
- ✓ હાલમાં કેનેડા ખાતે નિવાસ
- ✓ તસવીર : ઓરાંગ ઉટાનની વૃક્ષ પર ચડતી તસવીર લીધી
- ✓ ફોટોગ્રાફીના કુલ 13 વિભાગ જેમાં પ્રાણી-પક્ષી, પર્યાવરણ, કુદરત વગેરે
- ✓ **સંસ્થા : વર્લ્ડ નેચર ફોટોગ્રાફી સંગઠન-લંડન**

**9. જન્મ દિન વિશેષ : 18 માર્ચ**

**ડીઝલ એન્જિનના શોધક: રુડોલ્ફ ડીઝલ**



જન્મ : 18 માર્ચ 1858 અવસાન : 29 સપ્ટેમ્બર 1913

- ✓ વાહનોમાં વપરાતા, ખેત ઉદ્યોગમાં વપરાતા કે પછી બીજા કોઈપણ ક્ષેત્રમાં વપરાતા ડીઝલ એન્જિનના શોધક રૂડોલ્ફ ક્રિશ્ચિયન કાર્લ ડીઝલનો જન્મ 18/03 1858નાં રોજ થયો હતો.
- ✓ આ જર્મન મિકેનિકલ એન્જિનિયરને નાનપણથી જ ઇજનેરીમાં રસ હતો.
- ✓ 1873માં ઓસ્બર્ગમાં નવી ખૂલેલી ઇજનેરી કોલેજમાં તેણે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી તુરંત જ તેણે પ્રવેશ લીધો હતો.
- ✓ બે વર્ષ પછી તેણે મ્યુનિચની પોલિટેક્નિકમાં પ્રવેશ લીધો હતો.
- ✓ ડીઝલે નિકોલસ ઓટોએ બનાવેલા ચાર સ્ટ્રોક એન્જિનનો તલસ્પર્શી અભ્યાસ કર્યા પછી એ એન્જિનમાં વપરાતા બળતણ પર સતત દબાણ વધારીને તેનાથી વધુ સારી કામગીરી ડીઝલે પોતાના મશીન પાસેથી લીધી.
- ✓ ડીઝલે એ મશીન અને એ સિદ્ધાન્તની 1892માં પેટન્ટ લીધી. એ દરમિયાન એ બર્લિનના એક રેફ્રિજરેટરના કારખાનામાં કામ કરતા હતા.
- ✓ આ શોધ અત્યંત લોકપ્રિય જરૂર થઈ પણ કેટલાક અદેખા જર્મન ઇજનેરો અને વિદ્વાનોએ વિજ્ઞાન માસિકોમાં તેની ડીઝલ સામે ટીકા અભિયાન ચલાવ્યું. એનાથી રૂડોલ્ફ ડીઝલ હતાશામાં સરી પડ્યા.
- ✓ ડીઝલે 1897માં બનાવેલું પહેલું એન્જિન આજે પણ જર્મન ટેકનિકલ મ્યુઝિયમ મ્યુનિકમાં પ્રદર્શિત કરાયું છે.
- ✓ 29-09-1913નાં રોજ દરિયામાં ડૂબી જવાથી રૂડોલ્ફ ડીઝલનું મૃત્યુ થયુ હતું.

10. દિન વિશેષ : 18 માર્ચ 1922 ગાંધીજી સામે રાજદ્રોહનો ઐતિહાસિક કેસ 99 વર્ષ પૂર્ણ

શતાબ્દી વર્ષનો પ્રારંભ



- ✓ વિગત : અમદાવાદમાં ચાલેલા આ કેસમાં ગાંધીજીને છ વર્ષની કેદની સજા થઈ હતી
- ✓ કોર્ટમાં હાજર કલાગુરુ રવિશંકર રાવળે ત્યાં જ પેન્સિલ સ્કેચ બનાવ્યા હતા
- ✓ આઝાદીની ચળવળમાં ગાંધીજી સામે પણ રાજદ્રોહનો કેસ થયો હતો.
- ✓ 18 માર્ચ, 1922ની એ ઐતિહાસિક ઘટનાને 99 વર્ષ પૂર્ણ થઇ 100મું વર્ષ બેસશે.
- ✓ 11 માર્ચ સરદાર પટેલે 'સિંહનો શિકાર' મથાળા નીચે લખ્યું હતું કે, "સ્વતંત્રતા મેળવવા અને ધર્મનું રક્ષણ કરવા ઇતિહાસમાં નવો અને ચમત્કારિક પ્રયોગ શરૂ કરનાર હિન્દુસ્તાનના સરદારને સરકારે આખરે કેદ કરવાની પણ હિંમત કરી છે... પણ વહેલો મોડો આ મહાપુરુષના તપોબળ આગળ તે બકરી બની રહેવાનો છે."
- ✓ 1922ની 18મી માર્ચના રોજ ઐતિહાસિક ટ્રાયલ અમદાવાદની કોર્ટમાં બે કલાક ચાલ્યો હતો.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (18-03-2021)

1. માર્ચ 2021માં ભારત સરકાર દ્વારા જૂના વાહનો થકી પ્રદૂષણ ઘટાડવા માટે કઈ નવી નીતિ જાહેર કરાઈ - નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસી-2021
2. નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસી-2021 અંતર્ગત કેટલા વર્ષ જૂના નાના વાહનોને લાગુ પડશે - 15 અને 20 વર્ષ
3. નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસી-2021 કઈ કારને લાગુ પડશે નહીં - વિન્ટેજ કાર
4. નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસી-2021 અંતર્ગત ગ્રાહકને જૂના વાહન માટે નવા વાહનના કિંમતના કેટલા ટકા ચૂકવવાના છે - 4થી 6 ટકા
5. નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસી મુજબ પર્સનલ વ્હિકલની નોંધણી પર રોડ ટેક્સમાં કેટલા ટકાની રાહત અપાશે – 25 ટકા સુધી
6. કોમર્શિયલ વ્હિકલની નોંધણી પર રોડ ટેક્સમાં કેટલા ટકાની રાહત અપાશે – 15 ટકા સુધી
7. નવી વ્હિકલ સ્ક્રેપેજ પોલિસી મુજબ રાજ્યો જૂના વાહનો પર કયો ટેક્સ વસૂલી શકશે – ગ્રીન ટેક્સ
8. દેશમાં ફિટનેસ ટેસ્ટ અને સ્ક્રેપિંગ સેન્ટર સાથે જોડાયેલા નિયમોનો અમલ કયારથી કરવામાં આવશે – તા. 1 ઓક્ટોબર 2021
9. માર્ચ-2021ની સ્થિતિએ આગામી કયાં સુધીમાં દેશમાં તમામ ટોલનાકા દૂર કરાશે – એક વર્ષ
10. RBIની સૂચના મુજબ આગામી 30 સપ્ટેમ્બર 2021 સુધીમાં તમામ બેંકોમાં કેટલા કલાકમાં ચેક ક્લિયર કરવામાં આવશે – 24
11. ભારતે વર્ષ 2020માં કયા પાંચ દેશમાં સૌથી વધુ માલ સામાનની આયાત નિકાસ કરી હતી – ચીન, USA, UAE, સાઉદી અરેબિયા અને ઈરાક
12. એશિયાનો સૌથી મોટો ટ્યુલિપ ગાર્ડન ક્યાં આવેલો છે - શ્રીનગર (જમ્મુ કાશ્મીર)
13. માર્ચ- 2021માં રાજ્યસભામાં વીમા ક્ષેત્રે કેટલી FDIની મર્યાદા વધારતુ બિલ પસાર થયુ - 49 ટકાથી વધારી 74 ટકા
14. ઓક્ટોબર-2020માં સર્વેલન્સ ટેકનોલોજીથી સજ્જ સ્વદેશી નૌકા જહાજ-VC 11884 કયા દેશ દ્વારા તહેનાત કરાયુ - ભારત
15. પરમાણુ મિસાઈલને ટ્રેકિંગ કરી શકે તેવું નૌકા જહાજ-VC 11884 ધરાવતો ભારત વિશ્વનો કેટલામો દેશ છે - પાંચમો (અગાઉ - USA, ચીન, રશિયા અને ફ્રાન્સ)
16. માર્ચ-2021માં જાહેર થયેલા વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ-2020માં સાઉથ એશિયાના સૌથી વધુ વાયુ પ્રદૂષિત ધરાવતા દેશો જણાવો – (1) બાંગ્લાદેશ, (2) ભારત (3) પાકિસ્તાન
17. વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ-2020 મુજબ સૌથી વધુ 50 પ્રદૂષિત શહેરોમાં ભારતના કેટલા શહેરોનો સમાવેશ થાય છે – 35
18. વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ-2020 મુજબ ભારત-ગુજરાતનું સૌથી પ્રદૂષિત શહેર અને ક્રમ – 1. દિલ્હી અને 37. વાપી (ગુજરાત)
19. વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ-2020 જાહેર કરનાર સંસ્થા અને દેશ – IQR, સ્વિટ્ઝર્લેન્ડ

20. નેચર ફોટોગ્રાફી ઓફ ધ યર એવોર્ડ-2020 વિજેતા અને દેશ - ભારતીય ફોટોગ્રાફર થોમસ વિજયન
21. નેચર ફોટોગ્રાફી ઓફ ધ યર એવોર્ડ કઇ સંસ્થા દ્વારા આપવામાં આવે છે - વર્લ્ડ નેચર ફોટોગ્રાફી સંગઠન-લંડન,UK
22. ડીઝલ એન્જિનના શોધક રુડોલ્ફ ડીઝલનો જન્મ દિવસ અને દેશ જણાવો - 18 માર્ચ 1858 તથા જર્મની
23. 18 માર્ચ 2021ના રોજ ગાંધીજી સામે રાજદ્રોહનો ઐતિહાસિક કેસરોજના કેટલા વર્ષ પૂર્ણ થયા – 99 વર્ષ (100માં વર્ષમાં પ્રવેશ)

**DATE : 19-03-2021**

## રાષ્ટ્રીય બાબતો

### 1. ભારતીય સૈન્ય : મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ ખરીદશે




- ✓ કુલ-4960 મિસાઈલનો સોદો

**વિગત :**

- ✓ સંરક્ષણ મંત્રાલયે સરકારી કંપની ભારત ડાયનેમિક્સ લિમિટેડ સાથે ભારતીય લશ્કર માટે 1188 કરોડના ખર્ચે કુલ 4960 મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ ખરીદવાનો કરાર
- ✓ આ શસ્ત્રને ત્રણ વર્ષના ગાળામાં સૈન્યમાં સામેલ કરવાનું આયોજન.
- ✓ એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલનું ઉત્પાદન ફ્રાન્સની ડીફેન્સ કંપની એમબીડીએ મિસાઈલ સિસ્ટમ્સના લાયસન્સ અંતર્ગત ભારત ડાયનેમિક્સ લિમિટેડ દ્વારા થાય છે.

**એન્ટિ ટેન્ક વિશે :**

- ✓ રેન્જ :1850 મિટર
- ✓ મિસાઈલ જમીન તેમજ વાહન સ્થિત લોન્ચથી છોડી શકાય

### 2. ISRO-NASAનું સંયુક્ત સાહસ : સેટેલાઈટ મિશન માટે સિન્થેટિક એપેરચ્યોર રડાર (SAR) 'નિસાર' વિકસાવ્યું (અવકાશ વિજ્ઞાન)

- ✓ ISRO-NASA વચ્ચે વર્ષ-2014માં નિસાર રડાર માટે ભાગીદાર કરાર થયો હતો

**નિસાર રડારનો હેતુ :**

- ✓ પૃથ્વીની સપાટી પર થતાં ફેરફારને બે જુદી જુદી ફ્રિકવન્સી દ્વારા મપાશે
- ✓ ઇસરોએ સિન્થેટિક એપરચ્યોર રડાર (એસએઆર)ને વિકસાવવાની પ્રક્રિયા પૂરી કરી
- ✓ આ રડાર અમેરિકાની સ્પેશ એજન્સી નાસાના સંયુક્ત અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ મિશન માટે અત્યંત હાઇ-રિઝોલ્યુશનવાળી ઇમેજીસ પૂરી પાડશે.
- ✓ અર્થ ઓબ્ઝર્વેશન માટે એલ અને એસ બેન્ડ એસએઆરની ડ્યુઅલ ફ્રીકવન્સી માટે નાસા- ઇસરોએ એસએઆર (નિસાર) સંયુક્ત સાહસ રચ્યું છે.

**નિસાર વિશે :**

- ✓ નિસાર પૃથ્વીની સપાટી પર સેન્ટીમીટરથી પણ ઓછી સપાટી પર થતા ફેરફારને બે અલગ- અલગ રડાર ફ્રીકવન્સી (એલ-બેન્ડ અને એસ બેન્ડ) દ્વારા માપવાનું સૌપ્રથમ સેટેલાઇટ મિશન હશે.
- ✓ નાસા અને બેંગ્લૂરુમાં મુખ્ય મથક ધરાવતી ઇસરોએ 30 સપ્ટેમ્બર 2014ના રોજ નિસાર અંગે સહયોગ સાધવા ભાગીદારી પર કરાર કર્યા હતા.

**ક્યારે લોન્ચ કરાશે :**

- ✓ આ મિશનનું ધ્યેય ઇસરો દ્વારા 2022ના પ્રારંભમાં આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લામાં શ્રીહરિકોટા સ્પેસપોર્ટ પરથી સેટેલાઇટનું લોચિંગ.

**ઉપયોગ**

**NASA :**

- ✓ નાસા મિશન માટે એલ-બેન્ડ એસઆર, સાયન્સ ડેટા માટેની હાઇ-રેટ કમ્યુનિકેશન સબસિસ્ટમ, જીપીએસ રિસિવર્સ, સોલિડ સ્ટેટ રેકોર્ડર અને પેલોડ ડેટા સબસિડી પૂરી પાડશે.

**ISRO :**

- ✓ ઇસરો સ્પેસક્રાફ્ટ બસ, એસ-બેન્ડ રડાર, લોન્ચ વ્હીકલ અને મિશન સાથે સંલગ્ન લોન્ચ સર્વિસિસ પૂરી પાડશે.
- ✓ તેનું ધ્યેય જમીનની સપાટી પર ફેરફાર થવાનું કારણો અને તેની પડતી વૈશ્વિક અસરને માપવાનું છે . તેના માટે એડવાન્સ રડાર ઇમેજિંગન ઉપયોગ કરશે.
- ✓ NASA : નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન, USA
- ✓ ISRO : ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, બેંગ્લૂરૂ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 3. UNO : વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સ-2020 વિશ્વના સૌથી ખુશહાલ દેશમાં ફિનલેન્ડ સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમે

- ✓ કુલ-149 દેશની યાદીમાં ભારત-139માં ક્રમે : 10માંથી 4.3 પોઈન્ટ
- ✓ સમગ્રલક્ષી રેન્કિંગમાં ભારત 92માં ક્રમે




**વિશ્વના ટોપ-20 ખુશહાલ દેશ :**

| | | |
|---|---|---|
| 1. ફિનલેન્ડ | 2. ડેનમાર્ક | 3. સ્વિત્ઝર્લેન્ડ |
| 4. આઈસલેન્ડ | 5. નેધરલેન્ડ | 6. નોર્વે |
| 7. સ્વીડન | 8. લક્ઝમબર્ગ | 9. ન્યૂઝીલેન્ડ |
| 10.ઓસ્ટ્રિયા | 11. ઓસ્ટ્રેલિયા | 12. ઈઝરાયેલ |
| 13. જર્મની | 14. કેનેડા | 15. આયર્લેન્ડ |
| 16.કોસ્ટારિકા | 17. યુકે | 18. ચેક રિપબ્લિક |
| 19.અમેરિકા | 20. બેલ્જિયમ | |

**સૌથી દુખી દેશ :**

- ✓ 149 : અફઘાનિસ્તાન 148 : ઝીમ્બાબ્વે 147 : રવાન્ડા

**માપદંડ :**

✓ કુલ-23 વિવિધ સર્વેક્ષમના આધારે ક્રમ નક્કી કરાયો

✓ મુખ્ય ત્રણ માપદંડ : જીવનધોરણ, પોઝિટિવ ઈમોશન્સ અને નેગેટિવ ઈમોશન્સ

✓ કોરોનાના રોગચાળા વચ્ચે પણ ફિનલેન્ડે વિશ્વના સૌથી ખુશહાલ દેશોમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

✓ યુએનના અહેવાલ મુજબ સતત ચોથા વર્ષે તેણે ખુશહાલ દેશનો દરજ્જો જાળવી રાખ્યો છે.

✓ ગેલઅપ દ્વારા સતત 9મા વર્ષે આ યાદી જાહેર કરાઈ હતી જેમાં 149 દેશોની GDP, સામાજિક સપોર્ટ, વ્યક્તિગત સ્વતંત્રતા, ભ્રષ્ટાચારનું પ્રમાણ જેવાં પરિબળોને આવરી લઈને દરેક દેશને હેપીનેસનું રેટિંગ આપવામાં આવ્યું હતું.

ખાસ :

✓ આ વખતે યાદી તૈયાર કરવામાં કોરોનાની અસરોને પણ ધ્યાનમાં લેવાઈ હતી.

✓ લોકો સંપત્તિને બદલે તંદુરસ્તીને મહત્વ આપે : ત્રીજા ભાગના દેશોમાં કોરોનાને કારણે લોકોમાં નકારાત્મક ભાવના જોવા મળી હતી જ્યારે 22 દેશોમાં લોકોના પોઝિટિવ વિચારો અને ભાવના વધ્યા હતા.

✓ લોકોએ કોરોનાની મહામારીને સામાન્ય રીતે મૂલવી હતી અને દરેકને અસર કરતો બાહ્ય ખતરો ગણાવ્યો હતો. આને કારણે લોકોમાં સારી ભાવના અને એક્તાનાં મૂલ્યો જાગ્યાં હતાં.

✓ રિપોર્ટ તૈયાર કરનાર જેફ્રી સાશે ચેતવણી આપી હતી કે કોરોના પછી આપણે સૌએ સંપત્તિને બદલે તંદુરસ્તીને મહત્વ આપવું જોઈએ.

✓ સંસ્થા : UNO

4. ભારત-USA રાજદ્વારી સંબંધો




✓ USના સંરક્ષણ પ્રધાન લોયડ એસ્ટિન ત્રણ દિવસના ભારતની મુલાકાતે

✓ દ્વિપક્ષિય સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને વધુ વેગ મળશે

5. તાન્ઝાનિયા : 61 વર્ષના સામિયા સુલુર હસન પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા (વૈશ્વિક સંબંધો)




✓ કાર્યકાળ : વર્ષ-2025 સુધી

✓ તાન્ઝાનિયા પૂર્વ આફ્રિકાનો દેશ

✓ રાજધાની : દારેસલામ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (19-03-2021)

1. માર્ચ-2021માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે કઈ સરકારી કંપની સાથે મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ ખરીદવાનો કરાર કર્યો - ભારત ડાયનેમિક્સ લિમિટેડ
2. માર્ચ-2021માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે લશ્કર માટે કેટલા રૂપિયાના ખર્ચે કેટલી મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ ખરીદવા ભારત ડાયનેમિક્સ લિમિટેડ સાથે કરાર કર્યો – રૂ. 1188 કરોડ તથા 4960
3. એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલનું ઉત્પાદન કયા દેશની કઈ ડીફેન્સ કંપની મિસાઈલ સિસ્ટમ્સના લાયસન્સ અંતર્ગત ભારત ડાયનેમિક્સ લિમિટેડ દ્વારા થાય છે – ફ્રાન્સ તથા એમબીડીએ
4. મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલની રેન્જ જણાવો - 1850 મિટર
5. માર્ચ-2021માં કઈ બે અવકાશ વિજ્ઞાન સંસ્થાએ સંયુક્ત રૂપે સેટેલાઈટ મિશન માટે સિન્થેટિક એપેરચ્યોર રડાર (SAR) 'નિસાર' વિકસાવ્યું - ISRO-NASA
6. ISRO-NASA વચ્ચે કયા વર્ષે નિસાર રડાર માટે ભાગીદાર કરાર થયો હતો - 30 સપ્ટેમ્બર 2014
7. USAની અવકાશ વિજ્ઞાન સંસ્થા NASAનું વિસ્તૃત નામ જણાવો - નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન
8. બેંગ્લૂરૂ સ્થિત ભારતીય અવકાશ વિજ્ઞાન સંસ્થા ISROનું વિસ્તૃત નામ જણાવો - ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન
9. UNOના વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સ-2020 મુજબ વિશ્વના સૌથી ખુશહાલ દેશ કયો છે - ફિનલેન્ડ
10. UNOના વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સ-2020 અનુસાર ફિનલેન્ડે સતત કેટલામાં વર્ષે પ્રથમ ક્રમ મેળવ્યો - 4
11. UNOના વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સ-2020માં કુલ કેટલા દેશનો સમાવેશ થાય છે - 149
12. UNOના વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સ-2020માં ભારતનો ક્રમ જણાવો – 139
13. UNOના વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સ-2020માં ભારતે 10માંથી કેટલા પોઈન્ટ મેળવી 139માં ક્રમે હતુ - 4.3 પોઈન્ટ
14. UNOના વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સ-2020 અનુસાર વિશ્વના ત્રણ સૌથી દુખી દેશ તથા તેમનો ક્રમ જણાવો - 149 અફઘાનિસ્તાન, 148 : ઝીમ્બાબ્વે, 147 : રવાન્ડા
15. માર્ચ-2021માં USના કયા સંરક્ષણ પ્રધાન ત્રણ દિવસ ભારતની મુલાકાતે હતા - લોયડ એસ્ટિન
16. માર્ચ-2021માં કયા દેશમાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા - તાન્ઝાનિયા
17. માર્ચ-2021માં કોણ તાન્ઝાનિયામાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા - સામિયા સુલુર હસન
18. પૂર્વ આફ્રિકન દેશ તાન્ઝાનિયાની રાજધાનીનું નામ જણાવો - દારેસલામ

DATE : 20-03-2021

રાષ્ટ્રીય બાબતો

1. ખેલકૂદ : ભારત-ઈંગ્લેન્ડ T-20 શ્રેણીમાં ભારત ચેમ્પિયન – ભારતનો 3-2થી શ્રેણી વિજય




- નામ : Paytm T-20 કપ
- પ્લેયર ઓફ ધ સિરિઝ : વિરાટ કોહલી
- છેલ્લાં 2 વર્ષથી અજેય રહીને સતત 6ઠ્ઠી શ્રેણી વિજેતા
- યજમાન : નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ

**રેકોર્ડ :**

- કેપ્ટન તરીકે T-20માં સૌથી વધુ રનનો રેકોર્ડ કોહલીના નામે

**મલાન ફાસ્ટેસ્ટ 1,000 રન**

- ઇંગ્લિશ બેટ્સમેન ડેવિડ મલાન ટી20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ 1,000 નોંધાવનાર બેટ્સમેન બની ગયો છે. તેણે આ મેચમાં 65મો રન બનાવવાની સાથે આ સિદ્ધિ હાંસલ કરી હતી.
- આ તેની 24મી ઇનિંગ હતી. મલાને પાકિસ્તાનના બાબર આઝમના રેકોર્ડને બ્રેક કર્યો હતો.

## 2. ભારત-US દ્વિપક્ષીય સંબંધો (વૈશ્વિક બાબતો)



**કયા કયા કરાર પર હસ્તાક્ષર :**

- ભારતીય સેના અને યુએસ ઇન્ડો પેસિફિક કમાન્ડ, સેન્ટ્રલ કમાન્ડ અને આફ્રિકા કમાન્ડ વચ્ચે સહયોગ વધારવા સંમતિ.
- LEMOA, COMCASA તેમજ BECA કરાર પર હસ્તાક્ષર કરાયા છે.
- ભારત અમેરિકા સાથે મજબૂત સંરક્ષણ સહયોગને વધુ આગળ ધપાવવા પ્રતિબદ્ધ છે.

**બેઠક વિશે :**

- બેઠકમાં ભારતનાં CDS જનરલ બિપિન રાવત અને સેનાની ત્રણેય પાંખનાં વડા હાજર રહ્યા હતા.
- મંત્રણામાં ભારત અને અમેરિકા વચ્ચેનાં દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંબંધોને વધુ વ્યાપક બનાવવા તેમજ ઇન્ડો પેસિફિક રિજિયનમાં બદલાતી સ્થિતિ અંગે તેમજ આતંકવાદ સામે સાથે મળીને લડવાનાં મુદ્દે તેમજ ઇન્ડો પેસિફિક રિજિયનમાં શાંતિ અને સુરક્ષાની જાળવણી, ક્વોડ તેમજ આસિયાન દેશો સાથે ચીનનાં વિસ્તાવાર મુદ્દે વાતચીત કરવાનાં મુદ્દે ચર્ચા કરાઈ હતી.
- ઇન્ડો પેસિફિક રિજિયનને મુક્ત બનાવવા ભારત-US સહયોગ વધારશે
- ભારત-US વચ્ચે સંરક્ષણ તેમજ લશ્કરી સહયોગ વધારવા સમજૂતિ કરાઈ
- ખાસ : USના સંરક્ષણ પ્રધાન લોયડ જેમ્સ ઓસ્ટિન ત્રણ દિવસના ભારત પ્રવાસે

  આંતરરાષ્ટ્રીય બાબતો

## 3. શાર્ક માછલી અંગે અહેવાલ (દરિયાઈ જીવ સંરક્ષણ)




**મહત્વની વિગતો :**

- શાર્ક માછલીના વધતા જતા શિકારના પગલે 1970 પછી 71.1 ટકા જેટલો ધરખમ ઘટાડો.
- ઇન્ટરનેશનલ યૂનિયન ફોર કંઝર્વેશન ઓફ નેચરના જણાવ્યા મુજબ વિશ્વમાં દર ચોથા સમુદ્રી જીવની પ્રજાતિઓ વિલૂપ્ત થવાનો ખતરો ઉભો થયો છે.
- આમ તો શાર્કની કેટલીક પ્રજાતિઓ ઘટી રહી હોવાનું ધ્યાનમાં હતું પરંતુ તે આટલા મોટા પ્રમાણમાં હશે તે ચોંકાવનારી બાબત છે.
- શાર્કની 31માંથી 16 પ્રજાતિઓનું અસ્તિત્વ જોખમમાં ગણાય છે તેમાં સમુદ્રી વાઇટટિપ, સ્કેલપ્ડ, હેમરહેડ અને ગ્રેટર હેમરહેડનો સમાવેશ થાય છે.
- મત્સ્ય ઉત્પાદન વધારવાના પ્રયાસો વધવાની સાથે શાર્કના શિકારનું પ્રમાણ 18 ગણુ વધ્યું છે.
- માછીમારીની આધુનિક પદ્ધતિમાં શાર્ક જેવી મોટી માછલીઓ જાળમાં ફસાય પછી મીટ અને લિવર ઓઇલ મેળવવાની લાલચમાં છોડવામાં આવતી નથી.
- શિકાર ઉપરાંત શાર્ક અને રે માછલીઓ જહાજ સાથે ટકરાવાથી ઘાયલ થઇ રહી છે.
- ઓઇલ અને ગેસ ડ્રિલિંગ અને જળવાયું પરીવર્તન પણ એટલું જ જવાબદાર છે.
- આમ તો સંશોધનમાં અનેક વાર ચેતવણીઓ અગાઉ આપવામાં આવી હતી પરંતુ પ્રથમ વાર આટલા મોટા પાયા માછલીઓ વિનાશના આરે હોવાનું જાણવા મળ્યું છે.
- અહેવાલ : ઇન્ટરનેશનલ યૂનિયન ફોર કંઝર્વેશન ઓફ નેચર

## 4. જન્મ દિન વિશેષ : 20 માર્ચ

**પેરાબેડમિન્ટન મહિલા ચેમ્પિયન – પારૂલ પરમાર**



- પેરા બેડમિન્ટન સ્પર્ધામાં ત્રણ વખત વિશ્વ વિજેતા ગાંધીનગરનાં પારુલ દલસુખભાઇ પરમારનો જન્મ 20-3-1973ના રોજ થયો હતો.
- ત્રણ વર્ષની ઉંમરે પોલિયો થયો. એ પછી બે ફ્રેકચર થયાં, પણ રાજ્યકક્ષાના બેડમિન્ટન ખેલાડી પિતાનું પ્રોત્સાહન અને કોચ સુરેન્દ્ર પારેખના પ્રશિક્ષણથી પારુલ બેડમિન્ટનમાં આગળ વધવા લાગી.
- ભરપૂર સગવડ અને પ્રોત્સાહન ધરાવતા ચીન, થાઇલેન્ડ અને જાપાનના ખેલાડીઓને પેરા બેડમિન્ટનની સિંગલ્સ અને ડબલ્સ સ્પર્ધામાં 2017માં પારુલે હરાવીને તિરંગો લહેરાવ્યો હતો.
- એશિયન રમતોત્સવની 2014 અને 2019ની સ્પર્ધાઓમાં પણ સુવર્ણ અને રજત ચંદ્રકો જીત્યા હતા.

- ✓ પારુલબેન જ્યાં પણ જે સ્પર્ધા રમવા ગયાં ત્યાંથી કદી ખાલી હાથે પાછા આવ્યાં નથી.

**સન્માન :**

- ✓ 2009માં અર્જુન એવોર્ડ.
- ✓ ગુજરાત સરકારે એકલવ્ય એવોર્ડથી સન્માન કર્યું.
- ✓ પેરા બેડમિન્ટનમાં સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ એવી તમામ સ્પર્ધાઓમાં ચંદ્રકો જીતનાર પારુલબેન હાલ સ્પોર્ટ્સ ઓથરિટી ઓફ ઇન્ડિયામાં ગાંધીનગર ખાતે કોચ તરીકે સેવારત.

## 5. દિન વિશેષ : 20 માર્ચ

- ✓ ખાસ : ફાગણ સુદ સાતમના દિવસે ત્રણ વિશેષ દિનનો ત્રિવેણી સંગમ છે જેમાં એક તરફ આ વસંત સંપાત (સ્પ્રિન્ગ ઈક્વિનોક્સ) છે અને આ દિવસ પછી દિવસ લાંબો અને રાત ટૂંકી થતી જાય છે. તો ઈ.સ.2012ના યુનાઈટેડ નેશન્સના ઠરાવથી આ દિવસ વર્લ્ડ હેપીનેસ ડે તરીકે ઉજવાય છે અને પર્યાવરણમાં જેનું અનેરું મહત્વ છે અને શહેરીકરણની દોડમાં જેની સંખ્યા ઘટવા લાગી તે ચકલીઓના સંરક્ષણ-સંવર્ધન માટે સ્પેરો ડેની પણ ઉજવણી.

### (1) વર્લ્ડ હેપીનેસ ડે





- ✓ તા.20 માર્ચે જ વર્લ્ડ હેપીનેસ ડે ઉજવાશે. કોઈના જન્મ દિવસે, કોઈ ખાસ પર્વ ટાણે હેપ્પી બર્થ ડે, હેપ્પી ફલાણ ડે એવી શુભેચ્છાનો મારો સોશ્યલ મિડીયામાં ચાલતો હોય છે પરંતુ, શુ લોકો ખરેખર હેપ્પી, ખુશ રહે છે?
- ✓ શાસ્ત્રો અને તત્વ જ્ઞાનીનો કોઈ પણ પરિસ્થિતિમાં તૃષ્ણા, મોહ, અહંકાર, વગેરેને ત્યાગીને તથા સમગ્ર વિશ્વનું સંચાલન કરતા ઈશ્વરમાં વિશ્વાસ-શ્રધ્ધા રાખીને સદા ખુશ રહી શકાય છે.
- ✓ કોરોના કાળમાં સૌથી મોટો ઈમ્યુનિટી બૂસ્ટર, રોગપ્રતિકારક ક્ષમતા વધારતી બાબત- સદા આનંદમાં રહેવું તે છે.

### (2) વિશ્વ ચકલી દિવસ




- ✓ વિશ્વ ચકલી દિવસની વિશેષતા એ છે કે એક સમયે ઘરે ઘરે ઘરચકલીઓનો કલરવ સાંભળવા મળતો હતો પરંતુ, હવે આધુનિક ઢબના બાંધકામો, એ.સી.ઓફિસ,રૂમમાં કેદ થવું, ઘર પાસે વૃક્ષોને બદલે એલીવેશન-સાઈન બોર્ડમાં લક્ષ્ય આપવાના વલણથી ચકલીઓ દૂર જવા લાગી છે.

### (3) વસંત સંપાત (સ્પ્રિન્ગ ઈક્વિનોક્સ) - દિવસ-રાત સરખા ખગોળકીય મહત્વ




2.8 પૃથ્વીની વાર્ષિક ગતિ (પરિક્રમણ ગતિ)

- ✓ ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ તા.20 માર્ચ એવો દિવસ છે જ્યારે સૂર્ય 148.981 મિલિયન કિલોમીટર દૂર હશે અને તેના કિરણો સીધા ધરતીની ધરી ઉપર પર પડશે.
- ✓ ભારતીય સ્ટાન્ડર્ડ સમય પ્રમાણે આ સંપાતકાળ શનિવારે બપોરે 3.07 વાગ્યે છે પરંતુ, દેશમાં સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય અલગ અલગ હોય છે.
- ✓ આ ઉપરાંત સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પછી સંધ્યા કાળ હોય છે જેને પૂણ્યકાળ ગણી શાસ્ત્રોક્ત રીતે તેનું ઘણુ મહત્વ હોય છે અને આ સમય સવારે 5.36 વાગ્યાથી અને સાંજે 6.57 પછી રાત્રિના 8.12વાગ્યા સુધીનો રહેશે.
- ✓ આ સમયમાં નજીવો મિનિટમાં ફરક રહેતો હોય છે. પરંતુ, એકંદરે આ દિવસ 12 કલાકનો દિવસ અને 12 કલાકની રાત્રિ હોય છે અને પછી રાત્રિ ટૂંકી થતી જાય છે અને દિવસનું અજવાળુ ક્રમશઃ વધવા લાગે છે.
- ✓ આ દિવસનું એક મહત્વ એ પણ છે કે અયનકાળ અને સંપાતકાળ મૂજબ આ દિવસથી વસંત ઋતુ (સ્પ્રિન્ગ સીઝન)નો આરંભ થતો હોય છે જે પ્રકૃતિમાં સૌદર્ય અને સુખદાયક ઋતુ મનાય છે.

**સૂર્યના કિરણો હવે સીધા પડશે તેથી ગરમી વધશે**

- ✓ તા.20 માર્ચે સૂર્ય વિષુવવૃતને છેદવાનું શરુ કરે છે, આથી તેને વિષુવ કાળ પણ કહે છે. પૃથ્વી ગોળ દડાની જેમ સીધી નહીં પણ 23.5 ડીગ્રી નમેલી રહીને સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતી રહે છે, ભારત સહિતના રાષ્ટ્રો પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં છે અને તેથી સૂર્યના ત્યાં સીધા કિરણો પડવાથી આ દિવસથી ગરમી પણ વધવા લાગે છે.

**ખગોળીય કાળ ક્યારે અને કઈ ઋતુ શરુ થાય? કઈ ચાર ઋતુઓનો આરંભ?**

- ✓ વર્ષમાં કુલ 2 સંપાત કે વિષુવકાળ (ઈક્વિનોક્સ) અને 2 સોલ્સાટાઈસ (અયનકાળ) આવે છે તેની સાથે ચાર ખગોળશાસ્ત્રીય ઋતુઓ જોડાયેલી છે.
- ✓ (1)તા.20 માર્ચ બપોરે 3.07 વાગ્યે વસંત સંપાતથી વસંત ઋતુનો આરંભ.
- ✓ (2) તા.21 જૂન બપોરે 2.43થી અયનકાળથી ગ્રીષ્મ ઋતુ.
- ✓ (3) તા.23 સપ્ટેમ્બરે રાત્રે 12.51 વાગ્યે શરદ સંપાતમાં શરદ અને પાનખર ઋતુ.
- ✓ (4) તા.21 ડિસેમ્બરે 3.18 વાગ્યે અયનકાળથી શિયાળો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (20-03-2021)**

1. તાજેતર માર્ચ 2021માં Paytm T-20 ચેમ્પિયન ટ્રોફીમાં ભારતે કયા દેશ સામે 3-2થી શ્રેણી જીતી - ઇંગ્લેન્ડ
2. તાજેતર માર્ચ 2021માં યોજાયેલી T-20 ચેમ્પિયન ટ્રોફીની તમામ મેચ કયા મેદાન ઉપર યોજાઇ હતી - નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ
3. માર્ચ 2021ની સ્થિતિએ કેપ્ટન તરીકે T-20માં સૌથી વધુ રનનો રેકોર્ડ કોના નામે છે - ભારતીય કેપ્ટન વિરાટ કોહલી

4. માર્ચ 2021ની સ્થિતિએ T-20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી 1000 રન બનાવનાર બેટ્સમેન અને દેશ જણાવો - ડેવિડ મલાન-ઇંગ્લેન્ડ
5. ભારત-યુએસ દ્વિપક્ષીય સંબંધોના ભાગરૂપે માર્ચ 2021માં કયો સહયોગ વધારવા સંમતિ સધાઇ - ઇન્ડો પેસિફિક કમાન્ડ, સેન્ટ્રલ કમાન્ડ અને આફ્રિકા કમાન્ડ
6. ભારત-યુએસ દ્વિપક્ષીય સંબંધોના ભાગરૂપે માર્ચ 2021માં બંને દેશ વચ્ચે કયા કરાર પર હસ્તાક્ષર કરાયા - LEMOA,COMCASA તેમજ BECA
7. તાજેતર માર્ચ 2021માં અમેરિકાના કયા સંરક્ષણ પ્રધાન ત્રણ દિવસના ભારત પ્રવાસે હતા - લોયડ જેમ્સ ઓસ્ટિન
8. 'ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર'ના તાજેતર માર્ચ 2021ના અહેવાલ મુજબ વર્ષ 1970 પછી શાર્ક માછલીના અસ્તિત્વમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે - 71.1 %
9. 'ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર'ના તાજેતર માર્ચ 2021ના અહેવાલ મુજબ શાર્ક માછલીની 31માંથી કેટલી પ્રજાતિઓનું અસ્તિત્વ જોખમમાં છે - 16
10. ગાંધીનગરના પેરા મહિલા ખેલાડી પારુલ પરમાર કઈ રમત સાથે જોડાયેલા છે - બેડમિન્ટન
11. ગાંધીનગરના પેરા મહિલા ખેલાડી પારુલ પરમારને ભારત સરકાર દ્વારા અર્જુન એવોર્ડ ક્યારે અપાયો હતો - 2009
12. તા. 20 માર્ચની વિશેષતાઓ જણાવો – 1. વર્લ્ડ હેપીનેસ ડે 2. વિશ્વ ચકલી દિવસ અને 3. વસંત સંપાત
13. ખગોળ વિજ્ઞાનની ભાષામાં દિવસ-રાત સરખા હોવાની ઘટનાને કયા નામે ઓળખાય છે - વસંત સંપાત-સ્પ્રિન્ગ ઈક્વિનોક્સ

**DATE : 21-03-2021**

## રાષ્ટ્રીય બાબતો

### 1. અલ્ટિમેટ મિલિટરી સ્ટ્રેન્થ ઈન્ડેક્સ-2020, દેશ-USA (વૈશ્વિક સંરક્ષણ)




**વિશ્વના સૌથી વધુ શક્તિશાળી લશ્કર**

| ક્રમ | દેશ | પોઇન્ટ (100) |
|---|---|---|
| 1. | ચીન | 82 |
| 2. | U.S.A | 74 |
| 3. | રશિયા | 69 |
| 4. | ભારત | 61 |
| 5. | ફ્રાન્સ | 58 |
| 9. | U.K. | 43 |

**ઈન્ડેક્સના માપદંડ :**

- ✓ અલ્ટિમેટ મિલિટરી સ્ટ્રેન્થ ઇન્ડેક્સ નક્કી કરવા માટે જે તે દેશનાં સંરક્ષણ બજેટ ઉપરાંત સક્રિય અને નિષ્ક્રિય સૈનિકો. જમીન- હવા અને દરિયામાં કુલ અણુ શસ્ત્રો, તેમજ લશ્કરી સાધનસામગ્રીને ધ્યાનમાં લેવાયા હતા.
- ✓ જમીન, હવાઇ અને દરિયાઇ યુદ્ધમાં તમામ મોરચે ચીન યુદ્ધમાં મેદાન મારી જાય તેવા શસ્ત્રો અને ક્ષમતા ધરાવે છે.
- ✓ સૌથી વધુ સંરક્ષણ પાછળ બજેટ ફાળવનાર દેશ USA

### 2. UMANG એપ્લિકેશન (ભારત સરકાર)

- ✓ પ્રારંભ નવેમ્બર-2017






**ઉમંગ એપની સેવાઓ :**

- ✓ 135 કરોડ ભારતીયો સુધી સરકારી સેવાઓને યોગ્ય રીતે અને સહજતાથી પહોંચાડવાના હેતુથી કેન્દ્ર સરકારે ઉમંગ એપ્લિકેશન ઇ-ગવર્નન્સ સિદ્ધાંત હેઠળ ડેવલોપ કરી છે.
- ✓ જેનો મુખ્ય આશય સામાન્ય વ્યક્તિ સુધી સરકારની સેવાઓ સહેલાઇથી પહોંચાડવાનો.
- ✓ સરકારની અને યોજના અને સુવિધાઓથી સામાન્ય નાગરિક અજાણ છે, તે સરકારી સુવિધાઓનો લાભ લઈને નાગરિક પોતાની સુખાકારીમાં વધારો કરી શકે છે.
- ✓ સરકારી યોજનાનો લાભ કેવી રીતે મેળવી શકાય, તેની જાણકારી પૂર્ણ પણે યૂઝર પાસે હોતી નથી.
- ✓ કોઈ યોજનાની જાણકારી કેવી રીતે પ્રાપ્ત કરવી, એમાં સમયાંતરે કેટલાક સુધારા થયા, તે પણ કોઇપણ વ્યક્તિ સરળતાથી પોતાના મોબાઈલ થકી પોતાની માતૃભાષામાં જાણી શકે તે આશયથી નવેમ્બર, 2017માં ઉમંગ એપ્લિકેશન તમામ નાગરિકો માટે ઉપલબ્ધ કરવામાં આવી હતી.
- ✓ આ એપમાં એપ્લિકેશન એક સુવિધાઓ અનેક વિચારનો અને સરળ ઇન્ટરફેસનો સમાવેશ કરાયો છે.

**ઉમંગ એપ વિશે :**

- ✓ ઉમંગ એ એક સરકારી મોબાઇલ એપ છે. જે ડિજિટલ ઇન્ડિયા પ્રોજેક્ટ હેઠળ ભારતમાં ઇ-ગવર્નન્સને ચલાવવા માટે રચાયેલ છે.
- ✓ ઉમંગને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (મેઇટી) અને નેશનલ ઇ-ગવર્નન્સ વિભાગ (એન.ઈ.જી.ડી) દ્વારા સંયુક્ત રીતે વિકસાવાઇ છે.
- ✓ UMANG : યુનિફાઇડ મોબાઇલ એપ્લિકેશન ફેર ન્યૂ એજ ગવર્નન્સ.
- ✓ આ એપ્લિકેશન હાલમાં અંગ્રેજી ઉપરાંત 12 પ્રાદેશિક ભાષાઓમાં એન્ડ્રોઇડ, આઇ.ઓ.એસ અને વિન્ડોઝ ડિવાઇસીસ માટે ઉપલબ્ધ છે.

### 3. જન્મ દિન વિશેષ : 21 માર્ચ

**(1) નારી હકોના ચેમ્પિયન :પુષ્પાબેન મહેતા**



જન્મ - 21 માર્ચ – 1905 અવસાન – 2 એપ્રિલ-1988

- ✓ કલમ, કડછી અને બરછી માટે પંકાયેલી વડનગરા નાગર જ્ઞાતિમાં તેમનો જન્મ પ્રભાસ પાટણમાં થયો હતો.
- ✓ પિતા હરિપ્રસાદ દેસાઈ બ્રિટિશ અને જૂનાગઢની નવાબીમાં મહત્ત્વનું સ્થાન ધરાવતાં હતાં.
- ✓ નાનપણથી જ ગૃહવ્યવસ્થા માથે આવી પડી પણ આજ બાબત પુષ્પાબેન માટે ભાવિ જીવનની પ્રયોગશાળા સમું બન્યું હતું.
- ✓ વાંચનનો શોખ ધરાવતાં પુષ્પાબેન પ્રભાસ પાટણ અને મહાલક્ષ્મી ફીમેલ કોલેજમાં ભણ્યાં હતાં.
- ✓ શાળામાં 14 વર્ષની ઉંમરે ક્ષમા, દયા અને કૃપા વિશે સતત ત્રણ કલાક બોલ્યાં હતાં, બોલવાની રીતે જ નહીં શાળામાં ઈનામ ન મળવાથી રડતી છોકરીને પોતાને મળેલું ઈનામ આપી દઈ પ્રત્યક્ષ પ્રમાણ આપ્યું.
- ✓ પુષ્પાબેન ગાંધીજીથી ગાઢ રીતે પ્રભાવિત હતાં. પુષ્પાબેન સૌરાષ્ટ્ર ધારાસભા, મુંબઈ ધારાસભા, સૌરાષ્ટ્ર બંધારણ સભાના, 1970માં રાજ્યસભાના સભ્ય પણ હતાં. રાજ્યસભામાં તેમણે ગર્ભપાત વિરોધી બિલ રજૂ કર્યું હતું.
- ✓ આઝાદી પછીની ગુજરાતની જાહેર જીવનની મોટાભાગની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત અને જમનાલાલ બજાજ સહિતના પુરસ્કારોથી સન્માનિત પુષ્પાબેનનું 2 એપ્રિલ 1988ના રોજ અવસાન થયું હતું.

### (2) ઉસ્તાદ બિસ્મિલ્લા ખાન




જન્મ - 21 માર્ચ – 1916 અવસાન – 21 ઓગસ્ટ-2006

- ✓ રોજ સવારે આકાશવાણી પરથી નવા દિવસના આગમનને વધાવતા શરણાઈના સૂરો રેલાવનાર ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન.
- ✓ ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન, ભારત રત્ન સરકારે ઉસ્તાદને આપેલું છે. સંગીતકાર એમ. એસ. સુબ્બાલક્ષ્મી અને સિતારવાદક પંડિત રવિશંકર પછી તેઓ આવા ત્રીજા સંગીતકાર.
- ✓ બિહારના દુમરાઉ રાજ્યમાં જન્મેલા બિસ્મિલ્લાહખાનનું મૂળ નામ કમરુદ્દીન હતું, પણ નાનપણમાં શહેનાઈ વગાડવાની ઇચ્છા બતાવનાર કમરુદ્દીનને દાદાએ કહ્યું, બિસ્મિલ્લાહ (જેનો અર્થ ઈશ્વરના નામે) એથી નામ પડ્યું બિસ્મિલ્લાહ. તેમના વડવા દુમરાઉ દરબારના શાહી સંગીતકારો હતા. છ વર્ષની વયે તેમણે કાશી વિશ્વનાથના મંદિરમાં શહેનાઈવાદન કર્યું હતું.
- ✓ બિસ્મિલ્લાહ ખાને સત્યજીત રાયની ફિલ્મ ઉસ્તાદ બિસ્મિલ્લાહખાન જલસાઘરમાં અભિનય કર્યો હતો ને વિજય ભટ્ટની ફિલ્મ ગૂંજ ઊઠી શહનાઈમાં તેમણે સંગીત પણ આપ્યું હતું.
- ✓ શહનાઈવાદનની નિપુણતાને તેઓ કાશી વિશ્વનાથની કૃપા ગણાવતા. શહીદોને અંજલિ આપવા ઇન્ડિયા ગેટ પર શહનાઈવાદનની અધૂરી ઇચ્છા સાથે તેઓ 21-8-2006ના રોજ અવસાન પામ્યા હતા.

## 4. દિન વિશેષ : 21 માર્ચ

### (1) વિશ્વ કવિતા દિવસ (world poetry day)

- ✓ સંયુક્ત રાષ્ટ્ર સંઘે 21 માર્ચને વિશ્વ કવિતા દિવસ તરીકે જાહેર કર્યો છે. સાહિત્યનો સૌથી વધુ લોકપ્રિયને જૂનો પ્રકાર પણ આજ છે.
- ✓ આપણું પ્રાચીન સાહિત્ય ઋષી મુનિઓએ કવિતા રૂપે જ ભેટ ધર્યું છે..વેદ, મહાભારત, રામાયણ, કે કવિ કાલિદાસ વગેરેની અમર રચનાઓ આપણી સંસ્કૃતિનું ગૌરવ છે. આપણા વેદ વ્યાસજીએતો એક લાખ શ્લોકો થકી મહાભારતનું મહાકાવ્ય લખ્યું હતું.
- ✓ કવિતા એટલે કે poetry ...એ ગ્રીક ભાષાના શબ્દ..poieo જેનો અર્થ છે..હું સર્જન કરું છું પરથી ઉતરી આવ્યો છે.
- ✓ આપણી અતિ પ્રાચીન સભ્યતાઓ જે વિકસી હતી..ગ્રીક અને સુમેરિકન..તે લોકો પણ કવિતા કરતા હતા.
- ✓ ગ્રીક મહાકાવ્યો..ઈલિયડ અને ઓડિસીની..પણ જગતની યાદગાર કવિતાઓમાં ગણના થાય છે.
- ✓ આજથી 4 હજાર વર્ષ પૂર્વે..સુમેરિકન કાળમાં..મોસેપોટેમિયા એટલે કે આજના ઈરાનમાં ,એક રાજાની પ્રસંશા સાથે તેમના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતા શીલા લેખમાં , વિશ્વની જૂનામાં જૂની કવિતા પ્રાપ્ત થઈ
- ✓ 'Epic of Gilgamesh' અને તેની થોડી પંક્તિઓ સચવાયેલી અનામત છે. જે 1880ના દસકાઓમાં ઐતિહાસિક ખોદકામ કરતાં મળેલ. આ કવિતા પણ વિવિધ પથ્થરો પર ક્રમશઃ લખાઈ છે.

### (2) આંતરરાષ્ટ્રીય વન દિવસ




- ✓ થીમ-2021 : FOREST RESTORATION : A path to recovery and well-being




- ✓ છેલ્લાં બે વર્ષમાં રાજ્યના વન વિસ્તાર ફોરેસ્ટ કવરમાં 100 ચો. કિ.મી.નો વધારો
- ✓ સંસ્થા – સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN)

**1. ઈતિહાસ અને મહત્વ :**

- ✓ વિશ્વભરના લોકોમાં વનો પ્રત્યે જાગૃતિ, વન સંવર્ધન અને તેના સંરક્ષણની ભાવના વિકસાવવા માટે તેમજ વનોની સમગ્ર જીવસૃષ્ટિમાં અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) દ્વારા તા. 21 માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું વર્ષ 1971માં નક્કી કરાયું.
- ✓ આ ઉજવણી માટે દર વર્ષે જુદી-જુદી થીમ (વિષયવસ્તુ) નક્કી કરવામાં આવે છે.
- ✓ રાષ્ટ્રીય વન નીતિ 1988 મુજબ પર્યાવરણ સમતુલા માટે 33 ટકા વિસ્તાર હોવો જોઇએ.
- ✓ જ્યારે આપણા રાજ્યમાં વનો હેઠળ 11 ટકા જેટલો વિસ્તાર છે.
- ✓ ઓછા વનોના પરિણામે વન આધારિત ઉપજોમાં તીવ્ર ખેંચ અને મહા મુશ્કેલીઓ અનુભવવી પડે છે.
- ✓ ઉપરાંત જમીનનું સતત ધોવાણ, દરિયાકિનારે વધતી જતી ખારાશ, પાતાળમાં પાણીના જળ નીચા જવા, ઉત્પાદક્તામાં થતો ઘટાડો વગેરે વર્ષો જુની ઉકેલો મગતી સમસ્યાઓ ઉપરાંત રક્ષણાત્મક ઓઝોન વાયુના આવરણમાં ઉદભવેલા વિક્ષેપો અને તેને કારણે વધતી જતી ગ્રીનહાઉસની અસર અને જળવાયુ પરિવર્તન જેવા ગંભીર પ્રશ્નો ઉભેરાયા છે.

**2. ભારતીય બંધારણમાં જોગવાઈ**

- ✓ ભારતીય બંધારણમાં સને 1976માં 42માં સુધારા દ્વારા બંધારણની કલમ 48-એમાં રાજ્ય સકારોને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, રાજ્યના જંગલો, વન્યજીવન અને પર્યાવરણનું રક્ષણ કરવાની તેમની ફરજ છે.
- ✓ બંધારણની કલમ-51 એ મુજબ વન, સરોવર, નદી, વન્યપ્રાણી સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ.
- ✓ ગુજરાત રાજ્યનું એ સદભાગ્ય છે કે વન સંપતિ અને વૃક્ષ ઉછેર માટે રાજયની પ્રજા અને શાસકો ચિંતિત અને જાગૃત છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય છે
- ✓ ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ-2004થી રાજયકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ
- ✓ પ્રથમ સાંસ્કૃતિક વન – પુનિત વન, ગાંધીનગર,2004
- ✓ પુનિત વન – નક્ષત્ર આધારિત
- ✓ વર્ષ-2019ની સ્થિતિએ ગુજરાતમાં કુલ-19 સાંસ્કૃતિક વન

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (21-03-2021)**

1. તાજેતરમાં 'અલ્ટિમેટ મિલિટરી સ્ટ્રેન્થ ઈન્ડેક્સ-2020' મુજબ વિશ્વના સૌથી શક્તિશાળી લશ્કર ધરાવતા વિશ્વ પ્રથમ પાંચ દેશોના નામ જણાવો - ચીન, અમેરિકા, રશિયા, ભારત અને ફ્રાંસ
2. તાજેતરમાં 'અલ્ટિમેટ મિલિટરી સ્ટ્રેન્થ ઈન્ડેક્સ -2020' મુજબ વિશ્વમાં સૌથી વધુ સંરક્ષણ પાછળ રકમ ફાળવનાર દેશ જણાવો - અમેરિકા
3. તાજેતરમાં 'અલ્ટિમેટ મિલિટરી સ્ટ્રેન્થ ઈન્ડેક્સ-2020' મુજબ ભારતને કેટલા પોઈન્ટ પ્રાપ્ત થયા છે - 61
4. કેન્દ્ર સરકાર ઈ-ગવર્નન્સ સિદ્ધાંત દ્વારા સરકારી સેવાઓ યોગ્ય રીતે સરળતાથી સામાન્ય લોકો સુધી પહોંચાડવા કઈ એપ લોન્ચ કરી છે - UMANG
5. UMANG એપ્લિકેશન કયા વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા તમામ નાગરિકો માટે ઉપલબ્ધ કરાવી છે - વર્ષ 2017
6. UMANG એપનું વિસ્તૃત નામ જણાવો - યુનિફાઇડ મોબાઈલ એપ્લિકેશન ફેર ન્યૂ એજ ગવર્નન્સ
7. કેન્દ્ર સરકારની UMANG એપ હાલમાં કેટલી પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ છે - 12
8. પ્રભાસ પાટણમાં જન્મેલા નારી હકોના ચેમ્પિયન પુષ્પાબેન મહેતાનો જન્મદિવસ જણાવો - 21 માર્ચ 1905
9. ભારતરત્ન શરણાઈ વાદક ઉસ્તાદ બિસ્મિલ્લા ખાનનો જન્મદિવસ જણાવો - 21 માર્ચ 1916
10. ભારતરત્ન શરણાઈ વાદક ઉસ્તાદ બિસ્મિલ્લા ખાનનો જન્મ કયા રાજ્યમાં થયો હતો - બિહાર
11. UN દ્વારા 'વિશ્વ કવિતા દિવસ' ક્યારે મનાવવામાં આવે છે - 21 માર્ચ
12. 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે - 21 માર્ચ
13. 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'-2021ની થીમ જણાવો - FOREST RESTORATION : A Path to Recovery and well-being
14. રાષ્ટ્રીય વન નીતિ-1988 મુજબ પર્યાવરણ સમતુલા માટે કેટલા ટકા વન વિસ્તાર હોવો જોઈએ - 33%
15. ગુજરાતમાં કયા વર્ષથી રાજ્યકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ થયો છે - 2004
16. ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક વન જણાવો - પુનિત વન, ગાંધીનગર
17. ગુજરાતમાં કેટલા ટકા વન વિસ્તાર આવેલો છે-11 ટકા
18. ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક પુનિત વન શાના પર આધારિત છે – નક્ષત્ર આધારિત
19. વર્ષ-2019ની સ્થિતિએ ગુજરાતમાં કુલ કેટલા સાંસ્કૃતિક વન આવેલા છે – 19

**DATE : 22-03-2021**

## સ્થાનિક બાબતો

**1. SAC : ISRO (સાયબર ટેકનોલોજી)**

**હેક ન થઈ શકે એવા ક્વૉન્ટમ કમ્યુનિકેશનનો સફળ પ્રયોગ**

- ✓ અમદાવાદ સ્થિત ઈસરો કેન્દ્ર સ્પેસ એપ્લિકેશન સેન્ટર (સેક) દ્વારા ભારતમાં પ્રથમવાર ક્વૉન્ટમ કમ્યુનિકેશનનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો.

**ક્વૉન્ટમ કોમ્યુનિકેશન વિશે :**

ફાયદા : ક્વૉન્ટમ કમ્યુનિકેશનનો સીધો લાભ એ છે કે હેકર્સ કોઈ રીતે તેને હેક કરી શકે એમ નથી. એટલે ભવિષ્યની અનેક ટેકનોલોજીનો આધાર ક્વૉન્ટમ કમ્યુનિકેશન પર રહેલો છે.

**સફળ પ્રયોગ :**

- ✓ સ્પેસ એપ્લિકેશન સેન્ટરના વિજ્ઞાનીઓએ 300 મીટરના અંતર વચ્ચે ક્વૉન્ટમ ટેકનોલોજી દ્વારા સંદેશાની આપ-લે કરી દેખાડી હતી.
- ✓ સંદેશા તરીકે વિડીયો કોન્ફરન્સિંગનું લાઇવ પ્રસારણ કરાયું હતું અને અન્ય સામગ્રીની પણ આપ-લે કરી હતી.
- ✓ ભવિષ્યમાં જ્યારે સેટેલાઇટ કમ્યુનિકેશન વધશે ત્યારે તેનો હેકિંગનો પણ ભય વધશે. એ સમયે ક્વૉન્ટમ કમ્યુનિકેશન જેવા અભેદ સંદેશાવ્યવહારની જરૂર ઉભી થશે.
- ✓ દિવસે સૂર્યપ્રકાશ વખતે પ્રયોગમાં વિઘ્ન ઉભું થવાની શક્યતા હતી. માટે ઇસરોના સેક કેન્દ્રના જ બે મકાન વચ્ચે સાંજે અંધારૂ થયા પછી પ્રયોગ કરાયો હતો.
- ✓ ક્વોન્ટમ ટેકનોલોજીમાં કોઇ પણ પદાર્થને નાનામાં નાના સ્વરૂપમાં વિભાજીત કરી તેનું ટ્રાન્સમિશન કરવામાં આવતું હોય છે.
- ✓ અત્યારે હેકિંગ આખા જગત માટે માથાનો દુખાવો બની રહ્યું છે.
- ✓ હેકિંગ સામે લડવા માટે ક્વૉન્ટમ ટેકનોલોજી પર દુનિયાભરની કંપનીઓ અને વિવિધ સરકારી સંસ્થાઓ કામ કરે છે. એ વચ્ચે ઇસરોએ આ નોંધપાત્ર સફળતા મેળવી હતી.

## 2. ગવર્નમેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી (અમેન્ડમેન્ટ) બિલ 2021 પસાર (કાયદો)



**કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીમાં ઉપરાજ્યપાલનું કદ અને સત્તા વધારતું બિલ લોકસભામાં પસાર**

**GNCTD બિલની મહત્વની જોગવાઇ :**

- ✓ વર્ષ 1991માં તત્કાલીન કોંગ્રેસ સરકારે આ એક્ટ બનાવ્યો હતો.
- ✓ ઉપરાજ્યપાલ એક વ્યવસ્થાપક હતા
- ✓ દિલ્હી સરકારે કોઇપણ મોટા નિર્ણયો લેતા પહેલાં અને તેને લાગુ કરતા પહેલાં ઉપરાજ્યપાલ સાથે વિચારવિમર્શ કરવો પડશે અને તેમની મંજૂરી પણ લેવી પડશે.
- ✓ ઉપરાંત દિલ્હી સરકાર દ્વારા વિધાનસભામાં કોઇપણ ખરડો પસાર કરવા દરમિયાન કે કાયદો લાવવા દરમિયાન પણ ઉપરાજ્યપાલનું ધ્યાન દોરવું પડશે અને તેમની સાથે ચર્ચા બાદ જ આ દિશામાં આગળ વધી શકાશે.
- ✓ ઉપરાજ્યપાલને કેટલીક સત્તાઓ અને અધિકાર આ બિલ દ્વારા મળશે
- ✓ મુખ્યમંત્રી : શ્રી અરવિંદ કેજરીવાલ

## 3. 67મો નેશનલ ફિલ્મ પુરસ્કાર-2019 (કલા)




**એવોર્ડ અને વિજેતા કલાકાર :**

| | |
|---|---|
| બેસ્ટ ફિલ્મ | મારક્કર (મલયાલમ) |
| બેસ્ટ હિંદી ફિલ્મ | છિછોરે, ડાયરેક્ટર નિતેશ તિવારી |
| બેસ્ટ એક્ટ્રેસ | કંગના રનૌત (મણિકર્મિકા, પંગા) |
| બેસ્ટ એક્ટર | મનોજ વાજપેયી (ભોંસલે ફિલ્મ માટે, ધનુષ (અસુરન ફિલ્મ માટે) |
| બેસ્ટ સપોર્ટિંગ એક્ટર | વિજય, સેતુપતિ ફિલ્મ સુપર ડિલક્સ |
| બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ | પલ્લવી જોશી, ધ તાશકંદ ફાઇલ |
| બેસ્ટ મેલ પ્લેબેક સિંગર | બી પ્રાક - ગીત : તેરી મિટ્ટી (કેસરી) |
| બેસ્ટ એડિટિંગ | જર્સી (તેલુગુ) |
| બેસ્ટ ઓટોબાયોગ્રાફી | લેવદુહ ખાસી |
| બેસ્ટ સ્ક્રીનપ્લે | એડોપ્ટેડ ગુમનામી |
| બેસ્ટ સિનેમોટોગ્રાફિ | જલ્લીકટ્ટૂ (મલયાલમ) |
| બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગર | સાવની – રવિન્દ્ર ગીત બાર્દો (મરાઠી) |
| બેસ્ટ ફિલ્મ ક્રિટિક્સ | સોહિની ચટ્ટોપાધ્યાય |
| 'મોસ્ટ ફિલ્મ ફ્રેંડલી સ્ટેટ | સિક્કિમ |
| બેસ્ટ નોન ફિચર ફિલ્મ | વાઇલ્ડ કર્ણાટક |
| બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીન પ્લે | તાશ્કંદ ફાઇલ્સ |
| બેસ્ટ કોરિયોગ્રાફી | જયેષ્ઠો પુત્રી (બાંગ્લા) |
| બેસ્ટ સ્ટંટ | મહર્ષિ (તેલુગુ) |
| બેસ્ટ ડેબ્યુ ડાયરેક્ટર | મુથુકુટ્ટી ઝેવિયર હેલન |
| બેસ્ટ ચાઇલ્ડ આર્ટિસ્ટ | નાગા વિશાલ – ફિલ્મ : કેડી (તમિલ) |
| બેસ્ટ ડાયરેક્ટર | બહત્તર હુરેં |
| બેસ્ટ ચિલ્ડ્રેન ફિલ્મ | કસ્તૂરી (હિંદી) |
| બેસ્ટ ઇન્વેસ્ટિગેશન ફિલ્મ | 'Jakkal (Marathi)' |
| બેસ્ટ એનિમેશન ફિલ્મ | રાધા |
| બેસ્ટ હરિયાણવી ફિલ્મ | છોરી છોરો સે કમ નહીં. |
| બેસ્ટ પંજાબી ફિલ્મ | 2 રબ દા રેડિયો |
| બેસ્ટ મરાઠી ફિલ્મ | 'BARDO' |
| બેસ્ટ એથનોગ્રાફીક | ગુજરાતી દસ્તાવેજી-ચારણત્વ |



**અન્ય બાબતો :**

- ✓ નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી અને સુશાંતસિંહ રાજપૂત અને શ્રદ્ધા કપૂર અભિનીત ફિલ્મ છિછોરેને બેસ્ટ હિન્દી ફિલ્મ.
- ✓ કંગના રનૌતને મણિકર્ણિકા અને પંગા બન્ને ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. આ તેનો ચોથો નેશનલ એવોર્ડ છે. આ અગાઉ તેણે ફેશન (2008) માટે બેસ્ટ સપોર્ટિવ એક્ટ્રેસ, ક્વિન (2014) માટે બેસ્ટ એક્ટ્રેસ અને તનુ વેડ્સ મનુ રિટર્સ(2015) માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મેળવ્યો હતો.
- ✓ ફિલ્મ કેસરીના ગીત 'તેરી મીટ્ટી' માટે બેસ્ટ સિંગર બો પ્રાક
- ✓ ખાસ : કોરોના મહામારીના કારણે 2019નો એવોર્ડ એક વર્ષ બાદ જાહેર
- ✓ મંત્રાલય: માહિતી અને પ્રસારણ, ભારત સરકાર
- ✓ મંત્રી : પ્રકાશ જાવડેકર

## 4. નિર્ણય : નવી દિલ્હી સરકાર (કાયદો)


**નવી દિલ્હીમાં શરાબ પીવાની કાયદેસર ઉંમર 25 વર્ષથી ઘટાડીને 21 વર્ષ કરાઇ**

सत्यमेव जयते
DELHI GOVERNMENT
Team Delhi. Making things happen

**અન્ય બાબતો :**

- ✓ નવી નીતિમાં શરાબ ખરીદી માટેની કાનૂની ઉંમરને પણ ઘટાડી દેવામાં આવી.
- ✓ પહેલાં શરાબ ખરીદી કરવાની લીગલ ઉંમર 25 વર્ષ હતી તે ઘટાડીને 21 વર્ષ કરવામાં આવી છે. અર્થાત 21 વર્ષથી નાની વયના લોકો શરાબ નહીં ખરીદી શકે.
- ✓ દેશના મોટાભાગના રાજ્યોમાં શરાબ ખરીદ કરવાની કાનૂની ઉંમર 21 વર્ષ જ છે. જોકે દિલ્હીને અડીને આવેલા પંજાબ અને હરિયાણામાં શરાબ ખરીદવા માટેની કાનૂની ઉંમર 25 વર્ષ છે.

### 5. કેન-બેતવા લિન્ક પ્રોજેક્ટ માટે વિશ્વ જળ દિવસે કરાર (પર્યાવરણ)




**કરાર વિશે :**

- ✓ ઉત્તરપ્રદેશની કેન અને મધ્ય પ્રદેશની બેતવા નદીના જોડાણના ધ કેન-બેતવા લિન્ક પ્રોજેક્ટ (કેબીએલપી) માટે કેન્દ્ર સરકાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) થયા હતા.


**મહત્વ :**

- ✓ એક નદીમાં વધારે પાણી હોય, બીજીમાં સાવ ન હોય એવા સંજોગોમાં નદીનું પાણી એકમાંથી બીજીમાં ઠાલવી શકાય એટલે રિવર લિન્કિંગ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો.
- ✓ છેક 19મી સદીમાં અંગ્રેજોએ નદી જોડાણની આ વિચારણા કરી હતી. હવે તેના પ્રથમ ચરણ રૂપે આ બે નદીને જોડવા માટે કરાર થયા છે.

**પ્રોજેક્ટના ફાયદા :**

- ✓ કેન-બેતવા પ્રોજેક્ટથી અંદાજે 62 લાખ લોકોને પીવાના પાણી અને કૃષિમાં લાભ થવાની શક્યતા છે.
- ✓ આ પ્રોજેક્ટ પછી 10.62 લાખ હેક્ટર જમીનને સિંચાઈ જળ મળશે, જ્યારે 103 મેગાવોટ ઊર્જા પેદા થઈ શકશે.
- ✓ મધ્યપ્રદેશનો બુંદેલખંડ વિસ્તાર પાણીની અછત ભોગવી રહ્યો છે. તેને આ પ્રોજેક્ટથી સૌથી વધારે લાભ થશે.
- ✓ નદી જોડાણના આ પ્રોજેક્ટ હેઠળ ટનલ, બંધ, જળાશય વગેરેનું બાંધકામ થશે.
- ✓ કેન અને બેતવા નદીઓ મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં પાસપાસે હોવાથી પ્રોજેક્ટ માટે પહેલી પસંદગી તેની કરાઈ છે.

### 6. 'કેચ ધ રેઈન' ઝુંબેશનો PM શ્રી મોદી દ્વારા પ્રારંભ





**હેતુ :**

- ✓ વરસાદી જળનું સંરક્ષણ કરવું.

**ઝુંબેશ વિશે :**

- ✓ મનરેગાના તમામ પૈસા જળ-સંરક્ષણ પાછળ ખર્ચાશે. એટલે કે મનરેગા હેઠળ એવી યોજનાઓ શરૂ કરાશે, જેથી વહી જતું પાણી અટકી શકે.
- ✓ ભારતમાં નદીઓનું 70 ટકાથી વધારે પાણી વહી જાય છે, તેને રોકવા માટે કોઈ નક્કર પગલાં લેવાયા નથી. આ ઝુંબેશથી પાણીનો સંચય થશે
- ✓ વિશ્વ જળ દિવસ નિમિતે ઝુંબેશનો પ્રારંભ

### 7. અવસાન : દિગ્દર્શક સાગર સરહદીનું મુંબઈ ખાતે અવસાન




- ✓ જન્મ : બાફા, અબોટાબાદ (પાકિસ્તાન)
- ✓ વિખ્યાત ઉર્દૂ લેખક અને હિન્દી ફિલ્મોમાં પટકથા લેખક-સંવાદલેખક કરનારા સાગર સરહદીનું 88 વર્ષની વયે અવસાન.
- ✓ છેલ્લા થોડા દિવસથી તેમની તબિયત સારી નહોતી. તેમનું સાયન ખાતે આવેલા નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર સાયન સ્મશાનગૃહમાં કરાયા હતા.


## આંતરરાષ્ટ્રીય બાબતો

### 8. ગાંધી શાંતિ પુરસ્કાર : વર્ષ 2019 અને 2020

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત

**પસંદગી :**

- ✓ વર્ષ 2019 : ઓમાનના પૂર્વ શાસક સુલતાન કાબુસ
- ✓ વર્ષ 2020 : બાંગ્લાદેશના સંસ્થાપક તથા રાષ્ટ્રપિતા શેખ મુજિબૂર રહેમાન (ઉપનામ-બંગબંધુ)





ફોટોમાં ડાબી બાજુ શેખ મુજિબૂર-રહેમાન તથા જમણી બાજુ સુલતાન કાબુસ

- ✓ ભારત દ્વારા બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા શેખ મુજિબૂર-રહેમાન અને ઓમાન પર લાંબો સમય શાસન કરી ચૂકેલા સુલતાન કાબુસને ગાંધી શાંતિ પુરસ્કાર માટે પસંદગી કરાઈ.
- ✓ એવું પહેલી જ વાર બનશે કે વર્ષ 2019 અને 2020 માટે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મરણોત્તર એનાયત થશે.
- ✓ ઓમાનના સુલતાન કાબુસ બિન સઈદ તે મધ્યપૂર્વમાં લાંબો સમય શાસન કરી ચૂકેલા રાજવી હતા.

- ✓ ઇરાની અખાતની તંગદિલીનું શમન કરવા માટે સંતુલન સાધનારી રાજદ્વારી ભૂમિકા નિભાવવા બદલ તેઓ આંતરરાષ્ટ્રીય ઓળખ ધરાવે છે.

**ગાંધી શાંતિ એવોર્ડ વિશે :**

- ✓ વર્ષ 1995થી ભારત સરકાર દર વર્ષે ગાંધી પીસ પ્રાઇઝ એનાયત કરે છે.

**પ્રદાન :**

- ✓ જેમણે અહિંસાના માર્ગે શાંતિ સ્થાપનાના પ્રયાસો કર્યા હોય તેમને આ એવોર્ડ આપવામાં આવ છે.

**9. દિન વિશેષ : 22 માર્ચ વિશ્વ જળ દિવસ**




**થીમ-2021 : 'Valuing Water'**

**પાણીની જરૂરિયાત અંગે કેટલીક મહત્વની વિગતો**

**ભારતમાં શહેરીકરણ :**

- ✓ 1 ટકા શુદ્ધ પાણીનો 60મો ભાગ ખેતી અને ઉધોગમાં ઉપયોગ
- ✓ દેશમાં 2001 સુધી કુલ વસતીના 28 ટકા લોકો શહેરમાં રહેતા હતાં. પરંતુ ત્યારબાદ 10 વર્ષમાં એટલે કે 2001થી 2011 સુધીમાં દેશની કુલ વસતીના લોકો શહેરોમાં રહેવા માંડ્યા.
- ✓ વર્ષ-2030 સુધી દેશની કુલ વસતીના 40 ટકા લોકો શહેરોમાં રહેવા આવી ગયા હશે . એટલે કે વર્ષ 2030 સુધી દેશમાં 60 કરોડ લોકો શહેરોમાં રહેતા હશે.
- ✓ આ 60 કરોડ લોકો માટે પાણીની વ્યવસ્થા કેવી રીતે ઉભી થશે ? તેનું કોઈ પ્લાનિંગ અત્યારે દેખાતું નથી. સવાલ એ છે કે શું દેશમાં રહેતા લોકો માટે પુરતા શ્રેણીની વ્યવસ્થા હાલમાં છે ખરી ?
- ✓ વર્ષ 2001માં દેશમાં દરેક વ્યક્તિ માટે પાણીની ઉપલબ્ધિ 1816 ઘનમીટર હતી. જે હવે ઘટીને વર્ષ 2021માં 1486 ઘનમીટર થઈ ગઈ છે.
- ✓ આવનાર 10 વર્ષમાં એટલે કે વર્ષ-2031માં વ્યક્તિદીઠ પાણીની ઉપલબ્ધિ હજુ વધારે ઘટીને 1367 ઘન મીટર થઈ શકે છે.
- ✓ આ આંકડાઓ સ્પષ્ટ બતાવે છે કે દેશમાં જેમ વસતી વધશે તેમ તેમ પાણીની ઉપલબ્ધિ વ્યક્તિદિઠ ઓછી થવાની છે.

**કેન્દ્રીય જલ શક્તિ અહેવાલ-2020 :**

- ✓ વર્ષ-2019માં સેન્ટ્રલ વોટર કમિશન (CWC) એ એક રિપોર્ટ જાહેર કર્યો હતો. તેમાં સ્પષ્ટ લખ્યું હતું કે અત્યારે દેશ જળસંકટમાંથી પસાર થઈ રહ્યો છે.
- ✓ ભૂમિગત પાણીનું જે રીતે દોહન થઈ રહ્યુ છે તે જોતાં ભૂમિગત પાણીમાં મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે.
- ✓ દેશમાં અત્યારે 2 કરોડ જેટલા પાણીના કૂવાઓ પર મોટર દ્વારા પાણી ખેંચવામાં આવી રહ્યુ છે.
- ✓ કેટલાક રાજ્યોમાં સરકાર દ્વારા મફત વિજળી પણ અપાઈ રહી છે પરિણામે પાણીનો બગાડ પણ મોટા પાયે થઈ રહ્યો છે.
- ✓ દેશમાં દર વર્ષે ભૂમિગત પાણીનું પ્રમાણ 0.4 મીટર ઘટી રહ્યુ છે.
- ✓ સમુદ્રની નજીકના વિસ્તારોમાં ખારા પાણી ઘૂસી ગયા છે અને પરિણામે ખેતીની જમીનો પણ ખરાબ થઈ રહી છે.

**વિશ્વ જળ દિવસનો ઈતિહાસ**

- ✓ વિશ્વ જળ દિવસ મનાવવાની જાહેરાત સંયુક્ત રાષ્ટ્રે વર્ષ 1992 પોતાના અધિવેશનમાં કરી હતી.
- ✓ વિશ્વ જળ દિવસની આંતરરાષ્ટ્રીય પહેલ રિયો ડિ જાનેરોમાં 1992માં યોજવામાં આવેલ પર્યાવરણ તથા વિકાસનાં વિષય પર આયોજિત સંયુક્ત રાષ્ટ્રીય સંમેલનમાં કરી હતી.
- ✓ તેના પછી સૌથી પહેલા વર્ષ 1993માં 22 માર્ચે સમગ્ર વિશ્વમાં જળ દિવસના દિવસે જળનું સંરક્ષણ અને તેની જાળવણી પર જાગૃતિ ફેલાવવા માટે કાર્યક્રમોનું આયોજન કરાય છે .
- ✓ પાણી બચાવવાનો સંકલ્પને ધ્યાનમાં રાખીને આ દિવસની ઉજવણી દર વર્ષે કરાઈ છે.
- ✓ એક સર્વે અનુસાર વિશ્વનાં 1.5 અબજ લોકોને શુદ્ધ પાણી નથી મળતું.

**ભારતમાં પાણીની સ્થિતિ :**

**ભારત 10 વર્ષ પહેલાં જ ભીષણ જળસંકટની સ્થિતિએ પહોંચી ચુક્યું છે**

- ✓ આંતરરાષ્ટ્રીય માપદંડ છે કે, માથાદીઠ પાણીની 1700 ક્યુબિક મીટરથી ઓછી ઉપલબ્ધતાવાળા દેશ વોટર સ્ટ્રેસ્ડ કહેવાય છે.
- ✓ દેશમાં માથાદીઠ 1486 ક્યુબિક મીટર પાણી (વાર્ષિક) ઉપલબ્ધ.
- ✓ આપણે 2011માં જ આ સ્તરથી પાછળ થઈ ગયા છીએ. જેનું મોટું કારણ ભૂગર્ભ જળનો દુનિયામાં આપણે સૌથી વધુ ઉપયોગ કરીએ છીએ.

**આપણી પાસે કેટલું પાણી છે?**

- ✓ 1869 બિલિયન ક્યુબિક મીટર પાણી દેશમાં છે. મોટો ભાગ ભૌગોલિક કારણોસર ઉપયોગમાં લઈ શકાતો નથી.
- ✓ 1061 બિલિયન ક્યુબિક મીટર સરફેસ વોટર અને ગ્રાઉન્ડ વોટર આપણે ભારતીય દર વર્ષે ઉપયોગમાં લઈ રહ્યા છીએ.
- ✓ 1 ક્યૂબિક મીટરમાં 1000 લીટર પાણી હોય છે.

**સૌથી વધુ ઉપયોગ ક્યાં?**

- ✓ 92% ભૂગર્ભ જળનો ઉપયોગ આપણે ખેતી માટે કરી રહ્યા છીએ. 5% ઔધોગિક, 3% ઘરેલુ ઉપયોગમાં થઈ રહ્યો છે.

**નદીઓની સ્થિતિ?**


- ✓ 10 વર્ષ પહેલા દેશમાં લગભગ 15 હજાર નદીઓ હતી, પરંતુ 4500 નદીઓ સૂકાઈને હવે માત્ર વરસાદી નદી જ રહી છે.
- ✓ અત્રે ઉલ્લેખનીય છે કે, માથાદીઠ પ્રતિ વર્ષ 1700 ક્યુબિક મીટર પાણી મળવું જોઈએ.

**માથાદીઠ પાણી : ગઈકાલે, આજે, કાલે**

- ✓ 2001 1,820 ક્યૂબિક મીટર
- ✓ 2011 1,545 ક્યૂબિક મીટર
- ✓ 2021 1,486 ક્યૂબિક મીટર
- ✓ 2025 1,340 ક્યૂબિક મીટર
- ✓ 2030 1,140 ક્યૂબિક મીટર

**10. જન્મ દિન વિશેષ : 22 માર્ચ**

**કવિ શિરોમણી : સુંદરમ**




જન્મ - 22 માર્ચ-1908 અવસાન – 13 જાન્યુઆરી-1991

- ✓ વિશ્વકર્મા, ત્રિશૂળ, એકાંશ દે , મરિચી, કોયા ભગત અને અંતતઃ રહેલું ઉપનામ સુંદરમ એવાં વિવિધ ઉપનામ ધરાવતા ત્રિભુવનદાસ લુહારને ગુજરાતીઓ સુંદરમ ઉપનામથી વિશેષ જાણે છે.
- ✓ 'તને મેં ઝંખી છે, યુગોથી દીઠેલા પ્રખર સહરાની તરસથી' જેવા અમર ગુજરાતી પ્રણય કાવ્યના કવિ અને વિશ્વ સાહિત્યમાં બિરાજે તેવી 'ખોલકી' વાર્તાના સર્જક સુન્દરમનો આજે જન્મ દિવસ.
- ✓ સુન્દરમનો જન્મ તા. 22-03-1908માં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મીયામાતર ગામે.
- ✓ મૂળ નામ : ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર
- ✓ પ્રારંભિક શિક્ષણ મીયામાંતર, આમોદમાં લઇ ગુજરાત વિદ્યાપીઠથી સ્નાતક થયા હતા. ભાષાવિશારદ પણ થયા અને સોનગઢમાં અધ્યાપન શરૂ કર્યું.
- ✓ સુંદરમની પછીની પ્રવૃત્તિઓ અમદાવાદ જ્યોતિસંઘ અને અરવિંદ આશ્રમ પોંડિચેરીમાં રહી હતી.
- ✓ તેમના વ્યક્તિત્વ અને સર્જન પર ગાંધી અને અરવિંદનો ઘેરો પ્રભાવ હતો.
- ✓ વર્ષ 1970માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ
- ✓ તેમની કવિતા બાર્ડોલિન વર્ષ 1928માં સુંદરમ ઉપનામથી લખી હતી જે જીવનભર રહ્યું.
- ✓ કોયા ભગતની કડવી વાણી અને ગરીબોના ગીતો, કાવ્યમંગલા, વસુધા, યાત્રા અને રંગ રંગ વાદળિયા તેમના કાવ્ય ગ્રંથો
- ✓ હીરાકણી અને બીજી વાતો, પિયાસી તથા ઉન્નયન તેમનાં જાણીતા વાર્તાસંગ્રહો છે.

નાટક, અંજલિ, પ્રવાસ અને ચરિત્ર ગ્રંથો

- ✓ વાસંતી પૂર્ણિમા, ચિદંબરા, પાવકને પંથે, દક્ષિણાયન, અવલોકન, સાહિત્ય ચિંતન, સમર્ચના અને શ્રી અરવિંદ મહાયોગી જેવા પણ લખ્યા છે.
- ✓ 13 જાન્યુઆરી 1991ના રોજ તેમનું અવસાન.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (22-03-2021)

1. માર્ચ-2021માં SAC દ્વારા ભારતમાં પ્રથમવાર હેક ન થઈ શકે તેવી કઈ પદ્ધતિનો સફળ પ્રયોગ કરાયો - ક્વૉન્ટમ કમ્યુનિકેશન
2. SACના વિજ્ઞાનીઓએ કેટલા મીટરના અંતર વચ્ચે ક્વૉન્ટમ ટેક્નોલોજી દ્વારા સંદેશાની આપ-લે કરી બતાવી - 300
3. SACનું વિસ્તૃત નામ જણાવો – સ્પેશ એપ્લિકેશન સેન્ટર
4. SAC-ISRO સંસ્થા ક્યાં આવેલી છે – અમદાવાદ
5. નવી દિલ્હીમાં ઉપરાજ્યપાલની સત્તાઓમાં વધારો કરતું કયું બિલ માર્ચ 2021માં લોકસભામાં પસાર કરાયું - ગવર્નમેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી (અમેન્ડમેન્ટ) બિલ 2021
6. માર્ચ-2021માં કેટલામો નેશનલ ફિલ્મ એવોર્ડ-2019 જાહેર કરાયો - 67
7. નેશનલ ફિલ્મ એવોર્ડ-2019 વિજેતા શ્રેષ્ઠ ફિલ્મ અને ભાષા - મારક્કર (મલયાલમ)
8. નેશનલ ફિલ્મ એવોર્ડ-2019 વિજેતા શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ - છિછોરે, ડાયરેક્ટર નિતેશ તિવારી
9. નેશનલ ફિલ્મ એવોર્ડ-2019 વિજેતા શ્રેષ્ઠ અભિનેત્રી અને અભિનેતા - કંગના રનૌત, મનોજ વાજપેયી અને ધનુષ
10. નેશનલ ફિલ્મ એવોર્ડ-2019 વિજેતા શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક સિંગર અને ગીત - બી પ્રાક - ગીત : તેરી મિટ્ટી (કેસરી)
11. નેશનલ ફિલ્મ એવોર્ડ-2019 વિજેતા શ્રેષ્ઠ એથનોગ્રાફીક ગુજરાતી દસ્તાવેજી - ચારણત્વ
12. નેશનલ ફિલ્મ એવોર્ડ કોના દ્વારા આપવામાં આવે છે - માહિતી અને પ્રસારણ મંત્રાલય, નવી દિલ્હી
13. સૌથી વધુ ચાર વખત નેશનલ ફિલ્મ એવોર્ડ વિજેતા અભિનેત્રી – કંગના રનૌત
14. નવી દિલ્હી સરકાર દ્વારા શરાબ પીવાની કાયદેસરની ઉંમર કેટલાથી ઘટાડી કેટલી કરાઈ - 25થી ઘટાડી 21 વર્ષ
15. વિશ્વ જળ દિવસ નિમિત્તે ભારતમાં કઇ બે નદીઓ વચ્ચે રિવર લિન્ક પ્રોજેક્ટ માટે MOU કરાયા - કેન-બેતવા લિંક પ્રોજેક્ટ
16. કેન-બેતવા નદીઓ કયા રાજ્યો વચ્ચે આવેલી છે – કેન-ઉત્તરપ્રદેશ અને બેતવા - મધ્યપ્રદેશ
17. KBLP માટે કોની-કોની વચ્ચે કરાર કરાયા - કેન્દ્ર સરકાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ સરકાર
18. વરસાદી પાણીના સંરક્ષણ માટે PM શ્રી મોદી દ્વારા વિશ્વ જળ દિવસે કઈ ઝૂંબેશ શરૂ કરાઈ - 'કેચ ધ રેઈન'
19. 'કેચ ધ રેઈન' ઝુંબેશ હેઠળ કઈ યોજનાના મામ નાણા જળ-સંરક્ષણ પાછળ ખર્ચાશે - મનરેગા
20. તાજેતરમાં મુંબઈ ખાતે અવસાન પામનાર સાગર સરહદીનું ક્ષેત્ર જણાવો – લેખક-દિગ્દર્શક-ફિલ્મ
21. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2019 અને વર્ષ 2020ના ગાંધી શાંતિ પુરસ્કાર માટે કોની પસંદગી કરાઈ - વર્ષ 2019 : ઓમાનના પૂર્વ શાસક સુલતાન કાબુસ તથા વર્ષ 2020 : બાંગ્લાદેશના સંસ્થાપક તથા રાષ્ટ્રપિતા શેખ મુજિબૂર રેહેમાન
22. બાંગ્લાદેશના સંસ્થાપક તથા રાષ્ટ્રપિતા શેખ મુજિબૂર રેહેમાનનું ઉપનામ જણાવો – બંગબંધુ
23. ગાંધી શાંતિ પુરસ્કાર આપવાનો પ્રારંભ કયારથી થયો – વર્ષ 1995
24. વિશ્વ જળ દિવસ કયારે ઉજવાય છે - 22 માર્ચ
25. વિશ્વ જળ દિવસ-2021ની થીમ જણાવો - 'Valuing Water'
26. વિશ્વ જળ દિવસ ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી થયો – વર્ષ 1993
27. ગુજરાતના જાણીતા સાહિત્યકાર ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારનું તખ્ખલુસ જણાવો – સુંદરમ
28. ગુજરાતી કવિ-લેખક સુંદરમનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો - 22 માર્ચ-1908 અને ભરૂચના મિયામાતર ગામે

## સ્થાનિક બાબતો

**1. ગુજરાતમાં ડેમ-જળાશયોની સ્થિતિ (જળ વ્યવસ્થાપન)**




- ✓ ગુજરાતમાં કુલ-202 ડેમ

**જિલ્લાવાર ડેમની સ્થિતિ :**

- ✓ રાજ્યના 33 જિલ્લામાં 107 જેટલા મધ્યમ કદના અને 19 જેટલા મોટા કદના ડેમ.
- ✓ રાજ્યમાં પાટણ, ખેડા, ડાંગ, અમદાવાદ, આણંદ અને વડોદરા જિલ્લાઓમાં એક પણ ડેમનું અસ્તિત્વ નથી.
- ✓ સૌથી વધુ 20 જેટલા મધ્યમ કદના ડેમ કચ્છ જિલ્લામાં આવેલા છે. રાજકોટ જિલ્લામાં મધ્યમ કદના 10 અને 1 મોટો ડેમ છે. જે પૈકી 9 ડેમ 1995 પહેલાં અને 2 ડેમ 1995 પછી બન્યાં

**2. અવસાન : ગુજરાત સમાચારની ઝગમગ ચિત્રવાર્તાઓના સર્જક મહેન્દ્ર ઝીંઝુવાડિયાનું રાજકોટ ખાતે અવસાન**

**પ્રદાન :**

- ✓ ગુજરાત સમાચારની શનિવારની બાળકો માટેની 'ઝગમગ'માં છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી રંગીન ચિત્રાવાર્તા દ્વારા અનેક પરિવારના ભૂલકાંઓને ભારતીય ઈતિહાસ, વિજ્ઞાન અને સંસ્કૃતિનો અનોખો પરીચય કરાવનાર ચિત્રકાર મહેન્દ્ર છોટાલાલ ઝીંઝુવાડિયાનું રાજકોટ ખાતે 64 વર્ષની ઉમરે હાર્ટએટેકને કારણે નિધન.
- ✓ અંદાજે 1300થી વધુ ચિત્રવાર્તા દ્વારા અનોખું સર્જન કરનાર મહેન્દ્રભાઈએ દૂરદર્શન માટે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન આધારિત એનીમેશન ફિલ્મમાં પણ ચિત્રો તૈયાર કરી એક ઉત્કૃષ્ટ ચિત્રકાર તરીકે પ્રસ્થાપિત થયા હતા.

**3. ખેલકૂદ : ભારત-ઈંગ્લેન્ડ વન-ડે મેચ**




- ✓ યજમાન : પૂના
- ✓ **ખાસ રેકોર્ડ** : વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યુ કરનાર ગુજરાતી ઓલરાઉન્ડર ક્રિકેટર્સ કૃણાલ પંડયા સૌથી ફાસ્ટેસ્ટ અડધી સદી કરનાર પ્રથમ ભારતીય ક્રિકેટર
- ✓ અણનમ 26 બોલમાં 50 રન

**4. નાણા વિધેયક (બજેટ) 2021 લોકસભામાં પસાર**



**મહત્વની જોગવાઈ :**

- ✓ પ્રોવિડન્ટ ફંડમાં રૂ. પાંચ લાખ સુધીના રોકાણ પર વ્યાજમાં છૂટ મળશે. એટલે વ્યાજમુક્ત પીએફ રોકાણની મર્યાદા વધારાઈ છે. 1 ટકાને લાભ મળશે. આ છૂટ ફક્ત એ લોકોને મળશે જેમને એમ્પ્લોયર તરફથી પીએફમાં યોગદાન નથી મળતું.
- ✓ કેન્દ્રીય નાણામંત્રી : શ્રી નિર્મલા સીતારામન

**5. ખેલકૂદ : લેડી સહેવાગ તરીકે ઓળખાતી ભારતીય મહિલા ક્રિકેટર શેફાલી વર્મા T-20માં નંબર-1 બેટ્સમેન**



- ✓ ICC દ્વારા રેન્કિંગ જાહેર
- ✓ 17 વર્ષિય શેફાલી 750 રેટિંગ સાથે નંબર-1 બેટ્સમેન

**6. લઠમાર હોળીની પંરપરા – મથુરા**




## આંતરરાષ્ટ્રીય બાબતો

**7. ભારત-પાકિસ્તાન સંબંધો : આરબ દેશ UAEની મધ્યસ્થીના પરિણામે વાટાઘાટો શરૂ**




**આ ત્રણ બાબતો સંબંધો સુધારવાના મુખ્ય આધાર**

**(1) સંઘર્ષ વિરામનું 25 ફેબ્રુ. પછી ઉલ્લંઘન નહીં**

- ✓ 25 ફેબ્રુઆરીએ બંને દેશની સેનાના ઉચ્ચ અધિકારીએ હોટલાઈન પર વાત કરી હતી. તેમાં નક્કી થયું હતું કે, સરહદે સંઘર્ષ વિરામ સુનિશ્ચિત કરીશું. ત્યારથી બંને તરફની તોપો એકદમ શાંત છે.
- ✓ 1 થી 25 ફેબ્રુઆરી સુધી વિરામના ઉલ્લંઘનની 255 ઘટના નોંધાઈ. એ પહેલાં જાન્યુઆરીમાં પાકિસ્તાન 336 વાર સંઘર્ષ વિરામ તોડ્યો હતો.

**(2) બંને દેશના નેતા આકરાં નિવેદન નહીં કરે**

- ✓ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન અને સેના વડા બાજવા સતત નરમાશ રાખી રહ્યા છે.
- ✓ ઈમરાન ખાન કોરોના પોઝિટિવ થયા પછી વડાપ્રધાન મોદીએ પણ તેમને ઝડપથી સાજા થવા શુભેચ્છા આપી.
- ✓ ભારતમાં પણ પાંચ રાજ્યની ચૂંટણીના માહોલમાં એકેય નેતા પાકિસ્તાન મુદ્દે કોઈ નિવેદન નથી કરતા.

(3) મોદીએ ઈમરાનને પાકિસ્તાન દિવસે શુભેચ્છા આપી

- ✓ દિલ્હી સ્થિત પાકિસ્તાન દૂતાવાસમાં પાકિસ્તાન દિવસ ઊજવાયો. નરેન્દ્ર મોદીએ ઈમરાન ખાનને શુભેચ્છા પાઠવી. પાકિસ્તાનના રાજદૂતે પણ દૂતાવાસમાં ઝડપથી નિમણૂકો થવાની વાત કરી.


બંને દેશ વચ્ચે પ્રાથમિક સ્તરે ત્રણ મુદ્દે સંમતિ સધાઈ

1. બંને દેશના નેતા આકરાં નિવેદન નહીં આપે. પાકિસ્તાન નવેસરથી શરૂઆત કરશે અને ભારત તેમને સ્વીકારશે.
2. ભારતમાં સીએએ વિરોધ જેવા દેખાવોને પાકિસ્તાનથી ફન્ડિંગના પ્રમાણ મળશે, તો વાટાઘાટો રોકી દેવાશે.
3. ભારત બલુચિસ્તાન મુદ્દે કોઈ પણ મંચ પર હાલ કોઈ અવાજ નહીં ઉઠાવે.

- ✓ સિંધુ નદીના પાણી વિભાજન અંગે દિલ્હીમાં બે દિવસની બેઠક યોજાઈ
- ✓ પાકિસ્તાન અધિકારીઓનું જૂથ બે દિવસના ભારત પ્રવાસે

8. દિન વિશેષ : 23 માર્ચ 1931 (1) શહીદ દિવસ

મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી અપાઈ હતી તેની યાદમાં.




- ✓ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે શહીદ દિવસની ઉજવણી

શ્રદ્ધાંજલિ સભા

(1) શહીદ - એ - આઝમ – ભગતસિંહ

- ✓ સરદાર ભગતસિંહ મ્યુઝિયમ - ખટકર કલાં,
- ✓ શહીદ ભગતસિંહનગર પંજાબ સવારના 11.00 કલાકથી

(2) શહીદ સુખદેવનું પૈતૃક ઘર

- ✓ મોહલ્લા નૈઘરા, દલ બજાર
- ✓ લુધીયાણા, પંજાબ સવારના 10.00 કલાકથી

(3) શહીદ રાજગુરુનું પૈતૃક ઘર

- ✓ રાજગુરુ વાડા, રાજગુરુ નગર
- ✓ મહારાષ્ટ્ર સવારના 8.30 કલાકથી

(2) દિન વિશેષ : 23 માર્ચ વિશ્વ હવામાન દિવસ




થીમ-2021 : The Ocean, Our Climate and Weather

ઉજવણીનો ઈતિહાસ :

- ✓ તા.23 માર્ચ, ઈ.સ.1950ના રોજ વર્લ્ડ મિટીયોરોલોજીકલ (મેટ) ઓર્ગેનાઈઝેશન કે જેની સાથે 193 દેશો જોડાયા છે તેની સ્થાપના થઈ તે નિમિતે આ ઉજવણી થાય છે અને કાર્યક્રમો યોજાય છે.
- ✓ ભારતમાં હવામાનશાસ્ત્રનું જ્ઞાન તો આશરે પાંચ હજાર વર્ષ પહેલાનું છે તેમ ભારત સરકારના મેટ વિભાગની સત્તાવાર નોંધમાં જણાવાયું છે.
- ✓ આ તત્વનું જ્ઞાન ઉપનિષદ કે જે અંદાજે ઈ.સ.ના 3000 વર્ષ પહેલા રચાયેલા છે.

ભારતનો હવામાન શાસ્ત્રનો પ્રાચીન ઈતિહાસ :

- ✓ ઉપનિષદ કોઈ ધાર્મિક વિધિ, ક્રિયાકાંડ, પોથી પંડિતની વાતો નથી કરતું, તે વિજ્ઞાન છે અને બ્રહ્માંડથી ઉત્પતિથી માંડીને જીવન અને મૃત્યુ સહિત દરેક બાબતે વિશદ્ જ્ઞાન આપે છે.
- ✓ ઉપનિષદમાં વરસાદ લાવતા વાદળો કઈ રીતે બંધાય છે તેની તથા સૂર્યની ફરતે પૃથ્વી પ્રદક્ષિણા કરે તેથી સર્જાતુ ઋતુચક્ર વગેરેની ગંભીરતાથી છણાવટ થઈ છે.
- ✓ ઈ.સ.500માં વરાહ મિહિર, બ્રહદ્સંહિતામાં પણ હવામાન વિશે માહિતી આપવામાં આવી અને સૂર્ય વરસાદ આપે છે તેવું ઉંડુ જ્ઞાન અપાયું હતું.
- ✓ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર તો જાણીતું છે તેમાં વરસાદની ખેતીવાડી પર અને દેશના અર્થતંત્ર પર અસર ઉપરાંત વરસાદ માપનની પણ વાત કરી છે.
- ✓ 7મી સદીમાં રચાયેલા અને આજે સાયન્સના નહીં પણ આર્ટ્સમાં ભણાવાતા કવિ કાલીદાસની પ્રસિધ્ધ કૃતિ મેઘદૂત ચોમાસુ ક્યારે બેસશે તેના વરતારા અને કઈ રીતે તે આગળ વધે તેની વાત છે જે આજે પણ સાયન્ટીફીકલી મેટ ઓફિસ જણાવતી રહી છે.

ભારતના નિરિક્ષણ કેન્દ્રો :

- ✓ આજે વિશ્વભરમાં ઉપયોગમાં લેવાતા હવામાનશાસ્ત્ર મૂજબના નિરીક્ષણ કેન્દ્રો (ઓબ્ઝર્વેટરી) સૌથી જુના ભારતમાં છે.
- ✓ મીટીયોરોલોજીકલ ઓબ્ઝર્વેટરી કલકત્તામાં ઈ.સ.1785માં, મદ્રાસમાં 1796માં અને કોલાબામાં ઈ.સ.1826માં શરુ થઈ હતી.
- ✓ હવામાન અભ્યાસ સાથે જોડાયેલ એશિયાટીક સોસાયટી કલકત્તામાં ઈ.સ.1784માં અને મુંબઈમાં 1804માં સ્થપાઈ હતી.
- ✓ ઈ.સ.1875માં ભારતના તમામ મીટીયોરોલોજીકલ સેન્ટર એક છત હેઠળ લાવવામાં આવ્યા હતા.
- ✓ ભારત સરકારના ભૂ વિજ્ઞાન મંત્રાલય હેઠળના આઈ.એમ.ડી. (ઈન્ડીયન મીટીયોરોલોજીકલ ડિપાર્ટમેન્ટ)માં ઈ.સ.1889માં સૌ પ્રથમ સર જ્હોન ઈલીયટ ડાયરેક્ટર જનરલ તરીકે નિમાયા હતા અને ત્યારે આઈ.એમ.ડી.ની ઓફિસ કલકત્તામાં, ત્યારબાદ સીમલા ખસેડાઈ અને બાદમાં હેડક્વાર્ટર પૂના રખાયું અને હાલ નવી દિલ્હી ખાતે છે.

મીટીયોર શબ્દ વિશે :

- ✓ મીટીયોર શબ્દ એ પ્રાચીન ગ્રીક શબ્દ છે અને મીટીયોરોઈડનો અર્થ ઉલ્કા થાય છે અને મિટીઓરીસીસ્ટને ઉલ્કાશાસ્ત્રી કહેવાય છે પરંતુ, મિટીયોરોલોજીનું ગુજરાતી ભાષાંતર હવામાન શાસ્ત્ર કે વાયુ શાસ્ત્ર થાય છે.

9. જન્મ દિન વિશેષ : 23 માર્ચ લોહિયાવાદ: રામમનોહર લોહિયા

જન્મ : 23 માર્ચ-1910 અવસાન : 12 ઓક્ટોબર 1967



✓ આજે મહાન ક્રાંતિકારીઓ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવનો શહીદ દિવસ છે. ઉપરાંત રામમનોહર લોહિયાનો જન્મદિવસ
✓ ફૈઝાબાદ પાસે અકબરપુરમાં જન્મેલા લોહિયાના માતા તેમની અઢી વર્ષની ઉંમરમાં જ અવસાન પામ્યાં.
✓ 1929માં કોલકાતાથી સ્નાતક થયા, પીએચ.ડી થવા જર્મની ગયા ત્યાંથી પદવી મેળવી.
✓ યુરોપ નિવાસ દરમિયાન લોહિયાએ ભારતીય રાષ્ટ્રવાદના પ્રચાર માટે સંગઠન પણ રચ્યું હતું.
✓ ભારત આવ્યાં પછી ગાંધીપ્રભાવમાં જીવન દેશ માટે સમર્પિત કર્યું.
✓ અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો. 1934માં કોંગ્રેસ સમાજવાદી પક્ષના એક સ્થાપક સભ્ય બન્યા.
✓ આઝાદી બાદ લોહિયા સમાજવાદી રાજનીતિ, લિંગભેદનો અંત, નાતજાતના નિવારણ માટે રોટી-બેટી વ્યવહારની હિમાયત જેવાં અનેક મુદ્દે સક્રિય રહ્યાં હતાં. 12 ઓક્ટોબર 1967ના રોજ અવસાન.


**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (23-03-2021)**

1. માર્ચ 2021ની સ્થિતિએ ગુજરાતમાં કુલ કેટલા જળાશય-ડેમ આવેલા છે - 202
2. માર્ચ 2021ની સ્થિતિએ ગુજરાતમાં કયા કયા જિલ્લામાં પણ ડેમ આવેલો નથી - પાટણ, ખેડા, ડાંગ, અમદાવાદ, આણંદ અને વડોદરા
3. માર્ચ 2021ની સ્થિતિએ ગુજરાતમાં સૌથી વધુ 20 મધ્યમ કક્ષાના ડેમ કયા જિલ્લામાં આવેલા છે - કચ્છ
4. માર્ચ 2021માં કયા ક્રિકેટરે તેની પ્રથમ ઇન્ટરનેશનલ વન- ડે મેચમાં કયા દેશ સામે સૌથી ફાસ્ટેસ્ટ 26 બોલમાં અડધી સદી કરી છે - ગુજરાતી કૃણાલ પંડ્યા, ઇંગ્લેન્ડ
5. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા દેશની મધ્યસ્થીથી વાટાઘાટો-સરહદ પર શાંતિ સ્થપાઈ છે- યુનાઇટેડ આરબ અમીરાત
6. માર્ચ 2021માં કઇ નદીના પાણીના વિભાજન અંગે ભારત અને પાકિસ્તાનના અધિકારીઓ વચ્ચે નવી દિલ્હીમાં બેઠક યોજાઇ - સિંધુ નદી
7. કેન્દ્ર સરકાર દ્વારા પ્રોવિડન્ટ ફંડમાં કેટલા સુધીના રોકાણ પર વ્યાજમાં છૂટ આપવાની જાહેરાત કરી છે - ₹.5 લાખ
8. માર્ચ 2021માં આઇસીસી દ્વારા કઇ મહિલા ક્રિકેટરને T-20 રેન્કિંગમાં પ્રથમ સ્થાન અપાયું છે - ભારતીય શેફાલી વર્મા
9. ઉત્તર પ્રદેશના મથુરામાં કઈ હોળી ઉજવવામાં આવે છે - લઠમાર હોળી
10. માર્ચ-2021માં લોકસભામાં રજૂ થયેલા નાણા વિધેયક મુજબ પ્રોવિડન્ટ ફંડમાં કેટલા રૂપિયા સુધીના રોકાણ પર વ્યાજમાં છૂટ મળશે - રૂ. પાંચ લાખ
11. માર્ચ-2021માં ગુજરાત સમાચારની ઝગમગ ચિત્રવાર્તાઓના કયા સર્જકનું રાજકોટ ખાતે અવસાન થયુ - મહેન્દ્ર ઝીંઝુવાડિયા
12. વિશ્વ હવામાન દિવસ કયારે અન કયા વર્ષથી ઉજવવામાં આવે છે – 23 માર્ચ 1950
13. વિશ્વ હવામાન દિવસ કોના દ્વારા ઉજવવામાં આવે છે - વર્લ્ડ મિટીયોરોલોજીકલ ઓર્ગેનાઇઝેશન
14. મીટીયોર કઈ ભાષાનો શબ્દ છે - પ્રાચીન ગ્રીક
15. મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને કયારે ફાંસી અપાઈ હતી – તા. 23 માર્ચ 1931
16. તા.23 માર્ચ 1931ના રોજ મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી અપાઇ તેને કયા દિવસ તરીકે ઓળખવામાં આવે છે – શહીદ દિવસ
17. રામમનોહર લોહિયાનો જન્મ દિવસ જણાવો - 23 માર્ચ-1910

## DATE : 24-03-2021

### સ્થાનિક બાબતો

**1. "મિશન કરિયર ગાઇડન્સ" યોજના : ગુજરાત સરકારની જાહેરાત**




**રાજસ્થાનના કોટાની થીમ ઉપર ગુજરાતમાં JEE, NEET, IIT, IIM જેવી એક્ઝામ માટે કોચિંગ ક્લાસિસ શરૂ કરાશે**

✓ રાજ્ય સરકાર દ્વારા ચાર ઝોન અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે ખાસ કોચિંગ ક્લાસ શરૂ કરાશે.

**આ રીતે મિશન કરિયર શરૂ થશે**

✓ મિશન કરિયર ગાઇડન્સ યોજના હેઠળ 4 ઝોનમાં રેસીડન્શીયલ સ્કૂલો બનાવાશે. જેમાં ધો. 10 પછીના છાત્રોને પ્રવેશ અપાશે. તેમને ગુજરાતના ઉપરાંત કોટામાં કલાસીસ ધરાવતા નિષ્ણાંત શિક્ષકો જેઇઇ નીટ ઉપરાંત IIM માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ અપાશે.
✓ વિદ્યાર્થીઓની જેઇઇ, નીટ કક્ષાની પરીક્ષાની પણ તાલીમ અપાશે અને ગુજરાતના વિદ્યાર્થીઓનો કવોટા જળવાય રહે તેવા પ્રયાસ કરાશે.
✓ દેશની આઇઆઇએમ, આઇઆઇટી તથા મેડિકલ કોલેજમાં વધુ સંખ્યામાં ગુજરાતી યુવાનો પ્રવેશ મેળવે એ હેતુસર સરકારે આ પ્રયાસ કર્યો છે.

**2. ભારતમાં લૉકડાઉનનું એક વર્ષ પૂર્ણ**

✓ સમયગાળો : તા. 25-03-2020થી તા. 25-03-2021 એક વર્ષ
✓ 22 માર્ચે જનતા કર્ફ્યુ પછી વડાપ્રધાને 24 માર્ચ, 2020ના રોજ જાહેરાત કરી હતી કે દેશમાં 25 માર્ચથી 14 એપ્રિલ સુધી 21 દિવસનું લૉકડાઉન રહેશે. એ વાતને આજે એક વર્ષ પૂરું થયું.
✓ ત્યારબાદ 15 એપ્રિલથી 3 મે, પછી 17 મે અને છેવટે 31 મે સુધીએમ કુલ 68 દિવસ લોકડાઉન.

- ✓ ત્યાર પછી 1 જૂનથી 30 નવેમ્બર સુધી 6 તબક્કામાં અનલૉક થયું, જે આજ સુધી ચાલુ છે.
- ✓ ઘણું બધું ખૂલી ગયું, પરંતુ તમામ ટ્રેનો અને આંતરરાષ્ટ્રીય હવાઈયાત્રા શરૂ થવાની હજુ બાકી છે.
- ✓ લૉકડાઉનથી અનલૉક વચ્ચેનું આ અંતર નક્કી કરતા દેશમાં 1.17 કરોડથી વધુ લોકો કોરોના સંક્રમિત થઇ ગયા અને આપણે 1.60 લાખ લોકોને હંમેશા માટે ગુમાવ્યા છે.
- ✓ આ વર્ષ આપણને ઘણું બધું શીખવી ગયું. પરિવારનું મહત્ત્વ અને મુશ્કેલીઓ સામે લડવાની તૈયારી વિશે પણ આપણે જાણ્યું પરંતુ સૌથી મહત્ત્વની વાત આપણે શીખી કે કુદરતથી વધુ શક્તિશાળી કશું જ નથી.

### 3. ખેલકૂદ : ICC દ્વારા વન-ડે અને T-20 બેટિંગ રેન્કિંગ જાહેર

**વન-ડે બેટિંગ રેન્કિંગ**

| રેન્ક | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1. | કોહલી | ભારત | 868 |
| 2. | બાબર | પાકિસ્તાન | 837 |
| 3. | રોહિત | ભારત | 836 |
| 4. | ટેલર | ન્યુઝીલેન્ડ | 810 |
| 5. | ફ્રિંચ | ઓસ્ટ્રેલિયા | 791 |




**T-20 બેટિંગ રેન્કિંગ**

| રેન્ક | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1. | મલાન | ઇંગ્લેન્ડ | 892 |
| 2. | ફ્રિંચ | ઓસ્ટ્રેલિયા | 830 |
| 3. | બાબર | પાકિસ્તાન | 801 |
| 4. | કોહલી | ભારત | 762 |
| 5. | રાહુલ | ભારત | 743 |




- ✓ વડુમથક-ICC : દુબઇ

### 4. જન્મ દિન વિશેષ : 24 માર્ચ

**રાજરોગ TBના શોધક ડૉ. રૉબર્ટ કોકનો જન્મ દિવસ**

**તેમનો જન્મ દિવસ વિશ્વ ક્ષય-ટીબી દિવસ તરીકે ઉજવાય છે**

- ✓ જન્મ : 24 માર્ચ 1843 અવસાન : 1910
- ✓ દેશ : જર્મની
- ✓ વર્ષો પહેલાં રાજરોગ ગણાતા ટ્યુબરક્યુલોસીસ અને સાદી ભાષામાં જેને ટીબી કહે છે, એનું મૂળ કારણ શોધી કાઢનાર ડૉ.રોબર્ટ કોક એક જર્મન ડૉક્ટર ઉપરાંત જીવાણુ વિશેષજ્ઞ હતા.



- ✓ તેમણે 24-3-1882ના રોજ બર્લિન ફિઝિયોલોજીકલ સોસાયટીના સભાગૃહમાં જયારે જાહેરાત કરી કે (એ સમયે) જીવલેણ ગણાતા રોગ ટીબી ઉત્પન્ન કરનારા રોગના જીવાણુઓને ઓળખી કઢાયા છે, ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઇને સાંભળી રહ્યાં. આમ આજના દિવસે ટીબીની ઓળખ થઇ.
- ✓ 10-4-1882ના રોજ એમણે ઈટીઓલોજી ઓફ ટ્યુબરક્યુલોસીસના નામે એક સંશોધન પેપર પ્રગટ કર્યું, જેમાં ટીબીના કારણની વિશદ છણાવટ કરી હતી.
- ✓ 1884માં આ જ સંશોધન પેપરને વધુ વિસ્તૃત રીતે ટીબીનાં મૂળ તત્ત્વોનાં નામે પ્રગટ કર્યું, જે આજે પણ જીવાણુશાસ્ત્રને સમજવામાં ઉપયોગી છે.
- ✓ વાસ્તવમાં રોબર્ટ કોકે ટીબીના રોગીના શરીરમાં રોગ ઉત્પન્ન કરનાર જીવાણુને શોધી કાઢ્યા, પ્રયોગશાળામાં તેનું સંવર્ધન કરી બીજા પ્રાણીના શરીરમાં દાખલ કરી જે તે રોગનાં લક્ષણો ઉત્પન્ન થતા એ પ્રાણીનાં શરીરમાં એ ચોક્કસ રોગના જીવાણુને ઓળખી કાઢ્યા. નોબેલ ઇનામ વિજેતા વિજ્ઞાની 1910માં અવસાન પામ્યા હતા.

### 5. દિન વિશેષ : 24 માર્ચ

**વિશ્વ ટીબી દિવસ**

- ✓ થીમ-2021: 'The Clock is Ticking'.




- ✓ TB માટેની BCG રસીની શોધના-2021માં 100 વર્ષ પૂર્ણ
- ✓ પ્રથમ રસી જૂલાઈ-1921માં ફ્રાંસના એક શિશુને અપાઈ હતી.
- ✓ BCG રસી શિશુવસ્થામાં જ અસરકારક

**કોરોનાની TB પર હકારાત્મક અસરો**

- ✓ કોરોનાને કારણે લોકોમાં માસ્ક પહેરવાની અવેરનેસ, આરોગ્યપ્રદ આહાર અને સ્વચ્છ વાતાવરણથી ટીબીના નવા કેસમાં 20-25 ટકાનો ઘટાડો નોંધાયો છે.
- ✓ સાદા ટીબીની સાથે ડાયાબિટીસ હોય તો કોરોનાની શક્યતા 7 થી 10 ટકા વધુ તેમજ સાદા ટીબીની સાથે એચઆઇવી ધરાવતાં દર્દીને કોરોના થતા મૃત્યુનું જોખમ વધતું હોવાનું પલ્મોનોલોજિસ્ટ જણાવી રહ્યા છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (24-03-2021)**

1. ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા JEE,NEET,IIT અને IIM જેવી એક્ઝામના કોચિંગ માટે કઈ યોજના લોન્ચ કરાશે- મિશન કરિયર ગાઇડેન્સ યોજના
2. મિશન કરિયર ગાઇડેન્સ યોજના અંતર્ગત ગુજરાતમાં કયા મુખ્ય ચાર શહેરોમાં કોચિંગ સેન્ટર શરૂ કરાશે - અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ
3. તા.25 માર્ચ 2021ના રોજ ભારતમાં પ્રથમ લૉકડાઉનને કેટલા વર્ષ પૂર્ણ થયા - 1 વર્ષ
4. માર્ચ 2021ની સ્થિતિએ ICC વન-ડે અને T20 બેટિંગ રેન્કિંગમાં પ્રથમ ખેલાડી અને દેશ જણાવો - વિરાટ કોહલી- ભારત અને મલાન - ઇંગ્લેન્ડ
5. ICCનું વડુ મથક ક્યાં આવેલું છે - દુબઈ
6. TB- રાજરોગના શોધકનું નામ જણાવો - ડૉ. રૉબર્ટ કોક
7. જર્મન ડૉ. રૉબર્ટ કોકનો જન્મદિવસ કયા દિવસ તરીકે ઉજવાય છે- વિશ્વ ક્ષય દિવસ
8. વિશ્વ ક્ષય દિવસ ક્યારે ઉજવાય છે - 24 માર્ચ
9. વિશ્વ ક્ષય દિવસ-2021ની થીમ જણાવો - The Clock is Ticking
10. TBથી રક્ષણ માટેની BCG રસીની શોધને વર્ષ 2021માં કેટલા વર્ષ પૂર્ણ થયા - 100
11. TBથી રક્ષણ માટેની BCG રસી સૌપ્રથમ ક્યારે કયા દેશમાં અપાઇ હતી - જુલાઈ 1921 અને ફ્રાંસ

**DATE : 25-03-2021**

## 1. કેન્દ્ર સરકાર – નિર્ણય

### સરકારી ઓઇલ કંપનીઓને 100 ટકા ઇથેનોલનું વેચાણ કરવા મંજૂરી




- ✓ કેન્દ્ર સરકારે ઇથેનોલને સ્ટેન્ડઅલોન ફ્યૂઅલ તરીકે ઉપયોગમાં લેવાની પરવાનગી આપતાં પેટ્રોલ અને ડીઝલની આભને આંબતી કિંમતોમાંથી જનતાને થોડી રાહત મળશે.
- ✓ સરકારે ઓઇલ વિતરણ કંપનીઓને સંપૂર્ણ ઇથેનોલથી તૈયાર થતા ઈંધણ ઇ-100ના વેચાણને પરવાનગી આપી.
- ✓ આ ઈંધણ એ જ વાહનોમાં ઉપયોગમાં લઈ શકાશે જે ઇ-100 ઈંધણ પર ચાલી શકે છે.
- ✓ પેટ્રોલિયમ મંત્રાલયે ઇથેનોલને સ્ટેન્ડઅલોન ફ્યૂઅલ જાહેર કર્યું.
- ✓ સરકારે પેટ્રોલ અને ડીઝલની જેમ ઇ-100ના સીધા વેચાણ માટે પરવાનગી આપી દીધી છે.
- ✓ આ માટે સરકાર દ્વારા મોટર સ્પિરિટ એન્ડ હાઇસ્પીડ ડીઝલ ઓર્ડર 2005ના એક્ટમાં સુધારો કરાયો.

**ફાયદો :**


- ✓ સરકારના આ નિર્ણયના કારણે ખાંડની મિલો, ઓઇલ માર્કેટિંગ કંપનીઓ અને ઇથેનોલનું ઉત્પાદન કરતી કંપનીઓને મોટો લાભ થશે.
- ✓ આ કંપનીઓ તેમની પાસેના સરપ્લસ સ્ટોક વડે ઇથેનોલનું ઉત્પાદન વધારીને લાભ મેળવી શક્શે.

**શું છે ઇ-100 ઈંધણ?**

- ✓ ઇ-100 સંપૂર્ણ ઇથેનોલ ફ્યુઅલ છે. આ ફ્યુઅલમાં સ્ટ્રેઇટ હાઇડ્રોસઇથેનોલને વાહનોના ઇંધણ તરીકે વાપરવામાં આવે છે.
- ✓ બ્રાઝિલમાં વાહનો ચલાવવા માટે 1970ના દાયકાથી ઇ-100 પ્યોર ઇથેનોલ ફ્યુઅલ વાપરવામાં આવે છે.
- ✓ અંગ્રેજી આલ્ફાબેટનો ઇ ઇથેનોલ માટે વાપરવામાં આવે છે.
- ✓ ફ્યુઅલમાં કેટલા પ્રમાણમાં ઇથેનોલ છે તેના આધારે તેનું વર્ગીકરણ કરાય છે.
- ✓ ઇ-0 ફ્યુઅલમાં ઇથેનોલનું પ્રમાણ શૂન્ય ટકા હોય છે. ઇ-10માં પેટ્રોલમાં 10 ટકા ઇથેનોલનું મિશ્રણ કરાય છે.

## 2. કુંભમેળો – હરિદ્વાર

### કોરોનાને કારણે ઇતિહાસમાં પ્રથમવાર સમય ઘટાડીને એક મહિનો કરાયો




- ✓ **નવો સમયગાળો :** તા. 1-4-2021 થી તા. 30-4-2021
- ✓ **રાજધાની : દહેરાદૂન**

**આંતરરાષ્ટ્રીય બાબતો**

## 3. સુએઝ નહેર - ઇજિપ્ત : સુએઝ નહેરમાં ફસાયેલા કાર્ગો જહાજના કારણે દૈનિક 9.5 અબજ ડોલરનું નુકસાન (વૈશ્વિક બાબતો)




- ✓ ભૂમધ્ય સાગરને રાતા સાગર સાથે જોડતી 193.3 કિ.મી. લાંબી અને 205 મીટર સાંકળી સુએઝ કેનાલમાં ચીનથી માલ લઈને નેધરલેન્ડ જઈ રહેલું પનામાનું કાર્ગો જહાજ એવર ગિવન ફસાઈ જતાં કેનાલમાં ટ્રાફિકજામ થઈ ગયો છે.
- ✓ સુએઝ પોર્ટથી ઉત્તરે બે લાખ મેટ્રિક ટન વજન, 400 મીટરની લંબાઈ અને 59 મીટરની પહોળાઈ ધરાવતા જહાજે વંટોળ અને ભારે પવનના કારણે નિયંત્રણ ગુમાવતાં ફસાયું હતું.

**સુએઝ કેનાલ વિશે :**

**1869માં જળમાર્ગ તરીકે ઉપયોગ શરૂ થયો**

- ✓ સુએઝ કેનાલ દુનિયાની સૌથી મોટી માનવસર્જિત કેનાલ છે. 1859માં આ કેનાલનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું અને દસ વર્ષની મહેનત બાદ 17 નવેમ્બર 1869માં જળમાર્ગ તરીકે તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો.

- ✓ આ કેનાલમાં બાંધકામમાં શરૂઆતમાં ફ્રાન્સ દ્વારા મોટાપાયે રોકાણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બ્રિટન દ્વારા તેના ઉપર પ્રભુત્વ મેળવવા માટે 44 ટકા ભાગ ખરીદી લેવાયો હતો.
- ✓ ઉપરાંત આ પ્રદેશ માટે ભૂતકાળમાં ઘણા યુદ્ધ પણ ખેલાયા છે. 1975માં આ મુદ્દે ઈઝરાયેલ સાથે યુદ્ધ થતાં કેનાલને આઠ વર્ષ માટે બંધ કરી દેવાઈ હતી.
- ✓ શરૂઆતમાં કેનાલ 26 ફૂટ ઊંડી અને 72 ફૂટ પહોળી હતી. સમયાંતરે તેની ઊંડાઈ વધારવામાં આવી અને હવે તે દરિયાની સપાટી જેટલી જ ઉંડાઈ ધરાવે છે. તેના કારણે મોટા જહાજો પણ સરળતાથી આવનજાવન કરી શકે છે.

**કેનાલનું મહત્વ**

- ✓ ઈજિપ્ત માટે આ જળમાર્ગ સોનાની મરઘી સમાન છે. આ જળમાર્ગ થકી દર વર્ષે ઈજિપ્તને 6 બિલિયન ડોલરનો ટોલ ટેક્સ પ્રાપ્ત થાય છે.
- ✓ 1869માં શરૂ થયેલી આ કેનાલ ઈજિપ્ત માટે વિદેશી હૂંડિયામણ કમાવાનો ઉમદા માર્ગ છે.
- ✓ સામાન્ય રીતે એશિયા સાથે વ્યાપાર કરવા માટે યુરોપમાંથી પહેલાં જે જહાજો આવતા હતા તે કેપ ઓફ ગુડ હોપના રસ્તે આવતા હતા. ત્યાંથી જ અંગ્રેજો ભારતમાં ઘૂસ્યા હતા.
- ✓ આ રસ્તો 11,300 માઈલનો છે. આ રસ્તે ભારત અને એશિયાના દેશોમાં આવવા માટે 24 દિવસ જેટલો સમય લાગે છે.
- ✓ સુએઝ કેનાલ બન્યા બાદ આ અંતર ઘટીને 6300 માઈલ થઈ ગયું છે અને 14 દિવસમાં પ્રવાસ પૂરો થઈ જાય છે.
- ✓ દર વખતે 5000 માઈલનો પ્રવાસ અને ઈંધણ આ રસ્તે બચી શકે તેમ છે. તેના કારણે મોટાપાયે આર્થિક લાભ પણ થાય છે.

**4. ખેલકૂદ : જાપાનમાં ટૉક્યો ઓલિમ્પિક-2020 મશાલ રિલેનો પ્રારંભ**




**રિલે વિશે :**

- ✓ મશાલ રિલેનું કુલ અંતર : 9653 કિલોમીટર
- ✓ જાપાનના ફૂકુશિમાં પ્રાંતના કે. જે. વિલેજ નેશનલ ટ્રેનિંગ સેન્ટરથી તેની શરૂઆત થઈ હતી.
- ✓ 121 દિવસમાં આ રિલે 47 પ્રાંતમાંથી પસાર થશે. તેનું સમાપન 23 જુલાઈએ ઓલિમ્પિકની શરૂઆત સાથે થશે .

**5. જન્મ દિન વિશેષ : 25 માર્ચ**

**આર્થિક રાષ્ટ્રવાદના જનક : અંબાલાલ સાકરલાલ દેસાઈ**



જન્મ : 25 માર્ચ – 1844 અવસાન : 1914

- ✓ ગાંધી પહેલાના ગાંધી ગણી શકાય પણ ગુજરાતીઓ દ્વારા અવગણાયેલા અંબાલાલ સાકરલાલ દેસાઈનો આજે જન્મદિવસ છે.
- ✓ જૂના ખેડા જિલ્લાના અલીણા ગામે બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો.
- ✓ બી. એ., એમ. એ. થયા ગુજરાતી સમાજમાં તેઓ પહેલા અનુસ્નાતક હતા. વકીલાતનો અભ્યાસ પણ કર્યો, પરંતુ વકીલાત કરવાને બદલે શિક્ષકનો પવિત્ર વ્યવસાય સ્વીકાર્યો.
- ✓ અમદાવાદની સૌથી જૂની કોલેજ ગુજરાત કોલેજમાં પણ અધ્યાપન કાર્ય કર્યું હતું.
- ✓ અંબાલાલ સાકરલાલ ગુજરાતમાં આર્થિક રાષ્ટ્રવાદના પ્રણેતા પણ કહેવાય છે. સ્વદેશીને લગતી ઘણી સંસ્થાઓ, સ્વદેશી પ્રદર્શનોમાં તેમનું સીધું યોગદાન રહ્યું હતું. 20માં સૈકાના પ્રારંભે મહાત્મા ગાંધી જે વાતો દેશ સમક્ષ કરવાના હતા તેમાંની સ્વદેશી અને વિદેશી બહિષ્કારને લગતી વાતો અને વ્યવહારુ અમલ તેઓ 19મા સૈકાના ઉત્તરાર્ધમાં જ કરી ચૂક્યા હતા.
- ✓ નડિયાદમાં સ્વદેશી મિલની પણ સ્થાપના કરી હતી.
- ✓ 1914માં 70 વર્ષની વયે તેમનુ અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (25-03-2021)**

1. માર્ચ 2021માં કેન્દ્ર સરકાર દ્વારા સરકારી ઓઇલ કંપનીઓને કેટલા ટકા ઈથેનોલનું વેચાણ કરવાની મંજૂરી અપાઈ - 100%
2. માર્ચ 2021માં કેન્દ્ર સરકાર દ્વારા ઈથેનોલને કયા ફ્યુઅલ તરીકે ઉપયોગમાં લેવાની મંજૂરી અપાઈ - સ્ટેન્ડઅલોન ફ્યુઅલ
3. કેન્દ્ર સરકાર દ્વારા ઓઇલ વિતરણ કંપનીઓને સંપૂર્ણ ઇથેનોલથી તૈયાર થતાં કયા ઇંધણને વેચાણની પરવાનગી આપી - ઇ-100
4. સંપૂર્ણ ઇથેનોલ ફ્યુઅલ એટલે - ઇ-100
5. ઇતિહાસમાં પ્રથમવાર કોરોનાના કારણે હરિદ્વાર કુંભ-2021નો સમય ઘટાડીને કેટલો કરાયો - એક માસ
6. માર્ચ 2021ના અંતમાં સુએઝ નહેરમાં કયા દેશનું કયું કાર્ગો જહાજ ફસાયું હતું જેનાથી દૈનિક 9.5 અબજ ડોલરનું નુકસાન થતું હતું - એવર ગિવન, દેશ - પનામા
7. સુએઝ નહેર દરિયાઇ માર્ગના હેતુથી કયા બે સમુદ્રને જોડે છે - ભૂમધ્ય સાગરને રાતા સાગર સાથે
8. સુએઝ નહેરની લંબાઈ અને પહોળાઈ જણાવો - 193.3 કિલોમીટર અને 205 મીટર પહોળાઈ
9. સુએઝ નહેરનો પ્રારંભ કયા વર્ષે થયો હતો - 17 નવેમ્બર 1869
10. સુએઝ નહેરનું સંચાલન કયો દેશ કરે છે - ઇજિપ્ત
11. 25 માર્ચ 2021ના રોજ જાપાનમાં ટોક્યો ઓલિમ્પિક મશાલ રિલેનો પ્રારંભ કયા શહેરમાંથી થયો હતો - ફૂકુશિમા
12. 25 માર્ચ 2021માં જાપાનમાં ટોક્યો ઓલિમ્પિક મશાલ રિલેનો પ્રારંભ થયો તેનું સમાપન ક્યારે થશે - 23 જુલાઈ 2021
13. ટોક્યો ઓલિમ્પિક-2020 કોરોનાના કારણે કયા વર્ષે યોજાશે - 2021
14. આર્થિક રાષ્ટ્રવાદના પિતા ગુજરાતી અંબાલાલ દેસાઈનો જન્મદિવસ જણાવો - 25 માર્ચ 1844

## 1. 6th સ્માર્ટ સિટી ઈન્ડિયા-2021 એક્સ્પો –નવી દિલ્હી

તા. 24 થી 26 માર્ચ-2021

**સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ શહેરના ત્રણ પ્રોજેક્ટને રાષ્ટ્રીય એવોર્ડ**




- ✓ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ દેશના 100 શહેરોમાં અમદાવાદના 03 પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડ એનાયત

**એવોર્ડ વિશે :**

- ✓ અમદાવાદ શહેરને અર્બન મોબિલિટી, આર્કીટેકચરલ ડીઝાઇન અને રીઅલ એસ્ટેટ માટે અનુક્રમે
- ✓ (1) અર્બન મોબિલિટી કેટેગરીમાં પબ્લિક બાઈક શેરીંગ
- ✓ (2) આર્કીટેકચરલ ડીઝાઇનમાં રિવરફ્રન્ટ ફલાવર પાર્ક, ફ્લાવર વેલી, થીમ ગાર્ડન, વિશાળ વોટર બોડી વગેરે
- ✓ (3) રીઅલ એસ્ટેટ કેટેગરીમાં રીવરફ્રન્ટ હાઉસ વીથ એકિઝિબિશન, નહેરૂબ્રીજના છેડે આવેલા સાંસ્કૃતિક કેન્દ્રીય બિઝનેસ ડિસ્ટ્રિક્ટની ડિઝાઇન, મ્યુઝિયમ એક્ઝિબિશન તથા કાફેટેરિયાની સગવડને એવોર્ડ
- ✓ 19 કેટેગરીમાં 600 જેટલા પ્રોજેકટ નોમિનેટ કરવામાં આવ્યા હતા.
- ✓ ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર તથા દાહોદ એમ કુલ છ શહેરોનો સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં સમાવેશ

## 2. ખેલકૂદ : મહિલા એશિયા કપ-2022ની યજમાની અમદાવાદ-મુંબઇ કરશે

- ✓ અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા અને મુંબઈના પાટીલ સ્ટેડિયમમાં મેચ રમાશે




- ✓ સમયગાળો : તા. 20 જાન્યુઆરી 2022 થી 6 ફેબ્રુઆરી 2022 સુધી
- ✓ AFC : એશિયન ફૂટબોલ કન્ફેડેરશન
- ✓ કુલ 12 ટીમ

## 3. ફોર્બ્સ લીડરશીપ ઈન્ડિયા એવોર્ડ 2020-21 (એવોર્ડ)

**સોનુ સૂદનું એવોર્ડથી સન્માન કરાયું**




**પ્રદાન:**

- ✓ આ એવોર્ડ તેને કોરોના વાયરસની મહામારી દરમિયાન લદાયેલા લોકડાઉનમાં ગરીબ, મજૂરો અને કામદારોને મદદ કરવા માટે આપવામાં આવ્યો છે.
- ✓ સોનુ સુદને covid-19નો હીરો તરીકે ઓળખાવ્યો

### આંતરરાષ્ટ્રીય બાબતો

## 4. ભારત-બાંગ્લાદેશ સંબંધો

**બાંગ્લાદેશની આઝાદીનાં 50 વર્ષની ઉજવણીમાં વડાપ્રધાન મોદી મુખ્ય અતિથિ**



- ✓ કોરોના બાદ ભારતના વડાપ્રધાન પ્રથમવાર વિદેશ પ્રવાસે
- ✓ તા. 26-27 માર્ચ 2021

**પ્રવાસની વિગત :**

- ✓ વડાપ્રધાન મોદીએ ઢાકામાં બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા બંગબંધુ મુજિબુર રહેમાનને વર્ષ 2020 માટેનો મરણોત્તર ગાંધી શાંતિ પુરસ્કાર એનાયત કર્યો હતો. બંગબંધુના પુત્રી શેખ રેહાનાએ આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.
- ✓ આ મુલાકાત દરમિયાન ભારત દ્વારા બાંગ્લાદેશને કોરોના રસીના 12 લાખ ડોઝ અપાયા.

**બાંગ્લાદેશના યુવાનો માટે સુવર્ણ જયંતી સ્કોલરશિપની જાહેરાત**

- ✓ વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશના યુવાનો માટે સુવર્ણ જયંતી સ્કોલરશિપની જાહેરાત કરી હતી.

**સ્કોલરશિપ વિશે :**

- ✓ બાયોલોજી, કેમિસ્ટ્રી. એન્વાયર્મેન્ટલ સાયન્સ, એન્જિનિયરિંગ, મેથ્સ, મેડિસિન્સ અને ફિઝિક્સનાં ક્ષેત્રોમાં બાંગ્લાદેશના પ્રતિભાશાળી યુવા રિસર્ચરોને સ્કોલરશિપ અપાશે.

**અન્ય બાબતો :**

- ✓ બંને દેશોનો વારસો, વિકાસ, લક્ષ્ય એકસમાન છે. બંનેએ સાથે મળીને આતંકવાદનો મુકાબલો કરવાનો છે.
- ✓ ઢાકા નેશનલ પરેડ સ્કવેર ખાતે સંબોધન
- ✓ પીએમ મોદીએ ભારતીય સમુદાય-દાઉદી વોહરાના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી

**નવા એર ઈન્ડિયા વનમાં પ્રથમ ઉડાન**

- ✓ ભારત સરકારે અમેરિકાની તર્જ પર રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનના પ્રવાસો માટે નવા બોઇંગ વિમાનો વસાવ્યાં છે.
- ✓ એર ઈન્ડિયા વન તરીકે ઓળખાતા વિમાનમાં પહેલીવાર સફર કરીને વડાપ્રધાન મોદી બાંગ્લાદેશની રાજધાની ઢાકા પહોંચ્યા હતા.
- ✓ બાંગ્લાદેશના વડાપ્રધાન : શેખ હસીના
- ✓ રાજધાની : ઢાકા

## 5. 'જર્ની ઑફ હ્યુમેનિટી' (કલા)

**વિશ્વનું સૌથી મોટું કેનવાસ પેઈન્ટિંગ હરાજીમાં અંદાજે રૂ. 450 કરોડમાં વેચાયું**




- ✓ 'જર્ની ઑફ હ્યુમેનિટી' શીર્ષકવાળું આ પેઇન્ટિંગ બ્રિટિશ આર્ટિસ્ટ સાચા જાફરી દ્વારા તૈયાર કરાયું.
- ✓ પેઇન્ટિંગ કુલ 17,176 સ્કવેર ફૂટમાં એટલે કે 6 ટેનિસ કોર્ટ જેટલી જગ્યામાં બનેલું છે.
- ✓ તેને વિશ્વના સૌથી મોટા આર્ટ કેનવાસ તરીકે ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ સ્થાન મળ્યું છે.
- ✓ 1,065 પેઇન્ટ બ્રશ અને 6,300 લિટર પેઇન્ટ વડે બનેલા આ પેઇન્ટિંગની તમામ 70 ફ્રેમ <u>દુબઈમાં રહેતા ફ્રેન્ચ બિઝનેસમેન આન્દ્રે અબ્દો</u>ને ખરીદી છે.
- ✓ **ખાસ :** <u>હરાજી દ્વારા મળેલી રકમ દુનિયાભરના બાળકોની સુખાકારી માટે વપરાશે.</u>

## 6. ડૉ. વિવેક મૂર્તિ ભારતીય મૂળના યુએસ સર્જન જનરલ નિમાયા

- ✓ યુએસ પ્રમુખ જો બાઈડેનની સારવાર કરશે
- ✓ ભારતીય અમેરિકન ફિઝિશિયન વિવેક મૂર્તિને સેનેટે પ્રેસિડેન્ટ જો બાઈડેનના સર્જન જનરલ તરીકે મંજૂરી આપી છે.
- ✓ તેમની નિમણૂક અને ભૂમિકાને ઘણુ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, કારણ કે અમેરિકાની ટોચની અગ્રતા કોરોના વાઇરસને અંકુશમાં લાવવાની છે.



- ✓ <u>43 વર્ષીય મૂર્તિ અગાઉ ઓબામા શાસનમાં પણ સર્જન જનરલ તરીકે સેવારત હતા</u>

## 7. જન્મ દિન વિશેષ : 26 માર્ચ     આધુનિક મીરાં : મહાદેવી વર્મા




**જન્મ : 26 માર્ચ- 1907     અવસાન : 11 સપ્ટેમ્બર 1987**

- ✓ 'હિન્દી ભાષા કે સાથ હમારી અસ્મિતા જુડી હુઈ હૈ, હમારે દેશ કી સંસ્કૃતિ ઔર રાષ્ટ્રીય એકતા કી હિન્દી ભાષા સંવાહિકા હૈ.'
- ✓ હિન્દી માટે આટલું સન્માન ધરાવનારા મહાદેવી વર્માનો આજે જન્મદિવસ છે. તે દિવસે હોળી હતી.
- ✓ <u>ફરુખાબાદમાં જન્મેલાં મહાદેવી</u>ના પરિવારમાં બસો-વર્ષથી કોઈ દીકરી જન્મી ન હતી.
- ✓ અત્યંત લાડકોડમાં ઉછરેલાં મહાદેવી વર્મા જબલપુરથી સ્નાતક અને અલ્હાબાદથી અનુસ્નાતક થયાં હતાં.
- ✓ વિદ્યાર્થીવસ્થામાં કવિતા લખવી શરૂ કરી, આવી એક સ્પર્ધામાં ઈનામમાં ચાંદીનો કટોરો પ્રાપ્ત થયેલો જે મહાત્મા ગાંધીને ભેટ આપી દીધેલો.
- ✓ તેઓ મરાઠી મિશ્રિત હિન્દી બોલતાં અને આઝાદીની લડતોમાં કાવ્યપાઠ પણ કરતાં. <u>મહાદેવીનો સમાવેશ હિન્દીના ચાર પ્રમુખ છાયાવાદી કવિઓમાં</u> થાય છે.

**સાહિત્યિક પ્રદાન :**

- ✓ નૌહાર, રશ્મિ, નીરજા, સાંધ્યા ગીત, દીપશીખા, યામાં , સપ્તપૂર્ણા, અતીત કે ચલચિત્ર ઝડપી સ્મૃતિ કી રેખાયે, દૃષ્ટિબોધ, નિલાંબરા, આત્મિકા, વિવેચનાત્મક ગધ, ક્ષણદા જેવાં પુસ્તકો લખ્યાં.
- ✓ 11 સપ્ટેમ્બર 1987ના રોજ તેઓનું અવસાન થયું

## <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (26-03-2021)</u>

1. તાજેતર 24-26 માર્ચ દરમિયાન કેટલામો 'સ્માર્ટ સિટી ઇન્ડિયા-2021એક્સપો' યોજાયો - <u>6th</u>
2. 'સ્માર્ટ સિટી ઇન્ડિયા-2021 એક્સપો'માં શહેરને કેટલા એવોર્ડ એનાયત કરાયા - <u>03</u>
3. 'સ્માર્ટ સિટી ઇન્ડિયા-2021એક્સપો'માં અમદાવાદ શહેરને કઈ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરાયા - <u>1.અર્બન મોબિલિટી કેટેગરી 2. આર્કિટેક્ચરલ ડિઝાઇન અને 3. રિયલ એસ્ટેટ કેટેગરી</u>
4. ગુજરાતના કયા કયા શહેરોને કેન્દ્રના સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં સામેલ કરાયા છે - <u>અમદાવાદ, બરોડા, સુરત, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ</u>
5. મહિલા એશિયા કપ-2022 કયા બે શહેરોમાં યોજાશે - <u>અમદાવાદ અને મુંબઈ</u>
6. મહિલા એશિયા કપ-2022નો સમયગાળો જણાવો - <u>20 જાન્યુઆરી 2022થી 06 ફેબ્રુઆરી 2022</u>
7. AFCનું વિસ્તૃત નામ જણાવો - એશિયન ફૂટબોલ કન્ફેડરેશન
8. મહિલા એશિયા કપ-2022ની રમત જણાવો - <u>ફૂટબોલ</u>
9. મહિલા એશિયા કપ-2022માં કુલ કેટલી ટીમો ભાગ લેશે - <u>12</u>
10. માર્ચ 2021માં કયા ભારતીય અભિનેતાને તેના સેવા કાર્યો માટે'Forbes લીડરશિપ ઇન્ડિયા એવોર્ડ-2020-21'થી સન્માનિત કરાયા - <u>સોનુ સૂદ</u>
11. પાડોશી દેશ બાંગ્લાદેશ તેની આઝાદીના કેટલા વર્ષની ઉજવણી કરી રહ્યો છે - <u>50 વર્ષ</u>
12. બાંગ્લાદેશની આઝાદીના 50 વર્ષની ઉજવણી નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે કોને આમંત્રિત કરાયા હતા - <u>વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી</u>
13. કોરોના બાદ ભારતના વડાપ્રધાન પ્રથમવાર 26-27 માર્ચ 2021માં કયા દેશના પ્રવાસે હતા - <u>બાંગ્લાદેશ</u>
14. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા તરીકે ઓળખાતા કયા મહાનુભાવને 2020નો 'ગાંધી શાંતિ પુરસ્કાર' એનાયત કરાયો - <u>બંગબંધુ મુજિબુર રહેમાન</u>
15. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા બાંગ્લાદેશ સરકારને તેમના પ્રવાસ દરમિયાન કેટલા કોરોના રસીના ડોઝ અપાયા – <u>12 લાખ</u>
16. ભારતના વડાપ્રધાન શ્રી મોદીએ બાંગ્લાદેશના યુવાનો માટે કઈ યોજના જાહેર કરી - <u>સુવર્ણ જયંતિ સ્કોલરશીપ યોજના</u>
17. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના વિદેશ પ્રવાસ માટે કયું નવું વિમાન કાર્યરત કરાયું છે - <u>એર ઇન્ડિયા વન</u>

18. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ' એર ઇન્ડિયા વન'માં પ્રથમવાર કયા દેશની વિદેશ યાત્રા કરી છે - બાંગ્લાદેશ
19. બાંગ્લાદેશના વડાપ્રધાનનું નામ જણાવો - શેખ હસીના
20. બાંગ્લાદેશની રાજધાની જણાવો - ઢાકા
21. માર્ચ 2021માં અંદાજે ₹.450 કરોડમાં વિશ્વના કયા સૌથી મોટા કેનવાસ પેઇન્ટિંગની હરાજી કરવામાં આવી - 'જર્ની ઓફ હ્યુમેનિટી'
22. 'જર્ની ઓફ હ્યુમેનિટી' કેનવાસ પેઇન્ટિંગ કયાં ચિત્રકાર દ્વારા તૈયાર કરાયું છે - બ્રિટિશ આર્ટિસ્ટ સાચા જાફરી
23. 'જર્ની ઓફ હ્યુમેનિટી' કેનવાસ પેઇન્ટિંગની હરાજીમાં મળેલી ₹.450 કરોડની રકમ કોના સુખાકારી માટે વપરાશે - વિશ્વભરના બાળકો માટે
24. માર્ચ 2021માં ભારતીય મૂળના કયા તબીબી યુએસ પ્રમુખના સર્જન જનરલ તરીકે નિમાયા - ડોક્ટર વિવેક મૂર્તિ
25. આધુનિક મીરાં તરીકે ઓળખાતા મહાદેવી વર્માનો જન્મ દિવસ જણાવો - 26 માર્ચ-1907

**DATE : 27-03-2021**

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 1. ભારત-બાંગ્લાદેશ સંબંધો : વડાપ્રધાન શ્રી મોદીનો બાંગ્લાદેશ પ્રવાસનો બીજો અને અંતિમ દિવસ

**નેબરહુડ ફર્સ્ટ નીતિને પ્રાધાન્ય**



**બંને દેશ વચ્ચે વિવિધ એમ.ઓ.યુ**

- ✓ ક્ષેત્ર : કનેકટિવિટી-કમ્યુનિકેશન, કોમર્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સ્પોર્ટ્સ
- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા બાંગ્લાદેશને 109 જીવન રક્ષક એમ્બ્યુલન્સ વાન અને કોરોના વેક્સિનના 12 લાખ ડોઝ ભેટમાં અપાયાં
- ✓ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના દ્વારા બંગબંધુ શેખ મુજિબુર રહેમાનની 100મી જન્મજયંતીની સ્મૃતિમાં ખાસ સોના-ચાંદીના સિક્કા ભારતના વડાપ્રધાનને ભેટમાં અપાયા
- ✓ જાહેરાત : બંને દેશ વચ્ચે મિતાલી એક્સપ્રેસ પેસેન્જર ટ્રેનનું ઇ-ઉદ્ઘાટન
- ✓ રુટ : ઢાકા અને ન્યુ જલપાઇગુડી



**અગાઉ બે ટ્રેન દોડે છે**

(1) મૈત્રી એક્સપ્રેસ રૂટ : ઢાકા થી કોલકાતા

(2) બંધન એક્સપ્રેસ

- ✓ રૂટ : ખુલના થી કોલકાતા
- ✓ 6 ડિસેમ્બરે બંને દેશ મૈત્રી દિવસ મનાવશે

**વડાપ્રધાન શ્રી મોદી દ્વારા બે ધાર્મિક સ્થળની મુલાકાત**

**(1) ઓરાકાન્ડી**

- ✓ ગોપાલગંજના ઓરાકાન્ડી ખાતે આવેલા મતુઆ સમુદાયના આધ્યાત્મિક ગુરુ હરિચંદ ઠાકુરના જન્મ સ્થળ ખાતેના મંદિરની મુલાકાત લઇ સંબોધન કરતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને બાંગ્લાદેશ વિશ્વમાં અસ્થિરતા, આતંકવાદ અને અંધાધૂંધીના સ્થાને સ્થિરતા, પ્રેમ અને શાંતિ ઇચ્છે છે.
- ✓ બંને દેશ પોતાના વિકાસની સાથે સાથે વિશ્વનો વિકાસ પણ ઇચ્છે છે.
- ✓ ઓરાકાન્ડી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના આધ્યાત્મિક સંબંધનું યાત્રાધામ છે.
- ✓ પશ્ચિમ બંગાળમાં મતુઆ લોકોનો મોટો સમુદાય વસવાટ કરે છે.
- ✓ પીએમ મોદીએ અહીં એક ગર્લ્સ સ્કૂલ અને એક પ્રાયમરી સ્કૂલ ખોલવાની જાહેરાત કરી હતી.

**(2) જેશોરેશ્વરી કાલી મંદિર 51મી શક્તિપીઠ**

- ✓ નામ : સુગંધા શક્તિપીઠ

**મોદીએ જેશોરેશ્વરી કાલી મંદિર ખાતે પૂજા કરી**




- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના ઇશ્વરીપુર ગામ ખાતે આવેલા સદીઓ જૂના જેશોરેશ્વરી કાલી મંદિર ખાતે પૂજા અર્ચના કરી હતી અને મંદિર ખાતે ભક્તો માટે કોમ્યુનિટી હોલ ભારત દ્વારા બનાવાશે તેવી જાહેરાત કરી હતી.
- ✓ તેમણે મંદિરમાં કાલીમાતાની મૂર્તિ પર સોના અને ચાંદીનો ઢોળ ચડાવેલો મુગટ ચડાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જેશોરેશ્વરી મંદિર ખાતે પૂજા કરીને ધન્યતા અનુભવી રહ્યો છે.

**બંને દેશના ટોચના નેતાઓ વચ્ચેની શીખર બેઠક દરમિયાન મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સમજૂતી**

- ✓ જેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ રેઝિલિયન્સ એન્ડ મિટિગેશન, બાંગ્લાદેશ નેશનલ કેડેટ કોર્પ્સ અને નેશનલ કેડેટ કોર્પ્સ વચ્ચે કરાર ઉપરાંત બાંગ્લાદેશના રાજાશાહી કોલેજ ફિલ્ડ અને તેની આજુબાજુના વિસ્તારમાં સ્પોર્ટ્સ એક્ટિવિટી વિકસાવવાનો સમાવેશ થાય છે.
- ✓ ભારત અને બાંગ્લાદેશ અવકાશ ક્ષેત્રમાં સહયોગ વધારવા મંજૂર થયા છે.
- ✓ વધુમાં બંને દેશ અસૈન્ય પરમાણુ સહયોગ વધારવા પણ સંમત થયા છે.

- ✓ રુપપુર ન્યુક્લિયર પાવર પ્લાન્ટની ટ્રાન્સમિશન લાઇનો ભારતીય કંપનીઓ દ્વારા વિકસાવાશે. તેના માટે અક અબજ ડોલરનો ખર્ચ થઇ શકે છે.
- ✓ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટોમાં વાણિજ્ય અને સંપર્ક, સહયોગ અને જળ સંશાધન, સુરક્ષા, શક્તિ અને ઊર્જા જેવા મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી.
- ✓ પીએમ મોદી અને વડાપ્રધાન શેખ હસીનાએ છઠ્ઠી ડિસેમ્બરને 'મૈત્રી દિવસ' તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો છે.
- ✓ મહત્વ : આ દિવસે ભારતે ઔપચારિક રીતે બાંગ્લાદેશને એક દેશ તરીકે માન્યતા આપી હતી.

**બંગબંધુની મજાર પર શ્રદ્ધાસુમન**

- ✓ વડાપ્રધાન મોદીએ ગોપાલગંજ જિલ્લાના તુંગીપાડા સ્થિત બંગબંધુ શેખ મુજિબુર રહેમાનના સ્મારકની મુલાકાત પણ લીધી હતી. તેમણે તેમની સમાધી પર અંજલી અર્પણ કરી.

**2. UNO : સામાન્ય સભા**

**ભારત દ્વારા વિશ્વના 70 દેશો કોરોના વ્યક્તિનો આરંભિક પુરવઠો અપાયો**




**UN શાંતિ રક્ષક દળ**

- ✓ ભારત દ્વારા UN શાંતિ રક્ષક દળને 2 લાખ કોરોના રસીના ડોઝ ભેટમાં અપાયા
- ✓ મુંબઇથી જહાજ દ્વારા ડૉઝ રવાના કરાયા
- ✓ UN શાંતિ રક્ષક દળના વડાએ ભારત સરકારનો આભાર માન્યો

**3. શાહિન-1 A : પાકિસ્તાન દ્વારા પરમાણુ સક્ષમ બેલેસ્ટિક મિસાઇલનું સફળ પરીક્ષણ**




- ✓ રેન્જ : 900 કિ.મી.

**4. દિન વિશેષ : 27 માર્ચ** **અર્થ અવર ડે :**

**દર વર્ષે માર્ચના છેલ્લા શનિવારે વિશ્વભરમાં ઉજવણી**




- ✓ થીમ-2021:Climate Change to save Earth
- ✓ હેતુ:પૃથ્વી અને પર્યાવરણ વચ્ચેની પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવવા
- ✓ રાત્રે 8:30 થી 9:30 કલાકે બિનજરૂરી વીજળી સ્વેચ્છાએ બંધ રાખવી
- ✓ ભારત સહિત વિશ્વભરના દેશો જોડાયા





**5. જન્મ દિન વિશેષ : 27 માર્ચ**

**એક્સ રે ના શોધક વિલ્હેમ રોન્જન**




**જન્મ : 27 માર્ચ 1845** **અવસાન : 10 ફેબ્રુઆરી 1923**

- ✓ નોબેલ ઇનામનાં પ્રારંભિક વર્ષ 1901માં જ જે શોધે તેના શોધક એવા જર્મન ઈજનેર અને પદાર્થ વિજ્ઞાની જેમણે એક્સ રે અથવા રોન્જન કિરણોની શોધ કરી તે વિલ્હેમ રોજનનો જન્મ 27-03 1945માં ડચ માતા અને જર્મન પિતાનાં ઘેર થયો હતો.
- ✓ ત્રણ વર્ષની રોન્જનની ઉંમરે પરિવાર નેધરલેન્ડ સ્થાયી થયો. ત્યાં તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું થયું.
- ✓ યુનિવર્સિટી શિક્ષણ તેમણે ઝુરિચ યુનિ. જર્મનીમાંથી પૂરુ કર્યું જ્યાં તેમણે પી.એચડી પણ કર્યું.
- ✓ લેબોરેટરીમાં કામ કરતા એક ખાસ પ્રકારના કિરણો જોયા તે અજાણ્યા હોવાથી, વિજ્ઞાનમાં એવો નિયમ છે કે, જે અજાણ્યું હોય તેને પ્રારંભિક અવસ્થામાં X સંજ્ઞા અપાય છે, તે કિરણોને તેમણે X નામ આપ્યું.
- ✓ આ કિરણો કોઇ ધાતુ, હાડકાં, દાંતને ભેદી શકતાં નથી,જેથી તેનો ઉપયોગ તબીબી વિજ્ઞાને કેટલાક રોગોનાં ચોક્કસ નિદાન માટે શરૂ કર્યો.
- ✓ તેમની શોધ રોગનિદાન માટે અતિ ઉપયોગી હોવાથી 1901નું તબીબી વિજ્ઞાન માટેનું નોબેલ ઇનામ તેમને અપાયું.
- ✓ 111 નંબરનાં એક રસાયણ, રોજેનિયામને પણ તેમના નામે ઓળખ મળી.
- ✓ કેન્સરથી 10-2-1923ના રોજ તેમનું અવસાન.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (27-03-2021)**

1. વડાપ્રધાન શ્રી મોદીના માર્ચ 2021ના બાંગ્લાદેશ પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે કયા કયા ક્ષેત્રે MOU થયા - કનેક્ટિવિટી, કોમર્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સ્પોર્ટસ
2. વડાપ્રધાન શ્રી મોદીના માર્ચ 2021ના બાંગ્લાદેશ પ્રવાસ દરમિયાન ભારત તરફથી કેટલી જીવન રક્ષક એમ્બ્યુલન્સ ભેટ આપવામાં આવી - 109
3. બાંગ્લાદેશમાં બંગબંધુ શેખ મુજિબુર રહેમાનની કેટલામી જન્મ જયંતી ઉજવાઇ રહી છે - 100

4. ભારત અને બાંગ્લાદેશના વડાપ્રધાન દ્વારા સંયુક્ત રીતે બંને દેશ વચ્ચે કઈ નવી પેસેન્જર ટ્રેનનું ઉદ્ઘાટન કરાયું - મિતાલી એક્સપ્રેસ
5. મિતાલી એક્સપ્રેસ પેસેન્જર ટ્રેનનો રુટ જણાવો - ઢાકાથી ન્યુ જલપાઈગુડી
6. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે માર્ચ 2021ની સ્થિતિએ કઈ બે ટ્રેનો દોડે છે - મૈત્રી એક્સપ્રેસ અને બંધન એક્સપ્રેસ
7. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે છઠ્ઠી ડિસેમ્બરને કયા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે - મૈત્રી દિવસ
8. ભારતે ઔપચારિક રીતે કયા દિવસે બાંગ્લાદેશને એક દેશ તરીકે માન્યતા આપી હતી - છઠ્ઠી ડીસેમ્બર
9. ભારતના વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશ પ્રવાસ દરમિયાન ઓરાકાન્ડીમાં કયા સમુદાય મંદિરની મુલાકાત કરી હતી -મતુઆ સમુદાય
10. મતુઆ સમુદાયના આધ્યાત્મિક ગુરુનું નામ જણાવો - હરીચંદ ઠાકોર (જન્મ સ્થળ-ઓરાકાન્ડી)
11. બાંગ્લાદેશમાં આવેલી જેશોરેશ્વરી કાલી મંદિર 51 શક્તિપીઠ નામ જણાવો જેની વડાપ્રધાન શ્રી મોદીએ મુલાકાત લઇ આશીર્વચન લીધા હતા - સુગંધા શક્તિપીઠ
12. બાંગ્લાદેશનો કયો પાવર પ્લાન્ટ ભારતીય કંપનીઓ દ્વારા વિકસાવાશે - રૂપપુર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ
13. બાંગ્લાદેશમાં બંગબંધુની મજાર ક્યાં આવેલી છે જેને ભારતના વડાપ્રધાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા - તુંગીપાડા
14. યુએન સામાન્ય સભામાં આભાર પ્રસ્તાવ મુજબ ભારત માર્ચ 2021 સુધી કેટલા દેશોને કોરોના વેક્સિન આપી ચૂક્યું છે -70
15. માર્ચ 2021માં ભારત દ્વારા UNના કયા સૈનિકોને વિનામૂલ્યે 2 લાખ કોરોના રસીના ડોઝ ભેટમાં અપાયા - UN શાંતિ રક્ષક દળ
16. માર્ચ 2021માં પાકિસ્તાન દ્વારા કયા પરમાણુ સક્ષમ બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - શાહિન-1 A
17. વર્ષ 2021માં સમગ્ર વિશ્વમાં' અર્થ અવર ડે' કઈ તારીખે ઉજવાયો - 27 માર્ચ
18. ' અર્થ અવર ડે' દર વર્ષે ક્યારે મનાવવામાં આવે છે - માર્ચના છેલ્લા શનિવારે
19. ' અર્થ અવર ડે'-2021ની થીમ જણાવો - 'Climate Change to save Earth'
20. ' અર્થ અવર ડે'માં કયા સમયે બિનજરૂરી લાઈટ સ્વેચ્છાએ બંધ રાખવાની હોય છે - રાત્રે 8.30 થી 9.30
21. એક્સ રેના શોધકનું નામ જણાવો - વિલ્હેમ રોન્જન
22. જર્મન ઇજનેર વિલ્હેમ રોન્જનનો જન્મદિવસ જણાવો - 27 માર્ચ 1845

**DATE : 28-03-2021**

**1. નલ સે જલ યોજના : કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય (જળ વ્યવસ્થાપન)**

**રાજ્યના દરેક ઘરને નળથી જળ આપવામાં દેશના ટોપ સાત રાજ્યોમાં ગુજરાત અગ્રેસર**




- ✓ જલ જીવન મિશન અન્વયે બેસ્ટ પરફોર્મર રાજયોમાં ગુજરાતનો સમાવેશ
- ✓ કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયે ગુજરાત, અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ અને હિમાચલ પ્રદેશને વિશેષ પ્રોત્સાહક ગ્રાન્ટના કુલ રૂ. 465 કરોડ ફાળવ્યા જેમાં સૌથી વધુ રૂ. 100 કરોડ ગુજરાતના ફાળવ્યા
- ✓ ગુજરાતમાં આ વર્ષે અત્યાર સુધીમાં 11.15 લાખ ઘરો ને નળ જોડાણના લક્ષ્યાંક સામે 11.50 લાખ ઘરોને નળ જોડાણ અપાયા
- ✓ ગુજરાતમાં કુલ 92.92 લાખ ગ્રામીણ ઘરોમાંથી 77.10 લાખ ઘરોને નળ જોડાણથી આવરી લેવાયા
- ✓ જલ જીવન મિશન અન્વયે કેન્દ્ર સરકારની કુલ 1000 કરોડની ગ્રાન્ટ આ વર્ષે ગુજરાતે મેળવી

માપદંડ :

- ✓ રાજ્યોની ઝડપી કાર્ય પદ્ધતિ, નાણાકીય આયોજન અને ફંડના અસરકારક ઉપયોગ તેમજ પાઇપલાઇન નેટવર્કની કાર્યક્ષમતા
- ✓ સમગ્ર રાજ્યમાં 2022 સુધીમાં 100 ટકા નલ સે જલનો લક્ષ્યાંક.
- ✓ રાજ્યના પાંચ જિલ્લા મહેસાણા, પોરબંદર, બોટાદ આણંદ અને ગાંધીનગર સો ટકા ગ્રામિણ ઘરોમાં નળ જોડાણ(FHTC) ધરાવતા જિલ્લા બન્યા છે.
- ✓ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી એ 15મી ઓગસ્ટ, 2019ના રોજ જલ જીવન મિશનની ઘોષણા કરી હતી.
- ✓ વડાપ્રધાનશ્રી એ સમગ્ર દેશને પાણીજન્ય રોગોથી મુક્ત કરવાનો સંકલ્પ લીધો છે. વર્ષ 2024 સુધીમાં સમગ્ર દેશમાં આ યોજના હેઠળ ઘરે ઘરે નળ થી પાણી પહોંચે તેવો લક્ષ્યાંક આપ્યો છે
- ✓ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી : શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત

**2. ખેલકૂદ : ભારત-ઇંગ્લેન્ડ વન-ડે શ્રેણી**

**ભારતનો 2-1થી શ્રેણી વિજય**




- ✓ યજમાન : પુણે

ખાસ : ભારતે ઇંગ્લેન્ડ સામે 3-1થી ટેસ્ટ શ્રેણી, 3-2થી T-20 શ્રેણી અને 2-1થી વન ડે શ્રેણી જીતી

**3. 66મો ફિલ્મ ફેર એવોર્ડ-2020**



## વિવિધ એવોર્ડ અને વિજેતા

(1) **શ્રેષ્ઠ અભિનેતા :** સ્વ. ઈરફાન ખાન, ફિલ્મ : અંગ્રેજી મીડીયમ
(2) **લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ શ્રેષ્ઠ અભિનેતા :** સ્વ. ઈરફાન ખાન
(3) **શ્રેષ્ઠ અભિનેત્રી :** તાપસી પન્નુ, ફિલ્મ : થપ્પડ
(4) **શ્રેષ્ઠ ફિલ્મ :** થપ્પડ
(5) **ક્રીટિક એવોર્ડ :** શ્રેષ્ઠ અભિનેતા-અમિતાભ બચ્ચન, ફિલ્મ : ગુલાબો સીતાબો
(6) **ક્રીટિક એવોર્ડ :** શ્રેષ્ઠ અભિનેત્રી : તિલોત્મા શોમ ફિલ્મ : સર
(7) **શ્રેષ્ઠ નવોદિત અભિનેત્રી :** અલાયા ફિનચરવાલા
(8) **શ્રેષ્ઠ દિગ્દર્શક :** ઓમ રાઉત, ફિલ્મ : તાન્હાજી ધ અનસંગ હિરો
(9) **શ્રેષ્ઠ ગીતકાર :** ગુલઝાર, ફિલ્મ : છપાક
(10) **શ્રેષ્ઠ ગાયક :** રાઘવ ચૈતન્ય, ગીત : થપ્પડ ફિલ્મ

## 4. 75મી મન કી બાત




- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા મન કી બાત રજૂ કરાઈ
- ✓ **મુખ્ય વિષય : કૃષિ સેક્ટરનું આધુનિકીકરણ, કોરોનાથી બચવા 'દવાઈ ભી કડાઈ ભી', વેક્સિનેશન, સ્પોર્ટ્સમાં ભારતીય નારી શક્તિનું પ્રદર્શન**
- ✓ દર માસનો અંતિમ રવિવાર

## 5. ખેલકૂદ : ISSF : શૂટિંગ વર્લ્ડ કપ-2021





- ✓ યજમાન : નવી દિલ્હી
  ભારત સૌથી વધુ મેડલ વિજેતા
- ✓ ગોલ્ડ : 15 સિલ્વર : 09 બ્રોન્ઝ : 06
- ✓ કુલ મેડલ : 30

**INDIA TOPS MEDAL TALLY**
ISSF Shooting World Cup (Delhi)

| | | Gold | Silver | Bronze | Total |
|---|---|---|---|---|---|
| 1 | IND | 15 | 9 | 6 | 30 |
| 2 | USA | 4 | 3 | 1 | 8 |
| 3 | ITA | 2 | 0 | 2 | 4 |
| 4 | DEN | 2 | 0 | 1 | 3 |
| 5 | POL | 1 | 3 | 3 | 7 |

- ✓ ભાગ લેનાર કુલ દેશ : 22
- ✓ સમયગાળો : તા. 18 થી 29 માર્ચ-2021
- ✓ ISSF : ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન
- ✓ સભ્યો : 150 દેશ

## 6. દિન વિશેષ : હોલિકા દહન



તિથિ : ફાગણ સુદ શ્રાવણી પૂનમ
ધુળેટી પર્વ : ફાગણ વદ એકમ

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (28-03-2021)

1. માર્ચ-2021ના કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના અહેવાલ મુજબ નલ સે જલ યોજના હેઠળ વધુ નળ જોડાણ આપવામાં કયુ રાજ્ય અગ્રેસર છે – ગુજરાત
2. માર્ચ-2021ના કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયની વિશેષ પ્રોત્સાહક ગ્રાંટ માટે કયા રાજ્યોની પસંદગી કરવામાં આવી છે - ગુજરાત, અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ અને હિમાચલ પ્રદેશ
3. માર્ચ-2021માં કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા નલ સે જલ યોજના માટે કુલ રૂ. 465 કરોડ ફાળવ્યા તે પૈકી સૌથી વધુ ગુજરાતને કેટલા રૂપિયા ફાળવ્યા - રૂ. 100 કરોડ
4. ગુજરાતે કયા વર્ષ સુધીમાં 100 ટકા ઘરોમાં નલ સે જલનો લક્ષ્યાંક નક્કી કર્યો છે – વર્ષ 2022
5. માર્ચ-2021ની સ્થિતિએ ગુજરાતના કેટલા જિલ્લાઓમાં 100 ટકા ઘરોને નલ સે જલ યોજના હેઠળ આવરી લેવાયા છે - મહેસાણા, પોરબંદર, બોટાદ આણંદ અને ગાંધીનગર
6. નલ સે જલ યોજના હેઠળ કયા વર્ષ સુધીમાં ભારતના તમામ ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી આપવામાં આવશે – વર્ષ 2024
7. કેન્દ્રીય જળ શક્તિ મંત્રીનું નામ જણાવો - શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત
8. ભારતમાં જલ જીવન મિશનનો પ્રારંભ કયારે થયો હતો - 15મી ઓગસ્ટ, 2019
9. માર્ચ-2021માં ભારતે કયા દેશ સામે 2-1થી વન-ડે શ્રેણી જીતી - ઇંગ્લેન્ડ
10. માર્ચ-2021માં કેટલામો ફિલ્મ ફેર એવોર્ડ યોજાયો - 66
11. ફિલ્મ ફેર એવોર્ડ-2020 વિજેતા શ્રેષ્ઠ અભિનેતા અને અભિનેત્રીનું નામ જણાવો - સ્વ. ઈરફાન ખાન અને તાપસી પન્નુ
12. ફિલ્મ ફેર એવોર્ડ-2020 અંતર્ગત લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ વિજેતા - સ્વ. ઈરફાન ખાન
13. ફિલ્મ ફેર એવોર્ડ-2020 વિજેતા શ્રેષ્ઠ દિગ્દર્શક અને ફિલ્મ - ઓમ રાઉત અને તન્હાજી ધ અનસંગ હિરો
14. ફિલ્મ ફેર એવોર્ડ-2020 વિજેતા શ્રેષ્ઠ ફિલ્મ – થપ્પડ
15. ISSF શૂટિંગ વર્લ્ડ કપ-2021 કયાં યોજાયો – નવી દિલ્હી, ભારત
16. ISSF શૂટિંગ વર્લ્ડ કપ-2021માં સૌથી વધુ મેડલ વિજેતા દેશ અને મેડલ જણાવો – ભારત, ગોલ્ડ : 15, સિલ્વર : 09, બ્રોન્ઝ : 06
17. ISSF શૂટિંગ વર્લ્ડ કપ-2021માં USA કેટલા મેડલ સાથે બીજા ક્રમે વિજેતા બન્યું - 04
18. ISSF શૂટિંગ વર્લ્ડ કપ-2021નો સમયગાળો જણાવો – તા. 18 થી 29 માર્ચ-2021
19. ISSF શૂટિંગ વર્લ્ડ કપ-2021માં કેટલા દેશોએ ભાગ લીધો – 22
20. ISSFનું વિસ્તૃત નામ જણાવો – ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન
21. હોલિકાદહન કઈ તિથિએ કરવામાં આવે છે – ફાગણ સુદ, શ્રાવણી પૂનમ

22. માર્ચ-2021માં કેટલામી મન કી બાત યોજાઈ - 75

23. મન કી બાત ક્યારે યોજાઈ છે - દર માસના અંતિમ રવિવારે

**DATE : 29-03-2021**

**1. ખેલકૂદ : WWE દ્વારા ભારતીય રેસલર ધ ગ્રેટ ખલીને 'હોલ ઓફ ફેઇમ'માં સ્થાન**




**2. મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ-2020**

વિજેતા : ગાયિકા આશા ભોસલે



- ✓ સંસ્થા : મહારાષ્ટ્ર સરકાર  પ્રારંભ : 1996
- ✓ ક્ષેત્ર : ગીતકાર  ઈનામી રકમ : રૂ. 10 લાખ

**3. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ-2021  યજમાન : હરિયાણા**

કેન્દ્રીય રમત રાજ્યમંત્રી કિરેન રિજ્જુએ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ-2021માં યોગાસન સ્પર્ધાનો સમાવેશ કર્યો




**4. આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા સૂચકાંક-2020**

આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા સૂચકાંક-2020માં ભારત 40માં ક્રમે

- ✓ ભારતનો સ્કૉર : 38.4
- ✓ કુલ દેશ : 53

**5. દેખો અપના પ્રદેશ અભિયાન : અરુણાચલ પ્રદેશ**




અરુણાચલ પ્રદેશ રાજ્ય સરકારે પ્રવાસનને પ્રોત્સાહન આપવા 'દેખો અપના પ્રદેશ અભિયાન'નો પ્રારંભ કર્યો

- ✓ મુખ્યમંત્રી : પેમા ખાંડૂ  રાજધાની : ઈટાનગર

**6. એક ભારત, શ્રેષ્ઠ ભારત કાર્યક્રમ**




પૂર્વાંચલના સિક્કિમ રાજ્યને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત ભારત સાથે જોડવામાં આવ્યું

**7. ભારત-US નેવી યુદ્ધ અભ્યાસ-2021**

- ✓ તા. 28 અને 29 માર્ચ 2021  સ્થાન : હિંદ મહાસાગર
- ✓ હેતુ : હિંદ મહાસાગરમાં ચીનની દખલગીરી રોકવા

**8. ભારત – જાપાન સંબંધ**

ભારત અને જાપાને પેટન્ટ વેરિફિકેશન માટે સમજૂતિ કરી

**9. ભારત - માલદીવ સંબંધો**

ભારત સરકારે માલદીવ સાથે ખેલ તથા યુવા મામલે સહયોગ માટે સમજૂતિ કરી

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (29-03-2021)**

1. માર્ચ 2021માં મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ 2020 કોને અપાયો - ગાયક આશા ભોંસલે
2. મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ કોના દ્વારા અપાય છે - મહારાષ્ટ્ર સરકાર
3. મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડમાં કેટલી ઇનામી રકમ અપાય છે - 10 લાખ
4. મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ આપવાનો પ્રારંભ ક્યારે થયો હતો - વર્ષ 1996
5. તાજેતરમાં WWE દ્વારા હૉલ ઓફ ફ્રેઈમમાં કયા ભારતીયને સ્થાન અપાયું - ધ ગ્રેટ ખલી
6. WWEનું વિસ્તૃત નામ જણાવો - વર્લ્ડ રેસલિંગ એથ્લિટ
7. આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા 2020માં ભારતનો ક્રમ જણાવો - 40
8. આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદામાં કુલ કેટલા દેશો જોડાયા - 53
9. આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા 2020માં ભારતને કુલ કેટલો સ્કોર અપાયો - 38.04
10. માર્ચ 2021માં ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2021માં કોઇ નવી ગેમનો સમાવેશ કરાયો - યોગાસન
11. માર્ચ 2021માં દેખો અપના પ્રદેશ અભ્યાન કયા રાજ્યમાં શરૂ કરાયું - અરુણાચલ પ્રદેશ
12. માર્ચ 2021માં કયા રાજ્યને એક ભારત શ્રેષ્ઠ ભારત કાર્યક્રમમાં જોડવામાં આવ્યું હતું - સિક્કિમ
13. ભારત અને US નેવી વચ્ચે તા.28-29 માર્ચ 2021 દરમિયાન કયાં સમુદ્રમાં યુદ્ધ અભ્યાસ યોજાયો - હિંદ મહાસાગર
14. તાજેતર માર્ચ 2021માં ભારત-જાપાન વચ્ચે કઈ સમજૂતી કરાઇ - પેટન્ટ વેરિફિકેશન
15. માર્ચ 2021માં ભારત-માલદીવ વચ્ચે કયા ક્ષેત્રે સમજૂતી કરાઈ - ખેલ તથા યુવા

**DATE : 30-03-2021**

**1. ગુજરાતી ચલચિત્ર એવોર્ડસ-2019 : ગુજરાત સરકાર**




- ✓ શ્રેષ્ઠ ચલચિત્ર તરીકે ગુજરાતી ફિલ્મ "હેલ્લારો" અને "હેલ્લારો"ના દિગ્દર્શક અભિષેક શાહ શ્રેષ્ઠ દિગ્દર્શક.
- ✓ શ્રેષ્ઠ અભિનેતા શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા (ચાલ જીવી લઇએ) અને શ્રેષ્ઠ અભિનેત્રી કુ. આરોહી પટેલ (ચાલ જીવી લઇએ).

**ગુજરાત સરકારની ફિલ્મ પ્રોત્સાહન નીતિ**

- ✓ ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-2019 અમલી કરી છે.

- ✓ આ નીતિ અંતર્ગત ગુજરાતી ચલચિત્રોના કલાકાર-કસબીઓને વિવિધ કેટેગરીમાં પારિતોષિક અને રોકડ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.
- ✓ વર્ષ-2019 દરમિયાન સિનેમાગૃહમાં પ્રદર્શિત થયેલા ચલચિત્રોમાંથી પારિતોષિકની પસંદગી કરવા માહિતી નિયામકની કચેરી દ્વારા એન્ટ્રી મંગાવવામાં આવી હતી.
- ✓ પારિતોષિક પસંદગી માટે રચાયેલી ચલચિત્ર પરિક્ષણ સમિતિ દ્વારા કરાયેલા પરીક્ષણ પછી રાજ્ય સરકાર દ્વારા એવોર્ડસ અને રોકડ પુરસ્કારની જાહેરાત કરાઇ.

## ગુજરાતી ચલચિત્રોના એવોર્ડસ-2019

| પારિતોષિકનું નામ | ચલચિત્રના વિભાગનું નામ | વિજેતા | ચલચિત્રનું નામ | રોકડ પુરસ્કાર રૂ. |
|---|---|---|---|---|
| શ્રેષ્ઠ ચલચિત્ર | નિર્માતા | સારથી પ્રોડકશન્સ એલ.એલ.પી | હેલ્લારો | 2,50,000/- |
| શ્રેષ્ઠ ચલચિત્ર | દિગ્દર્શક | શ્રી અભિષેક શાહ | હેલ્લારો | 2,50,000/- |
| દ્વિતીય શ્રેષ્ઠ ચલચિત્ર | નિર્માતા | કોકોનટ મોશન પિક્ચર્સ | ચાલ જીવી લઇએ | 1,25,000/- |
| દ્વિતીય શ્રેષ્ઠ ચલચિત્ર | દિગ્દર્શક | શ્રી વિપુલ મહેતા | ચાલ જીવી લઇએ | 1,25,000/- |
| શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર | નિર્માતા | કોકોનટ મોશન પિક્ચર્સ | ચાલ જીવી લઇએ | 2,50,000/- |
| શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર | દિગ્દર્શક | શ્રી વિપુલ મહેતા | ચાલ જીવી લઇએ | 2,50,000/- |
| મહિલા સશક્તિકરણ અંગેનું શ્રેષ્ઠ ચલચિત્ર | નિર્માતા | સારથી પ્રોડકશન્સ એલ.એલ.પી | હેલ્લારો | 2,50,000/- |
| મહિલા સશક્તિકરણ અંગેનું શ્રેષ્ઠ ચલચિત્ર | દિગ્દર્શક | શ્રી અભિષેક શાહ | હેલ્લારો | 2,50,000/- |
| શ્રેષ્ઠ બાળ ચલચિત્ર | નિર્માતા | બ્રેડી એન્ટરટેઇનમેન્ટ પ્રા.લિ. | દિયા ધ વન્ડર ગર્લ | 2,50,000/- |
| શ્રેષ્ઠ બાળ ચલચિત્ર | દિગ્દર્શક | શ્રી સુરેશ પ્રેમવતી બિસ્નોઇ | દિયા ધ વન્ડર ગર્લ | 2,50,000/- |
| શ્રેષ્ઠ દિગ્દર્શન | દિગ્દર્શક | શ્રી અભિષેક શાહ | હેલ્લારો | 2,50,000/- |
| દ્વિતીય શ્રેષ્ઠ દિગ્દર્શન | દિગ્દર્શક | શ્રી વિપુલ મહેતા | ચાલ જીવી લઇએ | 1,50,000/- |
| શ્રેષ્ઠ કલા દિગ્દર્શન | કલા દિગ્દર્શક | શ્રી જય શિહોરા | મોન્ટુની બિટ્ટુ | 75,000/- |
| શ્રેષ્ઠ અભિનેતા | અભિનેતા | શ્રી સિધ્ધાર્થ રાંદેરિયા | ચાલ જીવી લઇએ | 75,000/- |
| શ્રેષ્ઠ અભિનેત્રી | અભિનેત્રી | કુ. આરોહી પટેલ | ચાલ જીવી લઇએ | 75,000/- |
| શ્રેષ્ઠ સહાયક અભિનેતા | સહાયક અભિનેતા | શ્રી હેમાંગ શાહ | મોન્ટુની બિટ્ટુ | 51,000/- |
| શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી | સહાયક અભિનેત્રી | સુશ્રી કૌસંબી ભટ્ટ | ધૂનકી | 51,000/- |
| શ્રેષ્ઠ બાળ કલાકાર | બાળ કલાકાર | કુ. શ્રેયાંશી બારોટ | કુટુંબ | 51,000/- |
| શ્રેષ્ઠ પાર્શ્વ ગાયક | પાર્શ્વ ગાયક | શ્રી આદિત્ય ગઢવી | હેલ્લારો સપના વિનાની રાત | 51,000/- |
| શ્રેષ્ઠ પાર્શ્વ ગાયિકા | પાર્શ્વ ગાયિકા | કુ. ભૂમિ ત્રિવેદી | હેલ્લારો વાગ્યો રે ઢોલ | 51,000/- |
| દ્વિતીય શ્રેષ્ઠ પાર્શ્વ ગાયક | પાર્શ્વ ગાયક | શ્રી જીગરદાન ગઢવી | ચાલ જીવી લઇએ ચાંદને કહો | 21,000/- |
| દ્વિતીય શ્રેષ્ઠ પાર્શ્વ ગાયિકા | પાર્શ્વ ગાયિકા | કુ. ઐશ્વર્યા મજમુદાર | મોન્ટુની બિટ્ટુ રંગદરિયો | 21,000/- |
| શ્રેષ્ઠ છબીકલા | છબીકલાકાર | શ્રી ત્રિભુવન બાબુ સાદિનેની | હેલ્લારો | 51,000/- |
| શ્રેષ્ઠ સાઉન્ડ ડીઝાઇનર | સાઉન્ડ ડીઝાઇન | શ્રી સુભાષ સાહૂ | હેલ્લારો | 51,000/- |
| શ્રેષ્ઠ સાઉન્ડ | અંતિમ મિશ્ર | શ્રી દેવાબ્રોત ચલીહા | હેલ્લારો | 51,000/- |

| | | | | |
|---|---|---|---|---|
| ડીઝાઇનર | ટ્રેકના રિ-રેકોડીસ્ટ | | | |
| શ્રેષ્ઠ સંકલન | સંકલનકાર | શ્રી પ્રતિક ગુપ્રા | હેલ્લારો | 51,000/- |
| શ્રેષ્ઠ પટકથા | વાર્તા લેખક | શ્રી વિપુલ મહેતા | ચાલ જીવી લઇએ | 51,000/- |
| શ્રેષ્ઠ પટકથા | પટકથા લેખક | શ્રી વિપુલ મહેતા | ચાલ જીવી લઇએ | 51,000/- |
| શ્રેષ્ઠ પટકથા | સંવાદ લેખક | શ્રી સૌમ્ય જોષી | હેલ્લારો | 51,000/- |
| શ્રેષ્ઠ સંગીત નિર્દેશન | સંગીત નિર્દેશક (ગીત) | શ્રી મેહૂલ સુરતી | હેલ્લારો | 51,000/- |
| શ્રેષ્ઠ સંગીત નિર્દેશન | સંગીત નિર્દેશક (પૃષ્ઠભૂમિ સંગીત) | (1) શ્રી વેણુગોપાલ અગ્રવાલ (2) શ્રી અનુપ કુકન (3) શ્રી કંદર્પ કવિશ્વર | બજાબા, ધ ડાંટર | 51,000/- |
| શ્રેષ્ઠ ગીત | ગીતકાર | શ્રી સૌમ્ય જોષી | હેલ્લારો અસવાર | 51,000/- |
| શ્રેષ્ઠ નૃત્ય નિર્દેશન | નૃત્ય નિર્દેશક | (1) શ્રી સમીર અનિરૂધ્ધ તન્ના (2) શ્રીમતી અર્ષ સમીર તન્ના | હેલ્લારો | 51,000/- |
| શ્રેષ્ઠ વેશભૂષા ડીઝાઇનર | વેશભૂષા નિર્દેશક | (1) શ્રીમતી જીઆ ભાગીઆ (2) કુમારી મલ્લીકા ચૌહાણ | ચાલ જીવી લઇએ | 51,000/- |
| શ્રેષ્ઠ મેકઅપ કલાકાર | મેકઅપ નિર્દેશક | શ્રી હેતુલ તપોધન | ધૂનકી | 51,000/- |
| પરીક્ષણ સમિતિ દ્વારા નિયત થયેલ ખાસ પુરસ્કાર | શ્રેષ્ઠ ચલચિત્રના નિર્માતાને | મંચન એન્ટરટેઇનમેન્ટ | બજાબા, ધ ડાંટર | 2,50,000/- |
| પરીક્ષણ સમિતિ દ્વારા નિયત થયેલ ખાસ પુરસ્કાર | વ્યક્તિગત પુરુષને | શ્રી મૌલિક નાયક | હેલ્લારો | 1,00,000/- |
| પરીક્ષણ સમિતિ દ્વારા નિયત થયેલ ખાસ પુરસ્કાર | વ્યક્તિગત મહિલાને | (૧) કુમારી શ્રદ્ધા ડાંગર (૨) સુશ્રી તેજલ પંચાસરા (૩) કુમારી બ્રિન્દા ત્રિવેદી (૪) કુમારી ડેનિશા ધુમરા (૫) સુશ્રી નીલમ પંચાલ (૬) કુમારી તર્જની ભાડલા (૭) સુશ્રી કામિની પંચાલ (૮) કુમારી એકતા બચવાણી (૯) સુશ્રી જાગૃતી ઠાકોર (૧૦) કુમારી કૌશામ્બી ભટ્ટ (૧૧) કુમારી રીદ્ધિ યાદવ (૧૨) કુમારી શચિ જોશી (૧૩) કુમારી પ્રાપ્તિ મહેતા | હેલ્લારો | 1,00,000/- |

✓ માહિતી અને પ્રસારણ મંત્રી : મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી

✓ વિભાગ : માહિતી અને પ્રસારણ વિભાગ

## 2. કેન્દ્ર સરકાર : OCI કાર્ડ ધારકો માટે નવી ગાઇડલાઇન જાહેર (વિદેશ નીતિ)




**નવો નિયમ**

✓ હવે ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઇ) કાર્ડ ધરાવતા મૂળ ભારતીયોએ ટ્રાવેલિંગ દરમિયાન પોતાનો જૂનો પાસપોર્ટ સાથે રાખવાની જરૂર નહીં પડે. કેન્દ્ર સરકાર દ્વારા આ મુદ્દે ગાઇડલાઇન જારી કરવામાં આવી.

✓ તે ઉપરાંત 20 વર્ષથી ઓછી અને 50 વર્ષથી વધારે ઉંમર ધરાવતા તમામ મૂળ ભારતીયો માટે ઓસીઆઇ કાર્ડ રિન્યૂ કરવાની સમયમર્યાદા 31 ડિસેમ્બર 2021 કરવામાં આવી.

✓ 20 વર્ષથી ઓછી અને 50થી વધારે ઉંમરના લોકોને નવો પાસપોર્ટ બનાવવાનો હોય ત્યારે તેમણે ઓસીઆઇ કાર્ડ પણ ફરીથી બનાવવું પડતું હતું.

✓ પ્રવાસ દરમિયાન ઓસીઆઇની સાથે જૂનો પાસપોર્ટ પણ સાથે રાખવો પડતો હતો. હવે આ સમસ્યાનો અંત આવ્યો છે.

**સૌપ્રથમ આ વ્યવસ્થા વાજપેયી સરકારમાં શરૂ કરાઈ હતી**

✓ વિદેશમાં રહેતા ભારતીયો કે જેઓ ત્યાંના નાગરિક થઈ ગયા છે તેમને ભારતીય હોવાનો અનુભવ કરાવવા પ્રવાસી ભારતીય કહેવામાં આવ્યા હતા.

✓ વાજપેયી સરકાર દ્વારા ઓસીઆઇ કાર્ડ શરૂ કરવામાં આવ્યું હતું.

✓ ભારતીયો માટે લોન્ગ ટર્મ વિઝાની જેમ જ આ કાર્ડ કામ કરતું હતું.

✓ આ કાર્ડ દ્વારા મૂળ ભારતીયોને ભારત આવવા સમયે વારંવાર વિઝા લેવાની જરૂર પડે નહીં તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કાર્ડ લોન્ગ ટર્મ વિઝા જ ગણાય છે.

✓ જૂનો પાસપોર્ટ જોડે રાખવાના નિયમને કારણે ઘણી વખત એનઆરઆઈને તકલીફ પડતી હતી

✓ સ્પોટ વિઝા ન મળવાના કારણે પરત એરપોર્ટ ઉપરથી જ પરત ફરવું પડતું હતું અને લાખો રૂપિયાનો ખર્ચ થઈ જતો હતો.

## 3. સરસ્વતી સન્માન-2020 એનાયત





✓ વિજેતા : મરાઠી લેખક ડૉ.શરણકુમાર લિમ્બાલે

✓ પુસ્તક: 'સનાતન' વર્ષ 2018માં પ્રકાશિત

✓ ઈનામી રકમ : રૂ. 15 લાખ

✓ સંસ્થા : કે.કે. બિરલા ફાઉન્ડેશન, નવી દિલ્હી

## 4. સુએઝ કેનાલ : છ દિવસ બાદ બે લાખ ટનના જહાજ એવર ગિવન કેનાલમાં પુન: તરતુ થયું (વૈશ્વિક જળમાર્ગ)




✓ એશિયા અને યુરોપને જોડતી વિશ્વ વેપારની ધોરી નસ સમાન 193 કિમી લાંબી સુએઝ કેનાલ આખરે 6 દિવસની ભારે જહેમત બાદ બે લાખ ટન સામાન ભરેલા માલવાહક જહાજ એવર ગિવનની ચુંગાલમાંથી મુક્ત થયું.

✓ 23 માર્ચના રોજ સુએઝ કેનાલના વિસ્તારમાં આવેલા રેતીનાં તોફાનને પગલે તાઈવાની કંપની એવર ગ્રીનનું જહાજ એવર ગિવન સુએઝ કેનાલમાં ત્રાંસું થઇ કિનારાની માટીમાં ફસાઇ ગયું હતું.

### નુકસાનનો અંદાજ

✓ સુએઝ કેનાલમાં 6 દિવસ જહાજી સેવાઓ ખોરવાઇ જતાં વિશ્વ વ્યાપારને 57.6 બિલિયન અમેરિકન ડોલરનું નુકસાન થયાનો અંદાજ.

✓ સુએઝ કેનાલમાંથી દરરોજનો 9.6 બિલિયન ડોલરનો સામાન પસાર થતો હોય છે. તેનો અર્થ એ થયો કે પ્રતિ કલાકે 400 મિલિયન ડોલરનો 3.3 મિલિયન સામાન સુએઝ કેનાલમાંથી પસાર થતો અટકી ગયો હતો.

✓ વિશ્વ વ્યાપારને 6.7 મિલિયન ડોલર પ્રતિ મિનિટનું નુકસાન થયું હતું.

### એમવી એવર ગિવન

✓ 400 મીટર લંબાઈ

✓ 22.8 નોટિકલ માઇલ પ્રતિ કલાકની ઝડપ

✓ 2,19,076 ટન કુલ વજન

✓ 2,00,000 ટન વજન વહન કરવાની ક્ષમતા

✓ 2018માં નિર્માણ થયેલું જહાજ

## 5. 9th હાર્ટ ઓફ એશિયા-ઇસ્તંબુલ પ્રોસેસ (HOA-IP) બેઠક (વૈશ્વિક સંબંધો)




✓ યજમાન : દુશાંબે (રાજધાની) તજાકિસ્તાન

✓ પ્રારંભ : તા. 30 માર્ચ-2021

✓ કુલ-15 દેશના વિદેશ પ્રધાનની ઉપસ્થિતિ

✓ ભારત : વિદેશપ્રધાન એસ. જયશંકરની ઉપસ્થિતિ.




### બેઠકના મુખ્ય એજન્ડા :

✓ બેઠકના એજન્ડામાં સૌથી ઉપર અફઘાનિસ્તાનની શાંતિ પ્રક્રિયાનો મુદ્દો છે.

✓ એશિયાના દેશો વચ્ચે વેપાર, મૂડીરોકાણ અને સાંસ્કૃતિક સંબંધો વિકસે એ હેતુથી હાર્ટ ઓફ એશિયાની બેઠક મળે છે.

✓ નજીકના દેશો વચ્ચે વિશ્વાસનો અભાવ સર્જાય ત્યારે સમસ્યાઓ ઊભી થતી હોય છે.

✓ હાર્ટ ઓફ એશિયાનો એક ઉદ્દેશ આપસી વિશ્વાસ વધારવાનો પણ છે.

✓ આ બેઠક દરમિયાન બધા દેશોના વિદેશ પ્રધાનો સાથે મળીને ચર્ચા વિચારણા કરે છે.

✓ દરેક દેશના વિદેશ પ્રધાન બીજા દેશના વિદેશ પ્રધાન સાથે વન-ટુ વન બેઠક પણ કરે છે.

### હાર્ટ ઓફ એશિયા વિશે:

✓ હાર્ટ ઓફ એશિયાની સ્થાપના 2011માં થઇ હતી.

✓ અફઘાનિસ્તાન અને તુર્કીએ તારીખ 2 નવેમ્બર 2011ના રોજ ઇસ્તંબુલમાં પહેલી કોન્ફરન્સ યોજી હતી.

✓ એ પછી અફઘાનિસ્તાન, કઝાકિસ્તાન, ચીન, પાકિસ્તાન, ભારત, એઝરબૈજાન અને તુર્કીમાં દર વર્ષે બેઠક મળી હતી.

✓ છેલ્લી બેઠક તારીખ 8-9 ડિસેમ્બર 2019માં તુર્કીના ઇસ્તંબુલમાં મળી હતી.

✓ વૈશ્વિક મહામારી કોરોનાને કારણે વર્ષ 2020માં આ બેઠક યોજાઇ ન હતી.

### સભ્ય દેશો : 15

✓ ભારત, પાકિસ્તાન, ચીન, રશિયા, તુર્કી, અફઘાનિસ્તાન, અઝરબૈજાન, ઇરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, સાઉદી અરેબિયા, તજાકિસ્તાન, તુર્કી, તુર્કમેનિસ્તાન અને યુનાઇટેડ અરબ અમિરાત.

સપોર્ટિંગ કન્ટ્રીઝ : 16

✓ અમેરિકા અને બ્રિટન સહિત 16 દેશો હાર્ટ ઓફ એશિયાના સપોર્ટિંગ કન્ટ્રીઝ છે.

સપોર્ટિંગ સંસ્થાઓ : 11

સાર્ક, યુરોપિયન યુનિયન, નાટો સહિત 11 સંસ્થાઓ સપોર્ટિંગ ઓર્ગેનાઇઝેશન.

✓ આમ હાર્ટ ઓફ એશિયા બધાને સાથે લઇને ચાલવાવાળું સંગઠન છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

6. જન્મ દિન વિશેષ : 30 માર્ચ

રજતપટની પહેલી ડ્રીમ ગર્લ :દેવિકા રાની

જન્મ - 30 માર્ચ – 1908 અવસાન – 8 માર્ચ 1994

✓ જૂનાં મદ્રાસ પ્રાંતના વિશાખાપટ્ટનમમાં વલ્ટેયરમાં અત્યંત ધનિક પરિવારમાં તેમનો જન્મ થયો હતો. પિતા પ્રાંતના પહેલા સર્જન અને કાકા કલકત્તા હાઇકોર્ટના ચીફ જસ્ટીસ હતા. પ્રારંભિક શિક્ષણ મેળવી દેવિકા ઇંગ્લેન્ડ ગયા. ત્યાં નાટ્ય શિક્ષણ લીધું અને ફિલ્મોમાં અભિનય કરવાના ઇરાદા સાથે ભારત આવ્યા. પણ પરિવારને તે સ્હેજે મંજૂર ન હતું.

✓ 1928માં દેવિકા રાનીનો પરિચય નિર્માતા હિમાંશુ રોય સાથે થયો અને તેમણે દેવિકાને ફિલ્મી પરદે પ્રસ્તુત કર્યા. બંનેની પહેલી ફિલ્મ" કર્મા "હતી. તે પછી તો જવાની કી હવા, અંજાન, સાવિત્રી, ઈજ્જત, અછૂત કન્યા,જન્મભૂમિ, જીવન નૈયા જેવી અનેક ફિલ્મોમાં અભિનય આપ્યો. અછૂત કન્યાના કસ્તુરીના પાત્ર પછી તો "ડ્રીમ ગર્લ "અને "લેડી ઑફ ઇન્ડિયન સ્ક્રીન" જેવી ઉપાધિ મળી.

✓ દેવિકા એ પોતાના યુગથી આગળ જર્જર સામાજિક રૂઢિઓ અને માન્યતાઓને પડકારી માનવીય મૂલ્યો અને સંવેદના ઓને સ્થાપિત કરવાનું સ્તુત્ય કાર્ય બજાવ્યું હતું. 1940માં પતિ હિમાંશુનાં અવસાન પછી હિંમત હાર્યા વગર બોમ્બે ટોકિઝ સ્ટુડિયો પર નિયંત્રણ સ્થાપ્યું.1945માં રશિયન ચિત્રકાર રોરિક સાથે પુનઃ લગ્ન કરી બેંગ્લોરમાં સ્થાયી થયા.

✓ દેવિકા રાનીનું પદ્મશ્રી, સોવિયત લેન્ડ નહેરુ પુરસ્કાર અને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માન થયું હતું.

✓ તારીખ 8 માર્ચ 1994ના રોજ તેમનું અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

............જય હિન્દ............અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (30-03-2021)

1. માર્ચ-2021ના અંતમાં સુએઝ કેનાલમાં ફસાયેલું કયુ જહાજ છ દિવસ બાદ પુન: તરતુ થયુ - એવર ગિવન
2. સુએઝ કેનાલ કયા બે ખંડને જોડે છે - એશિયા અને યુરોપ
3. ભારત સરકારની નવી ગાઇડલાઇન મુજબ હવે કયુ કાર્ડ ધરાવતા મૂળ ભારતીયોએ મુસાફરી દરમિયાન પોતાનો જૂનો પાસપોર્ટ પોતાની સાથે રાખવાની જરૂર નથી - OCI કાર્ડ
4. OCIનું વિસ્તૃત નામ જણાવો - ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા
5. વિદેશમાં વસતા ભારતીયોને ભારતીય તરીકેનો અનુભવ કરવા પ્રવાસી ભારતીયનું સન્માન કઈ સરકારે આપ્યું હતુ – બાજપેયી સરકાર દ્વારા
6. મૂળ ભારતીયોને લોન્ગ ટર્મ વિઝાની જેમ કયુ નવુ કાર્ડ આપવામાં આવ્યું હતુ – OCI કાર્ડ
7. માર્ચ-2021માં સરસ્વતી સન્માન-2020 કયા મરાઠી લેખકને એનાયત કરાયું - ડૉ.શરણકુમાર લિમ્બાલે
8. સરસ્વતી સન્માનમાં કેટલી ઈનામી રકમ આપવામાં આવે છે - રૂ. 15 લાખ
9. ડૉ.શરણકુમાર લિમ્બાલેને કયા પુસ્તક માટે સરસ્વતી સન્માન અપાયુ - સનાતન (વર્ષ 2018)
10. સરસ્વતી સન્માન કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે - કે.કે. બિરલા ફાઉન્ડેશન, નવી દિલ્હી
11. માર્ચ-2021માં હાર્ટ ઓફ એશિયા ઇસ્તંબુલ પ્રોસેસ બેઠક ક્યાં યોજાઈ હતી - દુશાંબે (રાજધાની તજાકિસ્તાન)
12. માર્ચ-2021માં HOA-IPની કેટલામી બેઠક યોજાઈ – 9
13. HOA-IPનું વિસ્તૃત નામ જણાવો - હાર્ટ ઓફ એશિયા ઇસ્તંબુલ પ્રોસેસ
14. HOA-IPમાં કેટલા સભ્ય દેશો છે - 15
15. HOA-IPમાં સમાવિષ્ટ સભ્ય દેશોના નામ જણાવો - ભારત, પાકિસ્તાન, ચીન, રશિયા, તુર્કી, અફઘાનિસ્તાન, અઝરબૈજાન, ઇરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, સાઉદી અરેબિયા, તજાકિસ્તાન, તુર્કી, તુર્કમેનિસ્તાન અને યુનાઇટેડ અરબ અમિરાત
16. 9th HOA-IPમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતુ – વિદેશપ્રધાન એસ. જયશંકર
17. HOA-IP બેઠકના મૂળ હેતુ જણાવો - એશિયાના દેશો વચ્ચે વેપાર, મૂડીરોકાણ અને સાંસ્કૃતિક સંબંધો વિકસાવવા
18. HOAની સ્થાપના કયા વર્ષે થઇ હતી – વર્ષ 2011
19. પ્રથમ HOA-IPની બેઠક કયારે અને ક્યાં યોજાઇ હતી - 2 નવમ્બર 2011 અને ઇસ્તંબુલ
20. છેલ્લે HOA-IPની વર્ષ 2019ની બેઠક ક્યાં યોજાઇ હતી - ઇસ્તંબુલ
21. HOAના સપોર્ટિંગ કન્ટ્રીઝમાં કુલ કેટલા દેશોનો સમાવેશ થાય છે – 16
22. HOAની સપોર્ટિંગ સંસ્થાઓમાં કેટલી સંસ્થાઓનો સમાવેશ થાય છે - 11
23. 9th HOA-IP બેઠકનો પ્રારંભ કયારે થયો હતો – 30 માર્ચ-2021
24. ગુજરાત સરકાર દ્વારા કઈ ફિલ્મને વર્ષ 2019નો શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રનો એવોર્ડ અપાયો - હેલ્લારો
25. ગુજરાત સરકાર દ્વારા કયા ગુજરાતી દિગ્દર્શકને વર્ષ 2019નો શ્રેષ્ઠ દિગ્દર્શક એવોર્ડ અપાયો - અભિષેક શાહ (ફિલ્મ હેલ્લારો)
26. ગુજરાત સરકાર દ્વારા કયા અભિનેતા અને અભિનેત્રીને વર્ષ 2019નો ગુજરાતી ચલચિત્ર એવોર્ડ અપાયો - શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા (ફિલ્મ ચાલ જીવી લઈએ) તથા કુમારી આરોહી પટેલ (ફિલ્મ ચાલ જીવી લઈએ)

27. ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગુજરાતી ફિલ્મ અને પ્રોત્સાહન આપવા કઈ નવી નીતિ અમલી બનાવી છે- ગુણવત્તા સમન્વિ પ્રોત્સાહન નીતિ 2019

28. ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ ચલચિત્ર, શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર, મહિલા સશક્તિકરણ શ્રેષ્ઠ ચલચિત્ર, શ્રેષ્ઠ બાળ ચલચિત્ર અને શ્રેષ્ઠ દિગ્દર્શન માટે કેટલી ઇનામી રકમ આપવામાં આવે છે - રૂ. 2,50,000/-

29. રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2019નો શ્રેષ્ઠ બાળ ચલચિત્ર નિર્માતા અને દિગ્દર્શક તરીકે કઈ ફિલ્મને એવોર્ડ અપાયો - દિયા ધ વન્ડર ગર્લ

30. રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2019નો શ્રેષ્ઠ બાળ કલાકાર તરીકે કોની પસંદગી કરાઈ છે - કુ. શ્રેયાંશી બારોટ (ફિલ્મ કુટુંબ)

31. રજતપટની પ્રથમ ડ્રીમ ગર્લ શ્રી દેવિકા રાનીનો જન્મદિવસ જણાવો - 30 માર્ચ 1908

32. અભિનેત્રી દેવિકા રાનીને પદ્મશ્રી ઉપરાંત ભારતીય ફિલ્મ જગતમાં કયો સર્વોચ્ચ એવોર્ડ અપાયો છે - દાદાસાહેબ ફાળકે એવોર્ડ

## DATE : 31-03-2021

### 1. સુરત-દિવ-સુરત ક્રુઝ સેવાનો શુભારંભ : તા.31-03-2021 (પ્રવાસન)




- ✓ વર્ચ્યૂઅલ ઉદઘાટન : રાજ્યકક્ષાના કેન્દ્રીય પોર્ટ્સ,શિપિંગ અને જળમાર્ગ (સ્વતંત્ર હવાલો) અને રસાયણો ખાતર મંત્રી મનસુખ માંડવિયા
- ✓ રૂટ : એસ્સાર હજીરા ફેરી ટર્મિનલથી દિવ
- ✓ સપ્તાહમાં બે દિવસ ચાલશે

**સેવા વિશે :**

- ✓ પેસેન્જર ક્ષમતા : 300
- ✓ હઝીરાથી દીવ પહોંચાડવામાં ક્રૂઝને 13થી 14 કલાકનો સમય લાગશે.
- ✓ અંતર : 160 નોટિકલ માઈલ
- ✓ દિવથી હજીરા આવક માટે મુસાફર દિઠ રૂ. 900 પ્લસ ટેક્સ, આવક-જીવક બંને સાઈડના રૂ.1700 પ્લસ ટેક્સ રહેશે.
- ✓ ફૂટ માટે અલગથી ચાર્જ લેવામાં આવશે તથા કેબિનમાં એક વ્યક્તિ માટે રૂ. 3500 તથા બે વ્યક્તિ માટે રૂ.5000 રાખવામાં આવ્યો છે.
- ✓ વીઆઇપી લૉન્જ માટે રૂ.3000માં ફૂડ તથા કોલ્ડ્રિંક્સ અનલિમિટેડ રહેશે
- ✓ કેન્દ્રના "મેરીટાઈમ વિઝન 2030" હેઠળ પ્રથમ સૌરાષ્ટ્રને સુરત-મુંબઈ સાથે દરિયાથી જોડાશે
- ✓ સંસ્થા : SSR મરિન્સ એસ્સાર પોર્ટ્સ

### 2. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી-2020 સરકારી પડતરમાંથી ઉદ્યોગ સ્થાપવા જમીન ભાડાપટ્ટે મળશે

- ✓ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી 2020 હેઠળ ઔદ્યોગિક હેતુ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવા મહેસૂલ વિભાગે ઠરાવ પ્રસિધ્ધ કર્યો.
- ✓ સરકારે પોલિસીમાં અલગ તારવ્યા મુજબના ત્રણ કેટેગરીના તાલુકાઓમાં આ ઠરાવ મુજબ સરકારી પડતરમાંથી મહત્તમ 50 વર્ષ માટે પૂર્ણ બજાર કિંમતના 6 ટકા વાર્ષિક ભાડાના અવેજમાં જમીન ફાળવવાનું નક્કી કર્યું.
- ✓ મુળ ઔદ્યોગિક એકમને આવી જમીનને ઔદ્યોગિક હેતુસર તેને સબ-લીઝ પણ કરવા અને લીઝ-હોલ્ડ હકોને બેંકમાં તારણમાં મુકીને લોન પણ મેળવવાની છુટછાટ પણ અપાઈ છે .
- ✓ ભાડાપટ્ટાની જમીન ઉપર દર પાંચ વર્ષે 10 ટકા ભાડું વધારાશે
- ✓ 50 વર્ષ પછી જે તે સમયના નિયમોને આધિન સરકાર ભાડાપટ્ટો રિન્યુ પણ કરી શકશે.
- ✓ ભાડાપટ્ટાની જમીનના લીઝ હોલ્ડ હકો બેંકમાં તારણમાં મૂકીને લોન લેવાની પણ છૂટ

**મર્જર કે અમાલ્ગમેશનમાં 20 % પ્રીમિયમ, 20% ભાડું વધશે**

- ✓ ઉત્પાદન ચાલુ હોય ત્યારે બીજી કંપની સાથે મર્જર કે અમાલ્ટમેશનને તબક્કે પ્રવર્તમાન લીઝના રેન્ટના 20 ટકા પ્રિમિયમ વસૂલવાની શરતે અને લીઝ રેન્ટના 20 ટકા વધારા સાથેનું લીઝ રેટ લાગુ પડશે તે શરતે સરકાર લીઝ એગ્રીમેન્ટ રિવાઈઝ કરી આપશે.
- ✓ જેમાં GST સહિતના વેરાકિય જવાબદારી પણ કંપનીની રહેશે.
- ✓ એકમ ચાલુ કે બંધ હાલતમાં હોય ત્યારે પણ અન્ય ઉદ્યોગકારના હસ્તાંતરને તબક્કે ઉક્ત શરતો જ લાગુ પડશે પરંતુ, તેના માટે નવો એગ્રીમેન્ટ કરાશે.

### 3. કેન્દ્રીય કેબિનેટ : "ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ માટે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજનાને મંજૂરી

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્રીય ક્ષેત્ર યોજના - "ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ માટે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજના (PLISFPI)"ને મંજૂરી આપી.
- ✓ રૂપિયા 10900 કરોડના ખર્ચ સાથે ભારતીય કુદરતી સંસાધનોની સંપદા અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતની ખાદ્ય ઉત્પાદનોની બ્રાન્ડ્સને સહકારને અનરૂપ વૈશ્વિક ખાદ્ય વિનિર્માણ ચેમ્પિયનો તૈયાર કરવાના આશય સાથે આ મંજૂરી આપવામાં આવી છે.

**આ યોજનાના ઉદ્દેશ:**

- ✓ આ યોજનાનો મૂળ ઉદ્દેશ નિયત લઘુતમ વેચાણ ધરાવતી ખાદ્ય વિનિર્માણ સંસ્થાઓને સહકાર આપવાનો અને મજબૂત ભારતીય બ્રાન્ડ્સના ઉદયને વધુ પ્રબળ બનાવવા માટે પ્રસંસ્કરણ ક્ષમતાના વિસ્તરણ અને વિદેશમાં બ્રાન્ડિંગ માટે લઘુતમ નિયત રોકાણની ઇચ્છા દર્શાવવાનો છે:
- ✓ વૈશ્વિક વિનિર્માણ ચેમ્પિયનોના સર્જન માટે સહાય;

- ✓ ખાદ્ય ઉત્પાદનોની પસંદગીની ભારતીય બ્રાન્ડ્સને વૈશ્વિક સ્તરે તે નજરમાં આવે અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેને સ્વીકૃતિ મળે તે માટે મજબૂત બનાવવી;
- ✓ ખેતર સિવાયની નોકરીઓની તકોમાં વધારો કરવો;
- ✓ કૃષિ ઉપજો માટે લાભદાયી ભાવો અને ખેડૂતોને વધુ આવક સુનિશ્ચિત કરવી

**મુખ્ય વિશેષતાઓ:**

- ✓ પ્રથમ ઘટક ચાર મુખ્ય ખાદ્ય ઉત્પાદન વિભાગો એટલે કે, રાંધવા માટે તૈયાર/ ભોજન માટે તૈયાર (RTC/ RTE) ખાદ્ય ચીજો, પ્રસંસ્કરણ કરેલ ફળો અને શાકભાજી, સમુદ્રી ઉત્પાદનો, મોઝારેલા ચીઝના વિનિર્માણને પ્રોત્સાહન આપવા સંબંધિત છે.
- ✓ આ વિભાગમાં મુક્ત રેન્જ – ઈંડા, પોલ્ટ્રી માંસ, ઈંડાના ઉત્પાદનો સહિત SME આવિષ્કારી/ ઓર્ગેનિક ઉત્પાદનો પણ ઉપરોક્ત ઘટકમાં સમાવી લેવામાં આવ્યા છે.
- ✓ પસંદગીના અરજદારોએ તેમના પ્લાન્ટ અને મશીનરીમાં પ્રથમ બે વર્ષ એટલે કે 2021-22 અને 2022-23 દરમિયાન તેમની અરજીમાં ક્વોટ કર્યા અનુસાર રોકાણ હાથ ધરવું જરૂરી છે (સૂચિત લઘુતમ રકમને આધિન).
- ✓ 2020-21માં કરેલું રોકાણ પણ સુચવવામાં આવેલા રોકાણને પૂરું કરવા માટે ગણવામાં આવશે.
- ✓ નિયત લઘુતમ વેચાણ અને સુચિત રોકાણની શરતો આવિષ્કારી/ ઓર્ગેનિક ઉત્પાદનોના નિર્માણ માટે પસંદ કરેલી કંપનીઓને લાગુ થવા પાત્ર રહેશે નહીં.
- ✓ બીજો ઘટક મજબૂત ભારતીય બ્રાન્ડ્સના ઉદયને પ્રોત્સાહન આપવા માટે વિદેશમાં બ્રાન્ડિંગ અને માર્કેટિંગને સહકાર આપવા સાથે સંકળાયેલો છે.
- ✓ ભારતીય બ્રાન્ડને વિદેશમાં પ્રોત્સાહન આપવા માટે, આ યોજનામાં અરજદાર સંસ્થાને ઇન સ્ટોર બ્રાન્ડિંગ, શેલ્ફ સ્પેસ રેન્ટિંગ અને માર્કેટિંગ માટે અનુદાન આપવાનો પણ આશય રાખે છે.
- ✓ આ યોજના આગામી છ વર્ષના સમયગાળા એટલે કે, વર્ષ 2021-22 થી 2026-27 સુધી અમલ થવા પાત્ર રહેશે.

**રોજગારી નિર્માણની સંભાવનાઓ સહિતની અસરો**

- ✓ આ યોજનાના અમલીકરણથી રૂપિયા 33,494 કરોડના પ્રસંસ્કરણ કરેલા ખાદ્ય આઉટપુટના નિર્માણ માટે પ્રસંસ્કરણ ક્ષમતાનું વિસ્તરણ કરી શકાશે અને;
- ✓ વર્ષ 2026-27 સુધીમાં તેના કારણે અંદાજે 2.5 લાખ લોકો માટે રોજગારીનું સર્જન કરી શકાશે.

## 4. ભારત-પાકિસ્તાન સંબંધો :

### ભારત ખાતેથી કપાસ અને ખાંડની આયાત કરવા પ્રાઈવેટ સેક્ટરને પાકિસ્તાનની મંજૂરી

- ✓ ઓગસ્ટ-2019 પછી પ્રથમવાર ભારત-પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર શરૂ થયો
- ✓ પાકિસ્તાને તેના પ્રાઇવેટ સેક્ટરને ભારતમાંથી ખાંડ અને કપાસની આયાત કરવાની મંજૂરી આપી છે.
- ✓ ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિની સંભાવનાઓ વધારતા ઘટનાક્રમમાં પાકિસ્તાનની ઇકોનોમિક કોઓર્ડિનેશન કાઉન્સિલે ભારતમાંથી ખાંડ, કપાસ અને યાર્નની આયાત કરવાની પરવાનગી આપી છે.
- ✓ પાકિસ્તાન ઇકોનોમિક કોઓર્ડિનેશન કાઉન્સિલ દેશની ટોચની નિર્ણાયક સંસ્થા છે.
- ✓ પાકિસ્તાનના વાણિજ્ય મંત્રાલય દ્વારા બોલાવાયેલી મિટિંગ બાદ આ નિર્ણય લેવાયો હતો.
- ✓ આ નિર્ણયને પગલે બંને દેશ વચ્ચે સ્થગિત થયેલા વેપાર સંબંધો ફરી શરૂ થઈ શકશે.
- ✓ 5 ઓગસ્ટ 2019ના રોજ જમ્મુ-કાશ્મીરને વિશેષ દર આપતી કલમ 370 નાબૂદ થયા પછી પહેલીવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ઉષ્મા દેખાઈ રહી છે.

**વર્તમાન સ્થિતિ :**

- ✓ તાજેતરમાં સિંધુ જળ વિવાદ પર બંને દેશના અધિકારીઓ વચ્ચે મંત્રણા અને તે પહેલાં એલઓસી પર યુદ્ધવિરામનું ચુસ્ત પાલન કરવાના બંને દેશની સેના વચ્ચેની સમજૂતી બાદ હવે ભારત અને પાકિસ્તાન વચ્ચેના વેપારના દ્વાર પણ ખૂલી રહ્યાં છે.

## 5. વૈશ્વિક પ્રવાસન : નિમણૂક

### સ્વિત્ઝર્લેન્ડ ટુરિઝમના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ટેનિસ સ્ટાર રોજર ફેડરરની નિમણૂક

- ✓ 20 ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન ફેડરરને સ્વિત્ઝર્લેન્ડ ટૂરિઝમનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યો.
- ✓ ફેડરરે સ્વિસ નેશનલ ટૂરિઝમ બોર્ડ સાથે લાંબાગાળાનો કરાર કર્યો છે.
- ✓ કોરોના વાઇરસની મહામારીના કારણે પૂરા વિશ્વના પર્યટન બિઝનેસ ઉપર સૌથી મોટી અસર પડી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. WEF : 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021

### વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા વિશ્વના 156 દેશોમાં સરવે - ભારતનો ક્રમ 140મો

- ✓ ગત વર્ષ 2020માં ભારતનો ક્રમ 112મો હતો

**જેન્ડર ગેપ એટલે શું :**

- ✓ સ્ત્રીઓ અને પુરુષોને મળતી વિવિધ પ્રકારની તકો વચ્ચેનો તફાવત-ગેપ.

**સમાનતાના મુખ્ય ચાર માપદંડ :**

1. આર્થિક પ્રવૃત્તિમાં મહિલાઓની ભાગીદારી
2. શિક્ષણની સુવિધા-તકો 3. આરોગ્ય સવલતો
4. રાજકારણમાં મહિલાઓને તકો.

**અન્ય બાબતો :**

- ✓ એશિયામાં બાંગ્લાદેશ બેસ્ટ પર્ફોર્મર દેશ સાબિત થયો છે.
- ✓ ભારતમાં જેન્ડર ગેપ 62.5 ટકા છે. એટલે કે પુરુષોને જે તકો મળે છે, તેના પ્રમાણમાં સ્ત્રીઓને 62.5 ટકા ઓછી તકો મળે છે.
- ✓ રિપોર્ટ પ્રમાણે ભારતમાં મહિલા મંત્રીઓનું પ્રમાણ આગલા વર્ષે 23.1 ટકા હતું એ ઘટીને 9.1 ટકા થયું છે.

- ✓ સંસદમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ પણ માંડ 14.4 ટકા જ છે.
- ✓ પ્રોફેશનલ અને ટેકનિકલ સેક્ટરમાં મહિલાઓની ભાગીદારી 29.2 ટકા સુધી ઘટી ગઈ છે.
- ✓ ભારતમાં મહિલાઓની સરેરાશ આવક પુરુષના પ્રમાણમાં માંડ પાંચમા ભાગની છે. એટલે સૌથી ઓછી આવક આપનારા છેલ્લા દસ દેશોમાં ભારતનો સમાવેશ થયો છે.

**મહિલાઓને સૌથી વધુ સમાનતા આપનારા 10 દેશો**

| | |
|---|---|
| 1. આઇસલેન્ડ | 2. ફિનલેન્ડ |
| 3.નોર્વે | 4. ન્યૂઝિલેન્ડ |
| 5.સ્વીડન | 6. નામિબિયા |
| 7.રવાન્ડા | 8. લિથુઆનિઆ |
| 9.આર્યલેન્ડ | 10. સ્વિત્ઝરલેન્ડ |

**પડોશી દેશોની સ્થિતિ**

- ✓ બાંગ્લાદેશ : 65    નેપાળ : 106
- ✓ શ્રીલંકા : 116    ભુતાન : 130
- ✓ ભારત : 140    પાકિસ્તાન : 153
- ✓ અફઘાનિસ્તાન : 156
- ✓ સ્થાન : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ-દાવોસ

**7. જન્મ દિન વિશેષ : 31 માર્ચ**

**ભારતના પ્રથમ મહિલા તબીબ : ડોક્ટર આંનદીબાઈ જોષી**

**જન્મ - 31 માર્ચ 1865    અવસાન – 12 માર્ચ 1887**

- ✓ આજે માર્ચનો છેલ્લો દિવસ અને રેને દેકાર્ટે અને ભારતમાં મેડીકલની પહેલી પદવી પ્રાપ્ત કરનાર આનંદીબાઈ જોષીનો જન્મદિવસ છે.
- ✓ પૂણેમાં જન્મેલા આનંદીબાઈનું બચપણનું નામ યમુના હતું. 9 વર્ષની બાળવયે તેમનાથી 20 વર્ષ મોટા વિધુર ગોપાળરાવ સાથે લગ્ન થયા.પતિએ આનંદીબાઈ નામ આપ્યું.આમ કજોડું કહેવાય પણ આ દમ્પતીએ ઐતિહાસિક ભૂમિકા અદા કરી.
- ✓ 14મા વર્ષે માતા બનેલાં આનંદીબાઈનો પુત્ર જન્મના 10માં દિવસે મૃત્યું પામ્યો અને તેમણે કસમયે થતાં મોતને નિવારવા ડોકટર થવાનું નક્કી કર્યું. તેમાં પતિ ગોપાળરાવે રૂઢિચુસ્ત જમાનાની લેશમાત્ર ચિંતા કર્યા વગર દામ્પત્ય ધર્મ બજાવ્યો.
- ✓ પત્નીને મરાઠી, સંસ્કૃત અને અંગ્રેજી શીખવ્યું. મહિલાઓને શિક્ષણ પણ નસીબ ન હતું ત્યારે આ એક ક્રાંતિ હતી. કારણ જે છોકરી ભણે તેનો પતિ મરી જાય તેવી માન્યતાનો એ જમાનો હતો.
- ✓ આનંદીબાઈએ 1883માં અમેરિકાની પેનસિલવેનિયાની વુમન મેડિકલ કોલેજમાં પ્રવેશ લીધો અને 11 માર્ચ 1886ના રોજ 19 વર્ષની ઉંમરે મેડિકલની પદવી લઈ ભારત આવ્યા.
- ✓ લોકમાન્ય ટિળક સહિતના લોકોએ તેમનું નાયિકાની જેમ દેશમાં સ્વાગત કર્યું. કોલ્હાપુરના શાસકે ફિઝિશિયન તરીકે નિમણુક આપી.
- ✓ પરંતુ અમેરિકાનું ઠંડુ વાતાવરણ અને સાનુકૂળ ખોરાકના અભાવે તબિયત બગડી, ટી.બી. નું નિદાન થયું અને માત્ર 22 વર્ષની વયે ભારતના ઇતિહાસમાં તેજ લીસોટા સમાન આનંદી બાઈનું અવસાન થયું.
- ✓ જે ઉદ્દેશથી તેઓએ મેડિકલ ડિગ્રી હાંસલ કરી હતી તે ભલે ફળીભૂત ન થયો પણ આનંદીબાઈ જોષીએ ભારતમાં સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ અને ખાસ તો તબીબી શિક્ષણનાં દ્વાર ખોલી દીધા હતા.
- ✓ આવી યુગ પરિવર્તનકારી મહિલા વિશે 1888માં કેરોલિન વિલ્સે "The Life of dr.anandibai joshee" નામે જીવનચરિત્ર લખ્યું છે. તેમના જીવન સંઘર્ષ વિશે મરાઠીમાં નવલકથા અને દૂરદર્શને ટેલિવિઝન સિરિયલ બનાવી હતી.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (31-03-2021)**

16. માર્ચ-2021માં ગુજરાતમાં સૌપ્રથમ કયા બે શહેરો વચ્ચે ક્રુઝ સેવાનો શુભારંભ કરાયો – સુરત અને દિવ
17. કેન્દ્રના કયા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં સૌપ્રથમ ક્રુઝ સેવાનો પ્રારંભ કરાયો – "મેરીટાઈમ વિઝન 2030"
18. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી-2020 અંતર્ગત સરકારી પડતરમાંથી મહતમ કેટલા વર્ષ માટે પૂર્ણ બજાર કિંમતના કેટલા ટકા વાર્ષિક ભાડાના અવેજમાં જમીન ફાળવવાનું નક્કી કર્યું છે - 50 વર્ષ તેમજ 6 ટકા વાર્ષિક ભાડુ
19. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી-2020 અંતર્ગત ભાડાપટ્ટાની જમીન ઉપર દર પાંચ વર્ષે કેટલા ટકા ભાડું વધારાશે – 10
20. માર્ચ-2021માં કેન્દ્ર સરકાર દ્વારા કેટલા કરોડની ખાધ પ્રસંસ્કરણ ઉધોગ માટે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજના(PLISFPI)ને મંજૂરી અપાઈ – રૂ. 10900 કરોડ
21. ખાધ પ્રસંસ્કરણ ઉધોગ માટે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજનાનો સમયગાળો જણાવો - વર્ષ 2021-22 થી 2026-27 સુધી
22. PLISFPI યોજના દ્વારા વર્ષ 2026-27 સુધીમાં અંદાજે કેટલા લોકો માટે રોજગારીનું સર્જન થશે - 2.5 લાખ
23. માર્ચ-2021માં ભારત પાસેથી કયા દેશે કપાસ અને ખાંડની આયાત કરવા પ્રાઈવેટ સેકટરને મંજૂરી આપી છે - પાકિસ્તાન
24. માર્ચ-2021માં સ્વિત્ઝર્લેન્ડના ટુરિઝમના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - ટેનિસ સ્ટાર રોજર ફેડરર
25. માર્ચ-2021માં જાહેર થયેલાં 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021 મુજબ ભારતનો ક્રમ જણાવો - 140
26. 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021માં કુલ કેટલા દેશોનો સમાવેશ કરાયો - 156
27. 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021 કઈ સંસ્થા દ્વારા જાહેર કરાયો – WEF-દાવોસ
28. 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021 મુજબ મહિલાઓને સૌથી વધુ સમાનતા આપનાર 10 દેશમાં પ્રથમ 5ના નામ જણાવો - (1) આઈસલેન્ડ (2) ફિનલેન્ડ (3) નોર્વે (4) ન્યૂઝિલેન્ડ (5) સ્વીડન
29. 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021 મુજબ 156માં ક્રમે કયો દેશ આવ્યો છે – અફઘાનિસ્તાન
30. 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021માં સમાનતાના કયા મુખ્ય ચાર માપદંડ પર ભાર મૂકાયો છે - આર્થિક પ્રવૃત્તિમાં મહિલાઓની ભાગીદારી, શિક્ષણની સુવિધા-તકો, આરોગ્ય સવલતો અને રાજકારણમાં મહિલાઓને તકો
31. 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ-2021 મુજબ ભારતમાં જેન્ડર ગેપ કેટલા ટકા છે – 62.5
32. WEFનું વિસ્તૃત નામ જણાવો - વર્લ્ડ ઈકોનોમિક ફોરમ
33. ભારતના પ્રથમ મહિલા તબીબીનું નામ અને જન્મ દિવસ જણાવો- આનંદીબાઈ જોષી અને 31 માર્ચ 1865
34. પ્રથમ મહિલા ડોકટર આનંદીબાઈના જીવન ઉપર વર્ષ-1888માં કેરોલિન વિલ્સે કયુ જીવનચરિત્ર લખ્યું હતુ - "The Life of dr.anandibai joshee"




# વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

## સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાકંન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.

GPSC (1/2)

Dy.S.O. / નાયબ મામલતદાર

PSI / ASI / Constable

TET / TAT / HTAT

ક્લાર્ક / તલાટી

# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી